જૈન નામ રહસ્ય

પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર

શિવમસ્તુ સર્વજગતઃ

જૈન તત્ત્વ રહસ્ય

卐

-: લેખક :-

પરમપૂજ્ય, અધ્યાત્મયોગી, પંન્યાસ પ્રવર
શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

卐

-: સંપાદક :-

પ. પૂ. પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય

卐

-: પ્રકાશક :-

શા. પ્રેમજી કોરશી
હીરજી પ્રેમજી
પુરુષાર્થ બીલ્ડીંગ, ચોથે માળે,
નવરોજીહીલ રોડ નં-૨, ચીંચ બંદર,
મુંબઈ. ૪૦૦૦૦૯

પ્રાપ્તિ સ્થાનો :

૧. સર્વકલ્યાણકર સમિતિ. આરાધનાધામ. વડાલિઆ સિંહણ. વાયા–જામખંભાલીઆ જી. જામનગર (સૌરાષ્ટ્ર)

૨. સોમચંદ ડી. શાહ. જીવન નિવાસ સામે, પાલીતાણા, (સૌરાષ્ટ્ર)

૩. સરસ્વતી પુસ્તક ભંડાર, રતનપોળ, હાથીખાના અમદાવાદ–૧.

૪. જસવંતલાલ ગીરધરલાલ, દોશીવાડાની પોળ, કાળુપુર, અમદાવાદ–૧.

૫. સેવંતીલાલ વી. જૈન. ૨૦, મહાજનગલી, ઝવેરીબજાર, મુંબઈ–૨.

૬. પાર્શ્વનાથ પુસ્તક ભંડાર તળાટીરોડ. પાલીતાણા (સૌરાષ્ટ્ર)

૭. એ વી. શાહ એન્ડ કું. ૪૦૮, અરિહંત, ૪ થે માળે, અમદાવાદ સ્ટ્રીટ, આર્યન માર્કેટ, મુંબઈ–૯

આવૃત્તિ પ્રથમ : સં. ૨૦૪૪

કિંમત : રૂા. ૧૬–૦૦

પ્રિન્ટર્સ :

હસમુખ સી. શાહ

અવનિ ટ્રેડર્સ,
૧/૭, ધ્વનિ એપાર્ટમેન્ટ,
ખાનપુર, અમદાવાદ–૧

પ્રકાશકીય

પરમ પૂજ્ય, કલિકાલ કલ્પતરૂ, ગચ્છાધિપતિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનાં શિષ્યરત્ન, અજાતશત્રુ અણગાર, અધ્યાત્મયોગી, પરમ પૂજ્ય, પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનાં નામથી કોઈક જ અજાણ હશે. વિરલવિભૂતિ એવા પૂ. પંન્યાસજી મહારાજનાં દર્શન-વંદન થતાં જ આત્મા આનંદિત થયો. કારણ કે એ સુકલકડી કાયાનાં અંતરમાં રહેલા નવકારનાં ધબકાર, મૈત્રીનું ઝરણું એવું હતું કે, તેમની મુખાકૃતિ જોતાંજ શીતળતાનો અનુભવ થતો.

ધીરે-ધીરે વિશેષ પરિચયમાં આવતો ગયો, તેમ તેમ તત્ત્વ જ્ઞાનની પ્રાપ્તિ થતી. આનંદ અનુભવતો. તે વખતે જ્યારે-જ્યારે પૂજ્ય પંન્યાસજી મહારાજ કંઈ ઉપદેશ આપતા તે તરત લખી લેવાનું મન થતું. પણ લખવા જઈએ તો જે વાત અંતરમાં ઉતારવાની હોય, તે સમજવાની જ રહી જાય, તેથી સાંભળવામાં જ આનંદ માનતો.

પૂજ્યશ્રીના સન્નિધ્ય પછીનાં સમયે એ જ તત્ત્વનું ચિંતન કેમ કરવું—એ વિચાર આવતો. તે વખતે કરુણાયુક્ત પૂજ્યશ્રી કલ્યાણ આદિ માસિકોમાં એ જ વિષયને લગતા હૃદય સ્પર્શી લેખો મોકલતા. જે વાંચતા અનેરો આનંદ થતો. અને એ લેખો હું નોટોમાં ઉતારી લેતો. પછી વારંવાર વાંચતો—દર વખતે કંઈક નવું જ જાણવા મળતું એ રીતે આત્મસંતોષ માનતો.

ક્યારેક તો પૂજ્યશ્રીની નિશ્રામાં ચાર-ચાર મહિના સળંગ રહેવાનું થાય અને તૃપ્તિ અનુભવાય. એ ક્રમ છેલ્લે સુધી ચાલુ રહ્યો.

હવે પૂજ્યશ્રી તો આપણી વચ્ચેથી સદા માટે ચાલ્યા ગયા છે. એમનો વિયોગ અસહ્ય થયો. હવે તો એમનું જીવન યાદ કરીને અને કવનને વાંચીને જ સંતોષ માનવાનો રહ્યો.

પૂજ્યશ્રીનાં શિષ્યરત્ન, પ્રશાન્તમૂર્તિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજય કુંદકુંદ સૂરીશ્વરજી મહારાજ તથા તેમનાં શિષ્યરત્ન, સરલસ્વભાવી, પંન્યાસ પ્રવર શ્રી વજ્રસેન વિજયજી મહારાજે પૂજ્યશ્રીની હાજરીમાં તથા ત્યારબાદ પણ પૂજ્યશ્રીના ઉપકારોને યાદ કરતાં, પૂજ્યશ્રીનાં સ્વ-હસ્તે લખાયેલ ચિંતનો લેખો-તથા પૂજ્યશ્રીનાં તાત્ત્વિક વ્યાખ્યાનોનું પ્રકાશન કરીને આપણને અમૃતનું પાન કરાવતા રહ્યા છે. અને જે હજુ અવિરત ચાલુ જ છે. તે એ પૂજ્યોની ગુરૂભક્તિની ખૂબ-ખૂબ અનુમોદના કરું છું.

મને પણ એક વખત આ ડાયરીઓ વાંચતા-જોતાં વિચાર આવ્યો કે આ લેખો પણ જો પ્રકાશિત કરવામાં આવે, તો અનેકોને ઉપકારક થાય. તેથી મેં પૂજ્ય પંન્યાસજી મ. શ્રી વજ્રસેન વિજયજી મ. ને વાત કરી અને નોટો બતાવી. પૂજ્યશ્રીએ બધી નોટો વ્યવસ્થિત જોઇ-તપાસી અને તેના લેખો જુદા-જુદા વિષયો રૂપે ગોઠવ્યા અને તેમાં વચ્ચે એ નોટોમાં એ સંબંધી જ બીજા લેખકોનાં પણ પ્રેરણાદાયી

લેખો હતા, તેને પણ સંકલિત કર્યા અને સુંદર ગોઠવણી પૂર્વક સંપાદન કર્યું.

આ પહેલા પણ પ. પૂજ્ય પુન્ય વિજયજી મહારાજ લેખિત પારમાર્થિક લેખ સંગ્રહની સુધારેલી આવૃત્તિ ને "જૈન તત્ત્વ વિચાર"ના નામે પ્રકાશિત કરેલ છે.

આ તત્ત્વથી ભરપૂર એવા "જૈન તત્ત્વ રહસ્ય" પુસ્તકમાં શું છે? તે તો પૂજ્યશ્રીના હસ્તે લખાયેલ હૃદય સ્પર્શી લેખો જ કહેશે. આપણે સૌ આ લેખો દ્વારા હિત શિક્ષા પામી જીવનમાં આત્મસાત કરી, આત્મ-કલ્યાણ કરીએ.

સેવક પ્રેમજી કોરશી

સવિ જીવ કરૂં શાસન રશી

પરમપૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યશ્રીએ મૈત્ર્યાદિ ભાવનાઓ ઉપર તથા સર્વજીવ હિતાશય ઉપર આપેલી ખુબ જ માર્મિક તથા સચોટ વાંચનાઓનો સંગ્રહ.

પરમાત્માએ સવિ જીવ કરૂં શાસન રશીની ભાવના ભાવીને તીર્થંકર નામ નિકાચિત કર્યું. તે ભાવનામાં એવો કેવો પ્રભાવ હતો કે જે તીર્થંકર નામ કર્મ બંધાવી ગયું.

તો એ ભાવો-ભાવનાઓનું સૂક્ષ્મ ચિંતન કરવું જ હોય તો ચાલો "સવિ જીવ કરૂં શાસન રશી" પુસ્તક મંગાવીને ચિંતનનાં ઊંડાણમાં આત્માને ઓતપ્રોત કરીએ.

બે બોલ

અનાદિ કાળથી ભ્રમણ કરતો આત્મા પ્રબળ પૂન્યોદયે દુર્લભ એવા મનુષ્ય જન્મને પ્રાપ્ત કરે છે. તેમાં પણ આર્ય-દેશ-આર્યકુળ, ઉત્તમ ધર્મી માતા-પિતાનો અનુપમ સંયોગ થાય છે. ત્યારે એ પૂન્યશાળીને ધર્મ આરાધનનું કાર્ય અત્યંત સુલભ બને છે.

આપણે પણ એવા પૂન્યશાળીઓમાંજ છીએ કે આવા એકાંતે ઉત્તમ પરમાત્મા અને સર્વજ્ઞકથિત જિનધર્મની પ્રાપ્તિ થઇ છે. અને તેમાં શુદ્ધમાર્ગે ચાલવામાં પ્રેરક, ઉપકારી ગુરૂ ભગવંતોનો સહયોગ મળ્યો છે, કે જેથી પા-પા પગલી માંડતો આપણો આત્મા આગળ વધી શકે છે.

આ પા-પા પગલી મંડાણમાં અનેક ઉપકારીઓ સાથે આપણા ઉપકારી પરમગુરૂદેવ, પૂ પંન્યાસપ્રવર **શ્રી ભદ્રંકર-વિજયજી ગણિવર્યશ્રીએ** પણ સ્વ-પર કલ્યાણ માટે ઘણું-ઘણું કર્યું છે.

સંયમ સ્વીકાર્યા બાદ અપ્રતિમ પ્રતિભા, પૂર્વભવની આરાધના અને ક્ષયોપશમને યોગે બાલપણુથી જ પીઢતા પામેલા પૂજ્યશ્રી, આત્મ અનુભવ અને ચિંતન દ્વારા જે મેળ-વતા ગયા, તેને શબ્દસ્થ કરતા ગયા અને એ લેખો કલ્યાણ આદિમાં પ્રકાશિત થતા, જેથી અનેકોને સત્યરાહ બતાડવામાં ઉપકારક થયા. આ લેખોને સુશ્રાવક **પ્રેમજીભાઈ** પોતાને વાંચનદ્વારા ઉપકારક અને ઉપયોગી સમજીને નોટમાં ઉતારતા ગયા. અવસરે અવસરે વાંચન પણ કરતાં. બે વર્ષ પહેલા આ નોટો લઈને મારી પાસે અમદાવાદ આવ્યા અને પોતાની ભાવના વ્યકત કરી કે મારા ઉપકારી પૂજ્ય ગુરૂદેવના લેખો

છપાવીને પ્રકટ કરવા છે. આપ પૂજ્યશ્રીનું સાહિત્ય પ્રકાશિત કરો છો, તો આ પણ પ્રકટ કરો તો મને લાભ મળે, અને ગુરૂભક્તિ કર્યાનો આનંદ થાય. મેં આ નોટો જોઈ. લેખો ઉપયોગી લાગ્યા. બીજા પણ અનેક લેખોમાંથી અમુક લેખોમાં પૂજ્યશ્રીનાં ભાવોની છાંટ લાગવાથી અંદર જ સમાવી લીધા.

બધા લેખો વ્યવસ્થિત કર્યા અને દરેકનાં વિભાગ જુદા પાડયા જેથી વિષયવાર સમજી શકાય અને ઉપયોગી થાય. તેમાં સૌ પ્રથમ **"ધર્મરહસ્ય"** વિભાગ છે. એમાં જુદા-જુદા ૭ લેખો છે.

ઘણાં ધર્મનાં નામથીજ દૂર થતા હોય છે. તો ઘણા ભાવિકોને ધર્મ એટલે શું? એમાં એવું શું વિશિષ્ટ રહસ્ય છે? તે જાણવાની જીજ્ઞાસા હોય છે, ઉપકારી ભગવંતોએ ફરમાવ્યું છે, કે ધર્મ જાણવાની જીજ્ઞાસાવાળા આત્માને ધર્મનો બોધ આપવાથી અલ્પ મહેનતે કાર્યસિદ્ધ થાય છે. તેથી આવા જીજ્ઞાસુભાવિકોને નજર સમક્ષ રાખીને લખાયેલા પ્રથમ પ્રકરણ ધર્મરહસ્યનાં લેખોનો ક્રમપણ ખૂબ જ પ્રેક-ટીકલ, જીવનમાં ઉતારી શકાય, તે પ્રમાણેનો છે જે લેખો ક્રમસર વાંચતા જઈશું અને એના ઉપર ચિંતન કરતા જઈશું તો ખ્યાલ આવશે.

લેખક-કે ચિંતક જે ભાવોથી લેખ લખે છે. તે તેમના ભાવો નિર્મળ વાચકનાં હૃદયને સ્પર્શે છે. આ લેખો પૂજ્યશ્રી લખતાં પહેલા ચિંતન કરીને અનુભવ દ્વારા આત્મસ્થ કર્યા હતા. તેથી વાંચતા આપણને ઠંડકનો અનુભવ થશે. અને એ જ લેખ વાંચ્યા પછી ચિંતન કરતા તરત અસર થશે. કારણકે પૂજ્યશ્રીનું વાંચન ચિંતનાત્મક હતું. ચિંતનબાદ

એક-એક પદાર્થોને શબ્દસ્થ કરતા હતા, તેથી આ લેખો પ્રારંભિક જીજ્ઞાસાવાળા અને જાણકારોને ઉપયોગી થશે.

બીજા પ્રકરણમાં "જ્ઞાનરહસ્ય" છે. સો પ્રથમ જ્ઞાન મેળવવા માટે શું જોઈએ ? તે પ્રથમ લેખમાં સમજાવ્યું છે, કે દર્શન પૂર્વકનું જ્ઞાન સાચું છે. ત્યારબાદ આગળવધેલો સાધક એ આત્માને સાધનામાં સ્થિર કરે છે. અને તે સિવાયનાં સમયે એજ જ્ઞાનનાં પરાવર્તન-સ્વધ્યાયમાં લયલીન બને છે. આ ક્રમે પાંચ લેખો એવા ગોઠવાયા છે. કે જેથી આરાધક સાધક એ પ્રમાણે કરતો થાય તો એને આત્મસિદ્ધિનો અનુપમ અનુભવ થાય. આ લેખો પૂજ્યશ્રીએ લખ્યા છે. તેમ પોતે જીવનમાં એ રીતે જ આગળ વધેલા એટલે જીવનમાં હોય અને તે વાત બીજાને કહેવામાં આવે તે અસરકારક જ હોય છે. તેથી વાંચનારને ખુબ જ અસરકારક થશે. ઘણાભાવિકો આત્માનુભવ કેમ થાય ? તે માટે જીજ્ઞાસાવાળા હોય છે. પણ એમને સાચો ઉપાય મળતો નથી. ત્યારે આ લેખો અમને ખરેખરો સચોટ ઉપાય બતાવશે.

ત્રીજા પ્રકરણમાં "નવકાર રહસ્ય" છે. પૂજ્યશ્રીનો અત્યંત પ્રિયવિષય એટલે નવકારમંત્ર. નવકારમહામંત્ર અનાદિથી છે. અને અનંતકાળ સુધી રહેશે. પણ એ નવકારની અંદર રહેલા વિશિષ્ટ રહસ્યોનું જ્ઞાન વર્તમાનમાં આ ઉપકારી પૂજ્યશ્રીએ કરાવ્યું છે. નમસ્કારમહામંત્રને જુદી-જુદી રીતે ઘટાવીને એવો નવો રસ્તો બતાડયો કે જેથી નવકાર ઉપર આપણને ભાવવૃદ્ધિ થતાં વાર ન લાગે. આનાં ચિંતન-મનન દ્વારા આગળ વધી સિદ્ધચક્રયંત્ર દ્વારા મંત્રની

શક્તિનું ઉર્ધ્વીકરણ કરી અને ચિંતામણી સમાન એવા નમસ્કારમાં મનને સ્થિર કરી, પરમેષ્ઠિના ધ્યાનમાં એકતાન બની અને મંત્રના જપ દ્વારા સ્થિરતા પ્રાપ્ત કરી આત્માને ઉર્ધ્વગતિ ગામી બનાવવામાં ખુબ જ ઉપકારક છે.

ચોથા પ્રકરણ "સંયમ રહસ્ય"માં મુનિજીવનમાં અત્યંત ઉપયોગી તથા જરૂરી લેખ છે. તેમાં મુખ્ય સમાચારીનું જ્ઞાન મેળવીને સાધુતાની સુગંધ કેવી હોય અને વર્તમાનમાં કપરોકાળ હોવા છતાં હજુ બીલ્કુલ પડતો કાળ નથી કે જેથી સંયમ જીવન પાળી ન શકાય. જો પોતાનો ફરજ અને ધર્મ સમજવામાં આવે તો સારી રીતે પાલન કરી શકાય-તેવા વિચારો અને ઉપાયો પૂજ્યશ્રીએ બે લેખોમાં બતાવ્યા છે.

પાચમું પ્રકરણ "આયંબિલ-રહસ્ય" છે. પૂજ્યશ્રી કહેતા કે આયંબિલનો તપ, નવકારનો જપ. જે ખરેખર અનુભવવાણી જ કહેવાય. પૂજ્યશ્રીનાં ગ્રુપમાં વર્ધમાનતપ આયંબિલની ૧૦૦-૧૦૦ ઓળી કરનારા ૧૧ મહાત્માઓ છે. અને હજુ વધુ આગળ વધી રહ્યા છે. આ તપનું વર્ણન શાસ્ત્રોમાં જે કહ્યું છે, તેથી તો એમ જ થાય કે આખી જીંદગી આયંબિલ કર્યા કરવા પણ ઘણાને-ઘણા પ્રશ્નો આવતા હોય છે. ત્યારે પૂજ્યશ્રીએ વર્ધમાનતપનો મહિમા બતાવી આયંબિલની વિશેષતા અને તેનો લાભ બતાવ્યા અને પછી ઘણાને જીજ્ઞાસાથી કે ઘણાને અજ્ઞાન જીવોએ ખોટી રીતે ભરમાવી દીધા હોવાથી, પ્રશ્નો ઉભા થયા, તે બધા પ્રશ્નોના જવાબો પૂજ્યશ્રીએ એવા સચોટ આપ્યા છે કે જેથી તરત સમાધાન થઇ જાય.

છટ્ઠુ પ્રકરણ "ભાવના રહસ્ય" છે. યોગસારમાં પૂજ્ય આચાર્ય ભગવંતે ધર્મકલ્પવૃક્ષનાં મૂળ સમાન મૈત્ર્યાદિભાવોને કહ્યા છે, તે ભાવાત્મક અને ક્રિયાત્મક કેવી રીતે બનાવવા? અને તેના દ્વારા આધ્યાત્મિક ઉત્થાન કેમ થાય? વિચાર-આચાર અને ક્રિયામાં ભાવ કેમ ભાવવા? અને આ શુભ ભાવના ચિંતન દ્વારા આત્મપરિણતિ કેવી રીતે લાવવી? વિગેરે દ્વારા સચોટ ઉપાયો બતાવીને આપણા ઉપર ઉપકાર કર્યો છે.

સાતમું પ્રકરણ "ચિંતન-રહસ્ય" છે. આ પ્રકરણમાં જુદા-જુદા દશ વિષયોનાં લેખો છે, એક એક લેખ કંઈક નવું જ તત્ત્વ ચિંતન કરાવી જાય છે. તેમાં સૌથી છેલ્લે ન્યાય સંપન વૈભવ લેખ તો ખરેખર શ્રાવક માટે અત્યંત ઉપયોગી છે. ક્રમશઃ પહેલેથી આગળ વધવાની એવી ક્રિયા બતાવી કે છેલ્લે, એ શ્રાવક-સર્વવિરતિધર બની અને આત્મકલ્યાણ કરે-એવા આ લેખો છે.

આવા પ્રકરણોમાં આત્મઅનુભવનો ખજાનો પૂજ્યશ્રીએ રજુ કર્યો છે, તેને હું પૂજ્યોની કૃપાદ્રષ્ટિથી જ ગોઠવીને સંપાદન કરી શક્યો છું. મારી તબીયતનાં કારણે તો હું આ કાર્યો કેમ કરી શકુ છું-તે વિચારતાં ઉપકારી ગુરૂદેવની કૃપાદ્રષ્ટિ સિવાય શક્ય જ નથી-એમ લાગે છે.

બસ! આપણે આ પ્રાણવંતા ઉપયોગી લેખોનાં વાંચન-ચિંતન-મનન દ્વારા આત્મ કલ્યાણ કરી શિવસુખના ભોક્તા બનીએ એજ શુભાભિલાસા.

વજ્રસેન વિજય

॥

પરમ કૃપાળુ કરૂણાસાગર અનન્ત ઉપકારી
અકારણવત્સલ
તીર્થંકરપરમાત્માઓની સતત

અનુગ્રહ–અમીદ્રષ્ટિથી..........!

પરમપૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા
પરમપૂજ્ય વાત્સલ્યમૂર્તિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
પ્રદ્યોતનસૂરીશ્વરજી મહારાજ

નાં અંતરના આશીર્વાદ થી.........!!!

પરમપૂજ્ય, અધ્યાત્મયોગી, પંન્યાસપ્રવર
શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય

પરમપૂજ્ય, શાન્તમૂર્તિ, આચાર્યદેવ
શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજ

પરમપૂજ્ય, નિઃસ્પૃહમૂર્તિ, મુનિરાજ
શ્રી મહાસેનવિજયજી મહારાજ

ની દિવ્ય કૃપાદૃષ્ટિ થી.........!!!

આવા અનેક ગ્રંથોનું સંપાદન–સંકલન કરી શકયો છું...

હે પૂજ્યો !

આપ એવી જ કરૂણાદ્રષ્ટિ રાખજો...એવી જ અમીદ્રષ્ટિ રાખજો...

એવો જ કરૂણામય અનુગ્રહ વરસાવજો...
કે આ સેવક આપના થકી જ આપ પૂજ્યોના
ઋણથી યત્કિંચિત્ ઋણમુક્ત બનવા સમર્થ બને.

વજ્રસેન વિજય

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પૃષ્ઠ
	પ્રકાશકીય.......	૩ થી ૫
	બે બોલ....	૬ થી ૧૦
૧	ધર્મ-રહસ્ય !!!	૧ થી ૩૬
૨	જ્ઞાન-રહસ્ય !!!	૩૭ થી ૬૪
૩	નવકાર-રહસ્ય	૬૫ થી ૧૦૨
૪	સંયમ-રહસ્ય	૧૦૩ થી ૧૨૪
૫	આયંબિલ-રહસ્ય	૧૨૫ થી ૧૫૭
૬	ભાવના-રહસ્ય	૧૫૮ થી ૧૮૯
૭	વિચાર-રહસ્ય	૧૯૦ થી ૨૬૮

મંત્ર ભલો નવકાર

પરમપૂજ્ય, પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યશ્રીનાં

નમસ્કાર મહામંત્ર ઉપરનાં સૂક્ષ્મ-તાત્ત્વિક ચિંતનો

નમસ્કાર મહામંત્ર એ ચૌદ પૂર્વનો સાર છે. પણ એ કેવી રીતે? નમસ્કાર મહામંત્રનું જુદી-જુદી રીતે ચિંતન કેમ કરાય? નમસ્કાર મહામંત્રનું રહસ્ય શું છે?

વિગેરે મહત્ત્વની બાબત આ પ્રકાશનમાં છે. તેથી તમારે ત્યાં આ પુસ્તક "મંત્ર ભલો નવકાર" ન આવ્યું હોય તો તુરત મંગાવીને વાંચવાનું શરૂ કરી દેશો.

ધર્મ રહસ્ય !!!

૧

(૧) જૈન ધર્મનું રહસ્ય

(૨) ધર્મનો ઉપાય

(૩) ધર્મ મહાસત્તા

(૪) ધર્મ દરિદ્રતા

(૫) ધર્મનો પાયો

(૬) જૈન ધર્મ સ્વીકારવાના ઉપાયો

૧ જૈન ધર્મનું રહસ્ય

દુનિયામાં બે પ્રકારના પદાર્થો છે. કેટલાક દશ્ય છે, કેટલાક અદશ્ય છે.

દશ્ય પદાર્થોને દેખવા માટે ચક્ષુ આદિ ઈન્દ્રિયો સિવાય બીજા સાધનોની જરૂર પડતી નથી.

અદશ્ય પદાર્થો કેવળ ઇન્દ્રિયોથી જોઇ શકાતા નથી. તેને જોવા માટે બીજા પદાર્થોની સહાય લેવી પડે છે. જેમકે પર્વતની ટોચ ઉપર રહેલા અગ્નિને જાણવા માટે એ અગ્નિમાંથી અવિચ્છિન્ન ધારાએ નીકળતી ધૂમ્રસેરની સહાય લેવી પડે છે અને એ ધૂમ્રસેરને જોઇને તે પુરુષ પોતાની આંખને અદશ્ય એવા અગ્નિને પણ જાણી શકે છે.

એજ ભૂતલના તલ નીચે છૂપાએલા વૃક્ષના મૂળને જાણુવાને કે આકાશના વાદળ નીચે ઢંકાએલા સૂર્યના કિરણને જાણુવાને વૃક્ષના પાંદડાં જો લીલાછમ છે, તેના પર ફૂલ-ફળ નિયમિત ઉગે છે, તો તે વૃક્ષનું મૂળ ભુમિમાં અવશ્ય સાજુતાજુ અને અખંડિત છે, એમ નિશ્ચિત થાય છે અથવા વાદળની ઘન ઘોર છાયા વખતે જો હજી રાત્રિ થઇ નથી પણ દિવસ છે, એમ સમજી શકાય છે, તો તે

ગાઢ વાદળો નીચે સૂર્ય હજી ગતિ કરી રહ્યો છે, પણ આથમ્યો નથી એ વાત નક્કી થાય છે.

અદૃશ્ય મૂળ જેમ ફૂલ ફળાદિથી અને અદૃશ્ય સૂર્ય જેમ દિન-રાતના વિભાગથી જાણી શકાય છે, તેમ જીવાત્મામાં રહેલો અદૃશ્ય ધર્મ પણ તેવા કારણથી જાણી શકાય છે.

ભૂતકાલીન ધર્મ, તેના ફળ સ્વરૂપ વર્તમાનકાલીન સંપત્તિથી જાણી શકાય છે અને વર્તમાનકાલીન ધર્મ, તેના કાર્ય સ્વરૂપ ઔદાર્યાદિથી ગુણોથી જાણી શકાય છે.

અમુક વ્યક્તિના ભીતરમાં ધર્મ છે કે નહિ અને છે, તો તે કેવી રીતે જાણી શકાય? એ પ્રશ્નનો જાણે સ્પષ્ટ ઉત્તર ન આપતા હોય તેમ પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ એક સ્થાને ફરમાવે છે કે—

औदार्यं दाक्षिण्यं पापजुगुप्साथ निर्मलो बोधः,
लिंगानि धर्म सिद्धेः, प्रायेण जन-प्रियत्वं च ।

અર્થાત્ ઔદાર્ય, દાક્ષિણ્ય પાપજુગુપ્સા, નિર્મળ બોધ તથા પ્રાયઃ જન પ્રિયત્વ—એ ધર્મ સિદ્ધિનાં પ્રધાન લિંગો છે.

જે આત્મામાં ઉદારતાદિ પાંચ લક્ષણો પ્રગટ્યાં છે, તે આત્માની ભીતરમાં ધર્મ રહેલો છે, કારણ કે ધર્મ-સિદ્ધિનાં એ નિશ્ચિત લિંગો છે, ઉદારતાદિ ચિન્હો એ આત્માની અંદર છૂપા રહેલા ધર્મને જ પ્રગટ કરનારા છે.

ઔદાર્યાદિ ગુણો એ બીજા શબ્દોમાં ધર્મવૃક્ષના મૂળમાંથી ઉગીને બહાર નીકળી આવેલા અંકુરાદિ અને

શાખા-પ્રશાખાદિ પદાર્થો છે. શાખા-પ્રશાખાદિ કે અંકુર પત્રાદિને બહાર આવવા માટે જેમ સુદૃઢ મૂળની અપેક્ષા છે, તેમ ઔદાર્ય, દાક્ષિણ્યાદિ ગુણોને બહાર આવવાને માટે તેવા વૃક્ષની કે તે વૃક્ષના અખંડ મૂળની આવશ્યકતા છે જ. અને તે મૂળનું નામ નિર્મળ ધર્મ છે.

આત્માની અંદર રહેલો તે ધર્મ વર્તમાન કાળે ઉદારતાદિ ગુણોરૂપી અંકુરાદિ દ્વારા પ્રગટ થાય છે અને આગામી કાળે સુરનરની સંપત્તિરૂપી પુષ્પો અને સિદ્ધિ-ગતિના અનંતા સુખોરૂપી પરિપકવ ફળોરૂપે પ્રગટ થાય છે.

જે આત્મામાં ઉદારતા આદિ ગુણો હજુ પ્રગટ થયા નથી, તે આત્મા બહારથી ધર્મની આરાધના કે સાધના કરતો હોય તો પણ અંદરથી ધર્મને પામેલો જ હોય એમ નિશ્ચિતપણે કહી ન શકાય.

ધર્મ-વૃક્ષનો પ્રથમ અંકુરો ઔદાર્ય છે, દાન નહિ. ઔદાર્ય અને દાનમાં તફાવત છે. સામાને જરૂર છે માટે અપાય છે. તે દાન છે અને પોતાને (દાતાને) જરૂર છે, માટે અપાય છે, તે ઔદાર્ય છે.

જે દાન અપાય છે શક્તિ મુજબ, પણ આપવાની ભાવના છે સર્વસ્વની, તે દાન ઔદાર્ય ગુણથી ભરપુર છે.

જે દાન શક્તિ મુજબ પણ અપાતું નથી, એટલું જ નહિ પણ આપવાની પાછળ લેનારની જરૂરીઆતને જ આગળ કરવામાં આવેલી હોય છે, તે દાન, ઔદાર્ય ગુણની ખામીવાળું છે.

ઉદાર આત્મા, દાન લેનારની જરૂરીઆતને જેટલી અગત્ય આપે છે, તેનાથી અનેક ગણી અધિક અગત્ય પોતાને આપવાની માને છે. દાન નહિં દેવાથી સામાનું કાર્ય બગડી જવાનો ભય તેને તેટલો લાગતો નથી, જેટલો ભય દાન નહિ આપવાથી પોતાનું બગડી જવાનો ભય તેને લાગે છે.

અથવા આપીને કેટલું આપ્યું, તે ગણવાની વૃત્તિ કરતાં, કેટલું નથી આપ્યું, તે ગણવાની વૃત્તિ જ જેના હૃદયમાં સદા રમ્યા કરતી હોય છે, એ ઔદાર્ય ગુણનું લક્ષણ છે અને એ જાતનું ઔદાર્ય એ ધર્મ વૃક્ષનો પ્રથમ અંકુરો છે. ધર્મ આત્મામાં પરિણામ પામ્યો છે કે નહિ, તે જાણવાનું એ પ્રથમ લક્ષણ કે ચિન્હ છે.

બીજું લક્ષણ દાક્ષિણ્ય છે.

કોઇની પણ પ્રેરણા વિના થતું દાન, એ ઔદાર્ય ગુણ ગણાય છે અને કોઇની પણ પ્રેરણા કે યાચના બાદ થનાર દાન, એ દાક્ષિણ્ય છે. બીજા શબ્દોમાં કોઇની પણ માંગણીને છતી શક્તિએ નકારતાં સંકોચ થવો, એ દાક્ષિણ્ય છે.

દાક્ષિણ્ય વિનાનું ઔદાર્ય એ સુવાસ વગરના ફૂલ જેવું છે કે સર વિનાના કૂપ જેવું છે. સુંદર પણ પુષ્પ, સુવાસ વિનાનું હોય, તો તેને કોઇ સેવતું નથી કે જળથી ભરપૂર પણ કૂવો સરવાણી વિનાનો હોય તો અંતે સુકાઇ જાય છે, તેમ યાચનાનો ભંગ નહિ કરવા રૂપ દાક્ષિણ્ય

ગુણ જેનામાં પ્રગટેલો નથી, તે આત્મા ઉદાર હોય તો પણ તેની ઉદારતા સદા કાળ ટકતી નથી, કે અર્થી આત્માઓને તે સદા કાળ સેવ્ય બનતી નથી.

ધર્મ–સિદ્ધિનું ત્રીજું લક્ષણ પાપજુગુપ્સા છે. પાપ પ્રત્યે જેને જુગુપ્સા નથી, તેના ઔદાર્ય કે દાક્ષિણ્યનો દુરૂપયોગ થવાનો પૂરેપૂરો સંભવ છે.

પાપ એ વિષ તુલ્ય છે અને પુણ્ય એ અમૃત તુલ્ય છે. એ રીતે પાપ, પુણ્યનો ભેદ જેના અંતઃકરણમાં થયો નથી, એ આત્માનું ઔદાર્ય અને દાક્ષિણ્ય સ્વ–પરનાં હિતને માટે થવાને બદલે અહિતમાં પરિણમવાનો વધારે સંભવ છે.

એ કારણે ધર્મી આત્માના અંતઃકરણમાં ધર્મ–સિદ્ધિનું ચોથું લક્ષણ નિર્મળ બોધ પણ હોય છે. એથી તે પાપ, પુણ્યનો ભેદ સમજી શકે છે અને પાપનો પરિહાર અને પુણ્યનો સ્વીકાર કરવાના કાર્યમાં સદા સાવધાન રહે છે. એના પ્રભાવે તેનું ઔદાર્ય કે દાક્ષિણ્ય પાપના માર્ગે ઘસડાઈ જતું બચે છે. નિર્મળ બોધના કારણે તેના આત્મામાં સદા પાપની જુગુપ્સા જાગતી રહે છે. અને પુણ્યની પ્રશંસા પણ તેના આત્મામાં સદા કાળ રમતી હોય છે.

તે કારણે તેના ઔદાર્ય, દાક્ષિણ્યાદિ સદ્‌ગુણોનો સદુપયોગ વધતો રહે છે અને પરિણામે તે આત્મા આ લોકમાં યશ–કીર્તિ (પાંચમુ લક્ષણ) નો અને પરલોકમાં સદ્‌ગતિનો ભાગી થાય છે.

૨ ધર્મનો ઉપાય

વાચકપ્રવર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રના સાતમા અધ્યયનના આઠમા સૂત્રમાં ફરમાવે છે કે, સંવેગ અને વૈરાગ્ય પ્રાપ્ત કરવા માટે જગતના અને કાયાના સ્વભાવનું ચિંતન વારંવાર કરવું જોઈએ.

સંવેગ એટલે મોક્ષની અભિલાષા.

વૈરાગ્ય એટલે ભવનો નિર્વેદ.

તાત્પર્ય કે માણસે મોક્ષની સુંદરતા અને ભવની અસુંદરતાનો વારંવાર વિચાર કરવો જોઈએ. એથી ધર્મની સાચી ભૂખ જાગે છે.

ભૂખ્યો માણસ જેમ ભોજન મેળવવા માટે તત્પર રહે છે, તેમ જેના અંતઃકરણમાં ધર્મની સાચી ભૂખ જાગે છે,-તે આત્મા ધર્મના-સાધનોનું સેવન કરવા આપોઆપ તત્પર બને છે.

શરીરની ભૂખ જગાડવા માટે, મોટે ભાગે બે ઉપાયો લેવામાં આવે છે. એક ઉપાય તે લંઘન અને બીજો

તે વિરેચન. લંઘન વડે જૂના મળ બળી જાય છે, એટલે આપોઆપ જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે અને ભૂખ લાગે છે. એ રીતે વિરેચન વડે પણ પેટના મળ નીકળી જાય છે, તેથી ભૂખ લાગે છે.

અહીં સંવેગ એ લંઘનના સ્થાને છે અને વૈરાગ્ય–એ વિરેચનનાં સ્થાને છે.

સંવેગ અને વૈરાગ્યરૂપ લંઘન અને વિરેચન વડે આત્મામાંથી મોહનીય આદિ કર્મરૂપી મળ ઓછા થાય છે અને મોક્ષનું સાચું સુખ મેળવવા માટે તેમજ સંસારના ત્રિવિધ તાપથી મુક્ત થવા માટે ધર્મ કરવાની સાચી ભૂખ લાગે છે– ધર્મના હેતુઓ રૂપ અહિંસા, સંયમ, તપ વગેરેનું સેવન કરવાની તીવ્ર તાલાવેલી લાગે છે, તથા સદનુષ્ઠાનોના પ્રેરક દેવ, ગુરૂ અને ધર્મ–એ તત્ત્વત્રયી પ્રત્યે અંતરની પ્રીતિ જાગી ઉઠે છે.

જગતના સ્વભાવનું ચિંતન કરવું એટલે મુખ્યત્વે સંસારના સુખની અનિત્યતાનો વિચાર કરવો.

કાયાના સ્વભાવનું ચિંતન કરવું એટલે શરીરની અશુચિતા અને અરમણીયતાનો વિચાર કરવો.

કહ્યું છે કે મલીન, પરૂ અને કૃમિના સમૂહથી ભરપુર, સ્વભાવથી દુર્ગંધી, અપવિત્ર મળ–મૂત્રના સ્થાનરૂપ એવા શરીરમાં મૂર્ખ લોકો રમણ કરે છે. પરંતુ પંડિત પુરુષો રમણ કરતા નથી.

આ વિષય ઉપર એક કલ્પિત કથા છે.

એક શિષ્ય, ગુરૂ પાસે જ્ઞાન મેળવવા ગયો ગુરૂએ કહ્યું, વૈરાગ્ય ધારણ કરીને આવ.

શિષ્યે કહ્યું, ઘરબાર તો છોડી દીધાં છે, હવે કોના ઉપર વૈરાગ્ય કરૂં ?

ગુરૂએ કહ્યું, જેના ઉપર વૈરાગ્ય લાવવાનો છે, તેના ઉપર હજી વૈરાગ્ય આવ્યો નથી.

શિષ્યે ફરી પૂછયું, કોની ઉપર વૈરાગ્ય કરૂં ?

ગુરૂએ કહ્યું, જગતમાં ખરાબમાં ખરાબ જે વસ્તુ હોય, તેના ઉપર તું વૈરાગ્ય કર.

શિષ્યે વિચારીને કહ્યું, એવી વસ્તુ, મને તો માત્ર વિષ્ટા લાગે છે. તેના ઉપર તો મને વૈરાગ્ય છે જ.

ગુરૂએ હસીને કહ્યું, વિષ્ટાને પૂછી જો.

તે પ્રમાણે પૂછતાં વિષ્ટામાંથી એક સક્કરજન નીકળ્યું અને બોલ્યું કે– ગઈ કાલે હું ટોપલામાં હતું ત્યારે બધા લોકો મારા પર નજર કરતા હતા, અત્યારે મારી આ દશા તારા શરીરના સંસર્ગથી થઇ છે.

પછી એક લાડુ નીકળ્યો. તેણે કહ્યું કે ગઇ કાલે મારા શરીર ઉપર સોનાના વરખ છાપેલા હતા ત્યારે બધા લોકો મને જોઈને ગ્રહણ કરવાની ઇચ્છા કરતા હતા, આજે મારી આ દશા તારા શરીરના સંસર્ગથી થઈ છે.

આ પ્રમાણે બીજા પણ અનેક મિષ્ટાન્નાદિ પદાર્થો નીકળ્યા અને બોલ્યા કે– તારા શરીરના સંબંધથી અમારી આ દુર્દશા થઈ છે.

આથી શિષ્યને નિશ્ચય થયો કે, ખરેખર મારું શરીર જ સૌથી વધારે દુર્ગંધી છે. માટે સૌ પ્રથમ મારે તેના ઉપર જ વૈરાગ્ય ધારણ કરવો ઉચિત છે.

તાત્પાર્ય કે જેને શરીર ઉપર વૈરાગ્ય થાય છે, તેને બીજા સઘળા પદાર્થો પર આપોઆપ વૈરાગ્ય થાય અને શરીર ઉપર વૈરાગ્ય ન થાય ત્યાં સુધી બીજા કોઈ પણ પદાર્થ ઉપર સાચો વૈરાગ્ય થતો નથી.

કહ્યું છે કે પોતાના શરીરની અપવિત્રતા, દુર્ગંધમયતા જોવા છતાં જે પુરુષને તેના ઉપર વૈરાગ્ય ન થાય, તે પુરુષને વૈરાગ્ય કઈ વસ્તુથી થશે ?

એ રીતે શરીરના સ્વભાવનું અને જગતના સ્વરૂપનું પુનઃ પુનઃ ચિંતન કરવામાં આવે, તો સાચો વૈરાગ્ય જાગે અને ધર્મની ભૂખ લાગ્યા વિના પણ રહે નહિ.

ભાવતું ભોજન પણ ભૂખ વિના નકામું છે. ઉત્તમોત્તમ રસવતી કે મેવા મિઠાઈના થાળ ભરીને સામે ધરવામાં આવે પણ જેને ભૂખ જ નથી, તેને શા કામના ?

સાચી–પાકી ભૂખ લાગ્યા પછી તો સૂકો રોટલોય મીઠો લાગે છે. અને ભૂખ વિના ખાધેલો પૌષ્ટિક પદાર્થ પણ રોગિષ્ટ બનાવે છે.

આ બધી હકીકતો ધર્મની બાબતમાં પણ લાગુ પડે છે. ધર્મ એ આત્માનો ખોરાક છે.

મુક્તિ એ તૃપ્તિ છે.

મોક્ષની અભિલાષા એ રૂચિ છે.

સંસારનો રસ ઘટ્યા વિના આ રૂચિ જાગતી નથી.

જેમ–જેમ મોક્ષની અભિલાષા પ્રબળ બને છે, તેમ–તેમ ધર્મ ખૂબ ગમે છે.

સંસારનો રાગ ઘટાડવા માટે અને મોક્ષની અભિલાષા પ્રબળ બનાવવા માટે સંવેગ અને વૈરાગ્ય મુખ્ય કારણો છે.

૩ ધર્મ મહાસત્તા

ધર્મની સાચી ઓળખાણ કરવાનો ઉપાય કેવળ ભણવું એ નથી, પણ ભણવાની સાથોસાથ ભક્તિ અને ઉપાસનાની પણ અનિવાર્ય આવશ્યકતા છે.

કેવળ તર્કથી ધર્મનું સાચું જ્ઞાન કોઇને મળ્યું નથી. એ માટે મોહને ટાળવો જોઈએ. મોહને દૂર કરવા માટે શ્રી તીર્થંકર દેવો અને પરમેષ્ઠિ ભગવંતોનો અનુગ્રહ પ્રાપ્ત કરવો જોઈએ તે અનુગ્રહ સાચી ભક્તિ વડે પ્રાપ્ત થાય છે.

ધર્મ મહાસત્તાને કેવળ તર્કથી સમજવાનો પ્રયત્ન કરનાર માટે નીચેનું વાકય ચરિતાર્થ થાય.–'જેમકે રોમને શોધવા માટે તત્ત્વવેત્તા અરબસ્તાનના રણમાં ભટકે છે,' મતલબ કે વિશ્વ એટલું વિરાટ છે કે કેવળ પોતાની બુદ્ધિથી એના નિયમોનો પાર ન પામી શકાય. એને માટે ધર્મ–મહાસત્તાને શરણે જવું જોઈએ.

શ્રી તીર્થંકર દેવો એ ધર્મ મહાસત્તા સાથે એકાકાર બની ગયા છે. ધર્મ મહાસત્તાનું જે લક્ષ્ય છે. એજ શ્રી તીર્થંકર પરમાત્માનું ધ્યેય છે. એ રીતે શ્રી તીર્થંકર દેવો ધર્મ મહાસત્તા સાથે એકાકાર બની ગયા છે.

શ્રી જિનેશ્વર પરમાત્મા એ ધર્મ મહાસત્તા સાથે તન્મય થયેલા છે. ધર્મ મહાસત્તાએ પોતાના નિયમો કાયદાઓ જાહેર કરવાના હોય છે, પણ તે કરે કોના દ્વારા? કારણ કે સત્તા તો મુંગી છે. માટે શ્રી જિનેશ્વર પરમાત્માને પોતાના પ્રતિનિધિ પદે સ્થાપીને તેમના દ્વારા પોતાના નિયમો અને પોતાનું શાસન, જગતના જીવોની જાણ માટે જાહેર કરે છે.

જેમ ધર્મ મહાસત્તા જીવોની ઉત્કાન્તિ માટે સતત પ્રયત્નશીલ છે, તેમ શ્રી તીર્થંકર પરમાત્માઓની અનંત કરૂણા પણ જગતના સમસ્ત જીવોના ઉત્કૃષ્ટ હિત માટે સતત સક્રિય છે. આ ભાવના એટલે **'સવી જીવ કરૂં શાસનરસી.'**

આ ઉત્કટ ભાવના એમ કહે છે કે–સર્વ જીવો સુખી થાઓ, એટલું જ નહિ પણ સુખનાં સાધન પામો, સુખના ઉપાય મેળવો. આગળ વધીને એમ કહે છે કે બધા જીવોને શાશ્વત સુખના સાધનો હું મેળવી આપું, બધાને ધર્મ મહાસત્તાના શાસનથી પરિચિત કરૂં, એ શાસન પ્રત્યે રાગવાળા બનાવું, વિશ્વના સનાતન શાસનના

આરાધક બનાવીને સુખી કરૂં. તેમાં સક્રિય રસ લેતા થાય એવી યોજના કરૂં.

પરમ કરૂણાવંત શ્રી તીર્થંકર પરમાત્માની ઉક્ત ભાવના નિગોદના જીવો સુધી પહોંચે છે. તેઓશ્રીના જન્મ સમયે નરકના જીવોને ક્ષણભર શાતા મળે છે. અને તે જ સમયે સમગ્ર વિશ્વમાં એક હીલચાલ કંપનો સ્વ-રૂપે થઈ જાય છે. એ કંપનોની અસર નરક અને નિગોદ સુધી વિસ્તરે છે, કારણ કે તીર્થંકર નામ કર્મ નિકાચતી વખતે સર્વ જીવોના કલ્યાણની એમની ભાવના અત્યંત ઉત્કટ હોય છે. માટે એમનું આધિપત્ય અને અસર પણ ત્રણે જગતમાં પથરાઇ જાય છે.

પ્રવચન–પુરૂષ એ ક્ષાયોપશમિક ભાવ છે. એમ શાસ્ત્રકારો ફરમાવે છે. સમ્યગ્ દૃષ્ટિ જીવ માત્રનો ક્ષયો-પશમ ભાવ એજ ભાવથી શ્રી જિન પ્રવચન છે.

પ્રવચન એટલે મોક્ષનો માર્ગ. શ્રી જિનેશ્વરદેવ માર્ગ સ્વરૂપ પણ છે. એ અપેક્ષાએ પ્રત્યેક જૈન એ આંશિક જિન સ્વરૂપ છે. એક અંશમાં શ્રી તીર્થંકર પરમાત્મા સમાન છે. માટે જ જૈન થનારની જવાબદારી વહન ન કરી તો ધર્મ મહાસત્તા તેને એ સ્થાનથી ઉતારી મૂકે છે. કર્મ સત્તા દ્વારા નરક, નિગોદ કે તિર્યંચમાં ધકેલી દે છે.

જેમ સોની, સોનાને શુદ્ધ કરવા માટે તાપમાં મૂકે છે, તેમ ધર્મ મહાસત્તા જીવને એના શુદ્ધિ કરણ

માટે કર્મ દ્વારા નરક નિગોદમાં તાપ આપે છે. એ તાપથી એનામાં શુદ્ધિ આવે છે, એ શુદ્ધિ ફરી એને ઊંચે લઇ જાય છે.

તીર્થંકર પરમાત્મા ધર્મમહાસત્તામય હોવાથી એમની આજ્ઞા પાળનારને આખી ધર્મસત્તાનું બળ મળે છે.

પ્રશ્ન :– તો શું ચોરી કરવા જનાર ચોર પણ એમની ઉપાસના અને નામ સ્મરણ કરે તો એના કાર્યમાં સહાય આપે ?

ઉત્તર :– ના, ચોરને ચોરી કરવામાં સહાય ન મળે. એમની પાસેથી સારા કામમાં જ મદદ મળે. અહીં લોકમાં પણ શું જોવાય છે!

સરકાર ચોરની સામે રક્ષણમાં મદદ કરે છે. પણ ચોરી કરનારને મદદ નથી જ કરતી, તેમ ધર્મ મહાસત્તા જીવને ઉત્ક્રાન્તિ તરફ લઈ જવાનો જ પ્રયત્ન કરે છે. તેથી તેના પ્રતિનિધિ સ્વરૂપ શ્રી તીર્થંકર દેવો પણ જીવોને શુદ્ધિકરણમાં સહાય કરે છે, મોહની સામે રક્ષણ આપે છે. મોહની વૃદ્ધિમાં નહિ જ.

ધર્મ મહાસત્તા અને શ્રી તીર્થંકર પરમાત્મા એટલા બધા એકાકાર થઈ ગયા છે, કે એમને ક્યાંય જુદા ન પાડી શકાય. માટે જ જીવના શુદ્ધિકરણનું કાર્ય કરી રહેલ ધર્મ મહાસત્તાના પ્રતિનિધિ તીર્થંકર પરમાત્મા પાસેથી અશુદ્ધિકરણના કાર્યમાં જરાય સહાય ન મળે.

અન્ય દર્શનકારો આ જ વાતને બીજી રીતે કહે છે, કે ઈશ્વર હંમેશાં ભલું જ કરે છે. કદી પણ ભુંડું નથી જ કરતા.

આ દૃષ્ટિએ તેઓ પણ ધર્મ મહાસત્તાને સમજ્યા ગણાય.

ગીતાનો અનાસક્તિ યોગ એટલે પૂર્ણ સમર્પણ ભાવ અર્થાત્ ધર્મ મહાસત્તાની બીનશરતી શરણાગતિ. જે જીવને ઉત્ક્રાન્તિ તરફ લઈ જાય છે. માટે જે કાંઈ થયું છે, થાય છે અને થશે તે સારા માટે જ છે. જે કાંઈ ભલું થશે તે સારી ક્રિયા હશે તો જ થશે એમ અનાસક્તપણે માનવું એ ધર્મ મહાસત્તાની કે ઈશ્વરની બીનશરતી શરણાગતિ છે. 'ઇશ્વરેચ્છા' કહીને હિંસા ન કરી શકાય કારણ કે તે રાગ-દ્વેષ વિના થતી નથી.

આપણે ત્યાં અનાસક્તિ યોગ કહ્યો છે, 'હે વીતરાગ ! તારા સિદ્ધાન્તમાં નિયાણાનું બંધન નિષેધ કરાયેલું છે,' એ રીતે પુણ્યના ફળની આકાંક્ષાનો નિષેધ કર્યો છે. શુભ કાર્ય પણ અનાસક્તપણે કરવાનું કહ્યું છે. ધર્મ મહાસત્તાની અને ઈશ્વરની ઇચ્છા, એજ આપણી ઇચ્છા.

આ રીતે બધાં આસ્તિક દર્શનો જીવની કક્ષા અનુસાર-યોગ્યતા મુજબ ધર્મ મહાસત્તાના નિયમોનું જીવની પાસે પાલન કરાવી એની ઉત્ક્રાન્તિમાં સહાય કરી રહ્યાં છે. બધા દર્શનોના સત્ય અંશ મળીને જૈન દર્શન બની જાય

છે. તેથી એ અંશ જિનમત માન્ય થયો. અન્ય મતમાંથી એકાંત અંશ કાઢી નાખીને એની ઉપાસના કરવામાં આવે, તો એ ઉપાસના એ જિનમતની જ ઉપાસના થઈ અને તે પણ જીવને ઉત્ક્રાન્તિ તરફ લઈ જાય છે.

સ્યાદ્વાદ દૃષ્ટિ આવી એટલે બધા નયો મળીને જિનમત બની જાય છે. એકેક નય ઉપર રચાયેલા જુદા જુદા દર્શનોમાં સત્યના અંશ રહેલા છે, પણ તે એકાંત દૃષ્ટિને કારણે દૂષિત બની જાય છે. એકાંત દૃષ્ટિ ગઈ અને સ્યાદ્વાદ દૃષ્ટિ આવી એટલે બધું ઉપયોગી બની જાય છે.

ધર્મ એ ક્રિયા નથી. પણ અક્રિયતા છે. સંગ્રહ કરવાની ક્રિયા છોડવી એનું નામ અપરિગ્રહતા છે. ધર્મ ક્રિયાથી કર્મબંધ થાય છે, માટે ધર્મ ક્રિયા પણ છોડવી જોઈએ, એમ કહેનારા ધર્મ ક્રિયાનું સાચું સ્વરૂપ જાણતા નથી. ધર્મ ક્રિયા એ ક્રિયારૂપ ભાસે છે, પણ સ્વયં ક્રિયા રૂપ નથી. અધર્મની ક્રિયાથી છૂટવા માટે થતી ક્રિયાને ક્રિયા નહિ પણ અક્રિયા કહેવી જ યોગ્ય છે. કેમ કે એનું અંતિમ પરિણામ અક્રિય પદની પ્રાપ્તિમાં આવે છે, એટલે અક્રિય પદની પ્રાપ્તિ કરાવે તે ક્રિયા પણ તત્ત્વથી અક્રિયા છે.

આ રીતે ધર્મ મહાસત્તા અત્યંત ઉપકારક છે.

□

૪ ધર્મ દરિદ્રતા

દરિદ્રતા એ એક મોટું દુઃખ છે દરિદ્રતાને કોઈ ચાહતું નથી. દરિદ્ર માણુસ એક તણખલા કરતાં પણ ઉતરતી કક્ષાનો ગણાય છે. ઘાસનું તણખલું જેટલું ઉપયોગી છે, તેટલી પણ ઉપયોગિતા દરિદ્ર માણુસની દુનિયામાં લેખાતી નથી.

એક કવિએ દરિદ્ર પુરુષને ઉપહાસમાં સિદ્ધ પુરુષની ઉપમા આપી છે, તે અક્ષરશઃ સત્ય લાગે છે.

કવિના શબ્દોમાં—દરિદ્ર પુરુષ પોતાની જાતને ઓળખાવતાં જણાવે છે કે, ખરેખર હું સિદ્ધ છું. જો એમ ન હોઉં તો હું આખા જગતને દેખું છું, પણ મને કોઈ દેખતું નથી એમ કેમ બને ? અર્થાત્ દરિદ્ર પુરુષની સામે નજર કરવા પણ કોઇ તૈયાર નથી.

જગતમાં એવી કંગાલ હાલતમાં જીવન પસાર કરવું કેટલું કષ્ટદાયક હશે તે તો તેનો અનુભવ કરનારા જ સારી રીતે જાણે અને એવો અનુભવ આ દુનિયામાં કેટલા આત્માઓને નથી કરવો પડતો ?

આજ તો એ દરિદ્રતાનું સર્વત્ર સામ્રાજ્ય હોય તેમ જણાય છે. થોડાક ધનવાન માણસોને બાદ કરતાં મોટા ભાગના મનુષ્યો પોતાનું જીવન કષ્ટથી ગુજારતા માલુમ પડે છે. જીવન જીવવાની હાડમારીઓ વધતી જાય છે. ખાવાને અન્ન, પીવાને જળ, પહેરવાને વસ્ત્ર, રહેવાને ઘર, કમાવાને ધન–એમ દરેક વસ્તુની તાણ વધતી જાય છે. તે બધા વચ્ચે માર્ગ કાઢવો તે આજે બુદ્ધિમાન મનુષ્યને પણ કઠીન થઈ પડયું છે.

દેશનાયકો અને રાજ્ય અધિકારીઓ અનેક યોજનાઓ ઊભી કરે છે, પરંતુ દરિદ્રતાનો નાશ કરવાને ઊભી થયેલી તે યોજનાઓ જ જાણે નવી દરિદ્રતાને ખેંચી ન લાવતી હોય તેવો અનુભવ થાય છે.

દરિદ્રતાનું કષ્ટ નિવારણ કરવા માટે આજના સમયે ભારેમાં ભારે પ્રયત્નો થઈ રહ્યા છે તો પણ તેને જીતી શકાતી નથી એ એક નક્કર સત્ય છે–લોક તેને વિવિધ દૃષ્ટિથી જુએ છે અને તેને આજે નહિ તો કાલે દૂર કરીશું એમ માનીને વિવિધ પ્રકારના પ્રયત્નોમાં મશગુલ રહે છે.

શાસ્ત્રકારો સાચું જ કહે છે કે–"પુરુષો અર્થની પ્રાપ્તિને–આજે નહિ તો કાલે, અને કાલે નહિ, તો પરમે' એ રીતે થાકયા વિના ચિંતવ્યા કરે છે, પરંતુ પોતાનું આયુષ્ય ખોબામાં રહેલા જળની જેમ નિરંતર ગળતું રહેતું હોવા છતાં જોતા નથી."

શાસ્ત્રકારોની દૃષ્ટિ, દરિદ્રતાના કષ્ટને જુદી જ રીતે જુએ છે. અને તે રીત એ છે કે–આ જગતમાં મનુષ્યોને એકલી ધનની દરિદ્રતા જ પીડી રહી છે એવું નથી; પણ રૂપની, બળની, કુળની, આરોગ્યની, યશની–આયુષ્યની–બુદ્ધિની, વિવેકની, વિચારની, આચારની અને ધર્મની–એમ અનેક પ્રકારની ઘેરી વળેલી છે.

એમાં એકલી ધનની દરિદ્રતા વચ્ચે ભીંસાતો માનવી જ્યારે એક ધનની જ દરિદ્રતાનો જ આટલો મોટો અને ખોટો સંતાપ ધારણ કરે છે ત્યારે તે ખરેખર કોઈ એક મોટા મોહને આધીન થઈને વર્તી રહેલો છે. એવું સ્પષ્ટ થાય છે.

કેવળ ધનનો જ મોહ એ ખોટો મોહ છે. ધન જેમ ધર્મ ઉપયોગી છે. તેમ આરોગ્ય કે આયુષ્ય શું ઉપયોગી નથી? બલ્કે ધન કરતાં આરોગ્ય અને આરોગ્ય કરતાં આયુષ્ય કોટિ ગણું વધારે કિંમતી છે. છતાં ધનની દરિદ્રતા જ દરિદ્રતા ગણાય, પણ આરોગ્ય કે આયુષ્યની દરિદ્રતા ન ગણાય તેનું શું કારણ?

એથી આગળ વધીને દેહના આરોગ્ય કે આયુષ્ય કરતાં પણ વધારે કિંમત આત્માના જ્ઞાન–વિવેકની છે, વિચાર અને વર્તનની છે, તેની તંગીનો માણસને ખટકો તો શું, પણ વિચાર સુદ્ધાં નથી.

ધનથી માલેતુજાર બન્યો, કાયાથી પુષ્ટ થયો કે આયુષ્યથી મોટો થયો, તેટલા માત્રથી માણસ સુખી બન્યો એમ માની લેવામાં સાચી સમજનો સદંતર અભાવ છે.

માણુસની ખરી કિંમત, તો તેના જ્ઞાન ધનથી છે, વિવેકરૂપી સંપત્તિથી છે. સુવિચાર અને સદ્વર્તન એ જ માણસનું ખરૂં ધન છે.

મનુષ્યના સુખ અને શાન્તિનો આધાર ધન, રૂપ, બળ કે આરોગ્ય જ નથી, કિન્તુ વિવેક, વિચાર અને આચાર પણ છે. એ વાત આજે લગભગ વિસરાતી જાય છે. પરિણામે આજે પુષ્ટ કાયાવાળા, ધન સંપત્તિની પાછળ પડેલા માનવીઓ વધુ જોવા મળે છે, પણ વર્તન અને વિચાર સુધારવાની ધગશ અને તમન્ના ધરાવનારા માનવીઓનાં દર્શન દુર્લભ થતા જાય છે, એનું મૂળ કારણ દેશની આર્થિક દરિદ્રતાનો વિચાર કરનાર વર્ગની વૃદ્ધિ તથા દેશની ધાર્મિક દરિદ્રતાની ચિંતા કરનાર વર્ગની ખેંચ છે.

આર્થિક દરિદ્રતા એ દરિદ્રતા છે અને કષ્ટકારક છે, તો ધાર્મિક દરિદ્રતા એ એના કરતાં પણ અધિક કંગાલિયત છે તેમજ ભાવિ મહાન કષ્ટનો હેતુ છે એ વાત કદી પણ ભૂલવી ન જોઈએ.

આર્થિક દરિદ્રતા કેવળ દેહને કે દેહના એક જન્મને પીડાકારક છે, તો ધાર્મિક દરિદ્રતા તો સર્વ દૃષ્ટિએ પીડાકારક છે. આત્માને તથા આત્માના જન્મની પરંપરાઓ તથા તેના સુખ–શાન્તિની સંતતિનો નાશ કરનાર છે.

આર્થિક દારિદ્ર કદાચ ટળ્યું પણ જો ધાર્મિક દારિદ્ર કાયમ રહ્યું, તો તેથી સુખ અને સંપત્તિ નહિ,

પણ દુઃખ અને વિપત્તિનો જ વરસાદ વરસવાનો છે. પ્રત્યેક કાળનો ઇતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે. વિપક્ષમાં ધાર્મિક દારિદ્ર ટળ્યું અને આર્થિક દારિદ્ર કદાચ ન ટળ્યું, તો પણ માનવીની ઉર્ધ્વગતિ નિશ્ચિત છે.

મનુષ્યની ઉર્ધ્વગતિનો આધાર ધર્મ છે, પણ ધન નથી, એ વાત આજની ઘડીએ વધારે સમજવાની જરૂર છે. ધર્મ વિનાનું ધન સુખ નહિ, પણ અત્યંત દુઃખદાયી અધોગતિ આપે છે. જયારે ધન વિનાનો ધર્મ ઉર્ધ્વગતિ આપે છે.

આર્થિક બેકારી કરતાં, ધાર્મિક બેકારી વધારે ભયંકર છે. એ વાત જેટલી વહેલી સમજાય તેટલો વધારે લાભ છે. ધનની પૂંઠે પડેલો માનવી, ધર્મની પૂંઠે કેમ પડતો નથી ? શું ધર્મ એ ધન કરતાં હલકી ચીજ છે ?

ના. એમ નથી જ. ધર્મ એ ધન કરતાં પણ અધિક છે, ધનનું પણ અંતરંગ મૂળ ધર્મજ છે.

છતાં માનવી અનેક નિર્બળતાઓને વશ છે તેમાં આ પણ તેની એક નિર્બળતા છે. ધન કરતાં ધર્મની કિંમત અધિક હોવા છતાં તે ધનને ધર્મ કરતાં પણ વધુ કિંમતી માનવા પ્રેરાય છે.

આ માન્યતા એ બુદ્ધિનો વિપર્યાસ છે. મોહાંધતાનો એક પુરાવો છે મોહ અને અજ્ઞાનના અંધાપા નીચે રહેલો માનવી ધનને દેખી રાચે છે, પણ ધર્મ પ્રત્યે અરૂચિ

દાખવે છે. ધનનો ચળકાટ તેને આકર્ષે છે. કારણ કે તે દેખવા માટે તેની પાસે આંખ છે, ધર્મનો ચળકાટ તેને આકર્ષી શકતો નથી, કારણ કે તેને જોવાની આંખ તેને મળી નથી, મળી છે તો ઉઘડી નથી.

એ આંખનું નામ વિવેક છે. જેઓનાં વિવેક-ચક્ષુ ઉઘડી ગયાં છે, તેઓની નજરે ધનનો ક્ષણિક ચળકાટ તેટલો આકર્ષક નથી લાગતો, જેટલો આકર્ષક ધર્મનો શાશ્વત પ્રકાશ લાગે છે. ધનના ભોગે પણ તે ધર્મ મેળવવા ચાહે છે. ધર્મ માટે ધન છોડવા તૈયાર થાય છે, પણ ધન માટે ધર્મને છોડવા પ્રાણાંતે પણ તૈયાર થતો નથી.

આ જાતના વિવેક-ચક્ષુ પ્રાપ્ત કરાવનાર શાસ્ત્રજ્ઞાન છે. શાસ્ત્ર-બોધ વડે વિવેક ચક્ષુ પ્રાપ્ત થતાં જ ધનનો ખોટો મોહ માનવીના અંતઃકરણમાંથી પલાયન થઈ જાય છે અને ધર્મ પ્રત્યે અંતરંગ આદર તથા પ્રેમ જાગે છે. એ ધર્મ-પ્રેમ માનવીને સાચા માર્ગે ચઢાવી અનંત કલ્યાણનો ભોક્તા બનાવે છે.

ધનના અભાવે ધર્મ ન જ થઈ શકે, એ વિચાર પણ મોહનો જ એક પ્રકાર છે. અજ્ઞાનનો જ વિલાસ છે.

ધર્મ કોઈ પણ અવસ્થામાં થઇ શકે છે. માનવ-ભવમાં ધર્મ કરવા માટે જીવને વિપુલ સામગ્રી પ્રાપ્ત થયેલી છે. તેનો લાભ નહિ લેતાં, ધન પ્રત્યેના મિથ્યા-મોહને પોષનારા ખોટા તર્કોનો આશ્રય લેવા માણસ

દોરાય છે. તેને શાસ્ત્રજ્ઞાન તેમ કરતાં અટકાવે છે અને કહે છે કે ધર્મના અભાવે જ ધનનો અભાવ છે, તેથી આ લોક અને પરલોકમાં સાચું ઉપયોગી ધન જેને જોઇતું હોય, તેણે ધર્મનો જ આશ્રય લેવો હિતકર છે, એ ધર્મનો આશ્રય લેવા માટે મળેલી આ માનવભવરૂપી અમૂલ્ય તકને જતી ન કરતાં, તત્કાલ વધાવી લેવી જોઇએ. કારણ કે આ તક, વારંવાર મળતી નથી. ક્યારેક મળે છે, તો ઉત્તમ સામગ્રી સાથેની નથી હોતી. માટે પળનાય વિલંબ વિના આ માનવભવને ધર્મની આરાધના વડે સાર્થક કરવો તે સ્વ-પર શ્રેયસ્કર કાર્ય છે.

૫ ધર્મનો પાયો

સુખનું મૂળ ધન છે, આરોગ્ય છે. દીર્ઘાયુષ્ય છે, એ સહુ વ્યવહારથી સમજી શકે છે, પણ ધન, આરોગ્ય કે આયુષ્યનું મૂળ શું છે? તે કોઈ વિરલ મનુષ્ય જ જાણે છે.

શાસ્ત્રકારો જણાવે છે કે છેદાયેલા મૂળવાળું વૃક્ષ કે કપાયેલા મસ્તકવાળો સુભટ જેમ વધુ કાળ ટકી શકતા નથી, તેમ ધર્મ હીનના ધન સુખ કે આરોગ્ય અધિક સમય ટકી શકતા નથી.

ધર્મ એ ધન, આરોગ્ય કે દીર્ઘાયુષ્યનું મૂળ છે એટલું જ નહિ, પણ સ્વર્ગ કે અપવર્ગ (મોક્ષ)ના સુખોનું મૂળ પણ તે જ છે. ધર્મ વિના સુખી થઈ શકીએ કે સદ્‌ગતિ મેળવી શકીએ એમ માનવું એજ મોટું અજ્ઞાન છે.

ધર્મના પાયા ઉપર જ આખું વિશ્વ વ્યવસ્થિત રીતે શોભી રહ્યું છે. એવું જ્ઞાની પુરુષોનું દૃઢ મંતવ્ય અને વચન છે, તેથી તે ધર્મને તેઓ માત્ર જાણવાનો કે માનવાનો વિષય માનતા નથી. કિન્તુ આચારવાનો વિષય માને છે.

ધર્મ સુખનું મૂળ છે, એમ જ્યારે કહેવાય છે, ત્યારે તે જાણેલો કે માનેલો જ ધર્મ નહિ, પણ આચરેલો ધર્મ પણ સમજવાનો છે.

જો ધાર્મિક વિકાસ જોઈતો હશે તો શિક્ષણનો ધર્મ એ આચરવાની વસ્તુ છે, કેવળ ભણવાની જ નહિ, એ જાતનો નિર્ણય સૌથી પ્રથમ કરવો પડશે.

આપણી પાઠશાળાઓમાં ક્રિયાના સૂત્રોની પ્રથમ પસંદગી કરવામાં આવે છે તેની પાછળ મોટું રહસ્ય એ છે કે ભણેલું ક્રિયામાં વણીને જીવનમાં ઉતારી શકીએ કે જેથી આપણી બધી શક્તિઓનો એક સરખો વિકાસ થાય.

તાત્પર્ય કે ધર્મનું શિક્ષણ, કેવળ શિક્ષણ ખાતર કે ધર્મની માહિતી મેળવવા ખાતર ન હોવું જોઈએ, પણ ધર્મ વડે જીવનને કેળવવા માટે હોવું જોઈએ.

ધર્મ વડે સમગ્ર જીવનને ઉચ્ચ રૂપાંતર આપવા માટે ધર્મક્રિયા અને એ માટે રચાયેલાં ખાસ સૂત્રોના અધ્યયનની ખાસ જરૂરી છે.

દા. ત. ધર્મ ક્રિયા માટે રચાયેલાં સૂત્રોમાં સૌથી પહેલું સૂત્ર શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર છે,

તે સૂત્રનું અધ્યયન કેવળ અધ્યયન માટે નહિ, પણ તેનું સૂત્ર, અર્થ અને તદુભય સહિત કાળ, વિનય, બહુમાન અને ઉપધાન આદિ વિધિપૂર્વક અધ્યયન કરી પ્રત્યેક કાર્યના પ્રારંભમાં વિઘ્નના નિવારણ માટે અને ઇષ્ટ સાધના માટે મંગળ તરીકે ઉપયોગ કરવાનો હેતુ એ છે કે સમગ્ર જીવનમાં તેનો વિધિયુક્ત પ્રયોગ કરવા માટે છે.

કહ્યું છે કે ભોજન સમયે, શયન સમયે, જાગવાના સમયે, પ્રવેશ સમયે, પ્રસ્થાન સમયે, ભય સમયે, કષ્ટ સમયે અને સર્વ સમયે શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહામંત્રનું ખરેખર ભાવપૂર્વક સ્મરણ કરવું જોઇએ.

જેમ શ્રી નવકાર માટે તેમ ક્રિયા માટેના દરેક સૂત્રો માટે સમજવાનું છે.

ગુરૂવંદન સૂત્ર, ચૈત્યવંદન સૂત્ર, દેવવંદન સૂત્ર, પ્રતિક્રમણ સૂત્ર, સામાયિક સૂત્ર, લોગસ્સ સૂત્ર, કાર્યોત્સર્ગ સૂત્ર, પચ્ચકખાણ સૂત્ર વગેરે પ્રત્યેક સૂત્ર કેવળ ભણવા માટે નથી, પણ ધર્મનું જીવનમાં પ્રત્યક્ષ આચરણ કરવા માટે છે.

પૂજ્ય પુરૂષો અને તેમના પ્રતીકોને વંદન એ ધર્મ છે, સમતાભાવ એ ધર્મ છે, પાપથી પાછા ફરવું એ ધર્મ છે. અને એ ધર્મ જ સુખ અને સદ્ગતિનું મૂળ છે તેનું વિધિપૂર્વક જીવનમાં સેવન કરવા માટે સૂત્રની જરૂર છે. અર્થની જરૂર છે, તદુભયની જરૂર છે.

તેનાથી મન બંધાય છે.

વાણી સુધરે છે.

પાપ રોકાય છે.

પુણ્ય વધે છે.

સુખ મળે છે.

દુઃખ ટળે છે.

એક નમસ્કાર મંત્ર જેટલા નાનકડા સૂત્ર વડે મંગળનું આગમન થાય છે, તો ચૈત્યવંદન, દેવવંદન અને પ્રતિક્રમણ ક્રિયામાં આવતાં મોટાં સૂત્રો વડે તે કાર્ય વધુ પ્રમાણમાં કેમ ન થાય? અર્થાત્ અવશ્ય થાય. અને એ કરવા માટે જ સૂત્રોની રચના છે. અને સૂત્રોના અવલંબનપૂર્વક થતી ધર્મ ક્રિયાઓ વડે સમગ્ર જીવન ધાર્મિક અંકુશમાં આવી જાય છે. આ એક પ્રકારની આધ્યાત્મિક કસરત છે.

સૂત્ર, અર્થ અને તદુભયના આલંબનપૂર્વક થતી પ્રત્યેક ધર્મક્રિયાની પાછળ દેવ, ગુરૂ અને ધર્મતત્ત્વનું બહુમાન અને આદરપૂર્વક આરાધના થાય છે. અને એ આરાધના વડે જીવ ક્રમશઃ આધ્યાત્મિક ઉન્નતિના શિખરે પહોંચે છે.

શારીરિક વ્યાયામનું જે શાસ્ત્ર હોય છે, તે કેવળ ભણી જવા પૂરતું જ નથી હોતું, પણ દેહને દૃઢ સ્ફુર્તિ-મય, સશક્ત બનાવવા માટે હોય છે. તેમ માનસિક વ્યાયામ કહો કે આધ્યાત્મિક વ્યાયામ કહો તે માટે ક્રિયાના સૂત્રો છે.

એ સૂત્રો વિધિપૂર્વકના માનસિક વ્યાયામ વડે આધ્યાત્મિક બળ કેળવીને આત્માની ગુપ્ત શક્તિઓને જાગૃત કરે છે.

ધાર્મિક શિક્ષણની પાછળ રહેલું આ મહત્ત્વનું ધ્યેય, કેવળ વિદ્યાર્થીઓના જ નહિ, પણ તે ઉપરાંત ધાર્મિક શિક્ષકોના લક્ષ્યમાં ખાસ રહેવું જોઈએ અને તેમના જીવનમાં ક્રિયાના સૂત્રોનો અમલ કરવાની ધગશ હોવી જોઈએ.

આવો ધાર્મિક શિક્ષક પોતે જેટલો લાભ અનુભવતો હશે. તેટલો વધુ ઉત્સાહ તેને આ સૂત્રો ભણાવવાની ક્રિયામાં જાગશે.

કેવળ ધાર્મિક શિક્ષકો જ નહિ. પણ ધાર્મિક કેળવણીના ક્ષેત્રમાં રસ લેતી પ્રત્યેક વ્યક્તિએ, ધાર્મિક ક્રિયા અને તેના સૂત્રોને આ દૃષ્ટિએ જોતાં શીખવું પડશે. એ દૃષ્ટિ આવ્યા પછી જ ધાર્મિક કેળવણીની ખરી ઉપયોગિતા અને ઉપકારકતા ખ્યાલમાં આવશે.

ધાર્મિક શિક્ષણમાં ક્રિયાના સૂત્રોનું અધ્યયન કયા હેતુસર છે? એ બરાબર સમજાઇ ગયા પછી, તત્ત્વજ્ઞાનના ગ્રન્થોનું અધ્યયન શા માટે છે? એ પણ નક્કી કરવું પડશે.

તત્ત્વજ્ઞાન પણ કેવળ તત્ત્વનું જ્ઞાન કરવા માટે નથી, પણ ચિત્તશુદ્ધિની સાધના માટે છે, શુભ ધ્યાનની વૃદ્ધિ કરવા માટે છે.

ધર્મ ક્રિયાઓ વડે જેમ આત્માની સુષુપ્ત શક્તિઓને જાગૃત કરી શકાય છે, તેમ તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે મોહ અને અજ્ઞાનનો નાશ કરીને આત્મામાં છૂપાયેલા અનંત જ્ઞાનને પ્રગટ કરી શકાય છે.

કેવળ શ્રુતજ્ઞાન મેળવવા માટે કે મતિજ્ઞાનને વિકસાવવા માટે જ તત્ત્વજ્ઞાનનું અધ્યયન, જૈન શાસ્ત્રોમાં વિહિત થયેલું નથી, પણ તે વડે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય આદિ કર્મોને ખપાવીને લોકાલોક–પ્રકાશક કેવળજ્ઞાન મેળવવાનો ઉદ્દેશ છે.

પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ (શ્રી) જ્ઞાનસારના આઠમા ત્યાગાષ્ટકમાં છટ્ઠા શ્લોકનું વિવરણ કરતાં ફરમાવે છે કે–જ્ઞાનાચાર પ્રત્યે એમ કહ્યું છે કે "જ્યાં સુધી તારા પ્રસાદથી શુદ્ધ પદ કેવળજ્ઞાન ન પ્રગટે, ત્યાં સુધી મારે તારી સેવા કરવાની છે." શુદ્ધ સંકલ્પપૂર્વક સર્વ ક્રિયા લેખે લાગે, સંકલ્પહીન કર્મ ફળે નહિ.

કેવળજ્ઞાનના પ્રાગટ્ય માટે જ્ઞાન ભણવાનું છે, ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્તિ માટે દર્શનાચારને સેવવાનો છે. યથાખ્યાત્ ચારિત્રની પ્રાપ્તિ માટે ચારિત્રાચારને પાળવાનો છે. શુકલ ધ્યાનના લાભ માટે તપાચારનું સેવન કરવાનું છે, અક્રિય પદની પ્રાપ્નિ માટે વીર્યાચારનું પાલન કરવાનું છે.

શ્રી દશ વૈકાલિક સૂત્ર, શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અને શ્રી સૂત્ર કૃતાંગ સૂત્ર વગેરે આગમ ગ્રન્થોમાં જ્ઞાનનો

અભ્યાસ, માત્ર જ્ઞાનવૃદ્ધિ માટે જ છે. એમ ન કહેતાં ચિત્ત-સમાધિ માટે છે. એમ કહ્યું છે.

સ્વાધ્યાયથી વૈરાગ્ય.

વૈરાગ્યથી શુભ ધ્યાન,

શુભ ધ્યાનથી ચિત્ત-સમાધિ,

ચિત્ત સમાધિથી સદ્દગતિ એ જ્ઞાન અભ્યાસનું (અનંતર અને પરંપર) ધ્યેય છે.

વિજ્ઞાનની જેમ ધાર્મિક જ્ઞાનને પણ જો આપણે વિશ્વ વસ્તુઓની માહિતી મેળવવાનું જ એક સાધન માનીએ, પણ તે વડે ચિત્ત-સમાધિ અને સદ્દગતિ મેળવવાનું ધ્યેય ન સ્વીકારીએ, તો તત્ત્વજ્ઞાન ભણવા ખાસ કોઈ કારણ રહે નહિ.

પદાર્થ વિજ્ઞાનની ભુખ તો આજની ભૌતિકવાદની કેળવણીથી સંતોષાય છે. તત્ત્વજ્ઞાન મેળવવા પાછળ એટલો સંકુચિત હેતુ નથી, પણ ઉદાત્ત હેતુ છે. અને તે મનુષ્યને મળેલા કરણોની (મન-વચન-કાયા-આંખ-કાન-જીભ હૃદય આદિ) શુદ્ધિ કરવા માટેનો અને પરિણામે આત્માની શુદ્ધિ કરવા દ્વારા પોતાની જાતના માલિક બનવા માટેનો છે.

ક્રિયાના સૂત્રોની સાથે તત્ત્વજ્ઞાનને અંતરંગ સંબંધ છે. ક્રિયા એ સાધ્ય છે. તત્ત્વજ્ઞાન તેનું સાધન છે અને એ બંનેનું સાધ્ય કેવળજ્ઞાન અને મોક્ષ છે.

ધાર્મિક શિક્ષણના વિકાસ માટે શિક્ષકોમાં નવું જોમ પ્રગટે તે માટેના જરૂરી મુદ્દાઓ નીચે મુજબ છે.

(૧) ક્રિયાનાં સૂત્રો આધ્યાત્મિક વ્યાયમનાં સૂત્રો છે, એ દૃષ્ટિએ તેને જોતાં શીખવું અને તેનો જીવનમાં શક્ય અમલ કરવો તથા વિદ્યાર્થીઓને કરાવવો.

(૨) તત્ત્વજ્ઞાનના ગ્રન્થો કેવળ પદાર્થ વિજ્ઞાનની જેમ માહિતી મેળવવા માટે નથી, પરંતુ ચિત્તની સમાધિ અને એકાગ્રતા કેળવવા માટે છે, એવી સ્પષ્ટ સમજ જાતે કેળવવી તથા વિદ્યાર્થીઓને પીરસવી.

ક્રિયાનાં સૂત્રો તથા તત્ત્વજ્ઞાનના ગ્રન્થો એ બંનેનું અધ્યયન પરસ્પરપૂરક છે. જેમ જેમ ક્રિયામાં પ્રગતિ થાય; તેમ તેમ તત્ત્વજ્ઞાનની ભૂખ વધે અને જેમ જેમ તત્ત્વજ્ઞાન વધતું જાય. તેમ તેમ સમ્યક્ ક્રિયામાં આગળ વધવા માટે અધિક ઉત્સાહ આવતો જાય. એજ ધાર્મિક શિક્ષણનો ખરેખરો વિકાસ છે.

એ રીતનું ધાર્મિક શિક્ષણ ધર્મનો પાયો બને છે.

૬ જૈનધર્મ સ્વીકારવાનાં ઉપાયો

જૈન ધર્મ એટલે ક્ષમાનો ધર્મ અહિંસાનો ધર્મ, ચારિત્ર અને સદાચાર પાલનનો ધર્મ.

આ ધર્મનું મૂળ, વસ્તુ સ્વભાવની સાચી શ્રદ્ધા છે. તેથી સાચી ઓળખાણ તથા શ્રદ્ધા સહિત વસ્તુ સ્વભાવ-રૂપ ધર્મના આચરણને પણ જૈન ધર્મ કહે છે.

કહ્યું છે કે–'વત્થુ સહાવો ધમ્મો'

વસ્તુનો સ્વભાવ તે ધર્મ.

તેનો ભાવાર્થ એ છે કે દરેક વસ્તુને પોતાનો સ્વ-ભાવ હોય છે તેમ જીવને પણ પોતાનાં સ્વભાવ હોય છે તે સ્વભાવ ચૈતન્ય સ્વરૂપ છે. જે જીવ સિવાય બીજી વસ્તુમાં મળતો નથી.

તેથી ચૈતન્ય સ્વભાવરૂપ જીવ–વસ્તુના ધર્મને પ્રગટ કરવાનું આચરણ એજ જૈન ધર્મ છે. એ આચરણમાં સદાચારના સર્વ અંગો સમાઈ જાય છે.

જેઓ જૈન ધર્મને તેના મૂળ સ્વરૂપમાં ઓળખવા ચાહે છે, તેમણે સૌથી પ્રથમ પોતાના આત્માનો સ્વભાવ તેનું જ્ઞાન–દર્શનાદિમય સ્વરૂપ, તેનામાં રહેલા સુખ–વીર્યાદિ ગુણો અને તેની અનાદિ અનંત કાળ સુધી આત્મામાં રહેલી સ્થિતિને સમજવી જોઇએ. ઓળખવી જોઇએ તથા પ્રતીતિમાં લાવવી જોઇએ. પછી જ તેને શ્રી વીતરાગ પરમાત્મા તરફ પૂજ્યપણાનો સાચો ભાવ જાગે છે અને એ વીતરાગના પંથે પ્રયાણ કરી રહેલા મુનીશ્વરોની સાચી મહત્તા ખ્યાલમાં આવે છે.

અહિંસા, સંયમ, તપ, ક્ષમા, સત્વઆદિ ધર્મો, શુદ્ધ આત્મ સ્વરૂપમાંના અનુભવમાંથી જન્મેલા હોય છે. અથવા શુદ્ધ આત્મ સ્વરૂપના અનુભવ પ્રત્યે દોરી જનારા હોય છે.

તેથી જેઓને અહિંસા, સંયમ આદિ ધર્મનો અનુરાગ છે, તેઓએ પોતાના તેમજ પરના શુદ્ધ આત્મ સ્વરૂપનું શ્રી જિનવચનને અનુસરીને યથાર્થ જ્ઞાન મેળવવું જોઈએ અને એ જ્ઞાન દ્વારા પોતાના જ્ઞાન તથા શ્રદ્ધામાં ક્રાન્તિ લાવવી જોઈએ.

સંસારી જીવોને અનાદિ કાળથી પોતાના દેહ, ઇન્દ્રિયો આદિ પ્રત્યે આત્મપણાની ભ્રાંતિ છે, અને તેથી દેહ, ઈન્દ્રિયો આદિના જ સુખમાં પોતાને સુખી અને દુઃખમાં પોતાને દુઃખી માની રહ્યા છે.

પોતાની આ ભ્રાંતિને દૂર કરવા જેઓ તૈયાર નથી અને કેવળ દેહ વિલાસી અને ઈન્દ્રિય પરસ્ત જીવન જ પસાર કરવા માગે છે. તેઓથી જૈન ધર્મની આરાધના અંશે પણ થવી શક્ય નથી.

દેહ, ઈન્દ્રિયો તેના વિષયો અને સાધનો–એટલા પૂરતું જ જેઓનું જીવન છે. જીવન ધ્યેય છે અને પોતાને તથા બીજાઓને તે બાહ્ય સુખનાં સાધનો મેળવી આપવાના પુરૂષાર્થમાં જ કૃત કૃત્યતા માને છે, તેઓથી શ્રી વીતરાગ પરમાત્માના નિર્ગ્રન્થ મુનિઓની કે તેઓશ્રીએ પ્રકાશેલા ધર્મની સાચી પિછાન, આ જીંદગીમાં કે હવે પછીની અસંખ્ય જીંદગીઓમાં પણ થવી અતિ મુશ્કેલ છે.

જેઓ સાચા જૈન બનતા ઈચ્છે છે, તેમણે બીજી વસ્તુઓમાં ક્રાન્તિ કરવાની વાતો કે જે તેમના કાબુ બહારની છે, તેને એક વખત બાજુએ રાખી, જે વસ્તુ પોતાને સ્વાધીન છે, એ પોતાના સ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાનમાં ક્રાન્તિ આણવાની જરૂર છે. શ્રદ્ધા અને જ્ઞાનનો એ પલટો થતાંની સાથે અહિંસા, સંયમ, સત્ય, ક્ષમા આદિ ધર્મો તેનામાં સહજ રીતે આવવા લાગશે અને એ ધર્મોના પાલનથી થતા ઉચ્ચ કોટિના લાભો અનુભવવા મળશે.

સાચા જૈન બનવાની ઈચ્છા ધરાવનારે ઓછામાં ઓછું આટલું તો કરવું જ જોઈએ.

(૧) પોતાના દેવ–ગુરૂ–ધર્મનું યથાર્થ સ્વરૂપ ઓળખવું જોઈએ.

(૨) જિનોક્ત શાસ્ત્રોમાં કહેલા જીવ, અજીવ આદિ નવ તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ સમજવું જોઈએ.

(૩) દેહ, ઇન્દ્રિયો તેના વિષયો અને તેના સાધનો આદિ જડ પદાર્થોથી પોતાનું સ્વરૂપ ભિન્ન છે. તેની વારંવાર પ્રતીતિ કેળવવી જોઈએ.

(૪) આત્મામાં ગુપ્તપણે રહેલી અનંતી શક્તિઓ અને સમૃદ્ધિઓને નિરંતર વિચારવી જોઈએ તથા જેઓને તે પ્રગટ થયેલી છે અને જેઓ તેને પ્રગટ કરવા સતત ઉદ્યમશીલ છે, તેઓને આદરથી નિરંતર પૂજવા જોઈએ.

(૫) જીવન શુદ્ધિ માટે ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય અને ગમ્યાગમ્ય સંબંધી ઉત્તમ કુળની પરંપરાથી મળેલા શ્રેષ્ઠ નિયમોનું ચીવટપૂર્વક પાલન કરવું જોઈએ.

(૬) અનંત ઉપકારી શ્રી જિનેશ્વર પરમાત્માના અનંત ઉપકારોને વાંચવા, સાંભળવા, સંભારવાની ઉત્તમ રૂચિ દિન–પ્રતિદિન દૃઢ કરવી જોઇએ.

સાચા ધર્મી બનવાની ઇચ્છાવાળાએ આટલું તો કરવું જોઇએ.

□

જ્ઞાન રહસ્ય !!!....

૨

(૧) જ્ઞાન ગુરૂકૃપાથી

(૨) શ્રદ્ધા અને જ્ઞાન

(૩) જ્ઞાન અને ક્રિયા

(૪) જ્ઞાન સાધના

(૫) જ્ઞાનનું પરાવર્તન (સ્વાધ્યાય)

૧ જ્ઞાન ગુરુકૃપાથી

ખરૂં જ્ઞાન વૈખરી વાણીના અનેક વર્ણોના સંબંધ થવાથી થતું નથી. પણ ગુરૂના વિશુદ્ધ વિચારના પ્રવાહનો શિષ્યના માનસિક દ્રવ્ય સાથે સંબંધ થવાથી ખરૂં જ્ઞાન સ્પર્શે છે જ્યારે ગુરૂ સાથે મનની એકતા થાય ત્યારે, શિષ્ય હજારો કે લાખો ગાઉ દૂર હોય તો પણ ગુરૂના અનુભવ જ્ઞાનનો પ્રકાશ. શિષ્યના અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે.

ગુરૂએ જ્ઞાન આપવા માટે હંમેશાં વાણીનો ઉપયોગ કરવો જ પડે, એવો એકાંત નિયમ નથી, જ્ઞાનની ઉચ્ચ ભૂમિકામાં વિચરતા જ્ઞાની પુરૂષના અંતઃકરણમાંથી વિચાર–જ્ઞાનની સૂક્ષ્મ ધારાનો પ્રવાહ, અધિકારી શિષ્યની હૃદયભૂમિ પર પડે છે, ત્યારે તેમાં નૂતન બોધરૂપ જ્ઞાનની વાડી ઉગી નીકળે છે.

આ માટે જ્ઞાનની જિજ્ઞાસાવાળા શિષ્યે ગુરૂના અને પોતાના મનનો સંબંધ થવા માટે પોતાના મનને યોગ્ય

અધિકારવાળું કરવાની આવશ્યકતા રહે છે. શિષ્યના મનની આવી યોગ્યતા, ગુરૂમાં ઈષ્ટ બુદ્ધિ ધારણ કરવાથી સિદ્ધ થાય છે. તેનું કારણ એ છે કે શિષ્યનું મન તુચ્છ ગણાતા વિષયોમાં ભ્રમણા કરતું હોય છે, તેથી તે નિકૃષ્ટ પ્રકારનું હોય છે. આવા અશુદ્ધ મનનો, ગુરૂના વિશુદ્ધ મન સાથે યથાર્થ સંબંધ થઈ શકતો નથી, તેથી શિષ્યનું કર્તવ્ય છે કે પોતાના મનને ઉચ્ચ વિષયમાં રમમાણ કરીને ઉચ્ચતાવાળું બનાવવું.

ગુરૂમાં ઈષ્ટ બુદ્ધિ ધારણ કરીને, શિષ્ય જ્યારે પોતાના *મનને પુનઃ પુનઃ ગુરૂની* અભિમુખ કરવાનો પ્રયત્ન શ્રદ્ધાપૂર્વક કરે છે, ત્યારે શિષ્યનું મન, અશુદ્ધિ ત્યજીને વિશુદ્ધિ ધારણ કરતું થાય છે. અને તેમ થતાં ગુરૂના ઉચ્ચ મનનો સંબંધ થવાથી યોગ્યતાવાળું બને છે.

કહ્યું છે કે જેને દેવતત્ત્વ ઉપર ઉત્કૃષ્ટ ભક્તિ છે, અને તેવી જ ગુરૂ તત્ત્વ ઉપર પણ છે, તે મહાત્માને શાસ્ત્રોમાંના અર્થો પ્રત્યક્ષ થાય છે. જ્યાં આવી બુદ્ધિ નથી હોતી. ત્યાં જ્ઞાનનો કે ઉપદેશનો છેડો બહુ બહુ તો શબ્દજ્ઞાન કે વાચિકજ્ઞાનમાં આવે છે. કિંતુ અનુભવજ્ઞાનરૂપે અંતરમાં પરિણામ પામવારૂપે નથી આવતો.

ઉપદેશનું પરિણામ અનુભવ જ્ઞાનમાં આવે એ અર્થે ઉપદેશદાતા ગુરૂ પ્રત્યે શિષ્યે બહુમાનવાળી ઉચ્ચ બુદ્ધિ રાખવી જોઈએ.

ઉપદેશ કે શિક્ષણનો હેતુ કેવળ બાવન અક્ષરોની રચનાવાળું શબ્દજ્ઞાન આપવાનો નથી, પણ જીવન અત્યંત વિશુદ્ધ, ઉદાત્ત અને શક્તિવાળું બનાવવાનો છે.

આ હેતુ જીવનગ્રંથોમાં વર્ણવેલી અને ઉપદેશમાં કહેલી વિગતો પોપટપાઠની જેમ બોલી જવા માત્રથી કે તેનો શબ્દાર્થ માત્ર જાણી લેવાથી સિદ્ધ થતો નથી, પરંતુ સુગુરૂના વિશુદ્ધ મનનો સંબંધ, શિષ્યના મન સાથે થાય છે ત્યારે સિદ્ધ થાય છે.

આત્માનુભવનો ઉપાય

આત્મસ્વરૂપ કેવળ અનુભવગમ્ય છે. તે અનુભવ મન, વાણી અને દેહથી અલગ થયા સિવાય, યથાર્થ વિરક્તિ સિવાય થતો નથી.

અનુભવ દ્વાર ખોલવા માટે સાચા પ્રેમથી ભરેલો એકજ 'સાદ' બસ છે.

મન, વાણી અને દેહથી અલગ થઈને, પર બીજાને સમગ્ર સાચા પ્રેમથી જો એ સાદ કરવામાં આવે તો આજે જ આ ક્ષણે જ હૃદયના ઊંડાણમાં તે અનુભવ થવો શક્ય છે.

મનુષ્ય પોતાનો સઘળો પ્રેમ આજે આત્મસ્વરૂપ સિવાય બીજે બધે પાથરી બેઠો છે. કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગને વશ થઈ, પોતાને છોડી પરમાં પોતાનો બધો પ્રેમ વિખેરી બેઠો છે.

જો સર્વત્ર વિખરાએલા આ પ્રેમને એકત્ર કરી લેવામાં આવે અને તરવા માટે પાણીની જેમ તેને એક સ્થાને કેન્દ્રિત કરી લેવામાં આવે, તો સ્વ-સ્વરૂપનો અનુભવ આજે પણ થવો શક્ય છે.

આત્મ સ્વરૂપ પ્રત્યેના પ્રેમ વિનાનું શાસ્ત્રીયજ્ઞાન પણ ઘણીવાર શુષ્ક અને નિરસ લાગે છે.

વિખરાએલાં તંતુગણ એકત્રિત થઈ પરિપુસ્ટ રજ્જુ-પણે પરિણામ પામે છે અને પછી અતિ બળવાન હાથીને પણ વશ કરી દે છે, તેમ જો કામરાગ. સ્નેહરાગ અને દૃષ્ટિરાગરૂપે વિખરાએલા પ્રેમના તંતુગણને એકત્ર કરવામાં આવે અને મજબૂત પાશરૂપ બનાવવામાં આવે તો, તે પાશ વડે અતિ તરલતર એવા મન-માતંગને પણ વશ કરી શકાય. વશ થયેલા તે મનરૂપી માતંગ પર આરૂઢ થઈને પછી આત્માનુભવ સુધી સુખપૂર્વક પહોંચી શકાય.

પ્રેમ એ વિશ્વનું મહા વશીકરણ તત્ત્વ છે. સાચા પ્રેમપૂર્વકના પોકારથી અનુભવનાં દ્વાર ઉઘડી જાય છે અને સમગ્ર તત્ત્વજ્ઞાનના નિષ્કર્ષરૂપ સ્વરૂપનિવાસ ભવનમાં પ્રવેશી શકાય છે.

આ પ્રેમને માતા કાજે રડતા બાળકના દાખલાથી કંઈક અંશે સમજી શકાશે. અલ્પનો પૂર્ણ માટેનો પોકાર, પૂર્ણ સ્વરૂપ પ્રત્યેના ભાવ અનુસાર તીવ્રતા ધારણ કરતાં હોય છે અને તીવ્રતાની માત્રા અનુસાર કર્મો કપાતાં રહે

છે. અલ્પના ઘરમાં પરમના પ્રેમનો પ્રકાશ પથરાવા માંડે છે. તે પછી જે નિરૂપાધિક સુખનો અનુભવ થાય છે, તેનું વર્ણન શબ્દાતીત છે.

ઇન્દ્રિયગ્રાહ્ય, સુખાભાસરૂપ દામ્પત્યનું સુખ પણ જો અવર્ણનીય મનાતું હોય, તો ઇન્દ્રિયાતીત આત્મિક સુખના અનુભવને વાણીથી, કલમ દ્વારા કોણ વર્ણવી શકે ? અર્થાત્ કોઈ નહિ.

સાકર ખાનારનું મોં મીઠું થાય છે તે અનુભવ સિદ્ધ હકીકતની જેમ, આત્માથી આત્માને આત્મામાં અનુભવવાથી ચિત્ત એવું તો મીઠું થાય છે કે તેનું કદી વર્ણન ન થઈ શકે. આ મીઠાશ એ જ આત્માનો વિશુદ્ધ સ્નેહ–પરિણામ છે જે સમગ્ર આત્મપ્રદેશોમાં પરિણમીને આરાધકને અખૂટ–અખંડ–અનિર્વચનીય સુખનો સહજ આનંદ બક્ષે છે. માટે જ આત્માને 'આનંદઘન' કહ્યો છે. અને તેની પરમ વિશુદ્ધિની આરાધના ઉપર સઘળો ભાર અનંત જ્ઞાનીએ મૂક્યો છે.

૨ શ્રદ્ધા અને જ્ઞાન

માનવજાતિ એ સર્વ જાતિઓમાં પ્રધાન જાતિ છે. કારણ કે સૌથી અધિક બુદ્ધિમાન પ્રાણીઓના સમુદાયથી બનેલી જાતિ છે. તાત્પર્ય કે માનવજાતિ એટલે બુદ્ધિમાન પ્રાણીઓનો સમુદાય.

માનવ સમુદાયમાં પણ કાળભેદે બુદ્ધિના તારણ-માત્રથી અનેક પ્રકારના ભેદ પડી જાય છે. તો પણ ગમે તેવા કાળે બીજા પ્રાણીઓની બુદ્ધિ કરતાં માનવજાતિની બુદ્ધિ અધિક જ રહેવાની છે, તેમાં સંશય નથી.

માનવ સમુદાય એ બુદ્ધિપ્રધાન વર્ગ છે, એનો અર્થ એ છે કે બુદ્ધિ એ મનુષ્યોનું સત્ત્વ છે. જેમ શરીરનું સત્ત્વ એ શુક્ર છે અને શરીરની શોભા એ મુખ છે, તેમ માનવને માનવ તરીકે ટકાવનાર કે શોભાવનાર એક માત્ર બુદ્ધિ છે.

બુદ્ધિ એ આંતરિક વસ્તુ છે, તેનું કારણ તે બાહ્ય ઇન્દ્રિયોથી અગોચર છે. જે વસ્તુ બાહ્ય ઇન્દ્રિયોને ગોચર

ન થઈ શકતી હોય તે વસ્તુ ન જ હોય, એવો નિશ્ચય કરી શકાય તેવો નથી.

આકાશ વગેરે કે પરમાણુ આદિ પદાર્થો બાહ્ય ઈન્દ્રિયોથી અગોચર હોવા છતાં તેની સત્તા દરેકને સ્વીકારવી જ પડે છે, તેમ બુદ્ધિ–જ્ઞાન આદિ આંતરિક વસ્તુ ઈન્દ્રિય પ્રત્યક્ષ ન થઈ શકતી હોય તો પણ સ્વ–સંવેદન (પ્રત્યક્ષ) થી પ્રત્યેકને તેની સત્તા સ્વીકાર્યા સિવાય ચાલે તેમ છે જ નહિ.

જેઓ બહિરિન્દ્રિય ગોચર પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા અનુભવાતા બાહ્ય પદાર્થોની સત્તા સ્વીકારવા તૈયાર છે, તેઓ એ પદાર્થોનો અનુભવ કરાવનારા જ્ઞાનની જ સત્તા સ્વીકારવાની ના પાડે તો તેઓનું એ વર્તન, પુત્રનો સ્વીકાર કર્યા બાદ માતાનો જ અસ્વીકાર કરવા જેવું હાસ્યાપદ ઠરે છે.

માટે જો બાહ્ય પદાર્થોની સત્તા નિશ્ચિત થાય છે, તો તેનો નિશ્ચય કરાવનાર જ્ઞાનાદિ આંતરિક પદાર્થોની સત્તા સ્વીકાર્યા સિવાય છૂટકો જ નથી.

બાહ્ય ઈન્દ્રિયોથી અગોચર બુદ્ધિ પણ સ્વ–સંવેદન ગોચર હોવાથી પોતાની હયાતિ પુરવાર કરે છે અને બુદ્ધિ જ જો માનવ સમુદાયનું સર્વસ્વ છે, તો તેને હણાઈ જતાં, નાશ પામતા કે વિપરીત માર્ગે તણાઈ જતાં બચાવી લેવી એ મુખ્ય ફરજ થઈ પડે છે.

આ ફરજ પાળવાથી માનવ સમાજની સેવા થઈ શકે છે.

બુદ્ધિને હણાઈ જતી અટકાવવી તેમજ સુવિકસિત કરવી એ જ એક માનવ સમાજની સેવા કરવાનું લક્ષ્ય હોવું જોઈએ. એ લક્ષ્યને સ્થિર કર્યા સિવાય સેવા માટે કરવામાં આવેલો સઘળો પ્રયત્ન કાં તો નિષ્ફળ નીવડે છે, કાં તો કુસેવામાં પરિણમે છે.

સેવાનો પ્રયત્ન નિષ્ફળ ન નીવડે કે કુસેવામાં ન પરિણમે એ ખાતર માનવ સમુદાયની બુદ્ધિને નુકશાન કરનારા તત્ત્વોનું જ્ઞાન સૌથી પ્રથમ મેળવી લેવું જોઈએ.

બુદ્ધિ એ આત્માનો ગુણ છે. આત્માના સર્વ ગુણોમાં તે ગુણ પ્રધાન છે. જેમ બીજી પ્રધાન વસ્તુઓ માટે બને છે. તેમ આત્માના પ્રધાન જ્ઞાન ગુણને પણ હાનિ પહોંચાડનાર તત્ત્વો આ જગતમાં અસ્તિત્વ ધરાવે છે. એ સર્વ તત્ત્વોમાં પ્રધાન હાનિકારક તત્ત્વ વિપરીત શ્રદ્ધા છે.

વસ્તુ જેમ અમૂલ્ય, તેમ તેની રક્ષા કરવી પણ મુશ્કેલ. અમૂલ્ય વસ્તુને લૂંટાઈ જતી બચાવવા માટે જો પૂરેપૂરી સાવધાની ન રાખવામાં આવે તો તે વસ્તુ સચવાઈ રહેવી મુશ્કેલ છે. તેમ જ્ઞાન તથા બુદ્ધિ જેવી અમૂલ્ય આત્મવસ્તુને લૂંટાઈ જતી અટકાવવા માટે આત્માએ અત્યંત સાવધાન બનવાની આવશ્યકતા રહે છે.

વિપરીત શ્રદ્ધા—એ આત્માના જ્ઞાન ગુણને હણી નાખે છે અને સમ્યગ્ શ્રદ્ધા એ સુવિકસિત કરે છે, એ એક સિદ્ધાન્ત છે.

જો કે જ્ઞાન અને શ્રદ્ધા એ બંને આત્માના ગુણો હોવાથી એ બંનેને એકમેકથી જુદા પાડી સમજવાં તે જરા અઘરું કામ છે. તો પણ જેઓએ પોતાના જ્ઞાન ગુણને સુરક્ષિત અને નવ પલ્લવિત બનાવવો હશે, તેઓએ બંનેનો ભેદ સમજ્યા સિવાય ચાલે તેમ નથી.

જ્ઞાનની હિમાયત કરનાર આત્મા જ્યારે શ્રદ્ધાની વાત તરફ બેદરકાર બને છે, ત્યારે તેની તે હિમાયત કેટલી પોકળ છે તે આપોઆપ જણાઈ આવે છે.

જ્ઞાનને સમ્યગ્ બનાવનાર શ્રદ્ધા છે અને શ્રદ્ધાને સમ્યગ્ બનાવનાર જ્ઞાન છે. સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ શ્રદ્ધાની ઉત્પત્તિ પણ સાથે જ થાય છે ત્યારે સમ્યગ્ જ્ઞાનનો જેને ખપ છે, તેને સમ્યગ્ શ્રદ્ધા પ્રત્યે બેદરકારી બતાવવી ન પાલવે.

જ્ઞાનનું મૂળ શ્રદ્ધા, શ્રદ્ધાનું મૂળ જ્ઞાન હોય તો બંનેની એકી સાથે ઉત્પત્તિ થવી તે શી રીતે માની શકાય? એ પ્રશ્ન થવો સંભવિત છે.

તેનું સમાધાન એ છે કે એક કાળે ઉત્પન્ન થનાર વસ્તુમાં કાર્ય–કારણભાવ કદી જોયો નથી. તો એક જ કાળે ઉત્પન્ન થનાર સમ્યગ્ જ્ઞાન અને શ્રદ્ધા વચ્ચે કાર્ય-કારણભાવનો પ્રશ્ન શી રીતે ઉપસ્થિત થાય? ન જ થાય. પણ આ પ્રશ્ન અધૂરી સમજથી ઉત્પન્ન થયેલો છે.

જ્ઞાન અને શ્રદ્ધાની ઉત્પત્તિ એક કાળે પણ છે. અને તે બે વચ્ચે કાર્ય–કારણભાવ પણ રહેલો છે. એનું તાત્પર્ય

એ છે કે શ્રદ્ધાની ઉત્પત્તિમાં જે જ્ઞાન કારણ છે, તે જ્ઞાન પોતાનું નહિ પણ પરનું સમ્યગ્ જ્ઞાન, જ્ઞાનમાં રહેલી વિપરીતતાને ટાળનારૂં થાય છે. અને જ્ઞાનની વિપરીતતા ટળે એની સાથે જ શ્રદ્ધા ગુણ ઉત્પન્ન થતો હોવાથી શ્રદ્ધાનું મૂળ જ્ઞાન છે, એ કથન અક્ષરશઃ સાચું છે.

નિસર્ગ–સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ વખતે પણ બાહ્ય આલંબનો કે પરાધિગમ નહિ હોવા છતાં દર્શન મોહનીય આદિ પ્રકૃતિઓના આંતરિક ક્ષયોપશમથી પૂર્વનું જ્ઞાન એ જ શ્રદ્ધારૂપે પરિણમે છે. તેથી ત્યાં પણ શ્રદ્ધાનું મૂળ જ્ઞાન કહેવામાં કોઇ જાતની હરકત નથી.

શ્રદ્ધાનું મૂળ જેમ જ્ઞાન છે, તેમ જ્ઞાનનું મૂળ શ્રદ્ધા છે એ વાત પણ તેટલી જ સાચી છે. આમ તો કોઈ પણ આત્મા, કોઈ પણ ક્ષણે જ્ઞાન રહિત હોતો નથી. પરંતુ શ્રદ્ધા ગુણના પ્રાદુર્ભાવ પહેલાનું તે જ્ઞાન એ જ્ઞાન, અજ્ઞાનરૂપ અર્થાત્ વિપરીત જ્ઞાન ગણાય છે, યથાર્થ જ્ઞાન કે સમ્યગ્ જ્ઞાનની ઉત્પત્તિ સમ્યગ્ શ્રદ્ધાનં પછી જ થાય છે. એ અપેક્ષાએ સમ્યગ્ જ્ઞાનનું મૂળ શ્રદ્ધા છે એ કથન બરાબર છે.

સમ્યગ્ જ્ઞાન અને શ્રદ્ધા ઉભયની ઉત્પત્તિ એક કાળે હોવા છતાં એ બંનેના કારણો જુદા જુદા પડી જતાં હોવાથી નયવાદની દૃષ્ટિએ જ્ઞાનનું મૂળ શ્રદ્ધા અને શ્રદ્ધાનું મૂળ જ્ઞાન કહેવામાં કોઈ બાધ નથી.

જ્ઞાનનું મૂળ જે શ્રદ્ધા છે, તે સમ્યગ્ જ્ઞાનનું મૂળ છે. નહિ કે વિપરીત કે અયથાર્થજ્ઞાનનું મૂળ.

એજ રીતે શ્રદ્ધાનું મૂળ જે જ્ઞાન છે, તે પરનું સમ્યગ્ જ્ઞાન, નહિ કે સ્વનું. અને સ્વનું માનીએ તો પણ, તે સમ્યગ્ જ્ઞાન પહેલાનું મંદ મિથ્યાત્વવાળું અયથાર્થ જ્ઞાન પણ સમ્યગ્ જ્ઞાનનું કારણ બની શકે છે. તેમાં હેતુ કોઈ પણ હોય, તો તે મિથ્યાત્વની મંદ દશામાં વર્તતો આગ્રહનો અભાવ છે.

મતલબ કે નિરાગ્રહી અને મધ્યસ્થ દૃષ્ટિ આત્મા, મિથ્યાત્વવાળી દશામાં પણ સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિનો અધિકારી બની શકે છે.

અથવા નિશ્ચય નયની દૃષ્ટિએ જ્ઞાન અને શ્રદ્ધા ઉભયની ઉત્પત્તિ એક જ કાળે થાય છે, તેથી તે બેમાં કાર્ય–કારણભાવ નથી, એમ માનવામાં પણ કોઈ હરકત નથી.

જ્ઞાન અને શ્રદ્ધાનો પરસ્પરનો કાર્ય–કારણભાવ માનવામાં આવે છે, તે કેવળ વ્યવહાર નયની દૃષ્ટિથી અને માર્ગની પ્રાપ્તિ, ટકાવ, વૃદ્ધિ માટેના સાધનોમાં એ પણ મુખ્ય એક સાધન હોવાથી માનવામાં આવે છે. આમ વ્યવહાર દૃષ્ટિને પણ મુખ્ય માન્યા સિવાય ચાલી શકે તેમ નથી.

આ રીતે જોતાં–વિચારતાં શ્રદ્ધા એજ જ્ઞાનનો એક પરમ ઉપાય હોવાથી, એ શ્રદ્ધા વિપરીત ન બની જાય,

કિન્તુ સમ્યક્ બની રહે, તે માટે જેટલો પ્રયત્ન કરવામાં આવે તેટલો ઓછો છે.

જ્ઞાનને સુધારનાર જેમ શ્રદ્ધા છે. તેમ બગાડનાર પણ શ્રદ્ધા છે. માત્ર જ્ઞાનથી ફૂલાઈ જવાનું નથી. વિશાળમાં વિશાળ જ્ઞાન પણ વિપરીત શ્રદ્ધાથી યુક્ત હોય, તો તે જ્ઞાન તારનારૂં થઈ શકતું નથી, પરંતુ ડૂબાડનારૂં જ થાય છે.

ઝેરનો એક કણ જેમ દૂધથી ભરેલા વાસણને ઝેર સ્વરૂપ બનાવી દે છે, તેમ વિપરીત શ્રદ્ધાથી યુક્ત આત્માને સેંકડો ગ્રન્થોનું અધ્યયન પણ ઝેર સ્વરૂપ બની જાય છે.

તલવાર એ શત્રુનો ઘાત કરનારી હોવા છતાં તેનો ઉપયોગ નહિ કરી શકનાર બાળકના કે ઉન્મત્ત માણસના હાથમાં મૂકાય, તો તે તેનો પોતાનો જ ઘાત કરનારી થાય છે. તેમ જ્ઞાન એ ઉત્તમ અને તારક હોવા છતાં જો તે વિપરીત શ્રદ્ધાથી ઓતપ્રોત થયેલું હોય તો તે તેના માલિકને ઉત્તમ બનાવવાના બદલે અધમ જ બનાવે છે. અથવા ઊંચે ચઢાવવાના બદલે નીચે જ પાડે છે. એટલે ઉન્નતિનું પગથિયું એ જ્ઞાન નથી, પણ સાચી યથાર્થ શ્રદ્ધા છે, એ વાત વધારે દૃઢ થાય છે.

જ્ઞાનના મદમાં આવી જઈ જેઓએ પોતાની શ્રદ્ધાને સુધારવાનો પ્રયત્ન છોડી દીધો, તેઓ જ્ઞાની તો બન્યા, પણ પોતાની સ્થિતિ કે ગતિને સુધારી શક્યા નહિ.

આત્માની ગતિ અને સ્થિતિ ઉભયને સુધારવા માટે એકલું જ્ઞાન કદી ફળદાયક થઇ શકતું નથી. પણ યથાર્થ શ્રદ્ધા યુક્ત જ્ઞાન જ કાર્યસાધક બને છે.

શ્રદ્ધાની પ્રાપ્તિ સૌથી દુષ્કર છે. જ્ઞાનની પ્રાપ્તિ દુન્યવી લોભથી પણ થઈ શકે છે. જ્યારે દુન્યવી લોભ, સમ્યક્ શ્રદ્ધાની પ્રાપ્તિમાં કામ આવી શકતો નથી. ઉલટો અંતરાયરૂપ થઇ પડે છે. સાડા નવ પૂર્વના જ્ઞાની પણ અશ્રદ્ધાળુ રહી ગયા અને અલ્પ જ્ઞાનને ધરનારા પણ શ્રદ્ધાળુ આત્માઓ ભવાંતને સાધી ગયા.

શ્રદ્ધાની પ્રાપ્તિ દુષ્કર એટલા માટે છે કે અમુક અંશે પણ દુન્યવી સ્વાર્થથી નિઃસ્પૃહ બન્યા સિવાય તે પ્રાપ્ત થઇ શકતી નથી. જ્યારે જ્ઞાનની પ્રાપ્તિ સર્વ પ્રકારના દુન્યવી સ્વાર્થથી ભરેલા આત્માઓમાં પણ દુન્યવી દૃષ્ટિએ ઊંચામાં ઊંચી લાગે તેવી પણ થઇ શકે છે.

આ કારણે ઉત્તમ અગર અધમ મનુષ્યની સાચી પરીક્ષા તેનામાં કેટલું જ્ઞાન છે એની તપાસ દ્વારા થઇ શકતી નથી. પરંતુ તે કેવી જાતની શ્રદ્ધા ધરાવે છે અર્થાત્ તેની શ્રદ્ધા વિશ્વાસ–રુચિ કયા પદાર્થો ઉપર છે. એની પરીક્ષા દ્વારા જ થઈ શકે છે.

ઊંચી કોટિનું જ્ઞાન ધરાવનાર આત્મા પણ જો અધમ પ્રકારની રુચિવાળો હોય તો તે દુનિયામાં પણ ઉત્તમ ગણાતો નથી. મનુષ્યના મનુષ્યત્વની પરીક્ષા તેની રુચિ ઉપર છે, પણ માત્ર જ્ઞાન ઉપર નથી.

ધનની રુચિવાળો જ્ઞાની પણ પાપી બને છે. અને ધર્મની રુચિવાળો અજ્ઞાની પણ નિષ્પાપ જીવન ગાળી શકે છે. જીવનમાં પાપી બનવું કે નિષ્પાપ બનવું તેનો મુખ્ય આધાર જ્ઞાન નથી, પણ રુચિ છે. એ રુચિને સુધારનારું જ્ઞાન તારક છે અને બગાડનારું જ્ઞાન મારક છે.

જગતના જીવોની રૂચિના મુખ્ય બે વિભાગ પડે છે, એક વૈષયિક સુખની રૂચિવાળો અને બીજો આત્મિક સુખની રૂચિવાળો વર્ગ છે.

વૈષયિક સુખની રૂચિવાળો વર્ગ મોટો છે. જ્યારે આત્મિક સુખની રૂચિવાળો વર્ગ પ્રમાણમાં અતિ અલ્પ છે.

વિષય સુખની રૂચિવાળા આત્માઓને ધન જેટલું ગમે છે, તેટલો ધર્મ ગમતો નથી. અને ધનવાન જેટલા ગમે છે, તેટલા ધર્મવાન ગમતા નથી. એને ધનવાનની પ્રવૃત્તિઓ જેટલી ગમે છે, તેટલી ધર્મીઓની પ્રવૃત્તિઓ ગમતી નથી.

આત્મિક સુખની અભિલાષાવાળા આત્માઓને ધન તુચ્છ લાગે છે અને ધર્મ અતિશય મૂલ્યવાન લાગે છે. ધનની પાછળ પડનારા આત્માઓ તેને વ્યર્થ જીવન ગાળનારા લાગે છે. જ્યારે ધર્મની પાછળ પડનારા આત્માઓ જીવનને સાર્થક કરનારા લાગે છે.

રૂચિનું આ અંતર, આંતરિક ક્ષયોપશમથી થનારૂં હોવા છતાં એ પ્રકારનો આંતરિક ક્ષયોપસમ પેદા કરવા માટે બાહ્ય સાધનો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે અધમ

રુચિવાળા આત્માઓ પોતાની તે રુચિનો આગ્રહ છોડી નહિ શકતા હોવાથી ઉત્તમ રુચિવાળા આત્માઓ પ્રત્યે તેમનો વિરોધ ચાલુ હોય છે.

જ્યાં સુધી એ વિરુદ્ધ પ્રકારની રુચિ રહેવાની, ત્યાં સુધી એ વિરોધ પણ કાયમ રહેવાનો, એ વિરોધને જેઓ ટાળવા ઈચ્છતા હોય, તેમણે રુચિનો ભેદ ટાળવાની પ્રથમ આવશ્યકતા છે. રુચિનો ભેદ ટાળવામાં પણ સમ્યક્ શ્રદ્ધા પાયાનો ભાગ ભજવે છે. જ્યારે શ્રદ્ધા રહિત જ્ઞાન તેમાં અંતર વધારનારૂં નીવડે છે.

સ્વાર્થ માટે નહિ, પણ ઉત્તમ આચાર, ઉત્તમ વિચાર અને ઉત્તમ વ્યવહાર માટે પણ રુચિની ભિન્નતા અનુસાર જાતિ આદિસ્થૂલ ભેદો પણ આવશ્યક છે. એ ભેદોને નિર્મૂળ કરવાની વૃત્તિ, તેઓમાં જ જન્મે છે કે જેઓ ઈરાદાપૂર્વક અગર તો અજ્ઞાનથી ઉત્તમતા અને અધમતાનો ભેદ ટાળી નાખવા માગતા હોય છે.

સર્વ જગતને ઉત્તમ બનાવી દેવાની ભાવના એ અવશ્ય ઉત્તમ કરણી હોવા છતાં, પણ જ્યાં સુધી સકળ જગત ઉત્તમ બન્યું નથી, ત્યાં સુધી સઘળા પ્રકારના ઉત્તમ વ્યવહારોનો વિલોપ કરવા તૈયાર થવું એ મૂર્ખતા છે.

સ્વાર્થ માટે જાતિ પાતિના ભેદ નભાવી રહ્યા હોય તેવા પણ આ જગતમાં ન જ હોય એમ નહિ, પણ તેવાઓના કારણે ઉત્તમ આચાર–વિચારોની રક્ષા માટે

જરૂરી ભેદોનો પણ નાશ કરી નાંખવો, એ ચોરના પાપે શાહુકારનો નાશ કરવા જેવું ઉતાવળિયું અને અઘટિત પગલું છે.

તાત્પર્ય કે સમ્યક્ શ્રદ્ધા એ આંધળાની લાકડી કરતાંય અધિક ઉપકારક છે. બુદ્ધિને શ્રદ્ધાના પગ કહીએ તો, શ્રદ્ધા એ બુદ્ધિની આંખ છે.

એ રીતે જોતાં–વિચારતાં પણ યથાર્થ શ્રદ્ધાનુ જીવનના સર્વદેશીય ઘડતરમાં આગવું સ્થાન છે જ.

બાળક માતાને બુદ્ધિ વડે નહિ શ્રદ્ધા વડે સમર્પિત થાય છે. તે રીતે આપણે પણ શ્રદ્ધાપૂર્વક દેવ–ગુરૂને સમર્પિત થઈને આત્મ કલ્યાણના પંથે આગળ વધીએ.

૩ જ્ઞાન અને ક્રિયા

આત્માની શુદ્ધ અવસ્થા એ મોક્ષ છે, અશુદ્ધ અવસ્થા એ સંસાર છે.

અશુદ્ધ અવસ્થા કે શુદ્ધ અવસ્થા એ કોઈ વસ્તુની હોય છે.

જીવ એ વસ્તુ છે અને તેની બે અવસ્થા છે. એક શુદ્ધ અને બીજી અશુદ્ધ.

અશુદ્ધ અવસ્થામાં રહેલો જીવ, શુદ્ધ અવસ્થા કેવી રીતે પ્રાપ્ત કરી શકે? એનો ઉપાય બતાવવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓએ 'ज्ञान क्रियाभ्यां मोक्षः સૂત્રની રચના કરી છે.

જીવનો મોક્ષ એકલા જ્ઞાનથી કે એકલી ક્રિયાથી નથી થતો, પણ એ બેના સંયોગથી જ થાય છે. એ વાતને ઉક્ત સૂત્ર સંક્ષેપથી પણ સ્પષ્ટપણે જણાવે છે.

બીજા શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે,

ક્રિયા નિરપેક્ષ જ્ઞાન એ જ્ઞાન જ નથી અને જ્ઞાન નિરપેક્ષ ક્રિયા એ ક્રિયા જ નથી.

સાચું જ્ઞાન, ક્રિયા સહિત જ હોય છે. સાથી ક્રિયા, જ્ઞાનપૂર્વક જ થાય છે.

એ રીતે ક્રિયા અને જ્ઞાન જળ અને તેના રસની જેમ પરસ્પર મળેલાં જ હોય છે.

જળ અને તેનો રસ એ જેમ જુદા પડી શકતા નથી, તેમ સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયા પણ એક બીજાથી જુદા પાડી શકાતાં નથી.

દારિદ્રથી હણાયેલો પુરુષ, જો ચિંતામણિરત્નના સ્વરૂપને ખરેખર જાણનારો હોય, તો તેને મેળવવાના ઉપાયને છોડીને બીજી પ્રવૃત્તિ કરી શકે જ નહિ અને જો કરે, તો તે ચિંતામણિરત્નના સ્વરૂપને જાણનારો છે. એમ કહેવાય જ નહિ; તેમ અશુદ્ધ અવસ્થામાં રહેલો જીવ, અશુદ્ધ અવસ્થાના દુઃખને અને શુદ્ધ અવસ્થાના સુખને ખરેખર જાણતો હોય, તો અશુદ્ધ અવસ્થા ટાળીને શુદ્ધ અવસ્થા મેળવવાના ઉપાય કર્યા સિવાય રહી શકે જ નહિ.

એ ઉપાયનું નામ જ ક્રિયા છે.

અને શુદ્ધ તથા અશુદ્ધ અવસ્થાના સ્વરૂપનું યથાર્થ ભાન, તેનું નામ જ જ્ઞાન છે.

જેમ મોક્ષની બાબતમાં તેમ સંસારના પ્રત્યેક કાર્યની સિદ્ધિમાં પણ જ્ઞાન અને ક્રિયા પરસ્પર મળેલાં જ હોય છે.

શાસ્ત્રમાં એ માટે આંધળા અને પાંગળાનું એક પ્રસિદ્ધ દૃષ્ટાન્ત છે.

એક ગામમાં એકાએક આગ લાગવાથી ગામના બીજા બધા માણુસો તો પોતાનો જીવ બચાવવા માટે ભાગી છૂટયા. પણ એક આંધળો હતો તે આંખે દેખી નહિ શકવાથી અને એક પાંગળો હતો તે પગ નહિ હોવાથી આગનું સ્થાન છોડી શકયા નહિ અને બંને આગમા બળી ગયા. જો તેઓ પરસ્પર મળી શકયા હોત અને આંધળાએ પાંગળાની આંખની તેમજ પાંગળાએ આંધળાના પગની મદદ લીધી હોત તો બંને બચી શકયા હોત.

આ દૃષ્ટાન્તનો સાર એ છે કે ક્રિયા વગરનું જ્ઞાન પાંગળું છે અને જ્ઞાન વિનાની ક્રિયા આંધળી છે. એ બેનો પરસ્પર સંયોગ ન થાય અર્થાત્ બંને પરસ્પર સાપેક્ષ ન બને તો અવશ્ય નાશ પામે અર્થાત્ એકલા ક્રિયાવાનનો કે એકલા જ્ઞાનવાનનો આ સંસારરૂપી આગમાં નાશ થયા વિના રહે નહિ.

વસ્તુ સ્થિતિ આવી હોવા છતાં એકલા જ્ઞાનનો કે એકલી ક્રિયાનો પક્ષપાત જીવને શાથી થાય છે તેનાં પણ કારણો છે, અને તે એ છે કે, શાસ્ત્રોમાં જ્ઞાનનો મહિમા ગાતી વખતે ક્રિયાનો મહિમા નહિવત્ હોય છે અને ક્રિયાનો મહિમા ગાતી વખતે જ્ઞાનનો મહિમા પ્રધાન ગૌણ ભાવે હોય છે.

વિવેકી આ બંનેનો સુમેળ સાધીને ધર્મની આરાધનામાં આગળ ધપતા હોય છે પરંતુ ક્રિયાનું એના સ્થાને જેટલું મહત્ત્વ છે. તેટલું જ મહત્ત્વ જ્ઞાનનું એના સ્થાને છે, એ શાસ્ત્ર વચનમાં નિષ્ઠા કેળવીને આત્માની શુદ્ધ અવસ્થાના પ્રાગટ્ય કાજે સાધકે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

અશુદ્ધ જીવને અનાદિની અશુદ્ધતાના કારણે-મુખ્ય બે દોષો ઘર કરી ગયા હોય છે. એક, તે શુદ્ધ ક્રિયામાં આળસ અને અશુભ ક્રિયામાં ઉમંગભેર પ્રવૃત્તિ તથા બીજો દોષ તે આત્મ સ્વરૂપનું અજ્ઞાન અને પરસ્વરૂપમાં આત્મસ્વરૂપનો ભ્રમ.

આ બે દોષો જીવમાં એવા મૂળ નાખીને બેઠા હોય છે કે તે જ્યારે જ્ઞાનનો મહિમા સાંભળે છે ત્યારે ક્રિયામાં આળસુ બની જાય છે અને જ્યારે ક્રિયાનો મહિમા સાંભળે છે ત્યારે જ્ઞાન પ્રત્યે ઉપેક્ષાભાવવાળો બની જાય છે.

જીવની આવી અશુદ્ધ દશામાં જ્યારે તેને અયોગ્ય ઉપદેશકનો સંયોગ સાંપડે છે ત્યારે તેના આ દોષો ઘટવાને બદલે અધિક પુષ્ટ થાય છે પરિણામે તે વધુ અશુદ્ધ બને છે.

જ્યારે તેને શુદ્ધ ઉપદેશક ગુરૂ મળે અને ઉક્ત બે દોષમાંથી એક પણ દોષ પુષ્ટ ન થઈ જાય તેવી સાવધાની પૂર્વક ઉપદેશ આપે ત્યારે તે જો સચેતન હોય, તો જ્ઞાન અને ક્રિયા ઉભયની યથાર્થ આરાધના કરતો થાય.

અહીં જ્ઞાનથી આત્મ સ્વરૂપનું જ્ઞાન લેવાનું છે. અને ક્રિયાથી હિંસાદિ અશુભ ક્રિયાઓથી વિમુક્ત કરનારી ક્રિયાઓ સમજવાની છે. કારણ કે મોક્ષમાર્ગમાં આત્મ જ્ઞાન શૂન્ય જ્ઞાન, જો સમગ્ર જગતનું હોય, તો પણ તેની કોઈ કિંમત નથી. અને સાક્ષાત્ કે પરંપરાએ અહિંસાદિ ભાવોને ઉત્તેજન આપનારી ક્રિયાઓ સિવાયની ક્રિયાઓ (ધર્મ, પરલોક કે પરોપકારાદિ કોઈ પણ નામે) ચાહે તેટલા પ્રમાણમાં થાય, તો પણ તેની કોઈ કિંમત નથી.

આત્મજ્ઞાન શૂન્ય જ્ઞાન કે કેળવણીનો વિકાસ એ જેમ મોક્ષમાર્ગ નથી તેમ જ્ઞાન, વૈરાગ્ય કે અધ્યાત્મ આદિના નામે શુભ ભાવોને ઉત્તેજન આપનારી ક્રિયાઓનો નિષેધ પણ મોક્ષમાર્ગ નથી.

આત્માર્થી જીવોએ તે બંનેનું યથાર્થ સ્વરૂપ સમજીને તે બંનેમાંથી એકની પણ ઉપેક્ષા કર્યા વિના યથાશક્ય આરાધક–જીવન ગાળવા પુરુષાર્થ કરવો જોઈએ.

૪ જ્ઞાન સાધના

જ્ઞાની પુરુષોનું લક્ષણ ઓળખવું બહુ મુશ્કેલ છે.

જેવી રીતે કોણ કેટલો શાસ્ત્રજ્ઞ છે ? તે તેના શરીર, વસ્ત્ર કે આભુષણ ઉપરથી જાણી શકાતું નથી, તેવી રીતે આ જ્ઞાનીપણું ઓળખી શકાતું નથી.

જેમ પોતે ચાખેલ રસને પોતે જ સમજી શકે છે, તેમ જ્ઞાન એ સ્વસંવેદ્ય છે. જેમ કીડીઓનો માર્ગ કીડીઓ જ જાણે છે, તેમ ચતુર અને વિદ્વાન માણસ, જ્ઞાનીને બોલવા વગેરે ઉપરથી ઓળખી કાઢે છે. બાહ્ય દેખાવ તો જ્ઞાની પુરુષોની માફક બીજા લોકો પણ કહી–બતાવી શકે છે, એ આપણા અનુભવની વાત છે, પણ જ્ઞાનીમાં અંતઃકરણની શુદ્ધિ એ મુખ્ય લક્ષણ છે.

માનાપમાન, લાભ કે નુકસાન, હાર કે જીત જેના મનની સમતારૂપ સ્થિતિમાં કાંઈ ફેરફાર કરી શકતાં નથી, તે જ્ઞાનીઓમાં ઉત્તમ સમજવો.

આત્માનુભવ સંબંધી પૂછવામાં આવતાં જે તત્કાળ, સંશય રહિત ઉત્તર આપે છે, તે ઉત્તમ જ્ઞાની સમજવો, જેનામાં સંતોષ, પવિત્રતા અને મોટી આપત્તિમાં પણ ચિત્તની શાન્તિ રહે છે, તેને ઉત્તમ જ્ઞાની સમજવો.

આવા જ્ઞાની પુરુષોનાં લક્ષણો સાધકને પોતાને પણ પોતાની પરીક્ષા કરવામાં માર્ગદર્શનરૂપ છે, એમાં સંશય નથી.

સાધકે હંમેશાં આત્મ નિરીક્ષણ કરતા રહેવું જોઈએ. બીજાના દોષો શોધી કાઢવામાં માણસ જેમ તત્પર હોય છે, તેમ પોતાના દોષો શોધી કાઢવામાં કાળજી રાખે તો એને આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય છે.

જ્યારે માણસ બીજાના દોષો જોવાનું છોડી દઈને પોતાના ગુણ–દોષોનો વિચાર કરવા માંડે છે, ત્યારે તેને આત્મશુદ્ધિના બધા ઉપાયો મળી આવે છે અને તે સિદ્ધ બને છે.

આ પ્રમાણે જ્ઞાની પુરુષોના લક્ષણો પોતાની પરીક્ષા કરવા માટે પણ ઉપયોગી છે.

જ્ઞાની પુરુષોનાં લક્ષણો આવાં જ હોવા જોઈએ, એમ નિશ્ચિત કહી શકાતું નથી, કારણ કે નિઃસ્પૃહ અને સ્થિતપ્રજ્ઞ જ્ઞાની પુરુષો તો અત્યંત શુદ્ધ અંતઃકરણવાળા હોય છે, તેઓને તો સહજ રીતે જ્ઞાનસિદ્ધિ પ્રાપ્ત થયેલી હોય છે, તેઓ પૂર્વ સંસ્કારને લીધે પ્રાપ્ત લૌકિક વ્યવહાર કરતા હોય છે. એથી સાધારણ માણસની માફક લૌકિક વ્યવહારને કરતા જ્ઞાનીને કેવી રીતે ઓળખી શકાય ?

તેની પરીક્ષા તો જ્ઞાની પુરુષો પોતાના જ્ઞાન બળથી જ કરી શકે છે. જેવી રીતે રત્નની પરખ કરનાર માણુસ (ઝવેરી) રત્નને જોતાં જ તેને પારખી જાય છે, તેવી જ રીતે સાચો જ્ઞાની તેવા જ્ઞાનીને ઓળખી લે છે.

જેઓ મંદ બુદ્ધિના છે, તેમની સ્થિતિ મૂઢ જેવી હોય છે. તેઓ જાગૃત અને સુવિચાર મગ્ન બને છે ત્યારે તેમનું આચરણ સુધરે છે. પણ તેઓ સુવિચાર વિમુખ થઇ જાય છે કે તરત જ દેહદૃષ્ટિવાળા થઈ પશુની માફક દુઃખ વગેરે ભાવો અનુભવે છે.

સાચા સાધકોને તેમની સાધના અને જાગૃતિ અનુસાર ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થતી હોવાથી છેવટે તેમની વાસનાઓ બળી ગયેલા દોરાની માફક તેમને બંધનરૂપ થતી નથી.

આરંભમાં સાધકનો વ્યવહાર જોકે સ્વરૂપાનુસંધાન વગરનો હોય છે, છતાં વારંવાર તેને સ્વરૂપાનુસંધાન પ્રાપ્ત થતું હોવાથી, તેનો મધ્યકાળનો વ્યવહાર તેને બંધનરૂપ થતો નથી.

સિદ્ધ જ્ઞાની પુરુષોને તો દેહમાં આત્મભાવ હોતો જ નથી. સ્વરૂપાનુસંધાનના અતિશય અભ્યાસના પરિણામે તેનું મન લય પામી ગએલું હોય છે. તેનું અંતઃકરણ 'હું આ દેહ નહિ, પણ આત્મા છું' એવા દૃઢ નિશ્ચયમાં એકાકાર હોય છે.

૫ જ્ઞાનનું પરાવર્તન
સ્વાધ્યાય

શ્રી જિનશાસનમાં સ્વાધ્યાયને મોક્ષનું પરમ અંગ કહ્યું છે.

પ્રત્યુપ્રેક્ષણા, પ્રમાર્જના, ભિક્ષાચર્યા, વૈયાવચ્ચ આદિ સંયમના અસંખ્ય વ્યાપારોમાંથી કોઈ પણ યોગમાં વર્તતો જીવ, પ્રતિ સમય અસંખ્ય ભવનાં કર્મોને ખપાવે છે. પણ સ્વાધ્યાય યોગમાં વર્તતો જીવ સ્થિતિ અને રસ વડે કર્મોને વિશેષ કરીને ખપાવે છે.

કર્મક્ષયના મુખ્ય હેતુ બે છે. મન, વચન અને કાયાના અશુભ વ્યાપારોનો નિગ્રહ અને તે ત્રણેનું શુભ વ્યાપારોમાં પ્રવર્તન આ બંને હેતુઓ સ્વાધ્યાય યોગમાં જે રીતે સિદ્ધ થાય છે, તે રીતે પ્રાયઃ અન્ય વ્યાપારો વખતે સિદ્ધ થઈ શકતા નથી. આ વાત કેવળ આગમથી જ નહિ, પરંતુ યુક્તિ અને અનુભવથી પણ સિદ્ધ છે.

શ્રી જિનશાસનમાં સ્વાધ્યાય પાંચ પ્રકારનો કહ્યો છે. વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા.

ગુરૂ પાસે સૂત્ર અને અર્થ ગ્રહણ કરવા તે વાંચના.

સંદેહ નિવારણ માટે પૂછવું તે પૃચ્છના અસંદિગ્ધ સૂત્રાર્થની પુનઃ પુનઃ પરિવર્તના તે પરાવર્તના.

પુનઃ પુનઃ વિચારણા તે અનુપ્રેક્ષા.

અનુગ્રહ બુદ્ધિથી યોગ્યની આગળ કથન કરવું તે ધર્મકથા.

આ પાંચે પ્રકારનો સ્વાધ્યાય મન, વચન, કાયાના અશુભ વ્યાપારોનો નિરોધ કરાવી, શુભમાં એકાગ્રતાપૂર્વક પ્રવર્તન કરાવે છે. તેથી કર્મક્ષયનો અસાધારણ હેતુ બની પરંપરાએ પરમપદની પ્રાપ્તિ કરાવે છે.

શાસ્ત્રો કહે છે કે આદરપૂર્વકની સ્વાધ્યાયલીનતા એ યાવત્ સર્વજ્ઞ પદ અને તીર્થંકરપણાની પ્રાપ્તિનો પણ હેતુ બને છે.

પાંચે પ્રકારનો સ્વાધ્યાય, પદાર્થોના પરમાર્થ જણાવનારો છે અને ક્ષણે ક્ષણે સદ્‌ગતિના મૂળરૂપ પરમ વૈરાગ્યનો હેતુ બને છે.

આ સ્વાધ્યાય ઉત્કૃષ્ટપણે ચૌદ પૂર્વધરોને હોય છે. મહાપ્રાણ ધ્યાનાદિના સામર્થ્યથી અંતર્મુહૂર્તમાં તેઓ ચૌદપૂર્વ અને બારે અંગોનું પરાવર્તન કરે છે.

દસ પૂર્વધરોને દસ પૂર્વોનો સ્વાધ્યાય હોય છે. નવ પૂર્વધરોને નવ પૂર્વોનો અને એ રીતે ઘટતા ક્રમે જેને બીજું કાંઇ પણ આવડતું ન હોય, તેને પણ પંચ પરમેષ્ઠિ નમસ્કારનો સ્વાધ્યાપ હોય છે. કારણકે આ પંચ પરમેષ્ઠિ નમસ્કાર દ્વાદશાંગીનો અર્થ છે, તેથી અતિ મહાન છે.

શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર દ્વારશાંગીનો અર્થ હોવાનાં ત્રણ કારણો છે.

(૧) દ્વાદશાંગીના સ્થાને તેનો ઉપયોગ થાય છે.
(૨) પરિણામ–વિશુદ્ધિનું કારણ છે.
(૩) તેનાથી જ્ઞાન–દર્શન–ચારિત્રનું આરાધન થાય છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે- ઘરમાં આગ લાગે ત્યારે લોક જેમ કણ-કપાસાદિ અન્ય વસ્તુઓને છોડીને એકાદ મહામૂલી વસ્તુ ગ્રહણ કરે છે અથવા રણસંગ્રામને વિષે સુભટ બીજો ઉપાય ન હોય ત્યારે તલવાર, ભાલા વગેરે શસ્ત્રોને છોડીને એક અમોઘ બાણ કે 'શક્તિ' આદિ શસ્ત્રને ગ્રહણ કરે છે. તેવી રીતે મરણકાળ ઉપસ્થિત થાય ત્યારે પૂર્વધરો પણ અન્ય શ્રુત યાદ રાખવા અસમર્થ હોય ત્યારે દ્વાદશાંગીને છોડીને શ્રી અરિહંત આદિના નમસ્કારને જ યાદ કરે છે. તેથી આ નમસ્કાર દ્વાદશાંગીનો અર્થ છે તે સાબીત થાય છે,

અથવા સમગ્ર દ્વાદશાંગી પણ પરિણામ વિશુદ્ધ માટે જ ભણાય છે, તેથી તે દ્વાદશાંગીનો અર્થ છે.

આ રીતે દ્વાદશાંગીથી સાધ્ય અર્થનો સાધક હોવાથી અને મરણકાળે પણ સુખપૂર્વક સ્મરણીય હોવાથી એક અપેક્ષાએ આ નમસ્કારનું માહાત્મ્ય દ્વાદશાંગીથી પણ વધી જાય છે.

શાસ્ત્રકારોએ નામાદિ મંગળોમાં આ નમસ્કારને પ્રથમ મંગળ કહ્યો છે અને વ્યાધિ, તસ્કર, અગ્નિ, જળ આદિના સર્વ ભયોને દૂર કરનાર બતાવ્યો છે.

કહ્યું છે કે- ' આ શ્રી નવકાર દુઃખને હરે છે, સુખને કરે છે, યશને ઉત્પન્ન કરે છે ભવસમુદ્રને શોષે છે તથા લોક અને પરલોકનાં સુખોનું મૂળ છે.

માટે ઉઠતાં-બેસતાં, આવતાં-જતાં-અને જીવનની પ્રત્યેક પળે શ્રી નવકારનું સ્મરણ કરવાનું ઉપકારી મહર્ષિઓએ કહ્યું છું.

નવકાર-રહસ્ય

૩

નમસ્કાર એક ચિંતન-મનન

શ્રી નવકાર અને શ્રી સિદ્ધચક્ર

મંત્રની શક્તિ

નમસ્કાર-ચિંતામણિ

પરમેષ્ઠિ-ધ્યાન

મંત્ર જપ

૧ નમસ્કાર એક ચિંતન–મનન

જ્યાં સુધી હું કોઇનો હથિયાર–હાથો છું–એવો ખ્યાલ ન આવે, ત્યાં સુધી માનવીના દુઃખનો ભાર જરા પણ ઓછો થતો નથી.

નમસ્કાર એટલે દાસત્વ, આત્મ દાન, આત્મ–સમર્પણ, સ્વામી પ્રત્યે સેવકનો નિર્ભેળ કૃતજ્ઞભાવ, ખરો મનુષ્ય પોતાની પૂર્ણતા તેમાં જ શોધે છે.

'નમો' એ સોનાની વીંટી છે. શ્રી અરિહંતો એ હીરાના નંગ છે શ્રી અરિહંતો એ સાચા ભાવ–હીરા છે. અમૂલ્ય મૂલ્યવાન છે. તેથી ભવ્ય જીવોની અત્યંત પ્રીતિને પાત્ર છે.

શ્રી અરિહંતો ઉપર પ્રીતિ બતાવનારો, ન હોય તો પેદા કરનારો અને હોય તો વધારી આપનારો મંત્ર–તે શ્રી નવકાર મહામંત્ર છે. નમો એ પ્રીતિ વાચક પદ છે.

શ્રી નવકારમાં ચિત્ત, વિત્ત અને પાત્ર ત્રણેનો સુભગ સમન્વય છે, દુર્લભ યોગ રહેલો છે.

નમસ્કાર એ સર્વ શ્રેષ્ઠ દાન છે. એ દાનમાં પાત્ર તરીકે સર્વ શ્રેષ્ઠ શ્રી તીર્થંકર પરમાત્માઓ અને પરમેષ્ઠિ ભગવંતો છે માટે તમારો ઉપયોગ શ્રી નવકારમાં પરોવો. યોગ અને ઉપયોગ બંને શ્રી નવકારમાં લીન બને તેવું સ-રસ જીવન જીવો. મન-વચન-કાયાના યોગો શ્રી નવકારની સાથે તાદાત્મ્ય સાધે તેવો અભ્યાસ કરો.

યોગ અને ઉપયોગ

શ્રી નવકારના સ્મરણ વખતે ઉપયોગ વીર્ય અને કરણ વીર્ય બંને શુદ્ધ હોય છે. ઉપયોગ વીર્યને અશુદ્ધ બનાવનાર મોહોદય છે.

શ્રી નવકાર ગણનારને મોહોદય હોવા છતાં, તેનો નાશ કરવાનો સંકલ્પ હોવાથી, તે સંસારના કારણભૂત કર્મબંધનો હેતુ તે થતો નથી.

શ્રી નવકારને ગણનારા ૧ થી ૬ ગુણસ્થાન સુધીના જીવો હોય છે. ૧ થી ૩ સુધી તો દર્શનમોહ અને ચારિત્રમોહનો તીવ્ર ઉદય હોય છે. તેથી દૃષ્ટિ વિપરીત અને ઉપયોગ વીર્ય સર્વથા અશુદ્ધ હોય છે. છતાં શ્રી નવકારના પ્રશસ્ત આલંબનથી ક્રમશઃ યોગ અને ઉપયોગની વિશુદ્ધિ થતી જાય છે. તેથી દર્શનમોહ અને ચારિત્ર-મોહ નિર્બળ પડે છે.

ચતુર્થ ગુણસ્થાને દૃષ્ટિ નિર્મળ હોય છે. તો પણ ચારિત્ર મોહનો ઉદય છે, તેટલી આત્માની નિર્બળતા છે, તેટલા અંશે ઉપયોગ અશુદ્ધ છે, દૃષ્ટિમાં સ્થિરત્વ નથી. શ્રી નવકારના આલંબને સ્થિરત્વ સધાય છે, ચારિત્ર–મોહ નિર્બળ બને છે.

પાંચમે ગુણસ્થાને દૃષ્ટિની સ્થિરતા રૂપિયે એક આની જેટલી અને છટ્ઠે ગુણસ્થાને રૂપિયે રૂપિયો આવે છે. છતાં અનુકૂળ–પ્રતિકૂળ નિમિત્તોની હાજરીમાં ઉપયોગની સ્થિરતા ચલિત થઈ જાય છે. ઉપયોગ વીર્યની આટલી પણ અશુદ્ધિ, આત્માને અમુક સમય પર્યંત સંસારમાં રખડાવે છે.

શ્રી નવકારના આલંબથી યોગ અને ઉપયોગની સ્થિરતા અને પ્રશસ્તતા વધતી જાય છે. તેથી તેનો આશ્રય જીવને અત્યંત હિતકર છે.

દર્શન અને ચારિત્ર

યોગની શુદ્ધિ માટે 'નમો' પદ છે.

ઉપયોગની શુદ્ધિ માટે અરિહંતાદિ પદો છે.

અરિહંતાદિ પદોમાં ઉપયોગ જોડવાથી દર્શન મોહ અને ચારિત્ર–મોહ ઘટતા જાય છે.

દર્શન–મોહ ઘટવાથી દૃષ્ટિ દોષ અને પરભાવ-રમણતા ઘટે છે.

પરમાં હું પણાની બુદ્ધિ એ દૃષ્ટિ દોષ છે અને હું પણાની બુદ્ધિ ન હોવા છતાં સંસ્કારવશ પરભાવમાં રમણ કરવાની બુદ્ધિ જાગે છે, એ ચારિત્ર–મોહનો દોષ છે.

શ્રી નવકારથી અર્થાત્ શ્રી નવકારના સ્મરણ–મનનાદિથી પરભાવ રમણતારૂપ ઉપયોગ વીર્ય પલટાઈને સ્વભાવ રમણતારૂપ બને છે. આ રીતે પરંપરાએ યોગ સ્થૈર્ય અને ઉપયોગ શુદ્ધિનો જનક હોવાથી શ્રી નવકાર આદરણીય, સ્મરણીય, અનુકરણીય છે. જેમ જેમ તેનો આશરો લેવાય, તેમ–તેમ આત્માના જ્ઞાન ગુણની શુદ્ધિ, દર્શન ગુણની શુદ્ધિ, ચારિત્ર શુદ્ધિ અને વીર્ય ગુણની શુદ્ધિ થાય છે.

યુંજનકરણ મટી, જીવ ગુણકરણનો અધિકારી થાય છે, તેમાં મુખ્ય કારણ જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગના વિષયોની ઉચ્ચતા, શ્રેષ્ઠતા અને પવિત્રતા છે. ઉપયોગને સુધારનાર હોવાથી યોગ પણ સુધરે છે.

ઉપયોગ એટલે જ્ઞાન, દર્શન અને ઉપયોગ વીર્ય એટલે તેમાં વપરાતી શક્તિ. તેમાં અશુદ્ધતા એટલે દર્શન મોહ અને ચારિત્ર મોહનો સંબંધ.

શ્રી નવકાર મોહને ઘટાડનાર અને ઉપયોગને સુધારનાર હોવાથી યોગને–સકરણ વીર્યને પણ પ્રશસ્ત બનાવનાર છે.

ભાવના અને ધ્યાન

શ્રી નવકારનું જ્ઞાન ઉપયોગરૂપ છે.

શ્રી નવકારનું ધ્યાન યોગરૂપ છે.

શ્રી નવકારના અક્ષરોમાં કરણોનો સુદૃઢ વ્યાપાર હોવાથી તે ધ્યાન છે.

શ્રી નવકારના અર્થનું ચિંતન એ ભાવના છે.

ભાવના ચંચળ ચિત્તે થાય છે, ધ્યાન સ્થિર ચિત્તે થાય છે.

જ્ઞાન અને ક્રિયા

નામ નમસ્કાર અને બુદ્ધિના આકારરૂપ સ્થાપના-નમસ્કાર જ્ઞાન માટે થાય છે.

દ્રવ્ય-નમસ્કાર ભાવ માટે થાય છે. ભાવ નમસ્કારનું સાક્ષાત્ કારણ દ્રવ્ય-નમસ્કાર છે.

મન-વચન-કાયાની એકાગ્રતાથી થતો નમસ્કાર એ દ્રવ્ય-નમસ્કાર છે. દ્રવ્ય સ્વયં ભાવમાં પલોટાય છે, જ્ઞાન તેમાં સહાયક બને છે. જ્ઞાન એ ભાવ-નમસ્કારનું સહકારી કારણ છે, નિમિત્ત કારણ છે. ઉપાદાન કારણ દ્રવ્ય છે. દ્રવ્ય-ક્રિયા વિનાનું કોરૂં જ્ઞાન ભાવરૂપ બનતું નથી. જ્ઞાન વિનાની એકલી ક્રિયાપણ ભાવરૂપ બનતી નથી.

તેથી એક બાજુ શ્રી નવકારનું જ્ઞાન અને બીજી બાજુ નમસ્કારની ક્રિયા એ બે મળીને ભાવ-નમસ્કાર થાય છે. ભાવ-નમસ્કાર એટલે આત્માના શુદ્ધ પરિણામ, તે પરિણામ બોધરૂપ છે અને શ્રદ્ધારૂપ છે અને આશ્રવ નિરોધરૂપ હોવાથી કથંચિત્ ચારિત્રરૂપ પણ છે.

ભવનાશક ભક્તિ

બીજામાં રહેલા ગુણોનું દર્શન, પોતામાં લઘુતાની સાથે કૃતજ્ઞતા પણ જગાડે છે. એ ગુણો જોવાથી પોતાને પણ તે મેળવવાની પ્રેરણા થાય છે. પ્રેરણા જગાડનાર હોવાથી ઉપકાર થાય છે. ઉપકાર કરનારા પ્રત્યે કૃતજ્ઞતા ભાવ મનુષ્યને લગભગ સહજ છે.

એક પણ દોષ રહિત અને સર્વ ગુણ સહિત જીવન પરમાત્માનું છે. તેથી તેઓશ્રીનું સ્મરણ નમ્રતા અને કૃતજ્ઞતાની સાથે ભક્તિ પણ જગાડે છે. એ ભક્તિ, ભવનો નાશ કરનારી થાય છે. શ્રી નવકાર, એ ભક્તિ જગાડનાર છે, તેથી ભવનો નાશક છે. ભક્તિ એ એક પ્રકારનો શુભ ભાવ છે.

જીવ અને કર્મ

ભાવ–નમસ્કારની આરાધનાથી કષાયોનો સમૂળ ક્ષય થાય છે.

નમસ્કારનું 'નમો' પદ કર્મના બળને સૂચવે છે, અરિહંત પદ જીવના બળને સૂચવે છે.

શ્રી નવકારમાં નમ્રતા અને નિર્ભયતા ઉભય રહેલા છે. નમ્રતા માટે કર્મના સ્વરૂપનો વિચાર અને નિર્ભયતા માટે જીવના સ્વરૂપનો વિચાર આવશ્યક છે.

જ્ઞાન અને ધ્યાન

શ્રી નવકારનું ચિંતન શ્રુતજ્ઞાનરૂપ છે. શ્રુતજ્ઞાન એ પાંચે જ્ઞાનમાં સ્વ–પર પ્રકાશક હોવાથી પ્રધાન છે.

જ્ઞાન આત્માનો ગુણ છે. શ્રી નવકારના ધ્યાનથી શ્રુતજ્ઞાનના આધારરૂપ આત્માનું ધ્યાન થાય છે. ગુણ–ગુણી કથંચિત્ અભિન્ન છે. આત્મધ્યાન, આત્મજ્ઞાનનું કારણ છે. તેથી શ્રી નવકાર એ પરંપરાએ આત્મા–જ્ઞાનનો હેતુ છે.

કૃતજ્ઞતા અને નિરીહતા

શ્રી નવકાર એ કૃતજ્ઞતા અને નિરીહતાનું પ્રતીક છે. લોકમાં પણ કૃતજ્ઞ અને નિરીહજ આદરપાત્ર બને છે.

સર્વ શ્રેયસ્કર ધર્મના આદ્ય પ્રકાશક, આદ્ય પ્રસારક અને પાલક પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે કૃતજ્ઞતા ભાવ હોવો અને એના બદલામાં આજ્ઞાપાલન સિવાય બીજું કાંઈ પણ ન ઈચ્છવું–એ સાચો નમસ્કાર છે.

નમસ્કારનો બીજો પર્યાય નમવું, ઝુકવું, નમસ્કાર્યે જે કર્યું, જે કહ્યું તે પ્રત્યે આદર, તે કરવાની વૃત્તિ, તેને સૂચવનાર પદ ને નમસ્કાર.

રાગી દોષ જોતો નથી, દ્વેષી ગુણ જોતો નથી. ગુણ, દોષને પર્યાય રીતે જાણવા માટે વીતરાગ થવું જોઈએ. વીતરાગ થવા માટે વીતરાગને નમવું જોઈએ. વીતરાગ પ્રત્યે ભક્તિ કેળવવાથી જ વીતરાગ થવાય છે. રાગદ્વેષ રહિત થવાની ઈચ્છા એજ વીતરાગની ભક્તિનું એક તત્ત્વ છે.

એકાંતમાં પ્રાર્થના

શ્રી નવકાર એ ભગવદ્ ભાવમાં આત્મ વિસર્જન છે. સમુદ્રમાં નદીને મળી જવાની ક્રિયા છે. ઉપાસ્યની

અનુપમ અભિમુખતા છે. અનુકૂળતાનો સંકલ્પ છે. પ્રતિકૂળતાનું વિસર્જન છે. અસહાયતાનું પ્રદાન છે. સંરક્ષણનો વિશ્વાસ છે. આત્મ–સમર્પણ છે. આત્મરક્ષણ માટે એકાંતમાં પ્રાર્થના છે.

પ્રેમની પરમાવસ્થા

નમસ્કારનું પ્રયોજન પ્રેમ છે. પ્રેમની પૂર્વાવસ્થા, ભાવ અથવા રતિ છે. આ ભાવ મનની અવસ્થા વિશેષ છે.

વિષય–રસમાં નિમગ્ન ચિત્ત, જ્યારે ભગવદ્ અભિમુખ થાય છે, ભગવાનનું ચિંતન કરવામાં રસ લે છે, ભગવદ્ ભાવથી પ્રભાવિત થાય છે, ત્યારે તેની અંદર ભાવ ઉત્પન્ન થાય છે, એ ભાવ ચિત્તને રંજિત કરે છે, મનને કોમળ બનાવે છે. પ્રેમની આ પરમાવસ્થા છે.

૨ શ્રી નવકાર અને શ્રી સિદ્ધચક્ર

શ્રી નવકાર શ્રુતરૂપ છે. શ્રુતજ્ઞાન એ પાંચ જ્ઞાનમાં સ્વ-પર-પ્રકાશક છે, તેથી મુખ્ય મંગળ છે.

પાંચ જ્ઞાન મંગળરૂપ છે, ભાવ મંગળરૂપ છે. તેથી ભાવ-સંવર અને કર્મક્ષય થાય છે.

શ્રી નંદી સૂત્રમાં જ્ઞાનને મંગળરૂપ માન્યું છે, કારણ કે તે આત્મગુણરૂપ છે. આત્મગુણનું ધ્યાન, એ આત્માનું જ ધ્યાન છે. આત્મ ધ્યાનથી આત્મજ્ઞાન થાય છે. અને આત્મજ્ઞાન-એ કર્મક્ષય અને મોક્ષનો હેતુ બને છે.

શ્રી સિદ્ધચક્ર, એ નવપદો અને તેના પરિવારરૂપ સકળ લોકમાં રહેલ શ્રેષ્ઠ પદાર્થોનો વ્યવસ્થિત ચક્રાકાર સંગ્રહ છે. તેથી તેનું ધ્યાન શ્રી નવકારરૂપી શ્રુત વડે અસ્પષ્ટપણે ઓળખાયેલા શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતો અને તેમના મહિમાનો સ્પષ્ટપણે બોધ કરાવે છે.

શ્રુતજ્ઞાન એ પરોક્ષ પ્રમાણ છે. એટલે તેના વડે થતો બોધ અસ્પષ્ટ અને ઝાંખો હોય છે.

શ્રુતનો વિષય સામાન્ય છે. વિશેષનો બોધ, માત્ર શાબ્દિક જ્ઞાનથી નહિ, પણ વસ્તુના ધ્યાનથી થાય છે. ધ્યાન વડે શાબ્દિક બોધ સ્પષ્ટ થાય છે, સામાન્ય ધર્મનું જ્ઞાન હતું તે વધીને વિશેષ ધર્મનું ભાન કરાવે છે.

ક્રમ આ પ્રમાણે છે.

પ્રથમ મતિજ્ઞાન–ઇન્દ્રિયો અને મન વડે પછી શ્રુતજ્ઞાન કેવળ મન વડે પછી અનુભવજ્ઞાન અને તેનો ઉપાય ધ્યાન છે.

શ્રુત વડે જાણેલા પદાર્થોને અનુભવગોચર કરવા માટે ધ્યાન અનિવાર્ય બને છે. જ્ઞાનને કાર્યકારી કરવા માટે ધ્યાનની આવશ્યકતા છે.

જ્ઞાનની સામગ્રી શ્રી નવકાર પૂરી પાડે છે. ધ્યાનની સામગ્રી સિદ્ધચક્ર વડે પૂરી થાય છે.

જ્ઞાન વડે સામાન્ય બોધ થાય છે, તે જ બોધ ધ્યાન વડે વિશેષ બને છે, સ્પષ્ટ થાય છે, અપરોક્ષપણે અનુભવાય છે.

શ્રી નવકાર એ ભાવ મંગળ છે, ભાવ મંગળ એ આત્મ પરિણામરૂપ છે.

દ્રવ્ય નમસ્કાર જ્ઞાન, શબ્દ અને ક્રિયા વડે થાય છે.

ભાવ–નમસ્કાર જ્ઞાન, શબ્દ અને ક્રિયાના સમન્વય વડે અંતરાત્મામાં પ્રગટ થાય છે.

જ્ઞાન વડે નમસ્કારનો જે આકાર અંતરમાં પ્રતિભાસિત થાય છે, તે સ્થાપના નમસ્કાર છે. કેમકે જ્ઞાન એ વિષયાકાર બનીને જ્ઞેયને જણાવે છે.

શબ્દના ઉચ્ચારણરૂપ નમો એ નામ નમસ્કાર છે.

ક્રિયારૂપ નમસ્કાર—એ દ્રવ્ય-નમસ્કાર છે. દ્રવ્યથી ભાવ ઉપજે છે. નામ અને સ્થાપના અભિધાન અને આકાર વડે ભાવની સાથે સંબંધ ધરાવે છે. અભિધાન અને અભિધેય વચ્ચે વાચ્ય-વાચક સંબંધ છે. આકારને ભાવ સાથે સ્થાપ્ય-સ્થાપક સંબંધ છે.

એક સંબંધીનું જ્ઞાન, અપર સંબંધીનું સ્મારક બને છે, એ ન્યાયથી નામ અને સ્થાપના ભાવનું સ્મરણ કરાવે છે. દ્રવ્ય સ્વયં ભાવ સ્વરૂપ બને છે. દ્રવ્ય એ કારણ અવસ્થા છે, ભાવ એ કાર્ય અવસ્થા છે.

નામ અને સ્થાપના કાર્યને ચિત્રની અંદર લાવે છે. ભાવનું પ્રણિધાન કરાવે છે. પ્રણિધાન પૂર્વક થયેલી ક્રિયા, ભાવનું કારણ બને છે.

ક્રિયા એ દ્રવ્ય છે, તેમાંથી ભાવ પેદા કરવા માટે, એ ક્રિયાની પાછળ ક્રિયાકારકને ભાવનું જ્ઞાન થવું જોઈએ. એવું ચોક્કસ જ્ઞાન, નામ અને સ્થાપનાથી થાય છે.

નમસ્કાર એક પ્રકારની શરણાગતિ છે. નમસ્કાર એ સમુદ્રમાં નદીને મળી જવાની ક્રિયા છે, ભગવદ્ ભાવમાં આત્મ વિસર્જન છે.

નમસ્કારનું પ્રયોજન પ્રેમ છે. પ્રેમની પૂર્વાવસ્થાનું નામ, ભાવ અથવા રતિ છે. ભાવ મનની અવસ્થા વિશેષ છે. પરમેષ્ઠિ ભગવંતો પ્રત્યે રતિભાવ નમસ્કાર વડે કેળવાય છે.

અનાદિ કાલિન મંત્ર

જૈનોનો અનાદિકાલિન એક માત્ર મૂળ મંત્ર શ્રી નવકાર છે. ક્રોડો શ્લોકોવાળા દૃષ્ટિવાદથી જે સાધી શકાય છે, તે આ નવ પદવાળા નાના શ્રી નવકારમાં રહેલા વિશાળ અર્થના ચિંતન દ્વારા સહજ પ્રાપ્ત થઈ જાય છે. એ કારણે એને ચૌદ પૂર્વનો સાર અને સર્વ સ્મરણોમાં પ્રથમ માનેલ છે.

શ્રી નવકારના સ્મરણ, મનન, ચિંતન અને ધ્યાનથી પ્રમોદ ભાવના જાગૃત થાય છે અને તેની વૃદ્ધિ થવાથી કોઇને કોઈ ભવમાં શ્રી નવકારના કોઈ એક પદમાં સ્થાન પામવાની પાત્રતા અવશ્ય પ્રાપ્ત થાય છે.

શુભ ભાવોની સાધના અને સિદ્ધિનું કારણ હોવાથી શ્રી નમસ્કાર મંત્ર, સર્વોત્તમમંત્ર અને પ્રથમ મંગળ મનાય છે. જ્ઞાનીઓના કથન મુજબ આ મંત્ર સમૂળ પાપોચ્છેદક છે.

ભક્તિનો સંચાર

વિશ્વમાં સહુ કોઇ પોતાનું મંગળ અને કલ્યાણ ઇચ્છે છે. નમસ્કાર મંત્ર પરમ મંગળરૂપ છે. તેના સ્મ-

રણાદિથી કાર્યની આદિથી અંત સુધી આવનારાં વિઘ્નો ટળી જાય છે.

જેટલા શ્વાસોચ્છવાસ આ મંત્રથી ભરાય છે. અર્થાત્ આ મંગળકારી મંત્રના સ્મરણમાં વપરાય છે, તેટલા આત્મહિતકારી છે–એવું શ્રી વીતરાગનું વચન છે.

આ મંત્ર, જગતના સર્વ ગુણી પુરુષો પ્રત્યે નમ્રતાનો સૂચક છે. ગુણી પુરુષોની ગુરૂના અને પોતાની લઘુતાનું સતત ભાન કરાવે છે. પરમેષ્ઠિ ભગવંતો સર્વથી મહાન્ છે–તેમની આગળ હું અતિ અલ્પ, લઘુ, તુચ્છ છું, આ રીતે પોતાનું લઘુત્વ અને પરમેષ્ઠિઓનું ગુરૂત્વ સ્થાપિત થતું હોવાથી, આ મંત્ર વડે અવિદ્યા, અહંકાર અને તનજન્ય જન્માદિ દોષો નાશ પામે છે. અવિદ્યા, અહંકાર ટળવાથી બુદ્ધિ નિર્મળ થાય છે. નિર્મળ બુદ્ધિથી થયેલું કાર્ય, સફળ થાય છે.

સફળતા મેળવવાનો પ્રથમ ઉપાય બુદ્ધિની નિર્મળતા છે, નમસ્કાર વડે તે સિદ્ધ થાય છે. નમસ્કાર વડે નમ્ર ભાવ આવે છે ગુરૂની ગુરૂતા અને પ્રભુની પ્રભુતાનું ચિંતન થાય છે. તેમની મહત્તા અને પોતાની અલ્પતાનું ભાન થતાં હૃદયમાં ભક્તિનો સંચાર થાય છે. ભક્તિના પ્રભાવે મનસમુદ્ર ખાબોચીયું બને છે.

સિદ્ધિનું બીજ

પાપ વિમુક્તિ માટે સર્વથા પાપરહિત પુરુષોને

કરાતો નમસ્કાર, અંતઃકરણની શુદ્ધિ કરાવી સકળ પુરૂષાર્થની સિદ્ધિનું બીજ બને છે.

જીવત્વનું બહુમાન

જડ પ્રત્યેના આદર–આકર્ષણ, પ્રીતિ, બહુમાન, પ્રમોદ, અનુમોદન વગેરે પાપપ્રકૃતિનો રસ નિકાચે છે. તેમાંથી બચવા માટે શ્રી નવકારનો આશ્રય અનિવાર્ય છે. એક નવકાર જ જડત્વના બહુમાનથી જીવને બચાવી લઇ, જીવત્વના બહુમાન–માર્ગે જીવનને દોરી જાય છે. તેથી તેનું પુનઃ પુનઃ રટણ–સ્મરણ–પઠન–ચિંતન ધ્યાન એકાંત હિતકારી છે.

અમૂલ્ય ભેટણું

શ્રી નવકાર એ સારની પોટલી છે,

શ્રી નવકાર એ રત્નની પેટી છે.

શ્રી નવકાર એ ભવાટવીનો ભોમિયો છે.

શ્રી નવકાર એ ભવસમુદ્રની દીવાદાંડી છે.

શ્રી નવકાર એ ધ્રુવનો તારો છે.

શ્રી નવકાર એ શ્રી તીર્થંકર પરમાત્માનું અમૂલ્ય ભેટણું છે.

શ્રી તીર્થંકર પરમાત્માઓ તરફથી જગતના જીવોને એક શ્રી નવકારનું ભેટણું એવું છે, કે તે જ્યાં સુધી રહેશે, ત્યાં સુધી તેઓનો સંસાર ઉપર અનન્ય ઉપકાર, બીજાઓના સર્વ ઉપકાર ભેગા મળીને પણ જે લાભ ન કરે તેટલો મોટો લાભ કરે છે. તેમજ કરશે.

૩ મંત્રની શક્તિ

એક બાજુ સ્ટીલ (પોલાદ) અને બીજી બાજુ પાણી, એ બેમાં શક્તિ વધારે કોની ?

સ્થૂલ દષ્ટિવાળો કહી શકે સ્ટીલની, પણ સ્ટીલને પાણીના કુંડામાં નાંખો, ચાર મહિના પછી જુઓ કોની હાર થાય છે, પોલાદની કે પાણીની ? પોલાદની જ થાય છે.

આગળ વધીને તપાસો કે એ પાણીની શક્તિ વધારે કે વરાળની ? એ વરાળ નીકળે છે પાણીમાંથી, પણ એના વડે મોટી ટ્રેનો ચાલે છે, કારખાનાઓ અને યંત્રો એના બળથી ચાલે છે.

વરાળ કરતાં હાઇડ્રોજનની શક્તિ વધારે છે. એ બધા કરતાં મનની શક્તિ વધારે છે. પણ પ્રશ્ન એ છે કે એ શક્તિશાળી મનને વશ શી રીતે કરવું ?

વર્તમાનકાળે આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞાઓમાં મન બંધાઈ ગયું છે. બકરાના ટોળામાં સિંહની દશા જેવી દશા મનુષ્યના મનની થઈ છે.

મન સાધે, તેને મંત્ર કહેવાય છે. આમ તો એ માત્ર પંચ પરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર છે, એને નમસ્કાર મંત્ર કહ્યો છે. એનાથી મનને વશ કરવામાં આવે તો સર્વ શ્રુતના રહસ્યને પામી શકાય છે. એના આરાધનથી મન એવું બની જાય છે, કે જે ઉત્સર્ગ અને અપવાદ, દ્રવ્યાર્થિક નય, પર્યાયાર્થિક નય, દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને યથાર્થપણે આપોઆપ જાણી શકે છે. નમસ્કારથી શુદ્ધ થયેલું મન મોહને ઓળખી શકે છે અને ધર્મને પણ જાણી શકે છે.

મંત્ર વડે સૂક્ષ્મતા અને શુદ્ધતા

જ્યાં સુધી સ્થૂલ દૃષ્ટિ નહિ જાય, સૂક્ષ્મ દૃષ્ટિ નહિ ઉઘડે, ત્યાં સુધી આ સંસારના ધોખાને, સંસારની માયાને મનુષ્ય નહિ સમજી શકે.

માણસ જાણે છે કે દિવસ જાય છે અને દિવસ જાણે છે કે માણસ જાય છે. મુસોલીની, હીટલર, સ્ટેલીન, કૈસર, સિકંદર વગેરે ક્યાં ગયા ?

જેની નોબતોના ડંકાઓથી આકાશ ગાજી ઉઠતું તે બાદશાહો આજે કબરોમાં ચૂપચાપ પડ્યા છે.

મનમાં સૂક્ષ્મતા આવે તો મોહની આ રમત સમજાઈ જાય.

શ્રી તીર્થંકરો દેવો આ જાણતાં હતા, તેથી મનને વશ કરવાનો, મનને સૂક્ષ્મ અને શુદ્ધ બનાવવાનો ઉપાય બતાવી ગયા છે.

શ્રી નવકારની વિધિ-બહુમાનપૂર્વક આરાધના કરવાથી મનમાં સૂક્ષ્મતા અને શુદ્ધતા આવે છે અને મન આપોઆપ વિવેક કરતું થઈ જાય છે.

મન વશ કરવાનો ઉપાય

પ્રશ્ન :- મનને વશ શી રીતે કરવું ?

ઉત્તર :-અંધારી મધરાતે બે કાંઠે વહેતી નદીના પુલ પરથી પસાર થતી ટ્રેનમાં નિરાંતે ઉંઘી જાઓ છો, ઉંઘી શકો છો, કારણ કે તમને રેલ્વે તંત્ર પણ વિશ્વાસ છે. તેની કાર્યવાહીમાં વિશ્વાસ છે. તેના ગાર્ડ, ડ્રાઈવર વગેરેની દક્ષતા, નીતિમત્તા આદિમાં વિશ્વાસ છે, પૂરો ભરોસો છે.

આટલો વિશ્વાસ અનંત ઉપકારી શ્રી તીર્થંકરદેવો અને તેમના વચનો ઉપર છે? કાયર ન બનો, ભીરૂતા અને અશ્રદ્ધાનો ત્યાગ કરો. સાથોસાથ એ પણ જાણી લો કે બિનશરતી શરણાગતિ અને અનન્ય ઉપકારી અને આપ્તતમ શ્રી વીતરાગ, સર્વજ્ઞ પરમાત્માના વચનો ઉપર વિશ્વાસ મૂકવાથી મન વશ થાય છે.

વિશ્વાસની અગત્યતા

શ્રી નવકાર પાસે પહેલાં કંઈ માગવા કરતાં, પહેલાં તેને ગણવો, તેનો જાપ કરવો એમાં ડહાપણ છે. ગણ્યા પહેલાં જ એ શું આપે ? કેવી રીતે આપે ? એવું પૂછ-

નારને પૂછવાનું કે–દુકાન માંડો છો, તે પહેલાં નફો હાથમાં આવે છે? ના. દુકાન શરૂ થતાં જ નફાનું કે નુકસાનનું સરવૈયું કાઢો છો, કે દિવાળી ઉપર? એ તો ત્યારે જ કઢાય ને! એમાં ઉતાવળ થાય, તો કામ ચૂંથાઈ જાય.

તો પછી શ્રી નવકારની સેવામાં છ મહિના તો ખાનદાનીથી ગાળો, પછી એનાથી થતા લાભની વાત પૂછવી નહિ પડે પણ અનુભવ થઈ જશે. તાત્પર્ય કે પરમ તારક પરમાત્મા અને તેઓશ્રીના વચનમાં વિશ્વાસ મૂકવાની બાબતમાં મનમાં સહેજ પણ ખચકાટ સંદેશો, સંશય રહે છે, ત્યાં સુધી જીવન આરાધનાના મંગળ માર્ગ પર નિશ્ચિતપણે કદમ ભરી શકતું નથી.

માટે રેલ્વે કંપની કરતાં, સ્ટીમર કંપની કરતાં, ઇન્સ્યોરન્સ કંપની કરતાં વધુ વિશ્વાસ શ્રી જિનરાજ અને શ્રી જિનવચન ઉપર જોઈશે જ.

સરકારી નોકરી બરાબર પૂરી કરનારને તો માત્ર પેન્શન જ મળે છે, પણ શ્રી તીર્થંકર ભગવંતો અને તેઓશ્રીના તીર્થની ભાવપૂર્વક સેવા કરનારને તો યથા-કાળે મોક્ષ મળે છે.

શ્રી નવકાર એ શું છે?

નમો અરિહંતાણું એ વાસ્તવમાં મોહના કટ્ટર વૈરી શ્રી અરિહંતોનો જયનાદ છે. જગતના મોહરૂપી દુશ્મન સામે, તેની સત્તા સામે જબ્બર પડકાર છે.

અંગ્રેજો પોતાની સામે પડકાર કરનારને કેદમાં પૂરી દેતા હતા. પરંતુ જેલમાં 'એ, બી, સી, ડી,' એમ ચાર વર્ગ રાખતા હતા. બળવાન પડકાર કરનારાઓને સી. કે. ડી. વર્ગમાં રાખતા ગભરાતા હતા. તેથી તેવાને એ. કે બી. વર્ગમાં રાખતા હતા.

તેમ મોહની સામે સંગઠિત થઈને એવો પડકાર કરીએ કે તે જેલમાં રાખે તો પણ એ. કે બી. વર્ગમાં જ રાખે. સી. કે ડી, વર્ગમાં મૂકતાં ગભરાય. દેવ અને મનુષ્યગતિ એ એ. અને બી. વર્ગ છે. જ્યારે નરક અને તિર્યંચ ગતિ એ સી. અને ડી. વર્ગ છે.

અરિહંતનો નમસ્કાર એ મોહને પડકાર છે. અરિહંતના નામથી મોહની સત્તા ધ્રૂજી ઉઠે છે, કારણ કે તે નામ, સ્નેહનાં શસ્ત્ર વડે મોહનાં મૂળિયાં ઉખેડનાર વિશ્વના મિત્ર શ્રી અરિહંત પરમાત્માની વિશ્વવત્સલ ભાવનાનું સ્મરણ કરાવનાર છે.

જેના અંતરમાં વિશ્વ પ્રત્યે બંધુભાવ જાગ્યો તેનાં અંતરમાં રાગદ્વેષાત્મક મોહનું સૈન્ય ટકી શકતું નથી.

સર્વ જીવોની ઉત્કૃષ્ટ હિતચિંતાના ભાવરૂપ મિત્રતા વડે અરિતા–શત્રુતાનો ઉચ્છેદ કરનાર શ્રી અરિહંત પરમાત્મા છે, તેથી ભાવથી તેમને નમસ્કાર કરનાર જીવ... પણ જીવો પ્રત્યે શત્રુતાનો ત્યાગ કરનાર થઈને શ્રી અરિહંત સ્વરૂપ બની જાય છે.

૪ નમસ્કાર ચિંતામણિ

પ્રભુ શાસનને પામેલા ભવ્ય મહાત્માઓને મહામંત્ર શ્રી નવકાર પ્રત્યે સ્વાભાવિક રીતે જ આકર્ષણ થવું જોવામાં આવે છે.

અહીં કદાચ એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે આકર્ષણ થવાનું કારણ શું? ટુંકમાં તેનો ઉત્તર એટલો જ છે કે શ્રી જિનશાસનને પામેલા પુણ્યવાન આત્માઓને શ્રી નવકાર એ પોતાનો પ્રાણ છે. પ્રાણ વિના હજી ચલાવી શકાય, પણ મંત્રાધિરાજ શ્રી નવકાર વિના ન ચલાવી શકાય-એવી અખૂટ શ્રદ્ધા જૈન કુળમાં જન્મેલાઓને વારસાગત મળેલી હોય છે.

જન્મતાં, મરતાં, ઉઠતાં, બેસતા, સુતા, ખાતાં–પીતાં સુખમાં કે દુઃખમાં, ત્યાગમાં કે ભોગમાં સહુ કોઈ સમ્યગ્ દૃષ્ટિ આત્માને ચિત્ત–સમાધિ માટે શ્રી નવકારની જરૂર પડે છે.

ચિત્તની સમાધિ એ સમ્યગ્ દૃષ્ટિ વાળાને મન, સૌથી મોટું દાન છે. શ્રી નવકારના સ્મરણ વિના એ બેચેની અનુભવે છે. મા વગરના બાળકની જેમ તે અનાથતા અનુભવે છે.

શ્રી નવકાર એ સમ્યગ્ દૃષ્ટિ જીવની માતા, પિતા, બંધુ, સ્વામી અને ગુરૂ છે. લૌકિક હિતકારી માતા પિતાદિનો સંયોગ તેના પ્રભાવે છે, એમ તે માને છે. જન્મ જન્માંતરમાં જતા તેનો એજ એક સથવારો છે, સાથી છે, સન્મિત્ર છે, આવી શ્રદ્ધા તેને બંધાણી હોય છે.

કારણ કે તેને વારંવાર સાંભળવા મળે છે કે શ્રી નવકાર એ દ્વાદશાંગીનો સાર છે, ચૌદ પૂર્વનો ઉદ્ધાર છે, ચૌદ પૂર્વીઓને પણ અંત સમયે તેનો જ એક પરમ આધાર છે.

આમ કહેનારા પુરુષો તેને મન શ્રદ્ધેય છે, આરાધ્ય છે. કારણ કે તેઓનું વચન પૂર્વાપર અવિરુદ્ધ, અવિસંવાદી, સફળ પ્રવૃત્તિ જનક અને જાતે અનુભવીને કહેલું હોય છે.

તે માને છે કે મહામંત્ર શ્રી નવકારના પ્રત્યેક પદો અને વર્ણો પવિત્ર છે. કારણ કે તે પરમ પવિત્ર મહાપુરુષોએ કહેલા છે. તેનું સ્મરણ કરનારને પવિત્ર કરનાર છે. અને પવિત્રતમ એવા પરમપદને આપનાર છે. તે પદો સર્વ લક્ષણોથી યુક્ત છે અને લક્ષણોથી યુક્ત વસ્તુઓનું દેવતાઓ સાનિધ્ય કરે છે. તેથી આ મહામંત્રના વર્ણો પ્રવર એવા પ્રવચન દેવનાઓથી અધિષ્ઠિત છે.

વળી તે જાણે છે કે મંત્રના અક્ષરોને તેના વાચ્ય પરમેષ્ઠિઓની સાથે અનાદિ સિદ્ધ સંબંધ છે. મંત્ર પદોનું સ્મરણ કરવાથી પરમેષ્ઠિ ભગવંતોનું સ્મરણ થાય છે.

મંત્રના અક્ષરો એ માત્ર અક્ષરો જ નથી પણ વાચ્ય વાચક સંબંધથી સિદ્ધ સ્વયં પરમેષ્ઠિઓ જ છે. એ અક્ષ-રોનું એકાગ્ર ચિત્તે સ્મરણ કરવાથી પરમેષ્ઠિ ભગવંતો જ જાણે સામે ન આવતા હોય, અગર તો જાણે હૃદયમાં પ્રવેશ ન કરતા હોય અથવા જાણે પોતાની સાથે મધુર ભાષણ ન કરતા હોય અથવા અંગોપાંગમાં આવીને જાણે મળતા કે તન્મયી ભાવને પામતા ન હોય–તેવું અનુભવાય છે.

આવો અનુભવ યોગ્ય પુરુષોને થાય અને બીજાઓને ન થાય–એવું પણ નથી. કોઇ પણ શ્રદ્ધાળુ આત્મા જ્યારે શ્રી નવકારના સ્મરણમાં તલ્લીન બને છે, ત્યારે તેને આવો અનુભવ થાય છે. તેમાં મુખ્ય કારણ મહા-મંત્રની શાશ્વતતા છે.

સર્વ તીર્થંકર ભગવંતો તે ભવમાં યા પૂર્વના ભવોમાં આ મહામંત્રની આરાધના કરી ચૂકેલા હોય છે અને તેનું ફળ સાક્ષાત અનુભવીને ઉપદેશ દેનારા હોય છે. તેઓની સંકલ્પ શક્તિ પણ મહામંત્રને પ્રતાપશાળી બના-વવામાં સહકારી હોય છે. તેઓના વચન પ્રામાણ્યથી ત્રણે લોકમાં રહેલા સમ્યગ્દૃષ્ટિ જીવો આ મહામંત્રનું

સતત આરાધન કરી રહ્યા હોય છે. અને તે દ્વારા શ્રી પરમેષ્ઠિ ભગવંતો સાથે તન્મય ભાવને પામી રહ્યા હોય છે એ બધાનો લાભ મહામંત્રનું સ્મરણ કરનારને અદૃશ્ય અને અગમ્ય રીતે મળતો હોય છે.

બીજા મંત્રોની જેમ મહામંત્રની સાધનાની પણ વિધિ છે, વિધિનું બહુમાન—એ સંવિધાનનું બહુમાન છે સંવિધાન એટલે શ્રી જિનેશ્વર દેવે ફરમાવેલા શાસનના બંધારણનું બહુમાન.

અવધિએ દોરો પણ સોયમાં પરોવી શકાતો નથી, તો મનને શ્રી નવકારમાં શી રીતે પરોવી શકાય ?

પવિત્ર ક્ષેત્રમાં અનુકૂળ આસને શરીર ગોઠવી, શુદ્ધ વસ્ત્રો પહેરી, મનને મૈત્રાદિ ભાવો વડે વિશુદ્ધ કરી, પૂર્વ યા ઉત્તર દિશામાં અથવા શ્રી જિન પ્રતિમા સન્મુખ બેસી, આંખોની આંખ મીંચી રાખી, ઉત્તમ ભાવ પૂર્વક ચિંતામણિ રત્ન કરતાં અનંતગુણા ચઢીયાતા મંત્રાધિરાજ શ્રી નવકારનું સ્મરણ કરવું જોઈએ. તે સાધના સમયે બધા જ પ્રાણોમાં અપૂર્વ ઉલ્લાસ ન જાગે તો સમજવું કે આપણા અંતઃકરણમાં હજી ભવરાગ બેઠો છે.

પ્રભુ–રાગ, ત્યારે જાગે છે જ્યારે પ્રભુજીના અનંતાઉપકારનો પુનઃ પુનઃ સ્મરણ મનનમાં મન તરબોળ બને છે.

શાસ્ત્રમાં ઇષ્ટ દેવતાનું સ્મરણ એ આદિ ધાર્મિક પુરૂષનું પ્રધાન લક્ષણ કહ્યું છે. તેથી શ્રી જિનેશ્વરદેવના

શાસનમાં આ મહામંત્રનું આરાધન કરવા માટે આબાલ વૃદ્ધ સૌ કોઈને એક અપેક્ષાએ સમાન અધિકારી માન્યા છે.

ઉપદેશ તરંગિણી' માં કહ્યું છે કે—

આ લોક અને પરલોક–એમ ઉભય લોકમાં ઇચ્છિત ફળને આપનાર અચિંત્ય શક્તિ સ્વરૂપ શ્રી નવકારમંત્ર જયવંતો વર્તો કે જેના પાંચ પદોને ત્રૈલોક્યપતિ શ્રી તીર્થંકર પરમાત્મા પંચ–તીર્થ કહ્યાં છે. શ્રી જિનશાસનના અંગભૂત એવા જેના અડસઠ અક્ષરોને અડસઠ તીર્થો તરીકે વખાણ્યા છે અને જેની આઠ સંપદાઓ અનુપમ શ્રેષ્ઠ આઠ મહાસિદ્ધિઓ તરીકે વર્ણવી છે.

એ શાશ્વતા શ્રી નવકાર મંત્રની આરાધના કરી સર્વ જીવો આત્મ કલ્યાણ સાધો...એજ મંગળ કામના....

૫ પરમેષ્ઠિ ધ્યાન

સર્વ યોગોનો સર્વથા નિરોધ કરવારૂપ ધ્યાન શ્રી જિનેશ્વર દેવોને હોય છે.

જિનેશ્વરનો સામાન્ય અર્થ કેવળ જ્ઞાનની સ્થિતિ પામેલા આત્માઓ—એવો થાય છે.

દેહ વિનાના શુદ્ધાત્માઓને તો યોગના વ્યાપારો શોધવાની જરૂર રહેતી નથી.

કેવળજ્ઞાન પામ્યા પછી જ યોગોનો સર્વથા નિરોધ કરવાનું બળ આવે છે.

જૈન પરિભાષામાં યોગો કોને કહે છે ? તેનો ખુલાસો આ પ્રસંગે કરવો જરૂરી છે.

ઔદારિક આદિ શરીરના સંયોગથી ઉત્પન્ન થયેલ આત્મ પરિણામ-વિશેષ વ્યાપાર, તેને યોગ કહે છે,

ધ્યાન શતકમાં કહ્યું છે કે—ઔદારિક આદિ (આ

દેખાતું આપણું સ્થૂલ શરીર 'આદિ' શબ્દથી વૈક્રિય, આહારક શરીર લેવાં.) શરીર યુક્ત આત્માની વીર્ય શક્તિ-વાળી પરિણતિ વિશેષ તે કાયયોગ. તેમજ ઔદારિક, વૈક્રિય, આહારક શરીરના વ્યાપાર વડે ખેંચેલ વચન-વર્ગણાના દ્રવ્યોનો સમૂહ અને તેની સહાયથી થતો જીવનો વ્યાપાર–ક્રિયા વિશેષ, તે વચનયોગ તથા ઔદારિક, વૈક્રિય, આહારક શરીરના વ્યાપાર વડે ખેંચેલા મનોવર્ગ-ણાના દ્રવ્યોનો સમૂહ; અને તેની સહાયથી જીવની વ્યાપાર-ક્રિયા વિશેષ–તે મનોયોગ

સર્વ વ્યાપારોને, ક્રિયાઓને સદાને માટે અટકાવવી, રોકવી, તેનો લય કરવો, તે શ્રી જિનોનું છેલ્લું ઉત્તમોત્તમ ધ્યાન કહેવાય છે. આ ધ્યાન પછી તરત જ તેઓ આ દેહથી સદાને માટે સર્વથા મુક્ત થાય છે.

અહીં એક આશંકા ઊભી થાય છે, કે છદ્મસ્થ મુનિઓને અંતર્મુહૂર્ત પર્યંત ધ્યાન હોય છે–એમ અહીં જણાવ્યું. પણ શાસ્ત્રોમાં વાંચવામાં આવે છે અને કોઈ કોઈ પ્રસંગે દેખવામાં પણ આવે છે, કે અમુક મુનિ મહાત્માઓ કલાકોના કલાક સુધી ધ્યાન કરે છે, તે કેમ સમજવું ?

આનો ઉત્તર એ છે કે–એક દ્રવ્યમાં કે ગુણમાં મનનો નિરોધ કરવો, એકરસ અખંડ પ્રવાહ ચલાવવો, તે ધ્યાન અંતર્મુહૂર્તથી અધિક કાળ, છદ્મસ્થોને હોઈ શકે નહિ.

યોગોની ચપળતા રોકવી ખૂબ જ મુશ્કેલ છે. તથાપિ તે ધ્યાતા મુનિ એક પછી એક એમ અંતઃમુહૂર્ત પછી પોતાના ધ્યેયોને પલટાવતો જાય અગર મનોયોગની સ્થિતિની વિકળતા થઈ જાય કે તરત જ પાછી તેને ઉપયોગની જાગૃતિથી તેની સાથે જોડી દે—અનુસંધાન કરી દે, તો તે ધ્યાનની સંતતિ લાંબા સમય સુધી પણ લંબાય છે. પણ અંતઃમુહૂર્ત એકાગ્ર થયેલું મન નિરોધ–સ્થિતિમાં રહી શકતું નથી. તેનો પ્રવાહ ધ્યેયાંતરમાં, પછી તે આત્મગત મર્યાદામાં કે પરગત દ્રવ્યાંતરમાં સંક્રમણ કરે છે, તેથી ધ્યાનનો પ્રવાહ લાંબા કાળ સુધી ચાલુ રહે છે. કલાકો સુધી ધ્યાન કરવાનું જે કહેવાય છે કે સંભળાય છે, તે આ અપેક્ષાએ સમજવું.

એકાગ્રતામાંથી ખસી ગયેલા ચિત્તની ત્રણ અવસ્થાઓ હોય છે. તેને ભાવના, અનુપ્રેક્ષા અને પદાર્થ ચિંતા કહેવામાં આવે છે.

શરૂઆતમાં મનને એક જ ધ્યેયમાં જોડવાનું હોય છે. આપણે ધ્યેય તરીકે એક આત્મ–ગુણ લઈએ.

જેમ કે આત્મા આનંદ સ્વરૂપ છે. તેનો સંસ્કાર પાડવા મનમાં તે પદનો, શબ્દોનો પ્રતિધ્વનિ થયા કરે —આ એકાગ્રતા નથી, પણ એકાગ્રતાનો અભ્યાસ છે, બીજા સંસ્કારો, વિચારો, તરંગોને હટાવીને આ એક જ વિચારને મુખ્ય કરવાનો પ્રયત્ન છે. મનની આવી સ્થિતિને ભાવના

કહે છે. આવી ભાવના ચાલુ રાખ્યા પછી તે અભ્યાસને મૂકી દઈ મન તદ્દન સ્થિર થાય છે. આનંદ સ્વરૂપમય બની જાય છે એટલે આનંદસ્વરૂપ શું ? એ પ્રશ્નથી પર બની જાય છે. કારણ કે મનનો લય થઈ જાય છે. તે ધ્યાતાની એકાગ્રતાવાળી સ્થિતિ કહેવાય છે.

આ ભાવનાની હયાતિ ધ્યાનના અભ્યાસ કાળમાં એટલે ધ્યાન કરવાની શરૂઆતમાં અને અંતઃ મુહૂર્ત પછી એકાગ્રતાની સ્થિતિ વિખરાતાં હોય છે. મનની આવી સ્થિતિ તે ભાવના છે.

મનની બાહ્ય સ્થિતિ અનુપ્રેક્ષાની છે. અનુપ્રેક્ષા એટલે પાછળ તપાસ કરવી, જોવું, અર્થાત્ ધ્યાન-સ્થિતિ ખસી ગયા પછી પુનઃ તે સ્થિતિ મેળવવા પૂર્વે અનુભવેલી ધ્યાન-સ્થિતિનું સ્મરણ કરવું, સ્મૃતિ લાવવી, પૂર્વવત્ સ્થિતિને યાદ કરવી-તે છે.

મનની ત્રીજી સ્થિતિ 'ચિંતન' નામની છે. ઉક્ત બે સ્થિતિ ઊંચા પ્રકારની છે, તેનાથી આ ત્રીજી સ્થિતિ નીચા પ્રકારની છે.

કોઈ પણ પદાર્થની ચિંતા કરવી એટલે અનેક વિચારો-તર્કોમાં ચાલ્યા જવું. જીવ, અજીવાદિ અનેક પદાર્થોના વિચાર કરવા. તે ત્રીજી પદાર્થ-ચિંતા નામની મનની સ્થિતિ છે.

આગમમાં કહ્યું છે કે-જે સ્થિર અધ્યવસાય તેને

'ધ્યાન' કહે છે. જે ચપળ અધ્યવસાય છે, તેને ચિત્ત કહે છે. તે ચપળ અધ્યવસાયને ભાવના, અનુપ્રેક્ષા અને પદાર્થ ચિંતા કહે છે.

રાગ અને દ્વેષનો ત્યાગ કરીને સમતાવાન મુનિ જે વસ્તુનું ચિંતન કરે છે, તે ધ્યાન સારૂં માનેલું છે. રૌદ્ર આદિ ધ્યાન ખરાબ માનેલા છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે–'યોગી ગમે તેનું ચિંતન કરતાં જો વીતરાગ થાય, તો તેને જ ધ્યાન માનેલું છે તેને જ ધ્યાન કહેવું એ સિવાય બીજા ગ્રન્થનો વિસ્તાર સમજવો.

મતલબ કે જે ધ્યાન કરવાથી વીતરાગ થવાય, રાગ–દ્વેષ રહિત સ્થિતિ પમાય, તે જ ધ્યાન છે. વળી શાસ્ત્ર ફરમાવે છે કે–

આ ધર્મ ધ્યાનામૃતનું પાન કરવા પહેલાં અજ્ઞાનને દૂર કરજે, ચૈતન્યનું વિવેકજ્ઞાન પહેલું કરજે, તે સિવાય તારો ત્યાગ ઉલટો સંસાર–પરિભ્રમણનું કારણ બનશે. આત્મા એ જ પ્રાપ્તવ્ય સમજજે. તેને માટે જ તારી સર્વ પ્રવૃત્તિ રાખજે. નિર્દોષ થજે, મલિન–તુચ્છ વિચારોનો ત્યાગ કરી સ્થિર થજે, અસ્થિર અંતઃકરણને ધર્મધ્યાનમાં બરાબર સ્થિર કરજે. ચાલુ સાધના સિવાય, અંતઃકરણને બીજા કામમાં વાપરીશ નહિ, જવા દઇશ નહિ. તો જ ધર્મધ્યાનરૂપ અમૃતનું પાન કરી શકીશ, તે સિવાય ઊંચી સ્થિતિએ પહોંચવાની આશા જરા પણ ન રાખીશ.

આત્મા એ એકડો છે. તેના સિવાય બીજા બધાં મીંડાં છે. એકડા ઉપર મીંડાં ચઢે છે, મૂકાય છે તેમ આત્મા ઉપર જ સઘળો આધાર છે. આત્મા જ્ઞાનનો દરિયો છે. અનંત શક્તિનો સાગર છે. વિચારાતીત આનંદનો સાગર છે. પરમ ઐશ્વર્યનો સ્વામી છે. પરમ-સુખનો ઉદધિ છે. એક તેને ભૂલ્યા તો ભવમાં રૂલ્યા (રઝળ્યા) એમ નક્કી માનજો.

અનંત ઉપકારી ભગવંતોએ આત્માને જ માન્યો છે. આરાધ્યો છે. જીવ માત્રને સ્વતુલ્ય ભાવ આપ્યો છે, તે પણ આત્માના જ તેના સ્વભાવના પ્રભાવે છે.

પરમેષ્ઠિ ભગવંતોનું ધ્યાન એ સર્વશ્રેષ્ઠ ધ્યાન છે. જે આત્માને પરમાત્મા બનાવી પરમપદનો ભોક્તા બનાવે છે.

૬ મંત્ર–જપ

અંદરથી બહાર આવતા સુધીમાં શબ્દમાંની ઘણી શક્તિ ઓછી થઈ જાય છે. માટે પોતાના ઇષ્ટદેવનું નામ દરેકે બને ત્યાં સુધી મૌનપણે જપવું જોઈએ–તેમ છતાં જેને તેમ જપવું ન ફાવતું હોય, તેણે પાસે બેઠેલા માણસો ન સાંભળે, તેમ જપવું જોઇએ અને જ્યારે તેમાં પણ મન ન લાગે ત્યારે જ ભાષ્ય જાપનો આશ્રય લેવો જોઈએ.

પરા વાણી બીજ જેવી છે, પશ્યન્તી થડ જેવી છે, મધ્યમા ડાળ જેવી છે, વૈખરી પાંદડાં જેવી છે.

જે વાણી આપણે મુખથી બોલીએ છીએ અને કાનથી સાંભળીએ છીએ તેને વૈખરી વાણી કહેવાય છે.

જે વાણી સંકેતથી મુખાકૃતિથી, ભાવ ભંગીથી તેમજ આંખોથી બોલાય છે, તેને મધ્યમા વાણી કહેવાય છે.

જે વાણી મનમાંથી નીકળે છે અને જેને મન સાંભળી શકે છે, તેને પશ્યન્તી વાણી કહે છે.

જે વાણી આકાંક્ષા, ઇચ્છા, નિશ્ચય, શાપ, વરદાન આદિ રૂપે અંતઃકરણમાંથી નીકળે છે, તેને સંકલ્પ અથવા પરા વાણી કહેવાય છે.

મતલબ કે વાણીના સંકલ્પ, વિચાર, ભાવ અને ઉચ્ચાર એમ ચાર પ્રકાર છે.

દુર્ભેદ્ય વજ્ર દિવાલોને પણ ભેદીને આગળ વધવાની સર્વત્ર વિસ્તરવાની અમાપ શક્તિ શબ્દમાં રહેલી છે. એટલે જે કોઇ એમ માનતું હોય કે મૌનપણે થતો જાપ દુનિયાને કઇ રીતે લાભદાયી નીવડે? તો તે માન્યતા બરાબર નથી. ખરી તાકાત જ માનસ જાપમાં છે, એનાથી ઓછી ઉપાંશુમાં અને એનાથી ઓછી ભાષ્યમાં.

વૈખરી વાણી કરતાં શતગુણી અધિક અસર મધ્યમા વાણી કરે છે. મધ્યમા કરતાં શતગુણી અધિક અસર પશ્યન્તી વાણી કરે છે. અને પશ્યન્તી કરતાં શતગુણી અધિક અસર પરા વાણી કરે છે.

માટે જ પ્રગટ કાર્ય કરતાં અપ્રગટ કાર્યનું આ સંસારમાં અનાદિ કાળથી વિશેષ મહત્ત્વ છે. અપ્રગટ એટલે કે છૂપું પાપ કાર્ય જેમ ઘણા અંતરાયો જન્માવે છે, તેમ છૂપું પુણ્યકાર્ય પણ સંસારી જીવને ઘણી સાનુકુળતાઓ બક્ષે છે.

પાકી અને ખરી પડતા ફૂળ જેવા ઉચ્ચારની અસરથી આપણે જેટલા પરિચિત છીએ, તેટલા ભાવ, વિચાર અને સંકલ્પની અસરથી પરિચિત નથી અને તેથી જ આપણું ધ્યાન તેના તરફ ખેંચાતું નથી.

સ્વ–પર શ્રેયવાંચ્છુ આત્માઓએ બને ત્યાં સુધી સંકલ્પના સબળ વાહનમાં બેસીને જ સંસારમાં ફરવું જોઇએ, નહિ કે ઉચ્ચારણના રગસીઆ ગાડામાં બેસીને.

શ્રી નવકાર જેવો મહામંત્ર જેમને પૂર્વ પુણ્યના બળે વારસામાં મળ્યો છે, તે જૈન બંધુઓનું જીવન દિવ્ય તેજે ઝળહળતું હોય, પરંતુ શ્રી નવકારના અસરોમાં એકાકાર થવાની સફળ એકાગ્રતાના અભાવે તેમાંના કેટલાક આજે દુઃખી અને અસંતોષી જણાય છે. કારણકે તેમને જેટલી શ્રદ્ધા સંસારના સંબંધોથી મળનારા લાભોમાં છે, તેટલી શ્રી નવકારના અક્ષરોના જાપથી મળનારા લાભમાં નથી.

પરા વાણી વડે પરમાત્મા સાથે વાતચીત કરવામાં જે સુખ સમાયેલું છે, તે સુખ દેવલોકના સ્વામી ઈન્દ્રને પણ ઇર્ષ્યા ઉપજાવે તેવું છે.

આંતર શરીરની સમગ્ર પ્રક્રિયાને વિશ્વામય જીવનમાં ઢાળનારી ઉર્મિઓ તથા પ્રકારના અક્ષરોના બનેલા શબ્દોમાં છે. પરમ મંત્ર શ્રી નવકાર એવા જ અડસઠ અક્ષરોનો બનેલો છે. તેના ગાઢ સંબંધથી કર્મનો સમૂહ, સિંહને

જોઇને નાસતા હરણાંના ટોળાની જેમ નાસવા માંડે છે. બહારના વાતાવરણ ઉપર આત્મભાવની સંગીન પ્રભા તરવરવા માંડે છે.

અક્ષરમાં રમતાં નથી આવડતું, તે કારણે માનવીને વિનશ્વર સંસારમાં રખડવું પડે છે.

શબ્દની આકૃતિઓને બદલે શબ્દના અંતરમાં છૂપાએલા ભાવને ગ્રહણ કરવાની સાક્ષિક વૃત્તિના અભાવે, માનવી વાત વાતમાં કષાયના હુમલાનો ભોગ થઇ પડે છે. શબ્દ કયા શુભ યા અશુભ ભાવને લઈને આવી રહ્યો છે, તે જાણવાની નિર્મળ બુદ્ધિ જેને મળી છે, તે આત્મા શબ્દની આરાધનામાં ઓતપ્રોત થઈ શકે છે, કારણ કે શબ્દનો મૌલિક પ્રભાવ તેના અંતસ્થ ભાવને ખૂબજ અનુકુળ થઇ ગયો હોય છે.

શબ્દ દ્વારા જ નિઃશબ્દમાં પ્રવેશી શકાય, જેમનું મન બહારને બહાર રઝળે છે, તેમણે શ્રી નવકારના શબ્દોમાં પ્રવેશવું જોઇએ. તેમનો પ્રવેશ થોડા જ વખતમાં તેમના મન ઉપર અસર ઉપજાવશે અને તેનું સ્વાભાવિક બની ગયેલું બહિર્ભ્રમણ ઘણું જ ઓછું થઇ જશે.

ઉચ્ચાર કરતાં વિચારની શક્તિ વિશેષ છે, વિચાર કરતાં ભાવની શક્તિ વિશેષ છે અને ભાવ કરતાં સંકલ્પની શક્તિ વિશેષ છે. ઉચ્ચાર, વિચાર, ભાવ અને સંકલ્પ એ ચારેય માનવી પાસે હોવા છતાં તેનો કશો ખાસ સદુપયોગ આજે તો વર્તાતો નથી.

મતલબ કે તે ચારેય ઉપર આજે માનવીના આત્માનો નહિ, પરંતુ કર્મ અને કષાયોનો કાબુ છે. કર્મ અને કષાયોના કાબુમાં પડેલા પોતાના જીવનના ખજાનાને છોડાવવા માટે માનવીએ તે કર્મ અને કષાયોનો ભુક્કો ઉડાડી દે તેવા શ્રી નમસ્કાર મંત્રના શબ્દે શબ્દને આંતર ખલમાં ચીવટપૂર્વક ઘુંટવો જોઇએ, પછી જુઓ તેનો પ્રભાવ.

શબ્દને બરાબર પકડવા માટે પ્રસન્ન ચિત્ત, સાબૂત અંતઃકરણ અને સમતા ભાવ આવશ્યક છે. તો જ તે હાથ ચઢશે અને તેમાંની અચિન્ત્ય શક્તિ આપણી થશે.

શરીરને ઉચ્ચાર કહી શકાય, મનને વિચાર કહી શકાય, અંતઃકરણને ભાવ કહી શકાય અને આત્માને સંકલ્પ કહી શકાય.

ઉચ્ચાર શરીરમા રહે છે, વિચાર મનમાં રહે છે, ભાવ અંતઃકરણમાં રહે છે અને સંકલ્પ આત્મામાં રહે છે.

મુખથી શબ્દ બોલીએ અને તેની જે અસર થાય, તેના કરતાં સમગ્ર શરીર વાટે બહાર નીકળતા સંકલ્પની ઘણી વધારે અસર થાય છે. મુખથી બોલાયેલો શબ્દ, બહુજ ઓછા વાતાવરણને શુદ્ધ યા અશુદ્ધ કરી શકે છે. જ્યારે અંતઃકરણમાં સ્ફુરાયમાન થયેલો ભાવ, ઘુંટાઇને બહાર નીકળે છે, તેની અસર ઘણા મોટા વિસ્તારમાં ફેલાય છે.

અશ્રાવ્ય ધ્વનિ–તરંગો વડે કિંમતી યંત્રોમાંની

ચોકાશ અને રજને સાફ કરવાના વર્તમાન વૈજ્ઞાનિક પ્રયોગો, અંતઃકરણમાં સ્ફુરતી શુભ ભાવની ઉર્મિઓની અમાપ સૂક્ષ્મતા અને પ્રભાવનું સમર્થન કહે છે.

ત્રણેય લોકમાં સર્વ શ્રેષ્ઠ નવકાર મહામંત્ર પણ શબ્દ સંકલિત છે, તેની આરાધના વડે આજ સુધીમાં અનંત આત્માઓ મોક્ષના પરમ સુખને વર્યા છે. વર્તમાનમાં પણ એવા અબજો આત્માઓ તેની આરાધના વડે નિર્મળ આત્મ સ્વરૂપના ભાગી થશે.

માંદા માણુસને સાજો કરવામાં જ્યારે સઘળી દુન્યવી દવાઓ બાતલ જાય છે, ત્યારે શાણો ડોકટર પ્રભુ પ્રાર્થનાનો આશરો લેવાની સલાહ આપે છે. તે એમ સાબીત કરે છે, કે માંદાની સાચી દવા પણ શબ્દ છે.

ઉચ્ચાર એટલે કેવળ જીભ અને મોં વડે જેમ તેમ બોલી નાખેલા અક્ષરો નહિ, પરંતુ અંતઃકરણની પવિત્રતા પૂર્વક, તે શબ્દો જેના શુભ નામનું સૂચન કરતા હોય, તેને સમર્પિત થવા પૂર્વકનો શબ્દોચ્ચાર.

દા. ત. નમો અરિહંતાણં

સાત અક્ષરોનું બનેલું આ પદ, ત્રિભુવનની સઘળી રિદ્ધિ અને સિદ્ધિને આપણા ચરણોમાં પાથરી દેવાની અમાપ ક્ષમતા ધરાવે છે. પરંતુ તેને વાંચવા અને વિચારવાથી આપણને જે બોધ થાય છે, તેનો જો આપણે બરાબર અમલ કરી શકીએ, તો અજ્ઞાન જન્ય જડતા

તરફનો ઝોક જરૂર મોળો પડી જાય. અને તત્ત્વબોધ જરૂર પરિણામ થવા માંડે.

ઉત્કૃષ્ટ ભાવના સ્વામી શ્રી અરિહંત પરમાત્માને ઉત્કૃષ્ટ ભાવે ભજવાની, સમર્પિત થવાની અદ્ભુત ક્ષમતા આ પદમાં રમણના વધતાં અનુભવગોચર થાય છે. તેની શરત છે અક્ષરમાં રમણતા, વિનશ્વરમાં અરમણતા, અરૂચિ, અપ્રીતિ, અભાવ.

'નમસ્કાર' પદાર્થ જ નમસ્કરણીય ભગવંતોને નમવાનો સૂચક છે. અને તેનો પ્રારંભ જાપથી જાય છે.

આ જાપ, ભવતાપ હર્તા છે, એવો અખૂટ વિશ્વાસ રહેવો જોઈએ, તો જ તેને સમર્પિત થવાનો વીર્યોલ્લાસ વધે છે.

સંયમ-રહસ્ય

૪

(૧) સાધુતાની સુગંધ

(૨) આદર્શ મુનિજીવન

૧ સાધુતાની સુગંધ

સાધુ જીવનની સુગંધ શું ? એ પ્રશ્ન મનુષ્યના મનમાં ભાગ્યે જ ઊભો થાય છે. કારણ કે જીવનની સાથે 'સાધુ' શબ્દનો સંબંધ જ તેની સુગંધને જણાવનારો છે.

સાધુ જીવન એટલે સારું જીવન, સુંદર જીવન, સ–રસ જીવન, ઉત્તમ જીવન.

જે જીવન સ્વભાવથી જ સારું હોય. તેની ઉત્તમતાને જણાવવા માટે બીજા શબ્દોની ભાગ્યે જ જરૂર પડે. જગતમાં જેમ મોરનાં પીંછાંને બીજા રંગની કે ચંદનના વૃક્ષને બીજી સુગંધની જરૂર ન હોય, તેમ સાધુ જીવનને ઉત્તમ તરીકે જણાવવા માટે બીજા શબ્દ કે વિશેષણની ભાગ્યે જ જરૂર હોય.

તેમ છતાં અહીં સાધુ જીવનની સાથે સુગંધ શબ્દનો પ્રયોગ એક રીતે સાર્થક પણ છે.

સારી વસ્તુને સારી જણાવવા માટે પ્રસંગ પામીને

બંને પ્રકારના શ્રોતાઓ સમક્ષ વિશેષણ વાપરવાની જરૂર પડે છે. નહિ જાણનાર આગળ તેને જણાવવા માટે અને જાણનાર આગળ તેની અધિકતા બતાવવા માટે.

મોટું પણ વૃક્ષ છાયા રહિત હોય કે સુંદર પણ સરોવર જળ રહિત હોય, તો જેમ શોભતું નથી, તેમ ગુણરૂપી સુગંધ રહિત સુંદર પણ સાધુ જીવન શોભતું નથી.

સુવાસ વિનાનું પુષ્પ સુંદર આકૃતિવાળું કે ઘણી પાંખડીઓવાળું હોય, તો પણ જેમ શોભા પામતું નથી કે દેવાધિદેવના મસ્તકે ચઢવારૂપ તેનું પ્રધાન કાર્ય કરવા શક્તિમાન થતું નથી, તેમ ગુણરૂપી સુગંધી વિનાનું સાધુજીવન ઉત્તમ વેષ અને ઘણી વિવિધ ચર્ચાઓ સહિત હોય, તો પણ શોભા પામતું નથી. અથવા તેના માલિક-ને લોકના મસ્તક ભાગ પર રહેલા સિદ્ધિ સ્થાન ઉપર શાશ્વત કાળ માટે વસવાનો અધિકારી બનાવી શકતું નથી.

તાત્પર્ય કે ગુણરૂપી સુગંધ વિનાનું સાધુ જીવન જરાય શોભતું નથી. તો અહીં સાધુ જીવનના અનુ-સંધાનમાં કયા ગુણોરૂપી સુગંધ લેવી એ પ્રશ્ન સહેજે થાય છે. એના ઉત્તરમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્ર-સૂરીશ્વરજીની ભાષામાં કહીએ, તો–'જ્ઞાન દર્શન ચારિત્ર રૂપ રત્નત્રય ધરાઃ'

જ્ઞાન–દર્શન–ચારિત્ર રૂપી રત્નત્રય, તે મોક્ષ માર્ગ છે. અર્થાત્ ત્રણ ગુણ રૂપી ત્રણ રત્નમય મોક્ષ માર્ગ છે.

મોક્ષ સાધવાનો માર્ગ, મોક્ષને સાધનારા સાધુઓને જીવનમાં જીવવાનો માર્ગ છે.

જ્ઞાન એટલે મોક્ષના ઉપાયોનું જ્ઞાન. દર્શન એટલે સમ્યગ્ જ્ઞાનથી નક્કી થયેલા મોક્ષના ઉપાયો ઉપરની અચળ શ્રદ્ધા.

ચારિત્ર એટલે સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ દર્શનથી નક્કી થયેલા મોક્ષના ઉપાયોનું શક્તિ મુજબ જીવનમાં આચરણ.

આ ત્રણે ગુણો; સર્વ ગુણોમાં પ્રધાન છે, માટે રત્નની ઉપમાને પાત્ર છે, અને એ ત્રણ જ સાધુ જીવનની સાચી સુગંધ છે.

મોક્ષના ઉપાયોનું યથાસ્થિત જ્ઞાન અને તેવી શ્રદ્ધા હજુ ગૃહસ્થાવસ્થામાં થઈ શકે છે. પરંતુ તેનું જીવનમાં પરિપૂર્ણ પાલન–આચરણ તો સાધુ જીવનમાં જ શક્ય છે. એમ સર્વ શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવ્યું છે અને તે માટે જ્ઞાન, દર્શન ચારિત્રને પોષક અનેક પ્રકારની ચર્ચાઓ અને સામાચારીઓ બતાવેલ છે. તેમાં દસ પ્રકારની ચક્રવાલ સામાચારી અને દસ પ્રકારની પ્રતિદિન સામાચારી મુખ્ય છે.

મોક્ષના અનન્ય ઉપાયભૂત મૂલ ગુણો અને ઉત્તર ગુણો, મહાવ્રતો અને સમિતિ ગુપ્તિઓ અખંડપણે પાળી શકાય. તે માટે જે સરળ માર્ગ તેનું નામ સામાચારી.

સાધુ જીવનના સર્વ અંગોને સ્પર્શ કરે તે રીતે તે સામાચારીઓ રચાયેલી છે. કારણ કે તેના રચયિતા સર્વજ્ઞ–સર્વદર્શી ભગવાન તીર્થંકર પરમાત્માઓ છે.

એ સમાચારીનું પાલન શ્રી તીર્થંકર પરમાત્માઓના શાસનમાં સર્વ સુવિહિત આચાર્યો અને મુનિવરો આજ સુધી કરતા આવ્યા છે અને આજે પણ શક્તિ મુજબ કરી રહ્યા છે અને તેના પ્રતાપે તેમના મૂળ ગુણો અને ઉત્તર ગુણો તથા દસ પ્રકારના યતિ ધર્મોની શુદ્ધિ જળવાઈ રહે છે.

દસ પ્રકારની પ્રતિદિન સામાચારીમાં સાધુ જીવનને લગતા પડિલેહણ પ્રતિક્રમણ, પ્રમાર્જન, કાલગ્રહણ, ભિક્ષાગ્રહણ તથા આહાર નિહાર કરણ આદિ કાર્યોમાં સાચવવા યોગ્ય વિધિનો સમાવેશ થઇ જાય છે અને દસ પ્રકારની ચક્રવાલ સામાચારીમાં, મુખ્યત્વે સાધુ–સાધુ વચ્ચેના પરસ્પરના નિત્ય વ્યવહારમાં કેવી જાગૃતિપૂર્વક વર્તવું જોઇએ, તેનો સુંદર વિધિ બતાવેલો છે.

અહીં આપણે તે ચક્રવાલ સામાચારીની સુપ્રસિદ્ધ પ્રથમ ત્રણ સામાચારી સાધુ જીવનમાં કેવી વ્યાપક છે. અને મનુષ્ય માત્રના જીવન ઘડતરમાં કેવી ઉપકારક છે તે જોવું છે.

તે ત્રણ સામાચારીનાં નામ અનુક્રમે ઇચ્છાકાર, મિચ્છાકાર અને તહકાર છે.

કેટલાકની એવી ફરિયાદ છે, કે જૈન સાધુ કે શ્રાવક જીવનનું બધું સ્વરૂપ સુંદર છે, ઉચ્ચ અને આદર્શરૂપ છે. જૈનોના અહિંસા, સંયમ અને તપ પોતાની ઉચ્ચતા અને ઉજ્જવળતા બીજાની સમક્ષ આજે પણ જાળવી રહ્યા છે; પરંતુ એક મનુષ્યે બીજા મનુષ્યની સાથે કેમ વર્તવું, કે એક શ્રાવકે બીજા શ્રાવક સાથે કેમ વર્તવું, કે એક સાધુએ બીજા સમાન ધર્મી સાધુની સાથે કેમ વર્તવું, તે સંબંધી જેવું જોઈએ તેવું શિક્ષણ જૈન ધર્મમાં આપવામાં આવ્યું હોય, તેમ લાગતું નથી.

આ ફરિયાદ આજે ઘણાઓની છે પણ તે બરાબર નથી. જેઓએ પ્રાચીન કે અર્વાચીન પ્રમાણભુત જૈનાચાર્યોના ગ્રન્થો કે ઉપદેશોનો જિજ્ઞાસુ બુદ્ધિથી થોડો પણ પરિચય સાધ્યા હશે કે સાધશે, તેઓને એ વાત પ્રથમ દૃષ્ટિએ જ પૂરેપૂરી ખ્યાલમાં આવી ગયા સિવાય નહિ રહે. જૈનધર્મમાં જેમ ક્ષુદ્રમાં ક્ષુદ્ર જંતુની પીડા વર્જવા માટે સચોટ ઉપદેશ આપવામાં આવ્યો છે, તેમ પ્રાણીવર્ગમાં શ્રેષ્ઠ એવી મનુષ્ય ગતિ અને મનુષ્ય જાતિમાં રહેલા જીવોની સ્વલ્પ પણ પીડા વર્જવા માટે અને તેમને સન્માર્ગની પ્રાપ્તિ સર્વ રીતે સુલભ બનાવવા માટે ઘણા ઉત્તમ પ્રકારના માર્ગો પૂરતી ઝીણવટથી તથા જીવનના પ્રત્યેક અંગોના પૃથક્કરણપૂર્વક બનાવેલા છે. તે બધાંનો સમાવેશ પૂર્વાચાર્યોએ માર્ગાનુસારીના ન્યાયસંપન્ન વિભવ આદિ ૩૫ ગુણોમાં અને દ્રવ્ય શ્રાવકના અક્ષુદ્રત્વાદિ ૨૧

ગુણોમાં કરેલ છે. અને તેના ઉપર જ ધાર્મિક જીવનનો પાયો રચવાનું ફરમાવેલ છે.

એ પાયા ઉપર રચાયેલી ધાર્મિક જીવનની ઈમારતને વધુ સંગીન તથા સુદૃઢ બનાવવા માટે સાધુ જીવનની પ્રાપ્તિ થયા પછી પણ દસ પ્રકારની ચક્રવાલ સામાચારીમાં ઇચ્છાકાર, મિચ્છાકાર અને તહકાર સામાચારીઓને જીવનમાં પ્રધાન સ્થાન આપવાનું ફરમાવેલું છે.

વર્તમાન જૈનાચાર્યો પૈકી જેઓ શાસ્ત્રોના અભ્યાસમાં ઘણા ઊંડા ઉતરેલા છે તથા સાધુ જીવનના વિશિષ્ટ ઘડતર માટે જેઓ વિશેષ રસ લઈ રહ્યા હોય છે, તેઓનો એ અભિપ્રાય છે કે જૈન–સાધુ–જીવનનો કોઈ સાર હોય, કોઇ અર્ક હોય, તો તે દસ પ્રકારની ચક્રવાલ સામાચારીનું પાલન છે. અને તેમાં પણ પ્રથમની ત્રણ સામાચારી બધા સાધુ આચારોનો મુગટ છે. કારણ કે પ્રથમની એ ત્રણ સામાચારીના સાંગોપાંગ શુદ્ધ પાલન વિના, જીવનની સાંગોપાંગ શુદ્ધિ થવી અશક્ય છે.

પહેલી ઈચ્છાસામાચારી એમ શીખવે છે, કે મોટા સાધુએ નાના સાધુ પાસે પણ કોઇ કાર્ય કરાવવું હોય, તો ઇચ્છા–પ્રધાન બનવું જોઇએ. અર્થાત્ નાના સાધુ કે શિષ્યની ઈચ્છા જોઈને જ તે કાર્ય કરવા માટે તેને ફરમાન કરવું જોઈએ.

બીજી મિચ્છા સામાચારી એમ શીખવે છે કે—નાના

કે મોટા સાધુથી નાનામાં નાની ભૂલ થઇ જાય, તો તે તરફ જો કોઈ ધ્યાન ખેંચે, અથવા તે પોતાની જાણમાં આવી જાય, તો તેણે તો ભૂલનો મિથ્યા દુષ્કૃત યાચવો જોઇએ અર્થાત્ તેનું પ્રાયશ્ચિત કરીને શુદ્ધ થવું જોઈએ.

ત્રીજી તહકાર સામાચારી એમ શીખવે છે, કે વડીલ મુનિ કે ગુરૂ તરફથી જે કાંઈ ફરમાન કરવામાં આવે, તેને તે જ ક્ષણે 'તહત્તિ' શબ્દ કહીને સ્વીકારી લેવું જોઇએ અને પૂર્ણ કરી આપવું જોઈએ.

આ ત્રણ સામાચારીનું આંશિક (વાચિક અને વ્યાવહારિક) પાલન પણ કેટલું પ્રભાવશાળી નીવડે છે, તે આજની રાજસત્તા, તેનો અધિકારી વર્ગ કે સમગ્ર આંગ્લ પ્રજાના ચાલુ ભાષાના શબ્દ વ્યવહાર ઉપરથી પણ સમજી શકાય છે.

નોકરને કે આશ્રિત વર્ગને પણ કાર્ય કરવાનું ફરમાન કરતાં પહેલાં 'પ્લીઝ' (Please) અને તે પૂર્ણ થયા બાદ 'થેંક્યુ' (Thank you) શબ્દનો પ્રયોગ ઇચ્છા સામાચારીનું જ જાણે આંશિક અનુકરણ હોય તેમ નથી લાગતું ?

જાણતાં અજાણતાં ભુલ થઇ જાય છે તો તરત 'વેરી સોરી' (Very Sorry) I beg your pardon please excuse me વગેરે શબ્દોનો થતો પ્રયોગ એ

મિચ્છા સામાચારીનું જાણે આંશિક અનુકરણ હોય, તેમ નથી લાગતું ?

'Yours most obedient servant' 'yours faithfully' એ વગેરે શબ્દો તહકાર સામાચારીના શાબ્દિક ઝાંખી રૂપ નથી લાગતા શું ?

શબ્દ માત્રથી પણ જ્ઞાનીઓના માર્ગનું આંશિક અનુકરણ પણ વ્યવહારની કેટકેટલી મુશ્કેલીઓને હઠાવનાર તથા કેટકેટલા કાર્યની સુગમતાથી સિદ્ધ કરનાર થાય છે, તે આજે પ્રત્યક્ષ છે.

તો એ ત્રણ સમાચારીનું પાલન, અનંત જ્ઞાની શ્રી જિનેશ્વર પરમાત્માની અનંત હિતકર આજ્ઞા સ્વરૂપ માનીને મન-વચન-કાયા ત્રણેયની શુદ્ધિ પૂર્વક જીવનની પ્રત્યેક પળે-મુનિ જીવનમાં થતું હોય, તો મુનિ જીવનની મહત્તા, ગુણકરતા કે શુભંકરતાનું વર્ણન કોણ કરી શકે ?

મિથ્યા આગ્રહ મિથ્યા દબાણ, મિથ્યા અભિમાન-એ ત્રણે દોષરહિત મુનિ જીવનની આધ્યાત્મિક ગરિમા ખરેજ સ્વ-પર કલ્યાણકારક છે, તેમાં કોઈ શંકા નથી.

દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્માની પરમ વાત્સલ્યમય જીવનપદ્ધતિનો સચોટ આવિષ્કાર, આ ત્રણ સામાચારીમાં છે. તેનું તે રીતે પાલન કરવામાં મુનિ જીવનની સાર્થકતા છે.

□

૨ આદર્શ મુનિ જીવન

ઓછામાં ઓછું બોલવું અને અધિકમાં અધિક કામ કરવું, આ બે વસ્તુમાં મુનિ જીવનનો સાર આવી જાય છે.

ન છૂટકે બોલવું પડે ત્યારે પણ પોતાની પ્રશંસા અને બીજાની નિંદાનો એક પણ શબ્દ ન આવી જાય, તે માટે પૂરતા સાવધ રહેવું જોઈએ.

નિંદનીય પણ નિંદા પાત્ર નથી, પણ કર્મસ્થિતિનો વિચાર કરીને દયા ચિંતવવા લાયક છે અને જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય, ત્યાં સુધી પોતાનો આત્મા તો પ્રત્યક્ષ-પણે અત્યંત નિર્ગુણી હોવાથી જરા પણ પ્રશંસા કરવા લાયક નથી.

ઉપકારીઓ તરફથી વારંવાર આપવામાં આવતી આ જાતની હિત શિક્ષાઓમાં અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિથી

વિચાર કરતાં ઘણો ઘણો સાર સમાયેલો છે. એવું સ્પષ્ટ પણે પ્રતીત થાય છે.

અનેક વર્ષો સુધી શાસ્ત્રોના પરિશિલન પછી અને વિનય પૂર્વક સદ્‌ગુરુઓ પાસે વસીને પોતાના અનુભવથી સિદ્ધ થયેલી—આ હિત શિક્ષા દેખાવમાં ભલે સામાન્ય જણાતી હોય, પરંતુ અર્થથી ઘણીજ ગંભીર આશયવાળી અને શાસ્ત્રોના મંથનમાંથી નીકળેલી હોવાથી આત્માને અત્યંત હિતકારી અને પરિણામે અત્યંત લાભ આપનારા સાક્ષાત્ અમૃતના કુપ જેવી છે.

આ વિષમ કાળમાં જો દરેક મુનિ આ શિખામણને અત્યંત આદર પૂર્વક અપનાવી લે, તો પણ ઘણું—ઘણું સાધી શકે—એટલી જોગવાઈ તેમાં સમાયેલી છે.

ભાવ દયાના સાગર સમાન પરમ ઉપકારી ગુરૂદેવો તરફથી નિઃસ્વાર્થ ભાવે આપવામાં આવતી—આ હિતશિક્ષાની પાછળ ખરેખર ઉપકારીઓની ભાવ દયા જ તરવરે છે.

મૂઢ આત્માઓ આ હકીકત સમજી શકતા નથી—એ ખેદ જનક છે.

શાસ્ત્રકાર મહર્ષિઓએ ત્રણ જગતના જીવોમાં સૌથી વધારે સુખી કોણ હોઇ શકે ? તેની વ્યાખ્યા કરતાં દેવ લોકના સુખનું સુંદર રીતે વર્ણન કર્યું છે, પરંતુ એ વર્ણન કર્યા પછી અંતે તો દેવલોકના સુખને ભોગવતા—એ બધા સુખી આત્માઓના સુખને ટપી જાય તેટલો

સુખી, ફકત એક વર્ષના દીક્ષા પર્યાયને ધારણ કરનાર મુનિ હોય છે, એમ સ્પષ્ટપણે જણાવ્યું છે.

એટલે શાસ્ત્રોકત વિધિ પ્રમાણે જો મુનિ, હિતચિંતકો તરફથી જે પ્રમાણે હિતશિક્ષાઓ મળતી જાય, તે પ્રમાણે તેને ઝીલતો જાય અને શકિત ગોપવ્યા સિવાય તેનું શકય પાલન કરવામાં અપ્રમત્તપણે ઉદ્યમશીલ બને, તો તે મુનિ એક જ વર્ષમાં દેવલોકના સર્વ સુખી આત્માઓના સુખને ટપી જાય છે.

સર્વ પ્રકારનું સાંસારિક સુખ–એ દુઃખ જન્ય અને દુઃખજનક હોવાથી, તેની ઉપેક્ષા કરતો મુનિ, કદી પણ સુર–સુખના સુખની સ્વપ્નમાં પણ વાંચ્છા કરતો નથી, પણ હંમેશાં સુર–સુખને દુઃખરૂપ જ ગણે છે.

જયારે અનુત્તર વિમાનમાં વસતા દેવો રાત–દિવસ પ્રતિક્ષણ મુનિ–સુખની પ્રાપ્તિની ઝંખના કરે છે.

છ ખંડના અધિપતિ ચક્રવર્તીને પણ જયારે મુનિ ધર્મની મહત્તા સમજાય છે, ત્યારે તે પણ પોતાની અઢળક સમૃદ્ધિને તૃણ સમાન ગણી, તેનો ત્યાગ કરી, આનંદ પૂર્વક સાધુપણાનો સ્વીકાર કરે છે. અને તેમ કરવામાં પોતાના જન્મની સાર્થકતા માને છે.

આ રીતે સંસારના સર્વ સુખી આત્માઓમાં મુનિઓનો નંબર સૌથી પહેલો આવે છે.

શ્રી અરિહંતાદિ પંચ પરમેષ્ઠિઓનો પણ મુનિઓમાં સમાવેશ થાય છે.

મુકિત પ્રાપ્તિ માટે મુખ્ય–ધોરી–માર્ગ મુનિ ધર્મનું યથાર્થપણે પાલન કરવું તે છે. તે સિવાય મુકિતના બીજા બધા માર્ગો–એ અપવાદિક માર્ગો છે. અને તે માર્ગથી કોઇ જીવ કવચિત જ મુકિતમાં જાય છે.

મુનિ ધર્મનું આ માહાત્મ્ય લખવાની પાછળ મુખ્ય હેતુ, એ રહેલો છે, કે આવા પ્રકારના ઉત્તમ ફળદાયક અને સર્વ શ્રેષ્ઠ મુનિ ધર્મનો સ્વીકાર કર્યા પછી તેનું કેવી રીતે પાલન કરવું કે જેથી સ્વીકાર કરેલું મુનિપણું સારી રીતે સફળ થાય.

શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવેલું આ મુનિપણું એવા પ્રકારનું છે, કે તેનું પાલન ઘરમાં બેસીને અથવા એકલા વસીને થઇ શકતું નથી, પણ તે માટે ગુરૂ કુળવાસમાં વસવું પડે છે.

અનંત ઉપકારી શ્રી જિનેશ્વર દેવોએ સંયમ પાલનના જે ફાયદાઓ બતાવ્યા છે, તે ફાયદાઓ માટે જે વિધિ બતાવી છે, તેનું યથાર્થ પાલન કરવામાં ન આવે, ત્યાં સુધી તે ફાયદાઓ કદી પણ પ્રાપ્ત થતા નથી.

જે સંયમ એક જ ભવમાં મુક્તિ અપાવે, તે સંયમનું અનેકવાર પાલન કર્યા છતાં પણ જો આપણી મુક્તિ થઈ નથી, તો તેનું કારણ આજ્ઞા મુજબની વિધિપૂર્વકની આરાધનાની કચાશ છે.

પ્રત્યેક ક્રિયાનું જે-જે ફળ બતાવ્યું છે તે-તે ક્રિયાઓ યથાર્થ ફળ ત્યારે જ આપે છે, કે જ્યારે તે-તે ક્રિયાઓનું વિધિપૂર્વક આરાધન કરવામાં આવે, અન્યથા નહિ.

ઉત્તમ ક્રિયાઓ પણ જો ફળતી નથી, તો તેનું કારણ તે જે પ્રમાણે કરવી જોઇએ, તે પ્રમાણે થતી નથી તે છે, પણ તે ઉત્તમ ક્રિયાઓમાં ફળ આપવાનું સામર્થ્ય નથી, એમ નહિ.

જે જે ક્રિયાઓનું જે-જે ફળ શાસ્ત્રોમાં જણાવ્યું છે, તે-તે ક્રિયાઓનું તે જ ફળ મળી શકે છે.

જેમ શ્રી જિનપૂજાનું ફળ સંયમની પ્રાપ્તિ છે. એટલે સંયમની પ્રાપ્તિ માટે શ્રી જિનપૂજા કરવી, તે તેની વિધિનું પાલન છે. અને જે રીતે જિનપૂજા શાસ્ત્રકારોએ કહી છે, તેવી જ રીતે કરવામાં આવે, તો ફળ દાયક નીવડે પણ અન્ય ઈરાદે કરવામાં આવતી શ્રી જિનપૂજા ન ફળે, તેમાં જિનપૂજાનો પ્રભાવ ઓછો છે-એમ ન કહેવાય, પણ તેમાં અવિધિનું આચરણ છે-એમ જ કહેવાય.

શ્રી જિનપૂજારૂપ ઔષધનું સેવન કરવું અને સંયમ પ્રાપ્તિના વલણથી દૂર-દૂર ભાગવું અથવા કેવળ સાંસારિક સુખના ઇરાદે જિનપૂજા કરવી-એ ઔષધનું સેવન કર્યા પછી કુપથ્ય સેવવા જેવું છે. અને કુપથ્ય સેવનથી થતા નુકસાન માટે ઔષધને દોષિત ન જ ઠરાવાય. આ પ્રમાણે દરેક ક્રિયાઓમાં સમજી લેવું.

મુનિપણું એ સર્વ શ્રેષ્ઠ વસ્તુ છે અને તેનું પાલન અનંત ઉપકારીઓની આજ્ઞા મુજબ ગુરૂકુળવાસમાં રહીને જ થઇ શકે છે. ગુરૂકુળ વાસમાં વસવા છતાં પણ મુનિ જો અનંત જ્ઞાનીઓની આજ્ઞા મુજબ વર્તન ન કરે, તો તે ગુરૂકુળવાસ પણ તેને ફળદાયક બની શકતો નથી, પણ અનેક પ્રકારની ભયંકર વિરાધનાનું સ્થાન બને છે. અને પરિણામે આત્માની અધોગતિનું જ કારણ બને છે.

સાધુપણાનો સ્વીકાર કર્યા પછી ગુરૂકુળ વાસમાં મુનિએ કેવી રીતે રહેવું જોઈએ, કે જેથી તેનો આરાધક ભાવ સદા ટકી રહે અને ગુરૂકુળવાસથી મળતા બધા અનુપમ લાભો તે મેળવી શકે, તે વાત સંક્ષેપથી કહેવાનો અહીં ઉદ્દેશ છે.

જે ગુરૂકુળવાસમાં મુનિએ વસવાનું છે, ત્યાં સહવર્તી સર્વ મુનિઓ હંમેશાં એક જ વિચારના કે એક જ પદ્ધતિના હોય, તે બનવાજોગ નથી.

અનાદિ કાળથી સર્વે આત્માઓના સ્વભાવો કુદરતી રીતે ભિન્ન ભિન્ન પ્રકારે ઘડાયેલા હોય છે. તેમનું તે ઘડતર એકાએક ફેરવી શકાતું નથી.

વળી સર્વ આત્માઓની ભવસ્થિતિ પણ એક સરખી હોતી નથી. કોઈ લઘુકર્મી આત્મા અલ્પ કાળમાં મુક્તિમાં જવાનો છે, તો કોઇ આત્મા લાંબે કાળે મુક્તિમાં જવાનો છે.

ભવસ્થિતિ પરિપક્વ થયા વિના આત્મા ઉપર લાગેલા રાગાદિ મળો, એ ઇચ્છે તો પણ ઓછા થઈ શકતા નથી અને ભવસ્થિતિની પરિપક્વતા એ કોઈની બનાવેલી વસ્તુ નથી પણ સ્વાભાવિક જ અથવા પાંચ સમવાયોના મેળાપથી નીપજતી વસ્તુ છે. આ પાંચે સમવાયોનો મેળાપ એ કોઈના હાથની વસ્તુ નથી.

એટલે જે ગુરૂકુળવાસમાં મુનિએ વસવાનું છે, ત્યાં ભિન્ન-ભિન્ન પ્રકૃતિના આત્માઓ હર હંમેશ રહેવાના જ. અધિક ગુણી, સમાન ગુણી, હીનગુણી અને નિર્ગુણી– આ પ્રમાણે ચાર વિભાગમાં સર્વ પ્રકારના આત્માઓનો સમાવેશ થાય છે.

આ ચારે પ્રકારના આત્માઓ સાથે વસનાર મુનિ, જો સાવધ ન રહે, તો તેને સર્વ સ્થાનેથી બંધાવું પડે. અને જો સાવધ રહે, તો આ ચારે સ્થાન એના આત્મા માટે હિતદાયી નીવડે.

જ્યારે-જ્યારે પ્રસંગ પડે, ત્યારે-ત્યારે પોતાનો આરાધક ભાવ ટકાવી રાખવા માટે આ ચારે પ્રકારના મુનિઓ સાથે મુનિ કેવી ભાવનાપૂર્વક રહે, તે અહીં બતાવવામાં આવે છે.

પોતાથી અધિક ગુણીને દેખી તે ખરેખર રાજી થાય તેના ગુણની હાર્દિક અનુમોદના કરે. અને એમ વિચારે કે હું નસીબદાર છું કે આવા ગુણવાન મુનિરાજનો મને સહવાસ સાંપડયો છે.

સમાન ગુણવાળાને જોઇને એમ ચિંતવે, કે આ જગતમાં સર્વ વસ્તુ સુલભ છે, પણ સમાન ગુણવાળા આત્માઓનો સમાગમ થવો, તે ખરેખર દુર્લભ છે, જે ગુણની પ્રાપ્તિ મેં કરી છે, તેજ ગુણની પ્રાપ્તિ આ ગુણવાન આત્માઓએ કરી છે અને તેનો મને સમાગમ થવાથી હું ધન્ય છું.

હીન ગુણવાન આત્માને જોઇને એમ ચિંતવે, કે આ જગતમાં સર્વ આત્માઓ જો મારાથી અધિક ગુણવાન હોત તો મારા ગુણની કિંમત શી રહે? જો કોઈ યાચક જ ન હોય, તો દાતારની દાનની શી કિંમત રહે?

જો યાચક છે તો જ દાતાર દાન આપી શકે છે અને થોડું આપીને અનંત પુણ્ય ઉપાર્જે છે, માટે મારાથી હીન ગુણવાળા આત્માઓ છે, તો મને પણ પુણ્ય ઉપાર્જન કરવાની તક મળે છે.

નિર્ગુણી આત્મા જોઈને ભવસ્થિતિ વિચારવી.

દશ ક્રોડ શ્રાવકોને જમાડવાથી જે પુણ્ય ઉપાર્જન થાય છે, તે પુણ્ય એક મુનિને પણ દાન આપનાર શ્રાવક ઉપાર્જન કરે છે, તો જે મુનિ પ્રાસુક અન્ન–પાણી આદિ લાવીને બીજા મુનિની ભક્તિ કરે છે. તેના પુણ્યનું તો પૂછવું જ શું?

ગુરૂકુળ વાસમાં વસતા પ્રત્યેક મુનિએ સહવર્તી સહુ મુનિઓ સાથેના વ્યવહાર આદિમાં સતત આવો ખ્યાલ

રાખવો, તે અત્યંત હિતાવહ છે. જો બીજાના કર્તવ્ય તરફ જોવા ગયા તો અનેક મુશ્કેલીઓ ઊભી થશે. અને આરાધક ભાવ ડહોળાઈ જશે.

બીજાનું શું કર્તવ્ય છે? એ જોવાનો અધિકાર ગુરૂઓને છે, આપણને નથી. અને આ રીતે અનધિકારથી હસ્તક્ષેપ થાય છે એટલે આરાધનામાં મુશ્કેલીઓ ઊભી થાય છે.

મુનિ ધર્મનો સ્વીકાર પોતાના આત્માને સુધારવા માટે છે, એ હકીકતને ભૂલી જઈને યોગ્યતા પ્રાપ્ત કર્યા સિવાય બીજાને સુધારવાની પ્રવૃત્તિમાં જ પડી જવું એ સર્વથા અનુચિત છે.

અધિકાર પ્રાપ્ત કર્યા સિવાય, સત્ય વસ્તુઓનો ઉપદેશ પણ નુકસાન કરે છે, તેમજ રજુ થયેલા સત્યનું પણ અપમાન થાય છે.

આ રીતે આપણી ગફલતના કારણે આપણે સત્ય વસ્તુની અવગણના કરાવનારા બનીએ છીએ અને અવગણના કરનારા આત્માને પણ ભારે કર્મી બનાવનારા બનીએ છીએ.

મુનિને બીજાઓને હિતશિક્ષા અથવા અન્યમાં રહેલી ભૂલો પણ ત્યારે જ બતાવવાની આજ્ઞા છે, કે જ્યારે સામી વ્યક્તિ ખરેખર ઇચ્છતી હોય, ત્યારે પણ તેની ઇચ્છા વિરૂદ્ધ જો સાચી પણ ભૂલ બતાવવામાં આવે છે, તો તે

નુકસાન કારક નીવડે છે અને પરિણામે અંદરો અંદર રોજે રોજ નવી નવી અથડામણો ઊભી થાય છે, તેથી આરાધના વિઘ્ન પ્રચુર બની જાય છે.

જગતમાં મોટે ભાગે જે અશાન્તિ દેખાય છે, તેનું મુખ્ય કારણ એ છે, કે દરેક જીવને પોતાના વિચાર અને પોતાના સિદ્ધાંત પર એટલો બધો મદાર હોય છે, કે તેમાં જો કોઈ તેની ઇચ્છા વિરૂદ્ધ દખલ કરે છે, તો તે તરત જ ઉશ્કેરાઈ જાય છે. પોતાના દરેક આચાર વિચારમાં તે હંમેશાં સ્વતંત્ર રહેવા ઇચ્છે છે અને તેમાં જો કોઇ ઉપકાર બુદ્ધિથી પણ વચ્ચે પડે છે, તો અથડામણ ઊભી થયા સિવાય રહેતી નથી.

તેથી જ શાસ્ત્રકારોએ મુનિઓ માટે ઇચ્છા સામાચારી બતાવી છે. અને સામાનું હિત કરવું હોય તો તેમાં તેની ઇચ્છા કરાવ્યા પછી કરવું એવી આજ્ઞા છે. કારણ કે હિત પણ સામાની ઇચ્છા જગાડચા સિવાય થઈ શકતું નથી. જો ખરેખર એમ થઈ શકતું હોત, તો અનંત કરુણાવંત શ્રી તીર્થંકર ભગવંતોએ સર્વ જીવોને ક્યારનાયે મુક્તિમાં પહોંચાડી દીધા હોત.

ઇચ્છા એ એક એવી વસ્તુ છે કે તે જાગ્યા પછી માણસ બહુજ હર્ષભેર તે દિશામાં કાર્યરત બની જાય છે.

ઇચ્છાના બળે જીવ કરવતથી પોતાનું શરીર રાજીખુશીથી કપાવે છે, ઇચ્છાથી જીવ સળગતી ચિતામાં ઝંપ-

લાવવા તૈયાર થાય છે અને મુક્તિ માટે ભગીરથ પ્રયત્ન પણ જીવ ઇચ્છાથી જ કરે છે. માટે શ્રી જિનેશ્વરદેવોએ મોટે ભાગે પ્રથમ ઇચ્છા કરાવ્યા પછી જ કાર્ય કરાવવાનું ફરમાવ્યું છે.

અનિચ્છાએ કરાવેલાં મોટાં-મોટાં કાર્યો પણ પરિણામે એટલાં પ્રભાવક નીવડતા નથી, જેટલાં પ્રભાવક ઇચ્છાએ કરાવેલાં નાનાં નાનાં કાર્યો નીવડે છે.

સાથોસાથ એ પણ સ્પષ્ટ છે કે ગુરૂકુળવાસમાં વસતા મુનિમાં સહવર્તી મુનિઓ પાસેથી કંઈને કંઈ સારૂં ગ્રહણ કરવાની વૃત્તિ પણ હોવી જોઈએ, કારણ કે જે આત્મા મુનિ ધર્મ સ્વીકારે છે, તેનામાં આવી કોઈ પણ વિશિષ્ટતા હોય છે જ.

એટલે જે ગુણ મેળવવા જેવો હોય, તો તે નાના કે મોટા ગમે તે મુનિમાં હોય, તો તે મેળવવા માટે મુનિએ પ્રયત્નશીલ બનવું જોઈએ. જેથી આપસમાં પણ સ્નેહ અને વાત્સલ્યભાવની વૃદ્ધિ થાય. નાનાઓ પાસેથી પણ ગુણ ગ્રહણ કરવામાં નાનમ નથી અને તેનાથી મોટાની મહત્તા ઘટતી નથી, પણ વધે છે.

જેટલી ઉતાવળ જીવને બીજાને ગુણ આપવાની છે, તેટલી ઉતાવળ અર્થાત્ ઉત્સુકતા બીજામાંથી ગુણ ગ્રહણ કરવામાં આવી જાય, તો મુનિ જીવન ઘણું ઉજ્જવળ બની જાય.

મુનિપણાને ઉચિત સર્વ ક્રિયાઓ, મુનિ અપ્રમત્તપણે આચરે, અલ્પ નિંદ્રા લે અને તે સિવાયના કાળમાં જ્ઞાન, ધ્યાન, સ્વાધ્યાય, વૈયાવચ્ચ, આદિમાં રત રહે–તે જ તેના મુનિજીવનને સાર્થક કરનાર છે.

આ રીતે શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞા અનુસાર પાળેલો સંયમ, આત્માને વર્તમાન કાળે પણ અત્યંત હિતકર તેમજ અન્ય અનેકને આદર્શરૂપ બને છે.

ગુરૂકુળ વાસમાં વસતા મુનિએ પોતાના શ્રેયાર્થે એક વાત ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે, કે જે ક્રિયા કરવાથી વિષય અને કષાયની મંદતા થાય તેજ ક્રિયામાં જીવ પરોવવો...તેમાં જ પ્રવૃત્તિ કરવી.

જે ક્રિયાઓ કરવાથી વિષય–કષાય પાતળા પડતા નથી, તે ક્રિયાઓ ગમે તેટલી મોટી હોય, છતાં આરાધના માર્ગમાં તેની કાંઈ કિંમત નથી. તેવી ક્રિયાઓ માત્ર કાય કલેશરૂપ અને નિરર્થક બોજા રૂપ બને છે. રેત ફાકવાથી ભૂખ ભાંગતી નથી, તેમ એવી ક્રિયાઓથી વિષય–કષાય પાતળા પડતા નથી.

અનંતઉપકારી શ્રી જિનેશ્વરદેવોએ ફરમાવેલી વિવિધ પ્રકારની આજ્ઞાઓમાંથી કોઇ પણ આજ્ઞા લઇશું, તો તે આજ્ઞાની પાછળ એક જ ભાવ રહેલો જણાશે કે કોઈ પણ રીતે વિષય–કષાય નબળા અતિ નબળા પડે! બસ, આ મુખ્ય ધ્વનિ પ્રત્યેક આજ્ઞાની ભીતરમાં ગૂંજે છે.

જે ક્રિયાની પાછળ આત્માનું હિત નથી, તે ક્રિયા-પરમાર્થથી ક્રિયા જ નથી. લાખો અને કરોડોના વેપારમાં પણ જો નફો નથી, તો તે વેપાર જેમ નિરર્થક છે, તેમ આત્મ શુદ્ધિમાં નહિ પરિણમતી મોટામાં મોટી ક્રિયાઓ પણ નિરર્થક છે.

છેવટે ઓછામાં ઓછું બોલવું અને અધિકમાં અધિક કામ કરવું-એ પ્રમાણે આ લેખની શરૂઆતમાં બતાવેલ બે શબ્દોના પાકા અમલની મુનિ જીવનમાં ખાસ જરૂર છે. અન્યથા સાચી પ્રગતિ અશકચાવત્ બને છે, વિઘ્નોની પરંપરા વધતી જાય છે.

આથી આદર્શ મુનિ જીવનના ઘડતર માટે ઓછામાં ઓછું બોલવું-એ સર્વોત્તમ ઉપાય છે.

ન બોલવા માટે એક અનુભવીએ લખેલ શ્લોક, મુનિ જીવનને ઉજ્જવળ બનાવવા માટે કેટલેક અંશે ઉપયોગી હોવાથી તેનો અર્થ નીચે ટાંકયો છે.

પૂછચા વિના કોઈની સાથે બોલવું નહિ. ખરાબ ઈરાદાએ પૂછનારને ઉત્તર આપવો નહિ. બુદ્ધિમાન પુરૂષે અનર્થકર બાબતોમાં કરવું પડે તો કેવળ જડની જેમ આચરણ કરવું જોઈએ.

આયંબિલ-રહસ્ય

૫

(૧) વર્ધમાન તપનો મહિમા...

(૨) આયંબિલતપની વિશેષતા.

(૩) આયંબિલતપના અનુપમ લાભ.

(૪) આયંબિલનાતપ વિષે તાત્ત્વિક પ્રશ્નોત્તરી.

૧ વર્ધમાન તપનો મહિમા

ધર્મ એ સર્વોત્તમ–સર્વોત્કૃષ્ટ મંગળ છે. એમ શ્રી જૈનશાસનમાં ભારપૂર્વક પ્રતિપાદન કરેલ છે. તે ધર્મ સર્વજ્ઞ કથિત હોવો જોઈએ. સર્વજ્ઞ કથિત ધર્મની કસોટી તેના શુદ્ધ સ્વરૂપ ઉપરથી થઈ શકે છે.

મુક્તિના હેતુભૂત દસ પ્રકારનો ધર્મ, સર્વજ્ઞ શાસનમાં કહેલો છે. ધર્મના એ દસે પ્રકાર સ્વરૂપથી શુદ્ધ છે. જેની સાધના વડે આત્મા શુભ પરિણામ યુક્ત બને છે, તે ધર્મ અનુષ્ઠાન સ્વરૂપથી શુદ્ધ છે.

જેમકે અહિંસા યા પ્રાણીદયા એ એક એવું અનુષ્ઠાન છે, કે જેને આચરવાથી કોઈ પણ માનવ શુભ ભાવનાને પામ્યા સિવાય રહે નહિ.

એજ રીતે સત્ય, સંયમ, બ્રહ્મચર્ય ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ આદિ ધર્મો એવા છે, કે તેનું અનુષ્ઠાન કે સેવન કરનાર કોઈ પણ આત્મા શુભ અધ્યવસાય પામે જ.

તપ પણ એક એવો ધર્મ છે, કે જેને આચરનાર શુભ ધ્યાન યુક્ત બને છે. અને એ શુભ ધ્યાન દ્વારા, આત્મા કર્મ નિર્જરાનો ભાગી બને છે.

સર્વજ્ઞ કથિત શ્રી જિનશાસનમાં મોક્ષના હેતુભૂત દસ પ્રકારના ધર્મમાં તમને પણ સ્થાન છે.

શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી મહારાજા પરમાત્મા શ્રી મહાવીરસ્વામી પ્રભુજીની સ્તુતિ કરતાં ફરમાવે છે.

'તપ, સંયમ, સુનૃતં, બ્રહ્મ, શૌચ, મૃદુતા, ઋજુતા, અકિંચનતા, નિર્લોભતા, અને ક્ષમા એ દસ પ્રકારનો ધર્મ જેમનો પ્રકાશેલો જયવંતો વર્તે છે, તે શ્રી જિનેન્દ્ર પરમાત્મા મને શરણભૂત હો !'

બાહ્ય અને અભ્યંતર તપ

ઉપરોક્ત શ્લોકમાં તપધર્મને પ્રથમ મૂકયો છે.

અહિંસા, સત્ય, અચૌર્ય અને બ્રહ્મચર્યાદિ ધર્મો, ધર્મ સ્વરૂપ છે જ, તેમ તપ ધર્મ પણ ધર્મ સ્વરૂપ છે અને તે બધા ધર્મોની જેમ મુખ્ય છે. એ વાત સમજાઈ જવી તે કંઈક અઘરું હોવા છતાં સત્ય છે.

તપના મુખ્ય બે પ્રકાર છે.

(૧) બાહ્ય (૨) અભ્યંતર

બાહ્ય તપમાં મુખ્યત્વે સંસારની શુદ્ધિનો હેતુ મનાયેલો છે.

શરીર અને મન એ બે સર્વથા સ્વતંત્ર પદાર્થો નથી, પણ એક બીજા સાથે એવી રીતે જોડાયેલા છે, કે એકની અસર બીજા ઉપર પડયા સિવાય રહેતી નથી. તેમ બાહ્ય તપ અને અભ્યંતર તપ એક બીજા સાથે જોડાયેલા છે, એકની અસર બીજા ઉપર પડે છે. બંને પરસ્પર સહાયક, પૂરક અને ઉપકારક છે.

બાહ્ય તપમાં આહાર અને શરીરની ચેષ્ટાઓના ત્યાગની પ્રધાનતા છે.

અભ્યંતર તપમાં અશુભ વિચાર અને મનના વિવિધ વ્યાપારોના ત્યાગની પ્રધાનતા છે.

અશુભ ચેષ્ટા અને વ્યાપારોના ત્યાગની સાથે શુભ અને શુદ્ધ વ્યાપારોના આસેવનનું વિધાન પણ બંને પ્રકારના તપમાં રહેલું છે—એ રીતે શુભ ધ્યાનના હેતુભૂત હોવાથી બાહ્ય અને અભ્યંતર બંને પ્રકારનો તપ શ્રી જિનશાસનમાં આત્માને હિતકર માનેલો છે.

તપ દુઃખરૂપ નહિ, પણ સુખરૂપ છે. કાયાને પીડા આપનાર નહિ, પણ વિશુદ્ધ કરનાર છે. મુખ્યત્વે તો બંને પ્રકારના તપ એક બીજાને પૂરક બની કર્મોને તપાવનારા છે, જીવને કે કાયાને નહિ.

બંને પ્રકારના તપ જીવને તો સમતા બક્ષે છે કાયા અને મનને વિશુદ્ધ તથા નિર્મળ બનાવનાર છે. રોગીને ઔષધ જેટલું હિતકારક છે, તેટલો જ કર્મ-રોગીને આ બંને પ્રકારનો તપ હિતકારક છે.

૨ આયંબિલ તપની વિશેષતા

શ્રી જિન શાસનમાં બાહ્ય અને અભ્યંતર એ પ્રકારના તપ ઉપરાંત અનેક પ્રકારના પ્રકીર્ણ તપ પણ બતાવેલા છે.

તેમાં વર્તમાન કાળે પણ સુખપૂર્વક આચરી શકાય તેવો શ્રી વર્ધમાન આયંબિલ તપ મુખ્ય છે.

આ તપ કર્મ નિર્જરાનું અમોઘ સાધન છે. કારણ કે તેમાં આહારના ત્યાગની પ્રધાનતા નથી; પણ આહારમાં રહેલા રસ અને તેના સ્વાદના ત્યાગની પ્રધાનતા છે.

દુર્બળ શરીર અને નિર્બળ સંઘયણવાળા જીવો આહાર ત્યાગરૂપ તપની આસેવના દીર્ઘકાળ સુધી કરી શકે નહિ, અને તે દ્વારા કર્મ-નિર્જરાનો લાભ મેળવી શકે નહિ, પરંતુ શ્રી વર્ધમાન આયંબિલ તપ કે જેમાં દિવસે એક વખત આહાર લેવાય છે, તેમાં માત્ર રસ યુક્ત પદાર્થોનો જ ત્યાગ કરવાનો હોઈને તે તપ દીર્ઘ-

કાળ સુધી થઈ શકે છે. અને તે દ્વારા કર્મ નિર્જરાનો અમોઘ લાભ. તપસ્વીનો આત્મા મેળવી શકે છે.

વર્ધમાન આયંબિલ તપ એટલે વધતા ક્રમનો આયંબિલ તપ. તેની શરૂઆત એક આયંબિલથી થાય. એક આયંબિલ પછી એક ઉપવાસ કરવો પડે. પછી બે આયંબિલ કરવાં પડે. તેના ઉપર એક ઉપવાસ કરવો પડે. તે પછી ત્રણ આયંબિલ અને એક ઉપવાસ આવે, પછી ચાર આયંબિલ અને એક ઉપવાસ કરવો પડે. પછી પાંચ આયંબિલ અને એક ઉપવાસ આવે.

આ રીતે સળંગ વીસ દિવસના આ તપપૂર્વક શ્રી વર્ધમાન આયંબિલ તપનો પાયો માંડી શકાય. જે મોક્ષ-રૂપી મહેલના મજબૂતમાં મજબૂત પાયારૂપ ગણાય છે.

શાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે, કે જે મુનિનું ભોજન અસાર છે અર્થાત્ નિરસ છે, તે તો તપ કર્મને ભેદવા માટે સાર એટલે વજ્ર તુલ્ય છે. અને જેનું ભોજન સાર એટલે રસયુક્ત છે, તેનો તપ અસાર એટલે કર્મને ભેદ-વામાં દુર્બળ છે.

આયંબિલના ભોજનમાં સારભૂત કહેવાતા પદાર્થોનો સર્વથા ત્યાગ છે. જેમ કે દૂધ, દહીં, ઘી, ગોળ, તેલ આદિ વિગઈઓનો, મેવા–મિષ્ટાન–ફળ–મરચાં મસાલાનો અને રસ વર્ધક પદાર્થોનો આયંબિલ તપમાં સર્વથા ત્યાગ કરવાનો હોય છે.

તેથી આ તપ કર્મરૂપી પર્વતોને ભેદવા માટે વજ્ર તુલ્ય નીવડે છે.

ઉત્કૃષ્ટપણે આયંબિલ કરવાની રીત એ છે કે જેમાં રસકસવાળા પદાર્થોના ત્યાગ ઉપરાંત ધાન્યના સ્વાદનો પણ ત્યાગ કરવાનો છે. અને તે માટે ધાન્ય બફાયા પછી વાપરતી વખતે તેના ઉપર ચાર આંગળ પાણી આવે તે રીતે તેને પાણીમાં મેળવી એક રસ કરી ગળે ઉતારી જવામાં આવે છે.

આ રીતે રસ હીન કરેલું ભોજન વાપરવાથી રાગ–દ્વેષની પરિણતિ પોષાવાનું સહેજ પણ નિમિત્ત તેમાં મળી શકતું નથી.

આરોગ્ય શાસ્ત્રની દ્રષ્ટિએ આયંબિલ તપ

અહીં પ્રશ્ન એ છે કે આરોગ્ય શાસ્ત્રની દૃષ્ટિએ તેમ કરવું વ્યાજબી છે ?

કેવળ વ્યાજબી જ નહિ, પણ અત્યંત જરૂરી છે.

આરોગ્ય બે પ્રકારનું છે.

એક દ્રવ્ય આરોગ્ય અને બીજું ભાવ આરોગ્ય.

ભાવ આરોગ્ય આત્માનું અને દ્રવ્ય આરોગ્ય શરીરનું એ બંને પ્રકારના આરોગ્ય ઉત્કૃષ્ટ આયંબિલ તપનું સેવન કરવાથી સુધરે છે, એમાં લેશ માત્ર સંદેહ નથી.

જઘન્ય પ્રકારનું આયંબિલ તે છે, કે જેમાં અન્ય રસનો ત્યાગ તો છે જ, પરંતુ ધાન્યના રસનો ત્યાગ

કરવા માટે તેને ચાર આંગળ પાણીથી તરતું કરવામાં આવતું નથી. અને ધાન્ય સાથે પાકું મીઠું, (સિંધવ) મરી, સુંઠ ભેળવેલા કઠોળ આદિ લેવાની છૂટ છે.

જઘન્ય આયંબિલનો અભ્યાસ વધતાં મધ્યમ અને ઉત્કૃષ્ટ આયંબિલ સુધી પહોંચી શકાય છે. કારણ કે તપનો અભ્યાસ પણ જ્ઞાનાભ્યાસની જેમ ક્ષાયોપશમિક ભાવ યુક્ત હોવાથી અભ્યાસથી વૃદ્ધિ પામવાના સ્વભાવ-વાળો છે. એથી જ પ્રારંભમાં એક ઉપવાસ કે એક આયંબિલ કરી શકનાર, અભ્યાસ વધતાં માસખમણ કે લાગલગાટ સેંકડો આયંબિલનો તપ સહેલાઈથી કરી શકે છે.

પ્રાણ પોષક અન્ન કે રસ ?

અહીં એટલું યાદ રાખવાનું છે કે પ્રાણનો સંબંધ અન્નની સાથે છે. પણ રસની સાથે નહિ. એકલા અન્નથી જીવી શકાય છે. પણ એકલા રસથી નહિ.

માંસાહારી પ્રજાને પણ ધાન્યની પૂરતી જરૂર પડે છે. માંસમાં ભલે રસ હો, પણ પ્રાણ પોષક તત્ત્વ તો ધાન્યમાં છે.

એજ રીતે દૂધ, દહીં, ઘી, ગોળ કે તેલમાં રસ ભલે હો, પણ ધાન્ય વિના કેવળ તે રસોનું ભોજન ઔદારિક શરીરને ટકાવનાર નહિ. પણ ક્ષીણ કરનાર નીવડે છે. તેમજ વધુ પડતાં મરચાં, મસાલા, ચટણી અથાણાં વગેરે લેનારાઓ આંખના, મસાનાં, સાંધાના અનેક રોગોથી પીડાતા હોય છે.

રસ એ આરોગ્યનો પોષક નહિ, પણ ઘાતક છે એ વાતને સિદ્ધ કરવા માટે આથી વધુ દૃષ્ટાન્ત આપવાની જરૂર જણાતી નથી.

જગતમાં આટલી બધી દવાઓ, ઔષધિઓ અને ઇન્જેકશનોની શોધો થવા છતાં હજુ રોગો મટતા કેમ નથી? તેનો ઉત્તર એક જ છે, કે રોગના મૂળ કારણરૂપ રસોનું સેવન ઊભું જ છે, જ્યાં સુધી તેના ઉપર પર્યાપ્ત અંકુશ નહિ સ્થપાય, ત્યાં સુધી અવશ્ય ભાવિ પરિણામથી મુક્ત પણ નહિ થવાય.

આયંબિલ તપમાં આરોગ્યને ઘાતક એવા રસોનો સર્વથા ત્યાગ છે. પણ આરોગ્ય અને બળને પોષક એવા ધાન્યનો નિષેધ નથી.

એ જ કારણે આયંબિલનો તપ કરનાર લાગ લગાટ છ મહિના, બાર મહિના બે વર્ષ અને ત્રણ વર્ષ જેટલા દીર્ઘ કાળ સુધી તે તપનું સેવન વર્તમાન કાળમાં પણ કરી શકે છે.

શ્રમણ ભગવાન શ્રી મહાવીર સ્વામીના સમયમાં સળંગ ચૌદ વર્ષ, ત્રણ મહિના અને વીસ દિવસ સુધી એટલે સો ઓળીના સળંગ ૫૦૫૦ આયંબિલ અને પ્રત્યેક ઓળીને અંતે એક એમ સો ઓળીના ૧૦૦ ઉપવાસ કરી. ૫૧૫૦ દિવસનો આ તપ કરનારા અને તે દ્વારા કર્મનો અંત લાવનારા મહાન તપસ્વીઓ વિદ્યમાન હતા.

તેમજ વર્તમાન કાળે પણ આ મહાન તપ કરનારા અનેક પુણ્યાત્માઓ શ્રી જૈન સંઘમાં વિદ્યમાન છે.

બળનું કારણ કેવળ આહાર નહિ. પણ પુણ્ય છે.

લૂખું ખાવાથી અશક્તિ આવે કે નહિ?

આવે અને ન પણ આવે. ગણધર ભગવંત શ્રી ગૌતમ સ્વામીજી છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ કરતા હતા. તેમ છતાં શરીર ઉતરતું ન હતું.

આજે પુણ્યશાળીઓ તપ કરે છે, છતાં તપ નહિ કરનારા કરતાં તેમનાં શરીર વધારે ખડતલ અને કાર્યક્ષમ દેખાય છે. તેમ છતાં તેવું શારીરિક પુણ્ય જેઓનું નથી. તેઓને માટે તપના પારણે પરિમિત વિગઈ લેવાનો નિષેધ નથી. વિગઈઓનું સેવન જેમ રોગ વૃદ્ધિનો હેતુ છે. તેમ સકારણ તેનું સેવન રોગ નિવારણ કરનાર પણ થાય છે.

હૃષ્ટપુષ્ટ અને બળવાન કાયા વાળાને માત્ર ધાન્યથી શરીર બરાબર નભી શકે છે. નિર્બળને માટે અપવાદ છે. અને તે અપવાદના માર્ગે તેને ઔષધની જેમ વિગઈ આદિ રસોનું સેવન ગુણકારક પણ બને છે.

પુણ્યના ઉદયવાળા લૂખું અને રસ વગરનું ખાવા છતાં સશક્ત અને નિરોગી હોય છે અને પાપના ઉદયવાળા ચોપડયું અને સ્નિગ્ધ વાપરવા છતાં અશક્ત અને રોગી હોય છે.

નિયમ તો એ છે કે જેઓને નિરોગી અને બળવાન કાયા મળે છે. તે પૂર્વના તેઓના તપ ધર્મના આદરનું જ શુભ પરિણામ છે.

શ્રી બાહુબલીજીનું બળ, શ્રી જંબૂકુમારનું રૂપ, શ્રી વજ્રસ્વામીજીની કાયા એ શું સ્નિગ્ધ ભોજનનું પરિણામ હતું ? કે તેની પાછળ તેમનો પૂર્વનો તપ હતો ?

એથી વિરુદ્ધ રોગી, અશક્ત, દુર્બળ કે કદરૂપા માણસો સ્નિગ્ધ ભોજન ન મળવાના કારણે જ તે સ્થિતિને પામેલા હોય છે કે તેના બીજાં પણ કારણો રહેલાં છે, તેનો વિચાર સામાન્ય માણસને હોતો નથી. તેથી તેઓ એકાંત હિતકર, સુખકર અને ગુણકર આયંબિલનો તપ કરવાની વાત આવે ત્યાં અશક્તિ–નિર્બળતાની ફરિયાદ કરવા લાગી જાય છે.

તપ એજ મોટું બળ

તપ એજ મોટું બળ છે. તેની વૃદ્ધિ માટે થોડુંક શારીરિક કષ્ટ અનિવાર્ય છે. કોઈ પણ વિશિષ્ટ વસ્તુની સિદ્ધિ માટે પરિશ્રમ અનિવાર્ય છે, તેમ અહીં મુક્તિ માર્ગમાં પણ વિશિષ્ટ હેતુની સિદ્ધિ માટે તપ અનિવાર્ય મનાયેલો છે.

તપ શૌર્યનો પોષક છે. એની પાછળ જ્ઞાનનું બળ છે એથી વૈરાગ્યની વૃદ્ધિ છે. તપ એ મુક્તિરૂપી પરમ આરોગ્યની નિકટતમતાનું કારણ છે. તથા બ્રહ્મચર્ય આદિ ધર્મોનો પ્રાણ છે. માટે ખરેખર બળવાન છે.

3 આયંબિલ તપના અનુપમ લાભ

શ્રી વીતરાગ, સર્વજ્ઞ પરમાત્માના શાસનમાં આયંબિલ તપનું અને તેમાંય વર્ધમાન આયંબિલ તપનું વિધાન, આત્માના સાચા સુખની પ્રાપ્તિનાં મૌલિક અને અજોડ ઉપાય તરીકે કરવામાં આવ્યું છે.

મોક્ષની પ્રાપ્તિ ધર્મથી છે અને તે ધર્મ, ચિત્તની શુદ્ધિ અને પુષ્ટિરૂપ છે.

ચિત્તનું જડમાં આકર્ષણ રૂપ માલિન્ય દૂર થતું જાય છે, એ શુદ્ધિ અને જ્ઞાનાદિ ગુણોનો આવિર્ભાવ તે પુષ્ટિ છે. તેના ફળ સ્વરૂપે આત્મા ઉપરથી મોહનું જોર ઘટવારૂપ અને જ્ઞાનાદિ ગુણોનો પ્રકાશ થવારૂપ ધર્મભાવથી સ્વભાવનો અનુભવ કરતા આત્મા પરભાવમાંથી સર્વથી મુક્ત થવારૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે.

ચિત્તની શુદ્ધિ અને પુષ્ટિનો આધાર, જેટલો સમ્યગ્ જ્ઞાન ઉપર છે, તેના કરતાં વધારે મનના વિજય ઉપર છે.

મનના વિજય માટે ઇન્દ્રિયોનો વિજય અતિશય આવશ્યક છે. આ વિજય વિષયો પર અંકુશ સ્થાપવાથી થાય છે.

ઇન્દ્રિયોના શબ્દાદિ વિષયો વિકારક અને અવિકારક એમ બે પ્રકારના છે. તેમાં વિકારક વિષયો ઇન્દ્રિયોને બહેકાવી ચિત્તને મલિન કરે છે. અવિકારી વિષયોથી ઇન્દ્રિયોનો ઉત્પાત શાન્ત થાય છે, ચિત્તમાં સંતોષ અને પ્રસન્નતા પ્રસરે છે.

માટે જ અનાદિ કાળની વાસનાઓથી બદ્ધ જીવને વિકારક વિષયોથી બચવું તે અતિ આવશ્યક છે. તે કાર્ય આયંબિલના તપથી સહેલાઈથી બની શકે છે.

આયંબિલનો આહાર કેવળ રસનાને જ નહિ, પણ બધી ઇન્દ્રિયોને વશ કરવામાં સમર્થ છે. કારણ કે અવિ-કારક આહારથી બનેલું લોહી (ધાતુઓ) નિર્વિકારક હોવાથી મસ્ત (તોફાની) ઇન્દ્રિયોની મસ્તી ટળે છે અને શાન્તિ પ્રગટે છે. પરિણામે મન પણ શાન્ત અને શુદ્ધ બનતું જાય છે. જડનું પક્ષકાર મટીને ચેતનનું પક્ષકાર બનતું જાય છે.

આ હકીકત કેવળ શબ્દોથી બરાબર સમજાવી શકાય તેમ નથી, પણ શ્રદ્ધા અને અનુભવ ગમ્ય છે. આવો અનુભવ કરનારા ભાગ્યવંત આત્માઓ આજે પણ અનેક છે.

જેમ ભૌતિક પદાર્થોના ખેંચાણથી ભૂત જેવા બની ગયેલા જીવો છે, તેમ એવા પણ આત્માઓ આજે પણ વિદ્યમાન છે કે જેઓનાં જીવન જગતને આશીર્વાદરૂપ

બની રહ્યાં છે. તેઓ આત્મસુખનો અલૌકિક આનંદ અનુભવે છે અને જગતની પાપમય ખટપટોથી દૂર છે. અનેક જીવોને સન્માર્ગદર્શક બની રહ્યા છે તે પણ કેવળ ઉપદેશ દ્વારા નહિ પણ જીવનની શુદ્ધ ચર્ચા દ્વારા.

કોરી વિદ્વતાને વરેલા આત્માઓ જે આનંદ અનુભવતા નથી, તે આનંદ આયંબિલ તપ કરનારો અને પચાવનારો સંતોષી આત્મા અનુભવી શકે છે.

આ હકીકત કોરી કલ્પના નથી. પણ એક પરમ સત્ય છે.

પ્રતિદિન પરિગ્રહ અને પાપોમાં તણાઈ રહેલ દુનિયાના રોગોનું કારણ એક વિકારક ભોગો અને વિકારક આહાર છે.

વિકારક ભોગોથી વધતી જતી જડની મમતા ઉત્તરોત્તર પરિગ્રહ (મુર્છા)ને જ વધારે છે અને એ મુર્છાને વશ બનેલો જીવ પાંચે ઇન્દ્રિયોનો દુરૂપયોગ કરતો અબ્રહ્મરૂપ વ્યભિચારને સેવતો થઈ જાય છે.

કેવળ પરસ્ત્રી ભોગના અન્યાયને જ વ્યભિચાર નથી મનાતો, પણ કાન, આંખ, નાક, જીભ કે સ્પર્શ એ પાંચે ઇન્દ્રિયોના દુરપયોગને (અન્યાય) વ્યભિચાર મનાય છે.

એમ વિકારક ભોગો માનવીને પાંચે ઇન્દ્રિયોના અન્યાયરૂપ વ્યભિચારને વશ કરી દે છે. એ વ્યભિચારની

સામગ્રીનો અસંતોષ વધારીને તે માટે ચોરી, લૂંટ જેવા પાપો કરાવે છે. અસત્ય બોલાવે છે અને કેવળ ક્ષુદ્ર જીવોનાં જ નહિ, પણ માનવોનાં પણ ખૂન કરાવે છે.

આજે દેશ, પરદેશમાં બની રહેલા ઉત્પાતો અને અહિંસાને નામે વધી રહેલી ઘોર હિંસા વગેરે એના ઉદાહરણરૂપ છે.

એમ એક વિકારક આહાર જીવને હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર અને પરિગ્રહ વગેરેના ઘોર પાપોમાં ધકેલી જગતમાં અશાન્તિનો દાવાનળ સળગાવે છે.

તેમાંથી બચવા–બચાવવા વીતરાગ શાસનના મૌલિક ઉપાય તરીકે નિર્વિકારક આહાર ઉપદેશ્યો છે. જેના પરિણામે આત્મા વિષયોનો વિરાગી બની સંતોષી, સદાચારી, બ્રહ્મચારી, શિયળવંત, નીતિમાન, સત્યવાદી અને અહિંસક બને છે, પરંપરાએ કર્મમળથી મુક્ત થઈ અજરામર પદને પામે છે.

આમ વિચારતાં સમજાશે કે આત્માના પરમ સુખનું મૂળ નિર્વિકાર આહાર છે. જેનાથી આત્મા શુદ્ધ વાણી અને વિચાર દ્વારા મન–વચન–કાયાના દ્રવ્ય રોગોની શુદ્ધિ કરતો દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ ભાવ યોગોને સાધીને સાચા સુખને પામે છે.

શરીરના આરોગ્ય ઉપર ચિત્તની નિર્મળતાનો અને પ્રસન્નતાનો આધાર છે.

તે આરોગ્ય, આરોગ્ય નથી કે જેમાં ઘણું અને વિકારક ખાવા છતાં પચી જાય. ખરી રીતે તો તે એક પ્રકારનો વિકરાળ રોગ છે કે જે પરિણામે જીવને ભૂત જેવો બનાવી મૂકે છે.

અલ્પ, નિર્વિકાર શુદ્ધ આહારથી શરીર સ્વસ્થ રહે, સત્કાર્યમાં સાથ આપે અને પાપ કર્મોથી પાછું હટે તે આરોગ્ય છે.

આવું આરોગ્ય ચિત્તમાં કરૂણા, વાત્સલ્ય પરોપકાર પરાયણતા, સ્વાશ્રયીભાવ પ્રગટ કરી, જગતનું કલ્યાણ કરવાની આત્માને પ્રબળ પ્રેરણા કરે છે. અને પરિણામે જીવ સત્કર્મોથી યશ, સંપત્તિ સમુહોને પ્રાપ્ત કરી જીવનમાં અસામાન્ય આનંદ ભોગવે છે. મૃત્યુને પણ પ્રસન્નતાપૂર્વક ભેટે છે.

આજે વધતા જતા રોગો અને દવાખાનાઓ વિકારક આહારનું જ પરિણામ છે. જાણીએ છીએ કે છેલ્લા વર્ગોમાં રોગોના પ્રતિકાર માટે દવાખાનાઓ અને દાક્તરોની સંખ્યામાં વધારો થવા છતાં રોગોનું પ્રમાણ ઘટવાને બદલે વધતું જ જાય છે. એનું કારણ હજુ આજના જગતને હાથ લાગ્યું નથી.

રોગોના પ્રતિકાર માટે વિવિધ વિચારણાઓ અને યોજનાઓ થઈ રહી છે પણ રોગો કેમ વધે છે? તેના મૌલિક કારણની શોધ કે તેનો સાચો માર્ગ હાથ લાગ્યો નથી.

ભારતની ભૂમિ ઉપર એવા મનુષ્યો જન્મ પામી રહ્યા છે, કે જેઓ ઉત્તરોત્તર નિર્બળ હોય. તેના કારણોમાં શાસ્ત્રીય વચનોને ઘડીભર બાજુએ રાખીએ તોય એમ કબુલવું પડશે કે ભોગ (વિષય સેવન)ની લાલસાનો અધિક ભોગ થઈ પડેલા પુરૂષો બ્રહ્મચર્ય–શીલના અભાવે સ્વયં નિર્બળ થતા જાય છે, જેમ જેમ શરીરબળ ખૂટે તેમ–તેમ વિષય વાસનાને કાબુમાં રાખવાનું સત્ત્વ પણ ખૂટે છે. પરિણામે એવા નિર્બળ માતા–પિતાથી પેદા થયેલ સંતાન પણ નિર્બળ પાકે છે.

ગર્ભાશયમાંથી નિર્બળતાને સાથે લઈને જન્મેલી પ્રજા સત્ત્વહીન અને વિષય વાસનાથી પરાભવ પામેલી પાકે છે એ એક નિર્ભેળ સત્ય છે.

સાત્ત્વિક અને બળવાન મનુષ્ય જ સદાચારમાં ટકી શકે છે.

આજના માનવને માંસાહાર કે અભક્ષ્ય વિકારી આહારની ઈચ્છા વધતી હોય, દેશાચાર, લોકાચાર, કુળાચાર અને ધર્માચારથી પણ આગળ વધીને અભક્ષ્ય વિકારક કે માંસ ઇંડા જેવો આહાર તેને ગમતા હોય કે અન્યાય, અનીતિ અને વ્યભિચાર જેવા પાપો કરવા સુધી પરાધીન બન્યો હોય, તો તેનું કારણ શરીરબળ અને સત્ત્વની ખામી છે.

ફલતઃ એ આહાર અને ભોગો એના ભિન્ન ભિન્ન

રોગોનું કારણ બની રહ્યા છે કે જે રોગોને ઘટાડવાની મોટી મોટી યોજનાઓ પણ નિષ્ફળ નીવડી છે.

એ રોગોને ઘટાડવા કે મટાડવા માટે આહારની શુદ્ધિ એક સાચો ઉપાય છે. આહાર સાદો, નિર્વિકારક, હલકો હોય, તો રોગોને જોર ન મળે.

આવા સંયોગોમાં માણસને રોગજનક આહારથી બચાવવામાં આયંબિલ એક ઉત્તમ સાથ આપે છે.

શાસ્ત્ર અને અનુભવ દૃષ્ટિથી એમ કહી શકાય તેમ છે કે આયંબિલના વિધિપૂર્વકના તપથી તેઓના અનેક વિધ રોગો દાંતના, ગળાના, મોંઢાનારોગોગેસ જેવા ક્રૂર હઠીલા વાયુના રોગો, કોઈ કોઈને ક્ષય (ટી.બી.) જેવા રોગો, લીલા સુકા ખરજવા કે કોઢ જેવા ચામડીના રોગો, દમ ઉધરસ–કફ–શ્વાસ વગેરે હૃદયના રોગો, સાંધાનો દુઃખાવો, સોજા, અંગો કામ કરતાં અટકી જવાં વગેરે અનેક રોગો ઉપરાંત ડાયાબીટીસ જેવા ઝેરી રોગો પણ મટી ગયા છે.

ગજા ઉપરાંત દેશી વિલાયતી દવાઓના ખર્ચ કર્યા પછી નિરાશ થયેલા કેટલાક દર્દીઓ આયંબિલથી સાજા થયાના દૃષ્ટાંતો પણ છે. તેઓના ડોકટરોએ પણ આયંબિલને સફળ ઔષધ તરીકે કબૂલ્યું છે.

આયંબિલમાં ઘી, દૂધ, દહીં, ખાંડ, ગોળ, માખણ, તેલ, મરચું, મિઠાઈ તથા ખટાશ વગરનું કેવળ બાફેલું

સેકેલું અનાજ કે અનાજની બનેલી વાનગીઓજ ખાવાની હોય છે. તે ઔષધરૂપ બની રોગોને હટાવી, શરીરને નિરોગી બનાવે છે. એમ શારીરિક આરોગ્ય માટે પણ આયંબિલ તપ એક પરમ ઔષધ છે.

શરીર, બુદ્ધિ અને સ્વસ્થ દરેકને નિર્વિકારી, નિરોગી અને સ્વસ્થ બનાવવા શ્રી વીતરાગ પરમાત્માએ વિહિત કરેલું આયંબિલ સુખના અર્થી જીવોને દરેક પ્રકારનું સુખ આપવા સમર્થ છે.

એના બળે પૂર્વ કાળે અનેક આત્માઓ સુખ સાધી ગયા છે અને આજે પણ સાધે છે.

૪ આયંબિલના તપ વિષે તાત્વિક પ્રશ્નોત્તરી

પ્રશ્ન – એક વાર લુખું ભોજન લેવાથી શરીરનું બળ ઘટે અને તેથી આરોગ્ય બગડે નહિ?

ઉત્તર – શરીરના બળનો આધાર પ્રાણશક્તિ છે અને તે પ્રાણશકિત, જેટલી આત્માની સાથે સંબંધ ધરાવે છે, તેટલી બીજી વસ્તુ સાથે નથી ધરાવતી, તે કારણે 'अन्नं प्राणा:' અન્ન એજ પ્રાણ છે. એવી લોકોકિત રૂઢ થયેલી છે. લુખું ભોજન લેવાથી ચરબી ઘટે એ વાત સાચી હોવા છતાં બળ ઘટે છે એ વાત સાચી નથી. સહન શકિત–પ્રાણ શકિત–રોગના હુમલાની સામે ટકવાની શક્તિ લુખાં ભોજન લેવાથી ઘટવાને બદલે વધે છે.

પ્રશ્ન – આયંબિલમાં તપ મુનિ જીવનને ભલે લાભકારક હોય, પણ ગૃહસ્થ જીવનને વધુ પ્રમાણમાં આયંબિલ તપ નુકસાન કારક નીવડે કે નહિ?

ઉત્તર – હરગીઝ નહિ. ત્યાગી મુનિ માટે આયં-

બિલ તપ જેટલા હિતકર છે, તેટલો જ, બલકે તેનાથી પણ વધારે લાભકારક ગૃહસ્થોને છે, કારણ કે ગૃહસ્થોને વધુ વખત અસત્ સંગતિમાં રહેવાનું છે, તેથી ખરાબ અસરથી બચવા માટે તેને વધુ સાધનની જરૂર છે. આયંબિલ તપ તેમાંનું એક પ્રબળ સાધન છે. કે જે ગૃહસ્થોને ખરાબમાં ખરાબ પ્રસંગે તેમજ ખરાબ સંસર્ગ વખતે પણ પતન પામતાં બચાવી લે છે.

સતત સત્સંગના અભાવે ગૃહસ્થો સાધુની જેમ દીર્ઘ કાળ સુધી આયંબિલ ન કરી શકે એ શકય છે. પણ આયંબિલનો તપ કોઇને પણ નુકસાન કરે એ અશકય છે.

પ્રશ્ન – આયંબિલના તપમાં દૂધ, ઘી વગેરે વિગઇઓના ત્યાગની સાથે વનસ્પતિનો પણ સર્વથા ત્યાગ છે, તો વનસ્પતિ વિના શરીર ટકે ?

ઉત્તર – ખોરાકમાં વનસ્પતિના જે ગુણોનું વર્ણન આજ--કાલ સાંભળવામાં આવે છે, તેમાં ભારોભાર અતિશયોક્તિ સિવાય બીજું કાંઈ જણાતું નથી.

એકલી વનસ્પતિથી ઢોર જીવી શકે, અન્ન એ વનસ્પતિનો અર્ક છે. તે છોડીને, વનસ્પતિ ઉપર મનુષ્યજાતને લઇ જવી તે તેને માણસ મટાડી જાનવર બનાવવાની કોશિષ છે, એમ કહીએ તો વધુ પડતું નહિ ગણાય.

વનસ્પતિના વધુ પડતા વપરાશથી આજે અનેક

રોગના ભોગ બનતા અનેક માણસો જોવામાં આવે છે, તેઓ જો ખોરાકમાંથી વનસ્પતિનો સર્વથા બહિષ્કાર કરે, તો સંભવ છે કે અનેક જાતના નવા ઉત્પન્ન થયેલા રોગો કાબૂમાં આવી જાય.

આયંબિલનો ખોરાક રોગહર છે, એમાં આ એક કારણ છે કે તેમાં વનસ્પતિનો સર્વથા ત્યાગ છે. આ વાત અનુભવથી સમજાય તેવી છે, કેવળ ડોકટરી વિદ્યાની ગુલામીથી સમજાય તેવી નથી.

પ્રશ્ન – નાની વયના બાળકોને આયંબિલનાં તપ કરાવવાથી તેઓના શરીરની વૃદ્ધિને હાનિ પહોંચે કે નહિ?

ઉત્તર – જે ભોજનમાં સ્વાદ નથી. તે ભોજન તરફ બાળકો આકર્ષાય એ કેવી રીતે માની શકાય? તેમ છતાં ધર્મના સારા સંસ્કારોવાળા માતા પિતા, વડીલો અને ગુરૂજનોના સંસર્ગે કોઈ બાળકને બાલ્યવયથી જ આયંબિલ તપનો અભ્યાસ પડતો હોય, તો તે કોઈ રીતે નુકશાન કર્તા નથી, પણ અનેક રીતે લાભ કર્તા છે.

તેવાં બાળકો ઇન્દ્રિયોના વિજેતા અને બ્રહ્મચર્ય આદિ સદ્‌ગુણોના પાલનમાં આગળ વધનારા જ બનશે. આ મહાન લાભની આગળ, શારીરિક બળ કોઈ વિસાતમાં નથી. તથા શરીરની વૃદ્ધિ માટેનું જરૂરી પોષણ પારણાદિના દિવસોમાં મળી રહે છે.

સ્નિગ્ધ ભોજનને પચાવવાની ખરેખરી શક્તિ પણ

તપ કરનારા તપસ્વીઓમાં સહજ ઉદ્ભવે છે. તેથી શરીરની વૃદ્ધિમાં કોઇ બાધ આવતો નથી.

પ્રશ્ન – આયંબિલ એ બાહ્ય તપ છે. અભ્યંતર તપની વૃદ્ધિ અર્થે તેને ગૌણરૂપ આપવામાં આવે તો ચાલે કે કેમ ?

ઉત્તર – પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગરૂપ અભ્યંતર તપની વૃદ્ધિ, જેઓને ખરેખર ઇષ્ટ છે તેઓને આયંબિલ તપ પ્રત્યે મોટામાં મોટું આકર્ષણ જન્મે છે. કારણ કે આયંબિલના દિવસોમાં એ છએ પ્રકારના અભ્યંતર તપ જેટલા રસપૂર્વક થઇ શકે છે, તેટલા રસપૂર્વક અન્ય દિવસોમાં થઈ શકતા નથી એ તેમને અનુભવ સિદ્ધ દેખાય છે.

ઉપવાસાદિ બાહ્ય તપ, અભ્યંતર તપને જરૂર સહાયકારક છે, પણ તે દીર્ઘકાળ સુધી થઇ શકતો નથી; જ્યારે આયંબિલનો તપ તો પ્રબળ પુરુષાર્થ કરવામાં આવે, તો જીવન પર્યંત પણ થઇ શકે છે, અને તે પ્રત્યેક દિવસોમાં અભ્યંતર તપની અસાધારણ વૃદ્ધિ કરી શકાય છે.

પ્રશ્ન – લુખા ભોજનમાં આટલા બધા ગુણો છે, તો લોક તેના પ્રત્યે આટલું અરૂચિવાળું કેમ રહે છે ?

ઉત્તર – તેમાં અનાદિ કાળની વાસના સિવાય બીજું કોઈ મુખ્ય કારણ જણાતું નથી. જો એ વાસનાને જીતવામાં આવે, તો ઔદારિક શરીરને વધુ સારૂં રાખ-

વાની તાકાત આયંબિલના લુખા ભોજનમાં છે, એ વાતની સચોટ ખાતરી થયા સિવાય રહે નહિ.

કહેવાય છે કે એક ડોકટરે મનુષ્ય શરીરને સૌથી સહેલાઈથી પચી જાય તેવો ખોરાક કયો, તેની શોધ-ખોળ શરૂ કરી શોધખોળ કરતાં એક દિવસ તેને વિચાર સ્ફુર્યો કે–

આહારને પચાવનાર પાણી છે, માટે પાણીના જુદા-જુદા વાસણોમાં તેણે જુદી જુદી જાતના આહારની વાનગીઓ ભેળવી અને પછી જોયું કે કઇ વસ્તુ પાણી સાથે સહેલાઇથી અને જલ્દીથી ભળી શકે છે.

પાણીના એક પ્યાલામાં તેણે લુખી રોટલી મૂકી.

બીજા પ્યાલામાં ચોપડેલી રોટલી મૂકી.

ત્રીજામાં તળેલી પૂરી મૂકી.

ચોથામાં મિઠાઈ મૂકી.

પાંચમામાં માંસ મૂકયું.

આ રીતે જુદા-જુદા પ્યાલામાં જુદી જુદી વાનગીઓ રાખી અને પછી જોયું, તો લુખી રોટલી સૌથી જલ્દી પાણી સાથે મળી ગઈ અને સૌથી છેલ્લું માંસ અને તે પણ પૂરેપૂરું મળ્યું નહિ.

આ પ્રયોગથી તેણે નક્કી કર્યું કે માનવીના શરીર માટે સૌથી સારો ખોરાક લૂખા અન્નનો છે.

આ સમગ્ર પ્રયોગની પાછળનો વિચાર, કોઇ પણ બુદ્ધિશાળી માણસ સમજી શકે તેવો છે અને તે એ કે **માણસ માટે લુખા અન્નનો આહાર ઉત્તમ છે.**

જૈન શાસ્ત્રો જીવન પર્યંત આયંબિલ કરનારને વખાણે છે અને તેનાથી માનવીના શરીરને લેશ માત્ર હાનિ થતી નથી, એમ દિવ્ય જ્ઞાનથી જોઇને કહે છે. ઉલટું બદલામાં જીવન પર્યંત આયંબિલ તપનું આરાધન કરનારને અદ્ભૂત લબ્ધિ સિદ્ધિઓ તથા શીલ સંતોષ વગેરે આધ્યાત્મિક લાભોની સાથે એકાવતારીપણું, અનુત્તર દેવગતિ વગેરે અલૌકિક લાભો થયાની નોંધ લે છે અને તેમાં મોટા મોટા ઐતિહાસિક પુરુષોની પણ ગણના છે.

પાંચે પાંડવોનું સૌભાગ્ય અને ચરમ કેવળી શ્રી જમ્બૂસ્વામીજીનો ત્યાગ એ તેમણે કરેલા આયંબિલ તપના અખંડ સેવનનો પ્રભાવ છે. એમ શાસ્ત્રો ભારપૂર્વક જણાવે છે. સહૃદયી વાંચકોને, આથી અધિક કયા પ્રમાણની જરૂર છે ? કોઇ જ નહિ.

પ્રશ્ન– આયંબિલ કરવાથી આંખે ઝાંખ આવે છે તેનું શું ?

ઉત્તર– વધુ સંખ્યામાં આયંબિલ થાય છે ત્યારે કોઈકવાર કોઇ વ્યક્તિને આંખે ઝાંખ આવે છે અને

રાત્રે બીલકુલ દેખાતું નથી એ વાત સાચી છે, પરંતુ તેની આંખની શક્તિ ઘટી છે, એમ માનવાને કારણ નથી; કારણકે તેવા તપસ્વીને પારણું થાય છે, તે જ દિવસે તે ઝાંખ દૂર થાય છે અને આંખની રોશની ઉઘડી જાય છે.

આંખે ઝાંખ વળવાનું કારણ એમ સમજાય છે કે કે આયંબિલના દિવસોમાં લૂખા ભોજનની સાથે, વાયુ નિવારણ કરવાની બુદ્ધિથી સુંઠ, મરી વગેરે ગરમ પદાર્થોનું વધુ પડતું સેવન થયેલું હોય છે, તેનું આ પરિણામ હોય છે.

કેટલીક વાર વધુ પ્રમાણમાં મીઠું (બલવણ) લેવાથી પણ આમ થાય છે.

એટલા માટે આયંબિલનો ઉત્કૃષ્ટ લાભ લેવાની ઇચ્છા હોય તેમણે અલૂણા (પાકા મીઠા વગરના) આહારનો અભ્યાસ પાડવો જોઇએ. મરી, સુંઠ વગેરે તો મુદ્દલ ન લેવા જોઈ એ.

પ્રશ્ન– ઉકાળેલું પાણી પીવાથી આંખે ગરમી ચડે છે એ વાત સાચી છે ?

ઉત્તર–બીલકુલ સાચી નથી. ઉકાળેલું પાણી શરીરના સમગ્ર આરોગ્યને ફાયદાકારક છે. એ વાત આજે વિજ્ઞાનથી પણ સિદ્ધ થયેલી છે. પાણીથી થતા રોગોનું નિવારણ કરવાનું તે સચોટ ઔષધ છે. આયંબિલ ન કરી શકનારે પણ હંમેશાં ઉકાળેલું પાણી પીવાનો અભ્યાસ પાડવો તે દ્રવ્ય–ભાવ ઉભય પ્રકારે હિતકારક છે.

ભિન્ન ભિન્ન પ્રદેશોનો ભિન્ન ભિન્ન ક્ષારોવાળું પાણી વાપરવાથી થતા અનેક રોગોથી બચવા માટે પણ ઉકાળેલું પાણી વાપરવાથી અચૂક ફાયદો થાય છે, સાથોસાથ વિચાર શુદ્ધિમાં પણ વૃદ્ધિ થાય છે.

પ્રશ્ન–આયંબિલના ભોજનથી દાંત ઢીલા પડે છે કે બગડે છે તે વાત સાચી છે?

ઉત્તર– દાંતના સઘળા રોગોનું કારણ સ્નિગ્ધ અને મિષ્ટ ભોજન છે. તેનો આરોપ લૂખા ભોજન ઉપર કરવો તે નિર્દોષ વસ્તુને સદોષ ઠેરવવાનો અઘટિત પ્રયત્ન છે.

આયંબિલથી દાંતના રોગો થાય છે એમ કહેવા કરતાં રોગો મટે છે એમ કહેવું એજ સત્ય છે.

પ્રશ્ન–આયંબિલથી ઉલ્ટી, કબજીઆત, હરસ, મસાદિ થાય છે તેનું કેમ?

ઉત્તર– જેણે કદી આયંબિલ કર્યું નથી, તે સર્વ પ્રથમ જ્યારે આયંબિલ કરે છે ત્યારે તેને લૂખું ભોજન ભાવતું નથી અને પરાણે ખાવા જાય તો તુરત જ ઉલ્ટી થાય છે અને ઉબકા આવે છે, ત્યારે ઘણા એમ માને છે કે–લૂખા ભોજનમાં ઉલ્ટી કરાવવાનો ગુણ છે, પણ આ માન્યતા સાવ ખોટી છે.

પ્રથમવારના આયંબિલમાં ઉલ્ટી થાય છે તેનું કારણ, આજ સુધી રસનાને વધુ પડતી પોષી છે, તેથી લૂખા ભોજન તરફ અરૂચિ દાખવે છે, અણગમો વ્યક્ત

કરે છે. એ વખતે ઉલ્ટી પણ થાય છે. છતાં જો આયંબિલ ચાલુ રાખવામાં આવે છે તો જીભ ટેવાઈ જાય છે, પરિણામે ઉલ્ટી બંધ થઈ જાય છે; એટલું જ નહિ પણ મીઠા ભોજનમાં જે સ્વાદ અનુભવાય છે. તેનાથી અધિક સ્વાદનો અનુભવ તેને થાય છે.

આ હકીકત એક નહિ પણ અનેક દાખલાઓથી સિદ્ધ થયેલી છે.

એવી જ વાત કબજીઆતની ફરીઆદની છે.

આયંબિલથી જે કબજીઆત થાય છે, તે ક્ષણજીવી હોય છે નવે નવા આયંબિલ કરનારને કબજીઆત થવાની શકયતા નકારી શકાય નહિ, પણ તેજ વ્યક્તિ જેમ જેમ આયંબિલમાં આગળ વધવા લાગે છે, તેમ–તેમ તેની કબજીઆતની ફરીઆદ સર્વથા નાબૂદ થઇ જાય છે. પેટના કોઇપણ રોગ માટે આયંબિલનું ભોજન એ સિદ્ધ ઔષધ છે.

આયંબિલથી હરસ–મસા થવાની ફરીઆદ, મોટે ભાગે તેઓની છે કે જેઓએ આયંબિલમાં બધા સ્વાદનો ત્યાગ કર્યો હોવા છતાં સુંઠ, મરી આદિ ગરમ પદાર્થોના સ્વાદ છોડયા નથી. જો આ પદાર્થોને પણ છોડી દેવામાં આવે, તો આયંબિલના કારણે કોઇ પણ રોગ થવાનો સંભવ નથી.

પ્રશ્ન– આયંબિલથી ધાતુ–શોષ થાય ?

ઉત્તર– આયંબિલ કરવાથી આરોગ્યને હાનિકર

ધાતુ-શોષ થતો નથી અને જે થાય છે, તે બ્રહ્મચર્યાદિ ગુણોને પુષ્ટિકારક હોવાથી પરિણામે લાભદાયી છે.

પ્રશ્ન-આયંબિલ કરવાથી જ્ઞાનતંતુ નબળા પડે કે કેમ ?

ઉત્તર- જ્ઞાનતંતુ નબળા પડવાનું કારણ આયંબિલ નથી, પણ વધુ પડતી ચિંતા કરવાની કુટેવ છે.

આયંબિલ તો એક સમર્થ ધર્માનુષ્ઠાન છે. અને ધર્માનુષ્ઠાનનું સેવન આત્માને સુગતિનો હેતુ છે, એવો દૃઢ વિશ્વાસ જેઓને છે, તેઓને ખોટી ચિંતાઓ કદી થતી નથી અને તેથી તેઓના જ્ઞાનતંતુઓ કદી પણ નબળા પડતા નથી.

પ્રશ્ન- આયંબિલના અદ્ભૂત લાભોનો જગતને પ્રતીતિજનક અનુભવ કરાવવાનો કોઇ સરળ ઉપાય બતાવી શકશો ?

ઉત્તર- એક ઉપાય સુઝે છે અને તે એ છે કે- તેલ, મરચાં, મસાલા આદિ ખાવાનો અભ્યાસ હજુ જેઓને છે નહિ, અર્થાત્ જેમણે આ પદાર્થો હજુ વાપર્યા જ નથી, તેવા શુદ્ધ જાતિવાન બાળકો ઉપર નાની વયથી જ આયંબિલ તપનો પ્રયોગ કરવામાં આવે તો, અમારી ખાત્રી છે કે તેમાંથી એકાદ બાળક વિશ્વોપકારી બની શકશે.

નાની વયથી જ આ જાતનો અભ્યાસ તેના જીવનમાં સત્ત્વ ગુણની અપૂર્વ વૃદ્ધિ કરાવનાર નીવડે. આ ગુણમાં બધા ગુણો સમાયેલા છે. એ સર્વવિદિત હકીકત છે

આ પ્રયોગ લાગણીથી, વાત્સલ્યથી ચીવટથી, ચતુરાઈથી એક મહાન વિશ્વોપકારક જીવનના ઘડતરના વિરૂદ્ધ આશયથી થાય તો તેનું પ્રતીતિજનક અદ્ભુત પરિણામ આવે તેમાં સંશય નથી.

પ્રશ્ન– આયંબિલ અને લૂખું ભોજન એ ખરેખર જો ઉન્નતિ અને વિકાસનો માર્ગ હોય, તો દુનિયામાં તેનાથી વિરુદ્ધ ભોજન–દૂધ, ઘી, તાજાં ફળ, લીલાં શાક, સુકો મેવો વગેરેનાં વખાણ થાય છે, તેનું કારણ શું છે?

ઉત્તર– પૂર્ણ આરોગ્યવાનને લૂખા ભોજનથી નિર્વાહ થઈ શકે છે. પરંતુ તેવું સંપૂર્ણ આરોગ્ય બધાના ભાગ્યમાં જન્મથી હોતું નથી. તેથી દૂધ, ઘી વગેરે વસ્તુઓ અમુક અમુક રોગ અને અશક્તિઓ ઉપર ગુણકર બને છે, તેમાં લેશ માત્ર શંકા નથી. પણ તે જ્યાં સુધી ઔષધિરૂપે રહે છે, ત્યાં સુધી તો ગુણકર બને છે અને તેની મર્યાદા વટાવી જાય છે. એટલે તે જ વસ્તુ ગુણને બદલે દોષ કરે છે.

દૂધ, ઘી વગેરેને વધારે પડતી પ્રતિષ્ઠા મળવાનું બીજું કારણ એ સમજાય છે કે ઇન્દ્રિયોનો સમુદાય હંમેશાં બળવાન હોય છે. વિદ્વાનોને પણ તે ઉન્માર્ગે ઘસડી જાય છે. તેમાં પણ રસના (જીભ) ઇન્દ્રિયનું જોર અધિક હોય છે. તે પોતાને ઇષ્ટ એવા વિષયોને હંમેશાં શોધતી જ જ રહે છે. અને રસપૂર્વક તેનું સેવન કરે છે, પરિણામે रसमूलानि व्याधयः અને 'भोगे रोग भयम्' ઈત્યાદિ ઉક્તિઓ ચરિતાર્થ થાય છે.

બળવાન ઇન્દ્રિયોને જીતવા માટે અને પરિણામે બાહ્ય–અભ્યંતર રોગથી મુક્ત થવા માટે પરમ હિતૈષી જ્ઞાની મહર્ષિઓએ આયંબિલ જેવો પરમ મંગળકારી તપ બતાવેલો છે. તેનું શ્રદ્ધા અને બુદ્ધિપૂર્વક સબહુમાન જેઓ સેવન કરશે તેઓ ઉભય લોકમાં ઉત્તમ સંપદાઓ પામીને અવ્યાબાધ સુખને વરશે, તેમાં લેશ માત્ર સંદેહ નથી.

પ્રશ્ન– આયંબિલ તપમાં આટલા બધા ગુણો છે, છતાં અન્ય દર્શનકારોએ તેનો ઉપદેશ કેમ આપ્યો નથી ?

ઉત્તર– શ્રી જિનશાસન સર્વજ્ઞ કથિત છે. તેની પ્રતીતિ માટે જેમ બીજી અનેક વસ્તુઓ આજે ઉપલબ્ધ છે, તેમ આ આયંબિલ તપ પણ એક વસ્તુ છે

કર્મરૂપી રોગને પૂર્ણપણે જાણીને તેના પ્રતિકારના અમોઘ ઉપાયો શ્રી જિનશાસનમાં ઉપદેશેલા છે, તે તેના પ્રણેતાઓની સર્વજ્ઞતા અને સર્વદર્શિતાની નિશાની છે.

પાંચ મહાવ્રતોની સાથે છટ્ઠુ રાત્રિ ભોજનનો ત્યાગ એ પણ સાધુ, શ્રાવકો માટે વ્રત તરીકે ઉપદેશ્યું છે, તે બીજે નથી.

સર્વજ્ઞતાનું કારણ વીતરાગતા છે અને વીતરાગતાનો હેતુ નિર્ગ્રન્થતા છે, તેથી મુમુક્ષુ આત્માઓને ધ્યેય તરીકે વીતરાગ અને નિર્ગ્રન્થ હોવા જોઇએ એવો ઉપદેશ શ્રી જૈનશાસ્ત્રોએ ભારપૂર્વક આપ્યો છે.

એ ઉપદેશને પરિણામે આજે પણ વીતરાગ અને નિર્ગ્રન્થની ઉપાસના માટે રાત્રિ ભોજન ત્યાગ, અભક્ષ્ય પદાર્થોનો ત્યાગ, આયંબિલનો તપ વગેરે અનેકાનેક વસ્તુઓ જિનમતના અનુયાયીઓ શ્રદ્ધાપૂર્વક આચરી રહ્યા છે.

તેમાં પણ છેલ્લા ૪૦ વર્ષના શ્રી જૈન સંઘના ઇતિહાસમાં શ્રી નવપદજીના આરાધન નિમિત્તે ઠેર-ઠેર આયંબિલની ઓળીઓ અને તેમાંય પણ એક વર્ણના ધાન્યની ઓળીઓ તથા અલૂણી ઓળીઓ તથા શ્રી વર્ધમાન તપ આયંબિલની ઓળીઓ અને આઠમ ચૌદસ આદિ પર્વોના દિવસોએ આયંબિલના વિધિપૂર્વકના તપની અસાધારણ વૃદ્ધિ થઈ રહી છે. તે નિકટમાં કોઇ પ્રભાવી પુરુષ, અતિશાયિ પુરુષના આગમનની વધામણી આપી રહી હોય તેમ જણાય છે.

કેટલાક માણસો આયંબિલ તપની વૃદ્ધિને નિર્ધનતાની નિશાની માને છે, તે તેમની ઘોર અજ્ઞાનતા સમજવાની છે.

આયંબિલનો તપ બેકારીના કારણે કે ભૂખમરાને લીધે થાય છે એમ માનવું તે પણ તેટલું જ અજ્ઞાન સૂચક છે.

આયંબિલ તપની રચના જ એવી છે કે સંવેગ અને વૈરાગ્યની અંશે પણ વૃદ્ધિ થયા વિના તેમાં મન જઇ શકતું નથી.

એટલા માટે જ્ઞાની ભગવંતોએ તપને દુઃખરૂપ માન્યો નથી, પણ જ્ઞાન, વૈરાગ્ય અને સંવેગરૂપ માનેલો છે.

દુઃખનું વેદન એ ઔદાયિક ભાવનો ઉદય છે, જયારે તપનું સેવન એ ક્ષાયોપશમિક ભાવનું લક્ષણ છે.

દુઃખ અને તપ વચ્ચે આ મોટો તફાવત છે. એક અનિચ્છાએ આવી પડતું કષ્ટ છે બીજું ઈચ્છાપૂર્વક સેવેલ ધર્માનુષ્ઠાન છે એનો કોઈ અજ્ઞાનના કારણે ગમે તેટલો ઉપહાસ કરે તો પણ સકળ કલ્યાણનું અને સકળ મંગળનું તે કારણ છે. તે શાસ્ત્રવચન કદી અન્યથા થવાનું નથી.

ભાવી હિતના અર્થી પ્રત્યેક આત્માએ આજથી જ આ તપનું સેવન જીવનમાં આપનાવવા જેવું છે.

શ્રી વર્ધમાન તપને મન–વચન–કાયાથી આરાધવા માટે જેઓ ઉદ્યત થયા છે, તેઓ જ ભવિષ્યના વિશ્વના મુકુટ થવાના છે.

ભાવના-રહસ્ય

૬

(૧) ધર્મ કલ્પવૃક્ષનું મૂળ

(૨) આધ્યાત્મિક ઉત્થાન

(૩) વિચાર અને આચાર

(૪) શુભ ભાવ ચિંતન

૧ ધર્મ કલ્પવૃક્ષનું મૂળ

પરહિતચિંતા મૈત્રી

પોતા સિવાય બીજા બધા જીવોના હિતનું ચિંતન કરવું, તે મૈત્રી ભાવના છે.

પોતા સિવાય બીજા પ્રાણીઓ મુખ્યત્વે ચાર પ્રકારના હોય છે.

(૧) પોતાના ઉપર ઉપકાર કરનારા (સૌથી થોડા)
(૨) પોતાના સગાવહાલાં (એથી વધારે)
(૩) પોતાના પરિચિતો (એથી વધારે)
(૪) પોતાના અપરિચિતો (સૌથી વધારે)

જે પોતાના ઉપકારીઓના હિતની ચિંતા કરતો નથી, તે કૃતઘ્ન કહેવાય છે.

જે પોતાના સ્વજનોના હિતની ચિંતા કરતો નથી, તે કૃપણ કહેવાય છે.

જે પોતાના પરિચિતોની હિતચિંતા કરતો નથી, તે સ્વાર્થી કહેવાય છે.

જે દુનિયાના કોઈપણ જીવની હિતચિંતા કરતો નથી, તે એકલપેટો ગણાય છે.

બીજાઓની હિતચિંતારૂપ મૈત્રીભાવ જેના અંતરમાં સદા રમણ કરે છે. તેનામાં કૃતઘ્નપણું, કૃપણપણું, સ્વાર્થીપણું અને એકલપેટાપણું વગેરે દુર્ગુણોનો નાશ થવા સાથે કૃતજ્ઞતા, ઉદારતા, પરોપકારિતા તથા પરમાર્થવૃત્તિતા આદિ સદ્ગુણો પ્રગટે છે.

જીવ અનાદિ કાળથી જડના રાગ અને ચેતનના દ્વેષને વશ છે. પોતાની જાત ઉપર તેને એટલું બધું મમત્વ હોય છે, કે પોતાની જાતના સુખની ખાતર કોઈ પણ પ્રકારનાં પાપ કરતાં તે અચકાતો નથી.

મૈત્રીભાવ, તેને પોતાની જાત ઉપરના મમત્વને ખસેડી પરના સુખ માટે પણ ચિંતા કરનારો બનાવે છે. મૈત્રી ભાવ આવ્યા પહેલાં પોતાની જાતનું જ એક મમત્વ તેના અંતરમાં હોવાથી દુનિયાના સઘળાં સુખ તેને પોતાને જ મળો, એવી અનંત તૃષ્ણા તેનામાં છૂપી રીતે રહેલી હોય છે.

પણ દુનિયાનાં બધાં જ સુખો એક જ આત્માને મળી જાય, એવી પરિસ્થિતિ દુનિયાની કદી હોતી નથી. તેથી મૈત્રીભાવ વિનાનો આત્મા હંમેશાં અત્યંત અતૃપ્ત અને શોકગ્રસ્ત જ રહે છે. જે સુખ પોતાને જોઈએ છે,

તે સુખ પોતાને નહિ મળતાં બીજા કોઈને પણ મળે ત્યારે, તે તેના પ્રત્યે ઈર્ષ્યાભાવવાળો બની જાય છે.

એ રીતે ઈર્ષ્યા, શોક, અતૃપ્તિ વગેરે અનેક દુઃખો પોતાની જાત ઉપર જ રાગવાળા જીવને સદા સતાવ્યા કરે છે. તે બધા દુઃખોથી બચાવનાર–છોડાવનાર કોઈ પણ ચીજ આ દુનિયામાં હોય, તો તે એક જ મૈત્રી ભાવ છે.

મૈત્રી ભાવનાથી તેને એકલી પોતાની જાત ઉપરનો રાગભાવ નાશ પામે છે અને પોતા સિવાય આ દુનિયામાં રહેલા બીજા અનંત પ્રાણીઓના હિત અને સુખની ચિંતા ઉત્પન્ન થાય છે. તેથી પોતા સિવાય બીજા જેટલા પ્રમાણમાં સુખ મેળવતા દેખાય છે, તેને જોઈને તે, સુખી થનાર પ્રાણીઓ જેટલા જ આનંદનો અનુભવ કરે છે. અને પોતાને મળેલા થોડા પણ સુખમાં તૃપ્ત રહે છે. એ આનંદથી તેનો ઈર્ષ્યાભાવ નાશ પામે છે અને તૃપ્તિથી તેનો શોકભાવ નાશ પામે છે.

મૈત્રીભાવ ટકાવવાના ઉપાયો

વેર અને વિરોધરૂપી અગ્નિને પ્રગટાવનાર બે વસ્તુઓ આ દુનિયામાં છે.

એક પોતે કરેલા બીજાના અપરાધોની માફી ન યાચવી અથવા પોતાના જ સુખની ચિંતા કર્યા કરવી અને એ સુખ ખાતર પોતા સિવાય બીજાને ગમે તેટલી પીડા થાય, તો પણ તેની ચિંતા ન કરવી, અથવા પોતા

સિવાય બીજાના સુખની મુદ્દલ ચિંતા ન કરવી અને તેના ઉપર આવેલા ગમે તેટલાં કષ્ટોને છતી શક્તિએ નિવારણ કરવામાં બેદરકારી બતાવવી.

આ વાતને સરળ રીતે નીચે મુજબ વાક્યોમાં રજુ કરી શકાય.

(૧) પોતાના સુખની જ ચિંતા કર્યા કરવી.

(૨) બીજાના સુખની ચિંતા જરાપણ ન કરવી.

(૩) પોતાના અપરાધોની માફી કદી પણ ન યાચવી.

(૪) બીજાઓએ કરેલા અપરાધોની માફી કદી ન આપવી.

મૈત્રીભાવ ટકાવવા માટે ઉક્ત ચાર પ્રકારની વૃત્તિઓને ત્યજવી જોઇએ.

તે માટે પોતા સિવાય બીજાઓના સુખની ચિંતા, પોતાના સુખની ચિંતા જેટલી જ બલ્કે તેથી અધિક કરવી જોઇએ.

બીજાઓ ઉપર આવેલા દુઃખનું નિવારણ કરવા માટે, પોતાના દુઃખનું નિવારણ કરવા કરાતા પ્રયત્ન જેટલો જ પ્રયત્ન કરવો.

પોતાની થતી ભૂલોની ક્ષમા માગવા સદા સર્વદા તત્પર રહેવું અને...

બીજાઓથી થતી ભૂલોની ક્ષમા આપવા સર્વદા તત્પરતા બતાવવી.

પરદુઃખનાશિની કરૂણા

દુઃખ બે પ્રકારનું છે. શારીરિક અને માનસિક.

શારીરિક દુઃખોને દ્રવ્ય–દુઃખ કહ્યાં છે અને માનસિક દુઃખોને ભાવ–દુઃખ કહ્યાં છે.

શારીરિક દુઃખોનું કારણ અશાતા વેદનીય કર્મનો ઉદય છે.

માનસિક દુઃખોનું કારણ, મોહનીય આદિ કર્મોનો ઉદય છે.

માણસને પોતાના દુઃખોનું નિવારણ કરવા માટે કુદરતી લાગણી હોય જ છે. તો પણ તેમા બધાં દુઃખોનું નિવારણ અશકય પ્રાયઃ હોય છે. તેથી કોઈને કોઇ દુઃખની હાજરી તેને સદા પજવે છે અને તેની શાન્તિમાં ભંગ પાડે છે. તેથી અકળાઈને માણસ દુઃખનું નિવારણ કરવાના વાસ્તવિક ઉપાયો છોડીને અવાસ્તવિક ઉપાયો અજમાવે છે.

દુઃખનું નિવારણ કરવાનો વાસ્તવિક ઉપાય પોતા સિવાય બીજાના દુઃખોનું નિવારણ કરવા તત્પર રહેવું તે છે. એથી બે જાતના લાભ થાય છે.

એક તો એ પુરુષાર્થ જેટલો કાળ ચાલુ રહે છે. તેટલા કાળ સુધી પોતાના દુઃખોનું વિસ્મરણ થાય છે અને બીજો તે બીજાનાં દુઃખો દૂર કરવાના શુભ પ્રયત્નથી શુભ કર્મ ઉપાર્જન થાય છે. અને તેના પરિણામે ઉત્તરોત્તર શાન્તિ અને સુખની વૃદ્ધિ અનુભવાય છે.

દુઃખીનાં પ્રકાર

(૧) વર્તમાનમાં દુઃખી અને ભવિષ્યમાં પણ દુઃખી થાય તેવા પાપમાર્ગે જ પ્રવર્તનારા—

(૨) વર્તમાનમાં આહાર, વસ્ત્ર, શયન, આસન, ઔષધાદિ સામગ્રીના અભાવે દુઃખ ભોગવનારા.

(૩) વર્તમાનમાં સુખી પણ હિંસાદિ પાપકર્મો કરી તે દુર્ગતિનાં દુઃખ ઊભા કરનારા.

(૪) વર્તમાનમાં સુખી પણ મિથ્યાત્વાદિ પાપ કર્મ કરીને ભાવિ દુઃખોને ઉત્પન્ન કરનારા.

આ રીતે દુઃખ અને તેના કારણભૂત પાપથી રીબાતા જીવોને દુઃખથી અને પાપથી છોડાવવાની વૃત્તિ એ કરૂણા ભાવના છે.

દુઃખીનું દુઃખ દૂર થાઓ કે ન થાઓ, પણ દુઃખ દૂર કરવાની ભાવના અને પ્રયત્ન કરનારને અવશ્ય લાભ મળે છે. એ રીતના પ્રયત્નથી નિકાચિત કર્મનો ઉદય ન હોય તો દુઃખ દૂર પણ થાય છે.

દ્રવ્ય–દુઃખો દૂર કરવાના પ્રયત્નો કરતી વખતે પણ તે દુઃખોના કારણભૂત પાપ કર્મોથી એને બચાવવાનું લક્ષ્ય પણ રહેવું જોઇએ.

ભાવદયાની ભાવના વિના જે દ્રવ્ય દયા થાય છે તે ધર્મ–સ્વરૂપ બનવાને બદલે ઘણી વાર અધર્મ–સ્વરૂપ બની જાય છે. દ્રવ્ય અને ભાવ દુઃખોને જૈનશાસ્ત્રોમાં ગણ વિભાગમાં વહેંચ્યા છે.

(૧) આધ્યાત્મિક–શરીર અને મન સંબંધી દુઃખો.

(૨) આધિભૌતિક–હિંસક પશુ–પંખી આદિ પ્રાણીઓ તરફથી પ્રાપ્ત થતાં દુઃખો.

(૩) આધિદૈવિક–દેવતાઈ ઉપદ્રવો. જેવા કે ધરતીકંપ, દુષ્કાળ, મરકી, અતિવૃષ્ટિ, અગ્નિ આદિના ઉપદ્રવોથી થતાં દુઃખો.

ઉપરના દુઃખોનો શ્રી જિનશાસનની રીત મુજબ ત્રણ વિભાગમાં સમાવેશ થઈ જાય છે.

(૧) મિથ્યાત્વ કુમતની વાસના અસર્વજ્ઞ પ્રરૂપિત કુશાસ્ત્રોમાં નિરૂપણ કરેલા સિદ્ધાન્ત ઉપર દૃઢ વિશ્વાસ.

(૨) અવિરતિ–પ્રારંભમાં સુખદાયી પણ પરિણામે કડવા એવા વિષયના સુખોની તીવ્ર અભિલાષા. તેને મરતાં પણ નહિ છોડવાના પરિણામ.

(૩) અશાતા વેદનીય કર્મના ઉદયે થતા ક્ષય, જ્વર ભગંદર, જલોદર કોઢ આદિ ભયંકર રોગોની પીડા.

પરસુખ તૃષ્ટિ–મૃદુતા (મુદિતા)

પોતાથી બીજાને અધિક સુખી અથવા ગુણી દેખીને તેના સુખ કે ગુણ ઉપર ઈર્ષ્યા કે અસૂયાનો ભાવ ન થવા દેવો પણ હર્ષ ધારણ કરવો–એ પ્રમોદ ભાવનાનું લક્ષણ છે.

ઈર્ષ્યા એટલે બળતરા અને અસૂયા એટલે બીજાના ગુણોમાં દોષોનું ઉદ્‌ભાવન.

પ્રમોદ ભાવનાવાળો આત્મા બીજાને પોતાથી અધિક સુખી યા ગુણી જોઈને હૃદયમાં બળતો નથી પણ આનં-

દિત થાય છે. તથા તેઓના સુખ કે ગુણને દૂષિત કરવા પ્રયત્ન કરતો નથી પરંતુ આગળ લાવવાનો પ્રયત્ન કરે છે.

ગુણ બહુમાનનો પ્રભાવ અચિન્ત્ય છે. તથા પોતાના કરતાં પારકાના સુખની કિંમત ઘણી વધારે છે, એ વાત સમજાયા વિના સાચી પ્રમોદ ભાવના પ્રગટી શકતી નથી.

ગુણ બહુમાનથી નિત્ય નવા–નવા ગુણોની પ્રાપ્તિ થાય છે. તેથી ગુણોનો અર્થી ગુણ કે ગુણીનું સન્માન કે બહુમાન કર્યા સિવાય રહી શકતો નથી.

જે પોતા સિવાય બીજાના ગુણોને જાણતો નથી અથવા જાણવા માટે કાળજી ધરાવતો નથી અથવા જાણવામાં આવ્યા પછી તેનું સન્માન કરવાની ભાવનાવાળો થતો જ નથી, તેને ગુણ પ્રાપ્તિ થવી સંભવિત નથી.

એ જ રીતે જે બીજા સુખી આત્માના સુખને જાણતો નથી, જાણવાની દરકાર દર્શાવતો નથી અથવા જાણવામાં આવે તો પણ હૃદયથી રાજી થતો નથી, તે આત્માને વાસ્તવિક સુખની પ્રાપ્તિ પણ સંભવિત નથી.

ગુણી આત્માના બહુમાન વિના જેમ ગુણની પ્રાપ્તિ શક્ય નથી, તેમ સુખી આત્માના સુખને જોઇને હર્ષિત નહિ થનાર કે ઇર્ષ્યારૂપી અગ્નિથી બળનારને પણ સુખની પ્રાપ્તિ થતી નથી.

સુખ બે પ્રકારનું હોય છે.

એક વૈષયિક અને બીજું આત્મિક.

વિષયથી પ્રાપ્ત થનારાં સુખ, અપથ્ય આહારથી થનારી તૃપ્તિ જેવાં છે. પરિણામે અસુંદર છે. સ્વ–અને પરનાં વૈષયિક સુખોને જોઈને સંતુષ્ટ થવું એ સાચી પ્રમોદ ભાવના નથી.

સાચી પ્રમોદ ભાવના તો પરિણામે સુંદર હિત–મિત અને પથ્ય આહારના પરિભોગથી થનારી ચિરકાલીન તૃપ્તિ સમાન છે. એવાં સુખ પોતાને મળે ત્યારે જેવો સ્વાભાવિક આનંદ થાય છે. તેવો જ આનંદ પરનાં સુખો જોઈને થવો જોઇએ.

આત્મિક સુખોની પરાકાષ્ટા સંપૂર્ણ મોક્ષ ક્ષયાદિથી ઉત્પન્ન થનારા અવ્યાબાધ અને શાશ્વત સુખ સ્વરૂપ મોક્ષમાં છે. એ મોક્ષ સુખને પ્રાપ્ત થયેલા મહાપુરૂષોના સુખને જોઇને હૃદયમાં અલ્હાદ થવો એટલું જ નહિ, પણ એ મોક્ષ–સુખના માર્ગે રહેલા મહા મુનિવરોથી માંડીને સમ્યગ્ દૃષ્ટિ અને માર્ગાનુસારી પર્યંતના જીવોના ગુણો અને સુખો જોઈને હર્ષિત થવું, તે પણ પ્રમોદ ભાવનાનો મુખ્ય વિષય છે.

એ હર્ષ પ્રગટ કરવામાં મુખ્ય સાધન, મન, વચન, અને કાયા છે. મનથી આદર, વચનથી પ્રશંસા અને કાયાથી વંદન–નમસ્કારાદિ વડે પ્રમોદ ભાવના પ્રગટ થઈ શકે છે.

ગુણી આત્માની સ્વ–પર ઉભય કૃત વંદનાદિ પૂજા જોઈને સર્વે ઇન્દ્રિયોથી અભિવ્યક્ત થતો હર્ષ જ્યારે સ્વભાવસિદ્ધ બને ત્યારે પ્રમોદ ભાવના પરિપૂર્ણ થાય છે.

પરદોષો પ્રેક્ષણું-ઉપેક્ષા

દોષો બે પ્રકારના હોય છે.

એક સાધ્ય અને બીજા અસાધ્ય.

અસાધ્ય દોષોવાળા આત્માઓને દેખીને સ્વાભાવિક રીતે તેના પ્રત્યે મનુષ્યને રોષ પ્રગટે છે. તે વખતે ઉપેક્ષા (માધ્યસ્થ) ભાવનાની ખાસ જરુર છે.

ઉપેક્ષા (માધ્યસ્થ) ભાવના કર્મની પરતંત્રતા અને પ્રબળતાનો વિચાર કરાવે છે. અને તેથી તેવા દોષગ્રસ્ત જીવો પ્રત્યેના રોષ સમાવી દે છે.

આ માધ્યસ્થ-ભાવ જેમ અસાધ્ય દોષવાળા પ્રાણીઓ પ્રત્યે કેળવવાનો છે, તેમ સુખ આપવા માટે સર્વથા અસમર્થ એવા વિષયોના સુખો પ્રત્યે કેળવવાનો છે.

ચાર ગતિમાં વિવિધ પ્રકારના દુઃખોને અનુભવતો જીવ, કવચિત મનુષ્ય અને દેવગતિઓને વિષે સર્વ ઇન્દ્રિયોને ઉત્સવ કરાવનારા વિષય-સુખોને પામે છે, પરંતુ તે વખતે તેની અસારતા અને ક્ષણ-વિનશ્વરતાને નહિ જાણનારો જીવ તેના ભોગમાં લંપટ બની જાય છે, અને પરિણામે અનંત દુઃખનો ભાગી-અધિકારી થાય છે.

માધ્યસ્થ ભાવનાના મર્મને પામેલો આત્મા તે વખતે વિષય-સુખની અસારતા અને ક્ષણ વિનશ્વરતા આદિને જાણતો હોવાથી, તેના પ્રત્યે ઉદાસીનભાવ ધારણ કરી શકે છે. અને તેથી મોટી આપત્તિઓથી બચી જાય છે.

માધ્યસ્થ ભાવનાને ભાવનારો એમ જાણે છે કે દુનિયાની કોઈ પણ વસ્તુ સુખ-દુઃખની ઉત્પાદક નથી, પરંતુ જીવને તે વસ્તુ ઉપર રહેલો રાગ-દ્વેષ એજ તેને સુખ દુઃખની ભ્રાન્તિ કરાવે છે.

સુખ-દુઃખનું કારણ અન્ય પદાર્થો નથી પણ મોહાદિના વિકારથી પોતાના આત્મામાં ઉત્પન્ન થતો રાગ-દ્વેષનો પરિણામ જ છે.

પદાર્થો પોતાના સ્વરૂપમાં રહેવાને જ વ્યવસ્થિત થયેલા છે, પણ જીવ પોતે જ પોતાનો સ્વભાવ છોડીને રાગદ્વેષરૂપી વિભાવમાં પડે છે અને તેથી સુખી અથવા દુઃખી થાય છે.

એ રીતે સુખનો આશ્રય-પદાર્થો નહિ, પણ પોતાના આત્માને જ માનતો જ્ઞાની જીવ, જગતના તમામ સચેતન અને અચેતન પદાર્થો ઉપર માધ્યસ્થભાવ ધારણ કરી શકે અને તેજ માધ્યસ્થ ભાવનાની અંતિમ પરાકાષ્ટા ગણાય છે.

અનુપમ આ ચાર ભાવનાઓ, મહાપુરૂષોને પણ સતત અભ્યાસથી જ પ્રાપ્ત થાય છે. અનેક જન્મોમાં અભ્યાસ દૃઢ થયા પછી આત્મસાત્ થાય છે. કારણકે એની પ્રતિપક્ષી વૃત્તિઓ જીવને અનાદિકાળથી વળગેલી હોય છે.

ક્રોધ, દ્રોહ, ઇર્ષ્યા અને અસૂયા આદિ વૃત્તિઓ મૈત્રી, પ્રમોદ, કરૂણા આદિ ભાવનાની પ્રતિપક્ષી વૃત્તિઓ છે. અને તે અનાદિ કાળથી જીવને વળગેલી હોય છે.

મૈત્રી ભાવના દૃઢ થવાથી ઈર્ષ્યાભાવ નાશ પામે છે.

પ્રમોદ ભાવના દૃઢ થવાથી અસૂયાપણું નાશ પામે છે.

કરૂણા ભાવના દૃઢ થવાથી દ્રોહ ભાવ નાશ પામે છે.

માધ્યસ્થ ભાવના પરિણત થવાથી ક્રોધ ભાવ ચાલ્યો જાય છે.

ચાર ગતિના ચક્રમાં ફસાઈને રીબાતા જીવોને તેમાંથી બહાર કાઢીને પાંચમી ગતિના અનંત–અવ્યાબાધ સુખને આપવાનું અસાધારણ સામર્થ્ય આ ચાર ભાવનાઓમાં છે.

૨ આધ્યાત્મિક ઉત્થાન

મનની પવિત્રતા અને શાન્તિનો આધાર, બહારની વસ્તુઓની આસક્તિની માત્રા અનુસાર રહે છે, જડ વસ્તુની આસક્તિ જેમ વધુ, તેમ મન વધુ મલીન અને અશાન્ત.

આ આસક્તિ ઓછી ન થાય, ત્યાં સુધી મન ચંચળ રહેવાનું અને જડ પ્રત્યેની આસક્તિ હૃદયની સંકુચિતતા ઉપર નભે છે.

હૃદય વિશાળ બને, બીજા જીવો પ્રત્યે સહાનુભૂતિ-વાળું બને અર્થાત્ દયા, પ્રેમ, વાત્સલ્ય, કરૂણા, ઔદાર્ય, દાક્ષિણ્ય, ક્ષમા વગેરે પવિત્ર લાગણીઓ ત્યાં આવીને વસે, તો એ સંકુચિતતા ટળે.

તે પછી બહારથી ઈન્દ્રિય જન્ય સુખો મેળવવાની વૃત્તિઓનાં મોજાં મનરૂપી મહાસાગરમાંથી ઓસરવા માંડે છે સ્વના સુખ સગવડનો વિચાર મોળો પડી જાય છે.

પોતાના એક બાળક પ્રત્યેના વાત્સલ્યથી મા, તેને

માટે પોતાની સુખ–સગવડનો ઘણો મોટો ભોગ આપી શકે છે અને એ ત્યાગથી પણ તે આનંદ અનુભવે છે.

માત્ર એકજ વ્યક્તિ પ્રત્યેના પ્રેમમાં આવું બળ છે, તો સમસ્ત જીવરાશિ પ્રત્યે પ્રેમ કેળવે તેની વિષયાસક્તિ આપ મેળે મોડી પડે, એ સહેજે સમજાય એવી હકીકત છે.

છ જીવ નિકાયની રક્ષાની પરિણતિ આત્મામાં જ્યારે સ્થિર થાય છે, ત્યારે તે આત્માની ચિત્ત વૃત્તિ, વિષયોથી આપોઆપ વિરામ પામે છે. પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનકના કર્મબંધના હેતુઓ ઉપર થોડું ચિંતન કરતાં આ વાત તરત સ્પષ્ટ થાય છે.

પાંચમે ગુણસ્થાનકે કર્મ બંધના જે હેતુઓ છે, તેમાંથી પાંચ કાય, પાંચ ઇન્દ્રિય અને મનની અવિરતિરૂપ અગિયાર હેતુઓ ટળી જાય છે, ત્યારે છઠ્ઠા ગુણસ્થાનકની સ્પર્શના થઈ જાય છે. અર્થાત્ ત્રસ કાયની રક્ષાની સાથે પાંચ સ્થાવરની રક્ષાની પરિણતિ પણ ભળે છે, ત્યારે તેની સાથોસાથ બધી જ ઇન્દ્રિયોના વિષયોની તીવ્ર અભિલાષા આપોઆપ ખસી જાય છે.

જગતના નાના કે મોટા, પાસેના ને દૂરના, શત્રુ કે મિત્ર સર્વ પ્રાણીઓ પ્રત્યે જ્યારે હૈયામાં પ્રેમ ઉછળે છે, ત્યારે વિષયોની વાસના આપોઆપ નિયંત્રિત થઈ જાય એનો નિર્દેશ અહીં છે.

વિશુદ્ધ પ્રેમની એ શરત છે કે જ્યાં એ હોય ત્યાં વિકાર ખૂબ જ ઓછા હોવા જોઇએ. વિષય–વાસના જ્યાં

વધુ ત્યાં પ્રેમ ક્ષીણ થઈ જશે. વિષય-વાસના જેટલી ઓછી, તેટલો પ્રેમ વધુ વિકસિત, વધુ શુદ્ધ રહી શકશે. જીવનમાં વિકાર-વાસના હોય, તો પ્રેમ સીમિત, પરિમિત થઈ જવાનો એની વ્યાપકતા સંકોચાઈ જશે.

મા બાળક ઉપરના પ્રેમથી પોતાના સુખ સગવડ જતાં કરી શકે છે, તેમ જેને વિશ્વ સાથે સંબંધ બંધાય છે, તેનું મન પોતાની ભોગેષણા સ્વતઃ સંકેલી લે છે, આત્મ દૃષ્ટિ ઉઘડી જાય છે. જે બીજા પ્રાણીઓ પ્રત્યે કરૂણાર્દ્ર નજરે જોતો થાય છે અને એ બધામાં પોતા તુલ્ય આત્મા વિલસી રહેલો જુએ છે. તેની પ્રતીતિ દરેક જણ પોતાના ઓછા-વધતા જાત અનુભવથી કરી શકે છે.

વળી જીવ માત્ર પ્રત્યે પ્રેમ અને સહાનુભૂતિ ભર્યો વ્યવહાર કરવાથી આપણે સહુજ નિર્ભયતા અનુભવીએ છીએ. જ્યારે ભયથી ચિત્તવૃત્તિ ચંચળ રહે છે.

કહ્યુ છે કે-

ભય, ચંચળતા હોજે પરિણામની.

નિર્ભયતા પ્રગટવાથી એ ચાલી જાય છે. ચિત્તમાં શાન્તિ, સ્વસ્થતા અને પ્રસન્નતા વ્યાપી જાય છે.

અંતઃકરણની વિશાળતા જગાડવાનો પ્રયોગ :

તે માટે વ્રતો વડે, નિયમો વડે વિષય, કષાયની પ્રવૃત્તિને અંકુશમાં લઈને ચિત્તવૃત્તિઓને નિયંત્રિત કરવા

ભાવનાઓનો અભ્યાસ કરવાની શાસ્ત્રકાર ભગવંતો મુમુક્ષુઓને ભલામણ કરે છે.

મુખ્યત્વે જડના આકર્ષણને ઘટાડવા અનિત્યત્વાદિ બાર ભાવનાઓ અને પોતા સિવાયના જીવ જગત પ્રત્યેની ઉદાસીનતા તથા તેને પરિણામે જન્મતા અને નભતા ચિત્તના દોષોને ટાળવા માટે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ ઉપયોગી મનાઇ છે.

આ ભાવનાઓ વડે અંતઃકરણને સદા ભાવિત કરતા રહેવાથી સમસ્ત જીવરાશિ પ્રત્યેનો સ્નેહ–પરિણામ સ્થિર થાય છે, ચિત્તના મળ દૂર થાય છે અને તેથી તેમાં ઉઠતા વૃત્તિઓના તરંગો પણ શાન્ત થઈ જાય છે.

મનોજયનો અભ્યાસ કરીને યોગ સાધનાની ઉચ્ચ ભૂમિકાને વરેલા કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજે, પોતાના જાત અનુભવથી મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભાવનાઓને ધર્મ ધ્યાનના રસાયણ તરીકે વર્ણવી છે. તેમજ બિરદાવી છે. અનિત્યત્વાદિ ભાવનાઓની અનુપ્રેક્ષાઓ પણ વિશુદ્ધ તો જ બને, જો તે મૈત્ર્યાદિ ભાવનાઓથી ઉપબૃંહિત હોય.

આ મૈત્ર્યાદિ ચાર ભાવનાઓમાં લીનમુનિ, અધ્યાત્મના નિશ્ચયવાળો બને છે. અને જગતને તેના અસલ સ્વરૂપમાં પિછાણી વિષયોમાં અટવાતો નથી.

આ ભાવનાઓનો સારી રીતે પ્રયોગ કરતાં, તે મુનિની મોહ નિદ્રા ઉડી જાય છે અને તેને તત્ત્વ નિશ્ચય

પ્રાપ્ત થાય છે. ઇન્દ્રિય વિજેતા તે મુનિ જ્યારે સતત આ ભાવનાઓ વડે વિશ્વને નિહાળે છે, ત્યારે એ મુનિ ઉદાસીન ભાવ પ્રાપ્ત કરી. અહીં જ મુક્તિ સુખ અનુભવે છે.

ચિત્તને સ્વસ્થ અને શાન્ત કરવા માટે મૈત્ર્યાદિ ચાર ભાવનાઓનો પ્રયોગ એ સચોટ ઉપાય છે.

શ્રી યોગસૂત્રના પ્રણેતા પતંજલિ મુનિએ પણ મૈત્રી મુદિતા, કરૂણા અને ઉપેક્ષા ભાવને યોગ સાધનામાં ગૌરવભર્યું સ્થાન આપ્યું છે. નિર્મળ ચિત્તને સ્થિર કરવાના ઉપાયોમાં તેમણે વિકલ્પ સ્વીકાર્યો છે. અર્થાત્ ભિન્ન–ભિન્ન પ્રકૃતિના સાધકો માટે તેમની રૂચિ અનુસાર ચિત્ત–સ્થૈર્યના જુદા જુદા ઉપાયોનો નિર્દેશ તેમણે કર્યો છે પરંતુ ચિત્તની નિર્મળતા માટે મૈત્ર્યાદિ ભાવોને અનિવાર્ય ગણ્યા છે.

નિર્મળ ચિત્ત સ્થિર થઈ શકે, અસૂયાદિ દોષવાળું ચિત્ત સ્થિર થઇ શકતું નથી. મૈત્ર્યાદિ ભાવનાઓના દીર્ઘકાળના સતત અભ્યાસ વડે ચિત્ત નિર્મળ અને પ્રસન્ન બની એકાગ્ર થાય છે અને તેમાં આત્મજ્ઞાનની યોગ્યતા પ્રગટે છે.

બૌદ્ધ સાધકો પણ ધ્યાનમાં બેસતાં પૂર્વે ચિત્તવૃત્તિઓને શાન્ત કરવા માટે પ્રમોદ અને માધ્યસ્થપૂર્ણ ચિત્તો મૈત્રી અને કરૂણા ભાવનાઓમાં આંદોલનો વિશ્વના ચારે ખુણામાં, નાના કે મોટા, નજીકના કે દૂરના દૃશ્ય કે અદૃશ્ય જીવ ગતિ પ્રત્યે પ્રસારિત કરે છે, તેથી ચિત્ત

શાન્ત અને સ્થિર થઈને વધુ જાગ્રત અને સમતોલ બને છે—એવો તેમનો અનુભવ છે.

દશ યતિ–ધર્મોમાંના ચોથા ધર્મની ઓળખાણ શાસ્ત્રકાર મહર્ષિ આ રીતે આપે છે.

શૌચ બે પ્રકારે છે. એક બાહ્ય અને બીજો અભ્યંતર. માત્ર પાણી વગેરેથી કાયાને સાફ કરવી તે બાહ્ય અને મૈત્ર્યાદિ ભાવનાઓ વડે ચિત્તને શુદ્ધ કરવું તે અભ્યંતર શૌચ છે,

આમ ચિત્ત શુદ્ધિ અર્થે સર્વત્ર મૈત્ર્યાદિ ભાવનાઓનો પ્રયોગ સ્વીકારાયો છે.

વસ્ત્રની શુદ્ધિ માટે પાણી ખપ લાગે છે, ઘડીયાળના યંત્રોમાં ભરાયેલા કચરાને દૂર કરવા તેને પેટ્રોલમાં મૂકવામાં આવે છે. પ્રયોગ શાળાના અતિ નાજુક યંત્રોને સાફ કરવા હવે અશ્રાવ્ય ધ્વનિ–તરંગોનો ઉપયોગ થાય છે, તેમ મનને સાફ કરવા માટે પ્રેમ અને કરૂણા ભાવનો ઉપયોગ જ્ઞાની ભગવંતો યુગોથી કરતા આવ્યા છે.

ધ્યાનની વાત તો દૂર રહી, નવકારવાળી ગણતી વખતે પણ ચિત્ત નિર્મળ હોવું જરૂરી છે. ઇર્ષ્યા, અસૂયા ક્રોધ, રોષ ઘૃણા, તિરસ્કાર, ઉ[illegible] અસંતોષ વગેરે ચિત્તના મળ છે. ચિત્તને નિર્મળ રાખવા તેમાં મૈત્રાદિ ભાવનાઓનો પ્રવાહ સતત વહેતો રહેવો જોઈએ.

આપણા ચિત્તમાં ઇર્ષ્યા, અસૂયા જાગે છે તેને દૂર કરવા માટે પ્રમોદ ભાવના છે.

ધૃણા, તિરસ્કાર, અસંતોષ જાગે છે, તેને દૂર કરવા કરૂણા ભાવના છે.

ક્રોધ અને રોષની વૃત્તિઓ ઉઠે, તેને દૂર કરવા માટે ઉપેક્ષા ભાવના છે.

અને ચિત્તમાં વૈરવૃત્તિ અને ઉદ્વેગને દૂર કરી, તેને પ્રસન્નતાથી ભરી દેવા મૈત્રી ભાવના છે.

આપણું ચિત્ત સ્થિર નથી થતું, કારણ કે કોઈએ કંઈ અન્યાય-અપરાધ કર્યો કે તરત આપણે તેનો બદલો લેવા તૈયાર થઈ જઈએ છીએ. આપણું ચિત્ત તેના પ્રત્યે દ્વેષ અને વેરના રૂપમાં વહેવા માંડે છે. પરિણામે તે એકાગ્ર રહી શકતું નથી.

કરૂણાનો ઝરો સૂકાઈ ગયેલો હોવાથી જગતને દુઃખમાં તણાતું જોવા છતાં આપણા ચિત્તમાં સ્વના સુખ-સગવડની વૃત્તિઓ અને ચિંતાઓ અટકતી નથી.

બીજા ઘણા જીવો કરતાં આપણને ઘણું વધારે સુખ મળેલું હોવા છતાં તૃપ્તિ વળતી નથી. અસંતોષ ખસતો નથી.

મૃદુતાના મંગળ સ્રોતની આડે પણ સ્વાર્થ અને અહંનો કચરો જામી ગયેલો હોવાથી બીજાના ગુણ, સુખ કે ઉત્કર્ષમાં દોષ શોધી કાઢવા મન, તલપાપડ, થયા વિના રહી શકતું નથી. તેથી બીજાનું થઈ શકે તેટલું બુરૂં કરવાના વિચારો ચિત્તને ચકડોળે ચઢાવે છે.

અન્યના પાપ, ભૂલ કે અપરાધ જોઈને આપણા ચિત્તમાં રોષ અને ક્રોધનો અગ્નિ ભભૂકી ઉઠે છે.

ઇર્ષ્યા એટલે પારકાના ગુણ, સુખ કે ઉત્કર્ષ સહન ન થવા તે.

અસૂયા એટલે બીજાના ગુણમાં દોષનો આરોપ કરવો. તેમાં ન હોય ત્યાંથી ભૂલ શોધવા પ્રયત્ન કરવો કે કલંક લગાડવું તે.

આ અવસ્થા ટાળ્યા વિના ધ્યાનના પ્રાંગણમાં પ્રવેશ કરી શકાતો નથી. તેથી તે ધ્યાનના ઉંબરા આગળ પગ મૂકતા મુમુક્ષુઓને કાને આ વાત નાખવા પૂર્વાચાર્યોએ કહ્યું છે કે–

ઉપશમ ધરી, મન વશ કરી,
તજી ભોગ અનુરાગ,
અનુક્રમ રૂપે વર્ણવું,
ધર્મ ધ્યાન મન લાગ... ૧
મૈત્ર્યાદિ ચઉ ભાવના,
ધ્યાન તણી ગત શોગ,
જે જ્ઞાની મુનિ શાન્ત–મન,
તેહ ધ્યાનને યોગ.... ૨
થાવર જંગમ જીવ સબકે,
હિંસક કે શાન્ત,
કે સુખદુઃખકાર કે
વિષયી કે દાંત.... ૩

નિજ સ્વભાવ પામી;
સકલ સહુ પામો સુખ ચેહ,
સમદૃષ્ટિ ભવિ મુનિ,
મૈત્રી ભાવના એહ.... ૪

રોગી, હીન, સશોક,
ભય, વધ, બંધનથી બધ્ધ.
ભૂખ, તૃષા શ્રમસુ નડયા,
શાસ્ત્ર ઘાત ભય રૂઢ..... ૪

મરણુ ભય પીડિત ભણી,
રક્ષાની મતિ જેહ,
અભયદાન મતિ નિર્મળી
કરૂણા ભાવના તેહ,... ૬

દર્શન, જ્ઞાન, ચારિત્ર યુત
પુનઃ તત્ત્વલીન સમધાર,
જિત કષાય તૃષ્ણા રહિત,
સુમતિ–ગુપ્તિ ભંડાર... ૭

જિનશાસન પરિભાવના,
નિત નિત વધતી દેખી,
મન પ્રમોદ પામે અધિક,
મુદિતા ભાવન પેખી... ૮

નિર્દય, પરસ્ત્રી લંપટ,
સત્વ ભક્ષી અતિ દુષ્ટ,
મુનિનિંદક નાસ્તિક મતિ,
નિજ સંગી ગુણુ ભ્રષ્ટ.... ૯

એહવા જનને સંગ પણ,
રહે મધ્યતા શાહિ,
તેહ ઉપેક્ષા ભાવના,
કહી જિનાગમ માંહી.... ૧૦

પોતાના સંપર્કમાં આવતા જીવ જગતને આ ચાર વિભાગમાંથી કયા વિભાગમાં સ્થાન છે, એનો વિવેક કરી, તદનુરૂપ ભાવ એના પ્રત્યે વહેવડાવવાનો સતત અભ્યાસ નિત્યના જીવન ક્રમમાં રાખવાથી પોતા સિવાયના અન્ય દેહધારીઓ પ્રત્યેની ઉદાસીનતા સાધકના અંતઃકરણમાંથી ખસી જશે. અને તેના સ્થાને પ્રાણીમાત્ર પ્રત્યે પોતા–તુલ્ય પ્રેમ સ્થિર થઈ જડ પ્રત્યેનો પ્રેમ–આસક્તિ મોળી પડીને અંતે સમૂળ નાશ પામશે.

આમ મૈત્રાદિ ભાવનાઓનો ચિરકાળનો અભ્યાસ, ચિત્તમાં વમળ પેદા કરનારા બે પ્રવાહો, જડ પ્રત્યેની આસક્તિ અને જીવ પ્રત્યેની ઉદાસીનતા, એક સાથે શમાવી દે છે. પરિણામે ચિત્ત સ્થૈર્ય સુલભ અને સહજ બને છે.

૭ વિચાર અને આચાર

વિચાર અને આચારની સપાટીને સરખી કરવા માટે આદર્શોને નીચા લાવવાની જરૂર નથી. આદર્શો ઊંચા હશે તો જ આચરણ ઉચ્ચ થઈ શકશે.

આદર્શો દોરડા સમાન છે, કે જે ઊંચે ખેંચી શકે છે. દોરડાનો ખીલો ગમે તેટલો ઊંચો હશે તો પણ જો પ્રામાણિકપણે એ દોરડાનો ઉપયોગ કરાય, તો થોડું ઘણું તો ઉપર ચઢાય જ.

વિચારને આચારમાં મૂકવા માટે ત્રણ કક્ષામાંથી પસાર થવું પડે છે.

(૧) વિચારની યોગ્યતાનો સ્વીકાર.

(૨) વિચાર વિષે પ્રતીતિપૂર્ણ ખાત્રી.

(૩) વિચારમાં જીવંત શ્રદ્ધા–નિષ્ઠા

જો આપણે વિચાર અને આચાર વચ્ચેનું અંતર ઓછું કરવું હોય તો જે વિચાર આપણે અપનાવ્યો હોય

તે ખરેખર સારો છે. સ્વ-પર ઉપકારક છે. આત્મબળ પ્રદ છે કે નહિ? તે મુદ્દા પર વારંવાર દઢતાપૂર્વક ચિંતન કરવું જોઈએ. તેમજ એ વિચાર બાબતમાં વિશ્વોપકારી મહાપુરુષોનું શું કહેવું છે? તેનો પણ અભ્યાસ કરવો જોઈએ. વસ્તુની ખરીદી કરતી વખતે તે સારી છે કે ખરાબ તેની પાકી ખાત્રી કરીએ છીએ તેમ વિચાર અપનાવવા ઈચ્છતા હોઇએ કે અપનાવી લીધો હોય, તો ખરેખર સારો, શ્રેયસ્કર છે કે નહિ તેની બધી રીતે ચકાસણી કરવાથી નબળો હોય તો છોડી દેવાની બુદ્ધિ થાય છે અને સારો હોય છે તો બરાબર ગ્રહણ કરવાની બુદ્ધિ થાય છે.

આ થઇ વિચારની યોગ્યતાનો સ્વીકાર કરવાની સ્પષ્ટ ભૂમિકા રચવાની વાત.

આ ભૂમિકા રચાયા પછી સદ્‌વિચારમાં પાકી નિષ્ઠા જાગે છે. આ નિષ્ઠાનું બળ સદ્‌વિચારને આચારમાં પરિણત કરે છે.

વિચાર સારો હોય પણ વર્તન તદનુરૂપ ન હોય તેને વિચાર અને આચાર વચ્ચેનું અંતર કહે છે. આવું અંતર-દૂરીપણું દૂર કરવામાં વિચારમાં રહેલી સ્થપાયેલી દૃઢ નિષ્ઠા અગત્યનો ભાગ ભજવે છે.

આપણે સહજપણે વિચારીશું તો ઘણી વાર આપણને આપણા વિચાર અને આચાર વચ્ચેનું અંતર નવાઈ પમાડનારૂં અને શરમ ઉપજાવનારૂં લાગશે. તેનો અર્થ

એ થાય છે કે આપણે જ આપણા વિચાર તેમજ તદનુરૂપ આચારને પૂરા વફાદાર નથી.

પહેલી કક્ષામાં માત્ર બુદ્ધિ વિચારને ગ્રહણ કરે છે. બુદ્ધિની સાથે લાગણીઓ વૃત્તિઓ અને મૂલ્યાંકનો તદ્રૂપ થાય છે ત્યારે બીજી અને ત્રીજી કક્ષા આવે છે.

જ્યારે પહેલી કક્ષામાં હોઈએ ત્યારે આપણે માત્ર વિચાર કરીને સંતોષ માનીએ છીએ, પણ આચરણનો અભાવ ખટકતો નથી.

બીજી કક્ષામાં આપણને આચરણનો અભાવ ખટકવા માંડે છે અને આચરણ તરફ પ્રેરે છે.

ત્રીજી કક્ષામાં આપણા વિચારને આપણે ઉત્સાહથી, મન–વચન–કાયાથી તેમજ ધનથી આચરણમાં મૂકીએ છીએ.

માન્યતા અને આચરણમાં ભેદ લાગે ત્યારે આચરણ એ માન્યતાની કસોટી છે, એમ માનવું જોઇએ એ માન્યતા માટે આપણે સમય, શક્તિ અને ધનનો કેટલો ભોગ આપવા તૈયાર છીએ? તેના ઉપર જ આપણી શ્રદ્ધાનું માપ છે. માન્યતા ખાતર શરીર સુદ્ધાંનું બલિદાન આપવું પડતું હોય તો પણ આપવું, એ માન્યતા પરની ખરી શ્રદ્ધાને સૂચવે છે.

શ્રદ્ધાનું બળ

શ્રદ્ધાના અભાવે માત્ર જ્ઞાન તકલાદી અને અર્થહીન બની જાય છે શ્રદ્ધા વિના માત્ર દૃષ્ટિ કે જ્ઞાન ઉપયોગી થઈ શકતાં નથી.

'વિષ મારે, અગ્નિ બાળે, તેમ પાપ દુઃખ આપે' એવું જ્ઞાન થવા છતાં, સચોટ શ્રદ્ધાના અભાવે વિષ અને અગ્નિની જેમ પાપથી પાછા ફરાતું નથી.

સત્ પ્રવૃત્તિમાં દઢતા લાવવા માટે સાચી શ્રદ્ધાના બળની જરૂર છે જ્ઞાન અને વિવેકને સફળ બનાવનાર એક શ્રદ્ધા જ છે.

જે જ્ઞાન અને વિવેક જીવનમાં ઉપયોગી ન થાય, તે જ્ઞાન અને વિવેક ઉપર પરિપૂર્ણ શ્રદ્ધા પ્રગટી નથી, એમ જ સાબીત થાય છે.

જ્ઞાન અને વિવેક કરતાં પણ શ્રદ્ધાની અગત્યતા કેટલી વધારે છે તે આથી સ્પષ્ટ થશે. એવી શ્રદ્ધા યથાર્થ વક્તાના વિશ્વાસથી આવે છે. શ્રદ્ધાવાન પુરુષના સંસર્ગથી આવે છે, શ્રદ્ધાસંપન્ન પુરુષોનાં ચરિત્રો સાંભળવાથી પણ આવે છે.

શ્રદ્ધા, સુદઢતા, એકનિષ્ઠા, પરિપૂર્ણ નિશ્ચળતા–તેજ સાચું અને શંકા વિનાનું જે શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપ્યું છે–ઇત્યાદિ ભાવના–શ્રદ્ધાને ધર્મજીવનનો પાયો માનવાથી વિવેક–પરીક્ષા કે કસોટીએ બધું ઉડી જતું નથી.

ખરી વાત તો એ છે કે વિવેક અને પરીક્ષા વિના ખરી શ્રદ્ધા સંભવતી નથી. શ્રદ્ધા માણસમાં ધૈર્ય, સાહસ અને બળ પ્રગટાવે છે.

વસ્તુ માત્રની પરીક્ષા કરો, તેમાં જે સાચું સુવર્ણ સિદ્ધ થાય તેને કથીરની માફક ફેંકી ન દો. વારસામાં મળેલ શ્રદ્ધા એ અણમોલ ધન છે, એમ માનો અને પરીક્ષા વડે એને સ્થિર અને સંગીન બનાવો. તેમ નહિ થાય

તો તે નાણું પાસે હોવા છતાં ભીડ વખતે કામ નહિ આવે.

આત્મ સ્વરૂપ વિષે જેને પાકી શ્રદ્ધા છે, અખંડ નિષ્ઠા છે, તેને ત્રણ ભુવનનું રાજ્ય મળે તો પણ એમ માને કે એ રાજ્ય મારૂં નથી, પણ કર્મજનિત છે. તેથી લાભ હાનિ પ્રસંગે તે તીવ્ર હર્ષ–શોક નહિ કરે. ઐશ્વર્ય કે આફત વચ્ચે પણ તે સમતોલ રહી શકશે. હાર–જીત કે નિંદા, પ્રશંસા તેને નિરાશ કે નિરૂત્સાહ નહિ બનાવી શકે.

એટલા માટે જ કહ્યું છે કે સમ્યગ્‌દૃષ્ટિ જીવ સંસારમાં રહે તો પણ સંસારથી લેપાતો નથી. સમકિતી આત્મા સંસારમાં રહે પણ રમે નહિ. એ શ્રદ્ધાનું જ બળ છે.

'હું નિશ્ચયથી આત્મા સ્વરૂપ છું,' એવી અખંડ શ્રદ્ધાવાળાને સર્વ કોઈ પોતાના આત્માના જ અંશ દેખાવા લાગે છે અર્થાત્‌ પોતાના આત્માના સ્વરૂપ જેવું જ બીજાના આત્માનું સ્વરૂપ તેને ભાસે છે. તેથી તેના દિલરૂપી દરિયામાં વિશ્વમૈત્રીના મોજાંઓ ઉછળવા લાગે છે. તેથી સર્વ જીવો પ્રત્યે મૈત્રી, પ્રમોદ, કરૂણા અને માધ્યસ્થ ભર્યો વ્યવહાર કરવા લાગે છે.

આત્મસ્વરૂપની સાચી શ્રદ્ધાનું આ ફળ છે.

જેમ આત્માની તેમ કર્મની આત્મા સાથે કર્મના સંબંધની, તે સંબંધના હેતુઓ વગેરેની શ્રદ્ધા–શાસ્ત્ર વચનથી, બુદ્ધિની સૂક્ષ્મ વિચારણાથી અને અનુભવ જ્ઞાનથી જેમ–જેમ દૃઢ થતી જાય છે, તેમ તેમ જીવન સંપત્તિ સમયે કુસુમથી પણ કોમળ અને વિપત્તિ સમયે વજ્રથી પણ કઠોર બની જાય છે.

શ્રદ્ધાનું જ આ બળ અને ફળ છે.

૪ શુભભાવ ચિંતન

'કોઇ પણ પ્રાણી પાપ ન કરો! કોઈ પણ પ્રાણી દુઃખી ન થાઓ! પ્રાણી માત્ર મોક્ષને પામો!'

આ પ્રકારની મતિને શાસ્ત્રકારો મૈત્રી કહે છે.

આ જગતમાં ઇચ્છા કોને હોતી નથી? સંસારી જીવ માત્રના હૃદયમાં કોઇને કોઈ પ્રકારની ઇચ્છા હોય છે. પરંતુ તે બધી ઇચ્છાઓનો સરવાળો કરવામાં આવે તો તે માત્ર બે પ્રકારની ઇચ્છાઓમાં સમાઈ જાય છે.

અને તે એ કે 'મને દુઃખ ન થાઓ, અને હું જ સુખી થાઉં.'

આ જાતની ઇચ્છા જીવ માત્રના હૃદયમાં સતત રહ્યા કરે છે. બીજી બધી ઇચ્છાઓના મૂળમાં પણ આ બે ઈચ્છાઓ રહેલી હોય છે. અને તે કદી પૂર્ણ થતી નથી એ પણ એક નિર્વિવાદ હકીકત છે.

એ કારણે શાસ્ત્રકારોને એ સિદ્ધાન્ત નક્કી કરવો પડયો

છે કે– ઇચ્છા 'એજ દુઃખ છે. અને ઇચ્છાનો અભાવ એજ સુખ છે.

આહારની અયોગ્ય ઇચ્છામાંથી મુક્ત થવા માટે શાસ્ત્રકારોએ તપ–ધર્મ ઉપદેશ્યો છે.

અર્થની અને કામની અયોગ્ય ઇચ્છામાંથી ક્રમશઃ મુક્તિ મેળવવા માટે શાસ્ત્રકારોએ દાન અને શીલધર્મનો ઉપદેશ આપ્યો છે.

જેમ અર્થ, કામ અને આહારાદિની અયોગ્ય ઇચ્છાઓ જીવના દુઃખની વૃદ્ધિનું અને સુખની હાનિનું કાર્ય છે. તેમ તેથી પણ અધિક સુખ–હાનિ અને દુઃખ વૃદ્ધિનું કાર્ય, જીવને એક ચોથા પ્રકારની ઇચ્છાના પ્રભાવે થઈ રહ્યું છે.

તે ઇચ્છા એ છે કે–'મને જ સુખ મળો અને મારૂં દુઃખ ટળો.

આ ઈચ્છા સૌથી વધારે કનિષ્ટ કોટિની છે અને તે કારણે સૌથી વધારે પીડાકારક છે. છતાં તે વાતનું જ્ઞાન, ઘણા થોડાને જ છે.

આ કનિષ્ટ પ્રકારની ઇચ્છા અને તેમાંથી જન્મતી ક્લિષ્ટ કોટિનાં અધ્યવસાયનો પ્રતિકાર હજારોના પણ દાનથી, લાખો વર્ષોના શીલથી કે કોટિ જન્મોના પણ તપથી થઇ શકતો નથી.

દાન, શીલ, તપ વડે પરિગ્રહ, મૈથુન અને આહારાદિ સંજ્ઞાઓના જોરથી થતી વિવિધ પ્રકારની માનસિક તથા શારીરિક બાધાઓથી અને પીડાઓથી અવશ્ય બચી જવાય છે, પરંતુ તે બધી બાધાઓ અને પીડાઓના સરવાળા કરતાં 'મને એકલાને જ સુખ થાઓ અને મારા એકલાનું જ દુઃખ ટળો' એ જાતની અયોગ્ય અઘટિત અશકય ઇચ્છા વડે થતી માનસિક અને શારીરિક પીડાઓના સરવાળાને કોઇ અવધિ જ નથી.

શાસ્ત્રકારોએ ઉક્ત અશકય ઇચ્છાને પૂર્ણ કરવાના અશકય મનોરથના અનંત કષ્ટથી ઉગરી જવા માટે જે માર્ગ ચિંધ્યો છે, જે ઉપાય બતાવ્યો છે, તે માર્ગ કે ઉપાય કોઇ પૂર્ણ પુરુષને જ સદ્‌ગુરૂની પુણ્યકૃપાથી લાધે છે. બીજાઓને તે ઉપાયની ગંધ પણ પ્રાપ્ત થતી નથી.

આ ઉપાયની પ્રાપ્તિ થવામાં કે ન થવામાં જીવની આસન્ન-સિદ્ધિતા કે અનાસન્નસિદ્ધિતા જ મુખ્ય ભાગ ભજવે છે. ઉપાય તદ્દન સરળ છે અને તેનો બોધ થવો પણ સુલભ છે.

છતાં પ્રત્યક્ષ અનુભવ એમ કહે છે કે તે તરફ લક્ષ્ય કોઇ વિરલ આત્માનું જ જાય છે. અથવા કોઇ વિરલ આત્મા જ તે ઉપાય ઉપર પૂર્ણ વિશ્વાસ સ્થાપી, તેને પોતાના જીવનમાં ઉતારવા કટિબદ્ધ થાય છે.

તે માર્ગ યા ઉપાય આ લેખના પ્રારંભ ટાંકવામાં

આવ્યો તે જ છે, એટલે કે 'હુ'' ના સ્થાને 'સર્વ'' ને સ્થાપવા, હું જ સુખી થાઉંની ઇચ્છા કરવાને બદલે 'સર્વ સુખી થાઓ' એવી શુભ ભાવના ભાવવી. મોક્ષ પણ સર્વ જીવોને મળો એવી ભાવના વડે ચિત્તને વાસિત કરવું.

સર્વના શુભની ભાવનામાં 'સ્વ'નું શુભ સમાઈ જાય છે, જ્યારે હું એકલો સુખી થાઉં એ ઇચ્છામાં સ્વાત્માનું હિત સધાતું નથી.

વિચાર-રહસ્ય

૭

(૧) મનનાં તરંગો
(૨) વાણીનો સંયમ
(૩) શાન્તિ
(૪) વિનય
(૫) મુમુક્ષુનો પ્રશ્ન
(૬) સાચી સેવા
(૭) લજ્જાની મર્યાદા
(૮) ધર્મની પ્રતીતિ
(૯) ચિંતા
(૧૦) ન્યાય સંપન્ન વૈભવ

૧ મનના તરંગો

મનને ભાગ્યે જ કોઇ ઉપમા આપી શકાય, એવું તે વિચિત્ર અને અનોખું છે. છતાં આપવાની હોય, તો વધુમાં વધુ બંધ બેસતી ઉપમા પાણીની છે.

મન પાણી જેવું છે.

પાણીનો આકાર કે રંગ નથી. તેને જે વાસણમાં રેડો તેવો આકાર તે ધારણ કરે છે અને તેમાં જે રંગ નાંખો, તેવા રંગનું તે બને છે. જો તેને વહેવા દઈએ, તો તે ઢાળ તરફ વહેવા લાગે છે, અને એકજ જગ્યાએ બાંધી રાખીએ, તો તે બંધિયાર બની જાય છે.

પાણી ચંચળ છે અને તેમાં પત્થર નાંખીએ તો તરત તરંગો સર્જાય છે. તેમાં અદ્ભુત શક્તિ છે તેથી ગમે તેવા ખડકોને પણ ઘસી નાખે છે.

એજ રીતે મનને પણ કોઈ રૂપ કે રંગ નથી. જે વસ્તુમાં તે પરોવાય છે, તેમાં તન્મય થઈ જાય છે. જે

વિષયનો સંગ તેને લાગે છે, તેવો રંગ તેનો થઈ જાય છે. એને ફાવે તેમ કરવા દઈએ તો તે અધમ માર્ગોમાં ઝટ ઢળી પડે છે અને નીચે પટકાય છે. જો તેને ગોંધી રાખીએ, તો તે મંદ અને માંદુ પડી જાય છે. બાહ્ય વિષયો તેની સાથે અથડાતાં તેમાં વૃત્તિઓના તરંગો ઉઠે છે.

મનની શક્તિઓ અદ્‌ભુત છે, જો તેને યથાસ્થાને કેન્દ્રિત કરી શકાય છે તો તેની શક્તિઓનો હિતકર અનુભવ થાય છે.

પાણીને નિશ્ચિત માર્ગે વહેવડાવા માટે પાળો બાંધીએ છીએ, તેવી જ પાળો આપણે માનસિક પ્રવાહને વહેવડાવવા માટે બાંધવી જોઇએ.

તે પાળો એટલે નિયમો અને આચાર પ્રણાલિકાઓ.

આપણા વિચારો, ભાવો, કલ્પનાઓ અને સમજણો ક્ષણે-ક્ષણે બદલાતા રહે છે. આપણે તેના પર ભરોસો રાખીને વર્તવા લાગીએ તો ચોક્કસ કોઈ લક્ષ્યને સાધી ન જ શકીએ.

ઘણીવાર વિષયોના વમળોમાં અટવાયેલા મનના આવેગો એટલા જોરદાર હોય છે કે વર્ષો સુધી દઢીભૂત કરેલી સંયમની પાળોને તે આવેગો તોડી નાખે છે.

જો આપણે મનને સન્માર્ગે લઈ જવું હોય તો, ચપળ અને તરંગી મનને કોઈ નિયમોની, કોઈ આચારોની પાળોમાં વહેવડાવવું પડશે. કોઈને કોઇ વિધિ-નિષેધો અંગીકાર કરવા પડશે. પછી તે ધર્મશાસ્ત્રોના ચિંધેલા હોય કે મહાપુરુષોના વર્ણવેલા હોય.

કેટલાક માણુસો સારા વિચાર કરી શકે છે પણ એટલા માત્રથી મન યથાર્થપણે કેળવાયેલું ગણી શકાય નહિ. મન સારા વિચારો કરી શકે એટલું જ બસ નથી. એ ખરાબ વિચાર ન કરી શકે તેટલી હદ સુધી તેને કેળવવું જોઈએ. સતત સદાચારમય જીવન સિવાય એ સંભવિત નથી.

વ્રત અને નિયમો, આચાર પ્રણાલિકાઓ એ બંધનની દિવાલો નથી, પરંતુ રક્ષણ કરનારી કિલ્લેબંધી છે, સદાચાર વિનાના સારા વિચારોથી કાંઈ સર્જન થવાતું નથી. કેવળ અન્નના વિચારો કરવાથી પેટ થોડું જ ભરાય છે ?

કેટલાક માને છે કે– "આપણા હેતુઓ સારા હોય, પછી વિધિ અને આચારોની જાળ શા માટે ?

નિયમો આપણા માટે છે. આપણે નિયમો માટે નથી. મનથી સુધર્યા એટલે બસ. બહાર બતાવવાની શી જરૂર છે ? આપણને કોઈ પર દયા આવી કે કોઇ પ્રત્યે પ્રીતિ જાગી તેનું પ્રદર્શન કરવાની શી જરૂર છે ?

આચારના ધાર્મિક ચોકઠાઓમાં સપડાયેલા વેઠીઆ શા માટે બનવું ?"

આવી દલીલ કરનારાઓને મનના તરંગીપણાની અને તેના ભયંકર આવેગોની પૂરી સમજ આવી નથી. આવી દલીલો પાછળ ઘણીવાર અત્યંત આત્મવંચના પણ હોય છે. મનના ભાવો પ્રગટ થાય છે, ત્યારે જ તેનું ખરૂં સ્વરૂપ સમજાય છે. આચારો એજ મનની સાચી લગામ છે, વિચારો કદી નહિ.

૨ વાણીનો સંયમ

એક મહાપુરૂષે કહ્યું છે કે મારી જીંદગીમાં મૌન રહેવાનો પશ્ચાતાપ મને કદી થયો નથી, જ્યારે બોલ્યા બાદ અનેકવાર પશ્ચાતાપ થયાનો અનુભવ છે.

માટે દરેક માણસે સાંભળવા માટે ઉતાવળા થવું અને બોલવા માટે ધીમા થવું. અર્થાત્ સાંભળવું ઘણું પણ બોલવું ઓછું તેમજ મુદ્દાસર.

અગ્નિનો એક નાનો તણખો પણ ઘણી વસ્તુઓનો નાશ કરી શકે છે તેમ વાણીના સંયમના અભાવે જીવ પણ ઘણી મોટી અશાંતિની આગ ફેલાવી દે છે.

પૂર્ણ માનવી તે છે કે જેણે શબ્દ દ્વારા કોઈને પણ દુઃખ આપ્યું નથી. જેણે પોતાના મુખની રક્ષા કરી છે, તેણે પોતાના જીવનની રક્ષા કરી છે.

માટે વાણીનું વારંવાર નિરીક્ષણ કરો કે તેમાંથી કોઇ ફાલતુ શબ્દો તો નીકળતા નથી ને?

બીજાના ગુણુ દોષોની ચર્ચામાં જે પોતાનો સમય પસાર કરે છે, તે સમયને બરબાદ કરનારો છે, કારણ કે તેટલો વખત તેણે પોતાના આત્માનો કે પરમાત્માનો વિચાર કર્યો નહિ.

ખાલી ચર્ચામાં સમય પસાર કરવો તે પડછાયા સામે યુદ્ધ ખેલવા સમાન છે.

પાણી વલોવવાથી માખણ નથી મળતું, પણ સમય અને શક્તિ બરબાદ થાય છે, તેમ પગ–માથા વગરના મુદ્દાઓની ચર્ચા કરવાથી સાર નથી સાંપડતો, પણ સમય અને શક્તિ બરબાદ થાય છે તેમજ અંદરોઅંદર કટુતા આદિ સંકલેશ ઊભા થાય છે.

જેઓ અજ્ઞાન છે, તેઓ જો ચૂપ રહે તો ઘણા ઝઘડા આપોઆપ શમી જાય. કેવળ વાદવિવાદથી બીજાની ભૂલ તમે એને નહિ સમજાવી શકો પરંતુ પરસ્પર વચ્ચેનું અંતર વધારશો.

મધમાખી જ્યાં સુધી ફૂલના ઉપરના ભાગ પર ફરે છે, અને તેની અંદરની મીઠાશ સુધી પહોંચતી નથી. ત્યાં સુધી જ ગૂંજારવ કરે છે, પણ જેવી તે ફૂલની અંદરના ભાગમાં પેસે છે કે તરત શાન્ત થઈને તેના રસને પીએ છે.

તે જ રીતે જ્યાં સુધી માણસ તર્ક અને વિવાદ કરે છે, ત્યાં સુધી તેને સાચી શ્રદ્ધાના અમૃતનો આસ્વાદ

ચાખ્યો નથી એ નક્કી થાય છે. તે સ્વાદ જ્યારે તે ચાખે છે, ત્યારે તે શાંત થઇ જાય છે.

ખાલી ઘડામાં રેડેલું પાણી અવાજ કરે છે, પણ ઘડો ભરાઈ ગયા પછી અવાજ બંધ થઇ જાય છે તેમ જ્યાં સુધી માણસને આત્મદર્શન થયું નથી, ત્યાં સુધી તે વ્યર્થ વિવાદો અને ચર્ચાઓ કરે છે પણ જ્યારે તે આત્મ સાક્ષાત્કાર અનુભવે છે. ત્યારે શાન્ત–સ્વસ્થ બની જાય છે.

નહિ નાથેલો જળરાશિ જેટલો વિનાસ વેરે છે. તેનાથી અધિક વિનાશ વાણીનો અસંયમ વેરે છે, માટે આપણે સમજી વિચારી જરૂર પૂરતું જ બોલવું જોઈએ અને તે પણ કટુતા આદિ દોષો વગર બોલવું જોઈએ કે જેવી સ્વ–પરને જરા પણ ખેદ ન થાય.

૩ શાન્તિ

પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ શાન્તિ કેમ જળવાય?

આ પ્રશ્ન ઘણો મહત્ત્વનો છે. સંસાર છે ત્યાં સુધી અનુકૂળ અને પ્રતિકૂળ ઉભય પ્રકારના પ્રસંગો ઊભા થવાના જ.

પ્રતિકૂળ પ્રસંગો પ્રતિકૂળ લાગવા છતાં અકળાયા સિવાય, આપણે તેને વધાવી લેવા જોઇએ. પ્રતિકૂળતાથી અકળાઈ જવાથી સાનુકૂળતા સાંપડતી નથી, પણ પ્રતિકૂળતા વધુ ઘેરી બને છે.

પ્રતિકૂળ પરિસ્થિતિમાં જ આપણે ક્યાં છીએ? કેવા સત્ત્વશીલ છીએ? કેવા સહનશીલ છીએ? તેની પાકી જાણકારી મળે છે પ્રતિકૂળતાનો ધક્કો આપણને અંતર્મુખ પણ બનાવે છે. અને કંઇક આત્મભાન પણ કરાવે છે.

અનુકૂળ પરિસ્થિતિ હોય ત્યાં સુધી આપણામાં સાચું જ્ઞાન કેટલું ઉત્પન્ન થયું છે? તેની ખબર પડતી નથી.

અનુકૂળ પરિસ્થિતિમાં લગભગ જડ જેવા રહીએ છીએ. આપણને એમ લાગતું હોય છે કે—સાચી શાન્તિ મળી ચૂકી છે.

પણ પ્રતિકૂળ પરિસ્થિતિ આવતાં વેંતજ આપણો ભ્રમ ભાંગી જાય છે. આપણને ખરેખર શાન્તિ મળી હોત તો, પ્રતિકૂળ સંયોગોમાં પણ તે બરાબર ટકી રહેવી જોઇએ. પ્રતિકૂળ સંયોગોમાં આપણી શાન્તિનો ભંગ થાય, તો જાણવું કે આપણને ખરેખરી શાન્તિ મળી નથી.

માણસ સુખ-શાન્તિ મેળવવા માટે જ જીવતો હોય છે. તેથી પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થતાં જ તેની શાન્તિનો ભંગ થાય છે, પરંતુ તેમાં ખેદ પામવા જેવું નથી જ. એથી તો ઉલટું પ્રતિકૂળ પરિસ્થિતિએ આપણા ઉપર એક પ્રકારે ઘણો ઉપકાર કર્યો ગણાય. જો પ્રતિકૂળ પરિસ્થિતિ ન આવત, તો શાન્તિ મેળવવા માટેનો ઉપાય શોધવાનું મન ન થાત, પ્રયત્ન કરવાનો ઉત્સાહ પેદા ન થાત. તેથી પ્રતિકૂળ પરિસ્થિતિનો પ્રસંગ, જયારે આવે ત્યારે તેને વધાવી લેવો જોઇએ.

શાન્તિ-અશાન્તિનો અનુભવ કયાં થાય છે ?

શાન્તિ-અશાન્તિનો અનુભવ આપણા મનમાં જ થાય છે. એટલે પહેલાં એ તપાસવું જોઇએ કે શાન્તિ-અશાન્તિનો ખરો આધાર કોણ છે ?

શાન્તિ-અશાન્તિનો ખરો આધાર, જો બાહ્ય પરિસ્થિતિ માનીએ, તો આપણે અખંડ શાન્તિનો અનુભવ

કદી પણ ન કરી શકીએ, કારણ કે બાહ્ય પરિસ્થિતિ ઉપર આપણો સંપૂર્ણ કાબુ હોતો નથી. એટલે હંમેશાં એ જ અનુભવ રહેવાનો કે અનુકૂળ પરિસ્થિતિ આવે ત્યારે શાન્તિ અને પ્રતિકૂળ પરિસ્થિતિ આવે ત્યારે અશાન્તિ.

શાન્તિ એ નિરપેક્ષ વસ્તુ નહિ, પણ બાહ્ય પરિસ્થિતિને સાપેક્ષ (આધીન) હોય, તો કોઇને કદી અખંડ શાન્તિ મળી શકે નહિ. પરંતુ વિચાર કરતાં વસ્તુસ્થિતિ એવી નથી.

શાન્તિ એ નિરપેક્ષ વસ્તુ છે. અને નિરપેક્ષ વસ્તુ હોવી જોઇએ. ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ અખંડ શાન્તિ જાળવી શકાય એ સિદ્ધ વાત છે.

તો હવે પાછો એ સવાલ થશે કે આવી નિરપેક્ષ શાન્તિ માણસ કેવી રીતે મેળવી શકે ?

માણસનું જીવન દેહ અને આત્મા બંનેની વચ્ચે ઊભું છે. આત્માનો આધાર લ્યો ત્યારે શાન્તિ અને દેહનો આધાર લ્યો ત્યારે અશાન્તિ.

આપણે કોનો આધાર લઈને જીવીએ છીએ, તે વિચાર ઉપર જ શાન્તિ–અશાન્તિનો વિચાર નિર્ભર છે.

જ્યારે જ્યારે આપણે દેહના આધારે જીવતા હોઇએ છીએ, ત્યારે ત્યારે આપણે અશાન્તિનો અનુભવ કરતા હોઇએ છીએ.

દેહના આધારે જીવવું એટલે ખાવામાં, પીવામાં,

બોલવામાં, ચાલવામાં, જોવામાં, સાંભળવામાં, અસંયમીપણે જીવવું. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય આદિના પાલનમાં શિથિલ બનવું.

જયારે આત્માના આધારે જીવવાનો નિશ્ચય કરીએ છીએ એટલે કે સંયમી જીવન જીવવાનો દૃઢ સંકલ્પ કરીને તે મુજબ કષ્ટ વેઠીને પણ જીવન જીવીએ, ત્યારે-ત્યારે શાન્તિનો અનુભવ કરીએ.

શાન્તિ એ આત્માનો ગુણ અને આત્માનું પોતાનું સ્વરૂપ હોવાના લીધે આત્માના આધારે જીવન જીવનારને શાન્તિનો જ અનુભવ થયા કરે છે.

આત્માના આધારે જીવન જીવવું એટલે શું ?

જે માણસ આત્માના આધારે જીવન જીવવાનો પ્રયાસ કરતો હોય, તેના ધ્યાનમાં સૃષ્ટિનું મિથ્યાપણું, અસારપણું, ક્ષણભંગુરપણું આવેલું હોવું જ જોઇએ. તેના ચિત્તમાં સૃષ્ટિ વિષે વૈરાગ્યના જ વિચારો સતત ચાલ્યા કરતા હોય. ભલે પછી બહારથી એ પ્રારબ્ધના સંબંધથી આવી પડેલ ઉચિત કાર્યમાં રક્ત રહેતો હોય તો પણ આત્માની આગળ દેહની સમગ્ર સૃષ્ટિની કિંમત તેને મન શૂન્ય હોય. સૃષ્ટિમાં ગમે તેવા અને ગમે તેટલા પરિવર્તનો થયા કરતાં હોય તેની તેના દિલ પર અસર ન હોય. પોતાની શાન્તિને એ કદી પણ ચૂકે નહિ.

એ પોતે હંમેશાં એમ જ વિચારે કે "મારૂં

સ્વરૂપ શું? દેહ કે આત્મા? જો મારૂં સ્વરૂપ આત્મા હોય, અને દેહ ન હોય, તો હું શાન્તિ કેવી રીતે ગૂમાવું? કેમકે શાન્તિ મારૂં સ્વરૂપ છે.

અગ્નિનું સ્વરૂપ જ ઉષ્ણતા અને પ્રકાશ છે. એ અગ્નિ ઉષ્ણતા અને પ્રકાશ ખુએ, તો પછી અગ્નિ રહ્યો જ ક્યાં? તે જ રીતે મારૂં સ્વરૂપ જો શાન્તિ છે, તેને જો હું ખોઉં, તો એ મને પોતાને ખોયા બરાબર છે.

હું પોતે ખોવાઇ ગયો છું, એવો અનુભવ આપણને ક્યારેય પણ થતો નથી. હંમેશાં આપણને આપણે હોવા પણાનો જ અખંડ અનુભવ થાય છે.

નિદ્રામાં પણ આપણે જેને 'હુ' તરીકે સંબોધીએ છીએ. તે તો જાગતો જ હોય છે. કેમકે ગમે તેવી ગાઢ નિદ્રા પણ પૂરી થતાંની સાથે જ આપણે કહીએ છીએ કે મને આજે ગાઢ નિદ્રા આવેલી.

જો આપણે તે વખતે હાજર ન હોઈએ તો ગાઢ નિદ્રાનો અનુભવ કોણે કર્યો?

એથી સિદ્ધ થાય છે કે ગાઢ નિદ્રામાં પણ સાક્ષી-રૂપે 'હુ' પોતે જ હતો. એવો જે 'હુ' એટલે આત્મા, **તે અશાન્ત થાય એવો પદાર્થ જ ક્યાં છે?**

આત્માના આધારે જીવનાર માણસના હૃદયમાં આવા વિચારો બરાબર જામીને ઘટ્ટ થઇ ગયેલા હોય છે. તેથી

તે હંમેશાં શાન્તિનો જ અનુભવ કરતો હોય છે.

આપણે આત્માના આધારે જીવવાનો નિશ્ચયપૂર્વક પ્રયાસ કરીશું. તો આપણને પણ શાન્તિનો જ અનુભવ થશે, એમાં લવલેશ શંકા નથી.

વિચાર અને આચાર

આવી અનુપમ શાન્તિનો અનુભવ કરવા માટે વિચાર અને આચાર વચ્ચે સુમેળ રાખવાનો પ્રયાસ કરવો જોઈએ, વિચાર અને આચાર વચ્ચે અંતર રહે તો પણ શાન્તિનો અખંડ અનુભવ ન થઈ શકે.

ઘણા માણસોના મનમાં ઊંચા વિચારો આવતા હોય છે. પણ તેવા વિચારોની સાથે સુમેળ રાખનારૂં આચરણ તેમના જીવનમાં નથી હોતું. વિચાર અને આચાર વચ્ચેની આ વિસંવાદિતા અનુકૂળ પરિસ્થિતિ હોય છે ત્યાં સુધી તેવા માણસને અખરતી નથી પણ પ્રતિકૂળ પરિસ્થિતિ આવી પડતાં જ તે અકળાઈ જાય છે, તેની શાન્તિ ડહોળાઈ જાય છે.

વિચાર અને આચાર વચ્ચે જેઓને સુમેળ હોય છે, તેઓની શાન્તિનો ભંગ નથી થતો, તેથી જીવનમાં સૌથી અગત્યની વસ્તુ વિચારની સાથે આચારના સુમેળની છે.

૪ વિનય

વિનય આત્માનો ગુણ છે. જે આઠે પ્રકારના કર્મોને દૂર કરી પરમપદ પ્રાપ્ત કરાવે છે. તેથી તેને સર્વ ગુણોનું મૂળ કહ્યો છે.

વિનય ગુણનો વિરોધી માન કષાય નામનો દોષ છે. જે મનુષ્યને સામાન્યતઃ અતિ પ્રિય છે. પણ પરિણામે મહા દુઃખદાયી છે.

અભિમાની માણસ પોતાના ગુરૂજનનો વિનય કરી શકતો નથી.

માન–સન્માનની પ્રાપ્તિ માટે ગુણાનુરાગી બનવું. એ સાચો ગુણાનુરાગ નથી.

અહંકારી માણસ વારંવાર મર્યાદાનો ભંગ કરી ઉન્માર્ગે ગમન કરે છે. ગજા ઉપરાંતનું કામ માન માટે અંગીકાર કરે છે, પણ અંતે સ્ખલના પામી માન ભ્રષ્ટ થઈ મહા દુઃખી બને છે.

રાવણ અને જરાસંઘ માનને આધીન થઈ નાશ પામ્યા.

બાહુબલી મુનિપણું ધારણ કરી, સર્વ સંગ પરિત્યાગી થઈ એકાંત કાઉસગ્ગ–ધ્યાને રહ્યા, પણ માન કષાયથી કેવળજ્ઞાન અટક્યું. જે બ્રાહ્મી અને સુંદરી નામના સાધ્વીજીઓના બોધથી માન ત્યજી, વિનય ગુણ ધારણ કરતાં પ્રગટ થયું.

શ્રેણિક મહારાજાને ચંડાળ પાસેથી વિદ્યા લેતાં, તેનો વિનય ન કરવાથી વિદ્યા પ્રાપ્ત ન થઇ. પછી અભયકુમારની સલાહથી વિનય કરતાં (ચંડાળને સિંહાસન બેસાડતાં અને પોતે જમીન ઉપર બેસી હાથ જોડતાં પ્રાપ્ત થઈ.

તાત્પર્ય કે વિનયથી જ તત્ત્વ સિદ્ધિ છે. કહ્યું છે કે વિનયથી જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાનથી દર્શન પ્રાપ્ત થાય છે. દર્શનથી ચારિત્ર પ્રાપ્ત થાય છે અને ચારિત્રથી મોક્ષ પ્રાપ્ત થાય છે, મોક્ષ પ્રાપ્ત થતાં અનંત-અવ્યાબાધ સુખ પ્રાપ્ત થાય છે.

વિનય જ જિનશાસનનું મૂળ છે. માટે સંયમીએ વિનિત થવું જોઇએ. કારણ કે વિનય હીનમાં ધર્મ હોતો નથી. અને આવતો નથી.

દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને ઔપચારિક–એમ મોક્ષના અર્થે પાંચ પ્રકારનો વિનય છે.

દ્રવ્યાદિ પદાર્થની શ્રદ્ધા કરવી એ દર્શન-વિનય છે. તેનું જ્ઞાન મેળવવું એ જ્ઞાન વિનય છે. એ જ્ઞાન વિનયાનુસાર સમ્યક્ ક્રિયા કરવી એ ચારિત્ર વિનય છે અને સમ્યક્ તપ કરવું એ તપ વિનય છે.

પ્રતિયોગરૂપ, યુંજનરૂપ અને અનાશતનારૂપ એમ ઔપચારિક વિનયના પણ બે પ્રકાર છે. પ્રતિરૂપ વિનય કાયિક, વાચિક અને માનસિક એમ ત્રણ પ્રકારે છે. જેના અનુક્રમે ૮-૪-૨ પ્રકારો છે.

કાયિક વિનયના (૧) અભ્યુત્થાન (ગુણીની સામે જવું) (૨) અંજલિ (એટલે સામે હાથ જોડીને ઉભા રહેવું), (૩) આસન-પ્રદાન (૪) અભિગ્રહ (તેમની વસ્તુ ઠેકાણે મૂકવી), (૫) કૃતિ કર્મ (વંદન કરવું તે) (૬) શુશ્રુષા (આજ્ઞા સાંભળવા તૈયાર રહેવુ), (૭) અનુગમન (તેમની પાછળ જવું તે) (૮) સંસાધન (પગચંપી કરવી તે).

હિતકારી, મિત, મધુર અને અનુપતિ બોલવું એ ચાર ભેદ વાચિક વિનયના છે.

અકુશળ મનનો વિરોધ ભૂંડુ નહિ ચિંતવવું અને કુશળ-મનની ઉદીરતા આ બે ભેદ માનસિક વિનયના છે.

પ્રતિરૂપ વિનય પરની અનુવૃત્તિમય છે. કેવળીને અપ્રતિરૂપ વિનય હોય છે.

અનાશતના વિનયના બાવન ભેદ હોય છે.

શ્રી તીર્થંકર પરમાત્મા, સિદ્ધ ભગવંત, કુલ, ગણ, સંઘ, ક્રિયા, ધર્મ, જ્ઞાન, જ્ઞાની, આચાર્ય, સ્થવિર, ઉપાધ્યાય અને ગણિ—એ તેરની આશાતનાથી દૂર રહેવું, ભક્તિ કરવી, બહુમાન કરવું તેમજ પ્રશંસા કરવી એમ ચાર પ્રકારે તેર ભેદને ગુણતાં બાવન પ્રકાર થાય છે.

વિનયનું સ્વરૂપ, તેના ભેદ અને ફળ વગેરે સમજવા જેવાં છે. વિનય અવિનયમાં પ્રવૃત્તિ, નિવૃત્તિ માટે તેનાં ફળ પ્રથમ જાણવા તે આવશ્યક છે.

વિનયથી સૂત્ર ગ્રહણ કરવામાં આવે તો જ અભિપ્સિત ફળ આપે અન્યથા વિપરીત ફળ આપે. આ લોકના તુચ્છ કાર્યોની સાધક વિદ્યા પણ શ્રેણિકની માફક હીન જાતિના પણ ગુરૂનો વિનય કરાવે છે. તો સમસ્ત મનોવાંછિત આપવા સમર્થ જિનભાષિત વિદ્યાના દાતાર ગુરૂનો વિનય સાચવવામાં માણસ શી રીતે વિમુખ રહે ?

વિનયથી શીખેલું શાસ્ત્ર, કદાચ પ્રમાદથી ભૂલી જવાય તો તે પરભવે તુરત ઉપસ્થિત થાય છે અને માસતુષ મુનિની જેમ કેવળજ્ઞાન પમાડે છે.

વિનય ધર્મનું મૂળ છે, તે પણ બહુમાન પૂર્વકનો વિનય માટે બહુ–માનથી એકાંતે કલ્યાણ છે. એમ કહી શકાય.

સમૃદ્ધિશાળી કુસુમપુર નગરમાં ધનદ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને પદ્માવતી નામની રાણી હતી,

ભુવનતિલક નામનો પુત્ર હતો તેનામાં વિનય ગુણ અનુપમ હતો.

એક વખત રત્ન સ્થળ નગરના રાજા અમરચંદ્રના પ્રધાને ધનદ રાજાની સભામાં આવી, રાજાને પ્રણામ કરીને વિનંતી કરી કે, અમારા રાજાની યશોમતી નામની રૂપગુણવાન પુત્રી, આપના પુત્રના ઉત્તમ ગુણો સાંભળી તેના પ્રત્યે અનુરાગવાળી બની મહા કષ્ટે દિવસો પસાર કરે છે. તેના લગ્ન આપના સુપુત્ર સાથે કરવા માટે રાજાએ મને મોકલ્યો છે. તો આ પ્રાર્થના સ્વીકારી આપના સુપુત્રને પાણિગ્રહણ કરવા માટે મારી સાથે મોકલો.

રાજાએ પ્રધાનને સત્કારી, સારા દિવસે મંત્રી અને સામંત વગેરે સાથે પુત્રને મોકલ્યો. તે રસ્તામાં સિદ્ધપુર નગરની બહાર રથમાં મુચ્છા પામી. આંખો બંધ કરી, ઢળી પડયો.

મંત્રી વગેરેએ તેને બોલવવાના ઘણા પ્રયત્ન કર્યા, પણ બોલી શકયો નહિ, તેવામાં ત્યાં એક કેવળી ભગવંતને દેશના આપતા સાંભળી. મંત્રીએ તેમની પાસે જઇ કુમાર સંબંધી પૂછયું.

કેવળી ભગવંતે જણાવ્યું કે ધાતકી ખંડના ભરતમાં ભુવનાગાર પુરમાં સગચ્છસૂરિ પધાર્યા, તે ગચ્છમાં એક વાસવ નામે સાધુ હતો. જે અવિનીત અને કિલષ્ટ મનવાળો હતો. એકદા ગુરૂએ તેને કહ્યું. વત્સ! તું વિનય કર, તેનાથી જ કલ્યાણ થાય છે.

આ સાંભળી વાસન મુનિ પ્રબળ પવનના યોગે દાવાનળ જોર પકડે તેમ સર્પની માફક ક્રૂર બનીને ક્રોધથી ધગધગતો વધુ ઉગ્ર બન્યો ગુરૂએ તેની ઉપેક્ષા કરી.

એક વખત અકાર્યમાં પ્રવર્ત્તતા આ સાધુને બીજા મુનિઓએ વારતાં, તે તેમના પ્રત્યે અતિશય ઉગ્ર થઈ, આ લોક અને પરલોકનો બેદરકાર બની, તેઓને મારી નાખવા પ્રાસુક જળમાં તાલપુટ વિષ ભેળવી ત્યાંથી નાસી ગયો અને અરણ્યમાં કોઈ સ્થળે દાવા નળમાં સપડાઈ, બળી મરીને સાતમી નરકે ગયો.

સાધુઓને શાસનદેવીએ પાણી પીતાં અટકાવી બચાવી લીધા.

વાસવ મુનિ નરકમાંથી નીકળી, ઘણા ભવોમાં ભ્રમણ કર્યા પછી, એક ભવમાં અજ્ઞાન-તપ કરી ધનદ રાજાને ત્યાં પુત્રપણે જન્મ્યો. ઋષિ ઘાતના અધ્યવસાયથી તે આ દુર્દશાને પામ્યો છે, તે કર્મ લગભગ ક્ષીણ થયું છે ને અહીં આવતાં મુર્છા રહિત બની જશે.

એટલે મંત્રી તેને કેવળી ભગવંત પાસે લઈ ગયા ત્યાં તે મુર્છાથી મુક્ત થયો અને તેમને વંદન કર્યાં ત્યારે મંત્રીએ તેને કેવળી ભગવંતે કરેલી વાત કરી એટલે તેને જાતિ સ્મરણજ્ઞાન થયું એટલે તેણે કેવળી પાસે દીક્ષા લીધી. મંત્રીએ પણ તેની સાથે દીક્ષા લીધી. યશોમતીએ જ્યારે આ વાત જાણી ત્યારે તે પણ મોહ છોડી. કેવળી ભગવંત પાસે આવી અને દીક્ષા લીધી.

કુમાર પૂર્વકૃત અવિનયનું ફળ સંભારતો, વિનયમાં તત્પર રહી, અલ્પ સમયમાં ગીતાર્થ થયો. તીર્થપતિ આદિ પદોની હંમેશાં વૈયાવચ્ચ કરવા લાગ્યો. કેવળીઓ પણ તેની અનુમોદના કરતા, ગુરૂ પણ પ્રશંસા કરતા. પણ તેઓ મધ્યસ્થ રહી. ૭૨ લાખ પૂર્વ સુધી ચારિત્ર પાળી, મુક્તિપુરીમાં સિધાવ્યા.

આ કથા અવિનયનું ભયંકર પરિણામ અને વિનયનું સુંદર પરિણામ કહી જાય છે માટે દરેકે અવિનય ત્યજી વિનયવંત બનવાનો શ્રેષ્ઠ પુરુષાર્થ આદરવો જોઇએ. તે જ આત્મકલ્યાણનો રાજમાર્ગ છે.

૫ મુમુક્ષુનાં પ્રશ્નો....!!!

(એક મુમુક્ષુએ પોતાની મૂંઝવણુ વ્યક્ત કરતો જે પત્ર પૂજ્યશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબને લખ્યો હતો. તે મૂંઝવણનું નિરાકરણ આ લેખમાં સચોટ રીતે પૂજ્યશ્રીએ કર્યું છે જે પ્રત્યેક આરાધક આત્મા માટે અત્યંત ઉપકારક છે. સંપાદક)

પ્રશ્ન :– "......અત્યારે મારે શું કરવું જોઈએ, એ મારે મન મોટી મુંઝવણ છે."

ઉત્તર :– આ મુંઝવણનો ઉપાય તદ્દન સહેલો છે.

આ મુંઝવણ જે વિચારધારામાંથી ઉત્પન્ન થયેલી છે, તે વિચારધારા મૂળમાં જ ખોટી છે– એનો નિશ્ચય થવાની અત્યંત જરૂર છે. ઘણા વિચારશીલ મનુષ્યોને પણ કોઈ કોઈ વાર આવી સ્થિતિ આવી જાય છે. છદ્મસ્થ અવસ્થામાં આવી સ્થિતિ અનેકવાર આવી જવા સંભવ છે.

તેની સામે બચાવ કરનાર કોઈ પણ સમર્થ વસ્તુ હોય, તો તે બે છે– એક આપણો વિનિતભાવ અને બીજી

આપણી તત્ત્વ સમજવા માટેની સાચી ધગશ. સાચી ધગશ હોય તો કોઈ એક પક્ષમાં અટકી ન જવાય અને વિનિત ભાવ હોય તો જ અતીન્દ્રિય વિષયોમાં બહુશ્રુતોને શરણે રહેવાય.

કોઇ પણ વિષયમાં અંતિમ નિર્ણય પર આવતા પહેલાં તેની ચારે બાજુથી પુખ્ત વિચારણા ચાલુ રહેવી જોઇએ અને જ્યાં સુધી આપ્ત પુરુષોનું સમર્થન ન મળે, ત્યાં સુધી મતિની અલ્પતા અને શાસ્ત્રોની ગહનતાનો વિચાર કદી પણ છોડી ન દેવો જોઈએ. અને એ તેઓથી જ બને કે જેઓની તત્ત્વ જિજ્ઞાસા ભવ્યત્વ પરિપાકથી જન્મેલી હોય. તથા જન્મજાત કુલીનતાને વરેલી હોય.

તેવા જીવો તત્ત્વ માટે જે કાંઇ મંથન કરે તેમાં ભૂલ ભરેલા નિર્ણયો પણ અનેકવાર થાય, છતાં આગ્રહ રહિતતા હોવાથી પ્રજ્ઞાપક મળતાંની સાથે જ અસદ્ નિર્ણયોને ફેરવતાં વાર કરતો નથી. એ સદ્‌ગુણને શાસ્ત્રોમાં પ્રજ્ઞાપનીયપણું કહ્યું છે.

ગુરૂવચને પન્નવણીજ, તે આરાધક હો હોવે.

અનુચિત તેહ ન આચરે, વાળ્યો વળે જિમ હેમ...

એ શબ્દોમાં જ્ઞાની ભગવંતોએ ઉક્ત સદ્‌ગુણને વખાણ્યો છે. તમારા લખાણોમાં તે જરૂરી સદ્‌ગુણની છાયા તરી આવે છે તેથી આ પત્ર લખવાનું દિલ થાય છે.

ભાવ-પૂજામાં મન વિશેષ આત્માભિમુખ થતું લાગે છે, એ ઘણું જ ઉત્તમ ચિહ્ન છે. તમારા જેવા ચિંતન પ્રધાનને તેજ રૂચે, છતાં તેજ ચિંતનના બળે રોગીને ઔષધની જેમ દ્રવ્ય-રોગીને અર્થાત્ આરંભ, પરિગ્રહ, મોહ-મમત્વ અને વિષયાદિની અંદર ખૂંચેલા-ફસાયેલા ગૃહસ્થવર્ગને તે રોગનું નિવારણ કરવા માટે દ્રવ્ય-પૂજા પણ કેટલી સમર્થ અને ઉપયોગી છે તે સમજવાની યોગ્ય સામગ્રી મળે, સમજાયા સિવાય રહેતું નથી.

૧૨૫ ગાથાના સ્તવનની ૮-૯-૧૦ એ ત્રણ ઢાળોમાં એ વિષય ખૂબ સ્પષ્ટ કર્યો છે. જેને વાંચવાથી સહૃદયી જીવનાં દ્રવ્ય પૂજાનાં પરિણામ સતેજ થયા સિવાય રહેતાં નથી.

દ્રવ્ય-પૂજા કરનારા બીજાઓના જીવન અશુદ્ધ અને મલીન છે, એમ વિચારવા કરતાં જેઓનાં અંતઃકરણ મલીન નથી અને જ્ઞાનીઓની આજ્ઞાનું આરાધન કરવાના પરિણામમાંથી જેઓને દ્રવ્ય-પૂજાની કરણી કરવી છે, તેઓને માટે એ અનુષ્ઠાન કૂપના દૃષ્ટાન્તથી જીવના સંસારને પાતળો કરનારૂં થાય છે. એ વાત સિદ્ધ છે. તેથી ગૃહસ્થોની અપેક્ષાએ ભાવ-પૂજા કરતાં પણ દ્રવ્ય-પૂજા પરમ મંગળ કરનારી છે. અને દ્રવ્ય-પૂજા પૂર્વકની ભાવપૂજા જ શાન્તિ આપનારી છે. એવો અનુભવ થયા સિવાય રહેતો નથી.

દ્રવ્ય-પૂજા વિના એકલી ભાવ-પૂજા થોડો વખત રૂચિકર લાગે તો પણ તે રૂચિ ચિરંજીવી બનતી નથી.

તેને ચિરંજીવી બનાવવામાં દ્રવ્ય–પૂજાપૂર્વક ભાવ–પૂજાનો જ્ઞાનીઓએ બતાવેલો ક્રમ જ ફળદાયી નીવડે છે, એવો જ્ઞાની પુરુષોનો એટલે પ. પૂ. શ્રી હરિભદ્રસૂરિ આદિ સૂરિ પુંગવોનો ચોક્કસ અભિપ્રાય છે.

પ્રશ્ન :– 'એવું સાંભળવા અને વાચવામાં આવે છે કે શુભ અનુષ્ઠાનોમાં વિશેષ શુભ ભાવની વૃદ્ધિ થાય છે, પણ એવું અનુભવવામાં આવતું નથી.'

ઉત્તર :– એવો અનુભવ નહિ થવાનું કારણ તત્ત્વ-જ્ઞાનની ન્યૂનતા અથવા અસ્પષ્ટતા સિવાય બીજું કાંઈ સમજવું નહિ. તે ન્યૂનતા કે અસ્પષ્ટતા શું છે, તે આજ પત્રમાં આગળ આવશે, તે મનનપૂર્વક વાંચવાથી ખાત્રી છે કે શુભ અનુષ્ઠાનો, શુભભાવની વૃદ્ધિ માટે અનિવાર્ય છે, એવો દૃઢ વિશ્વાસ જાગ્યા સિવાય રહેશે નહિ.

માર્ગાનુસારીના ગુણો એ ધર્મનો પાયો છે. એવો તમારો નિશ્ચય વ્યાજબી છે. એ જ રીતે ધર્મરત્ન પ્રકરણમાં બનાવેલા શ્રાવકના ચક્ષુદ્રત્વાદિ ૨૧ ગુણો પણ ધર્મરત્નની પ્રાપ્તિ માટેની યોગ્યતાના મુખ્ય હેતુઓ છે. તથા બીજા પણ પાત્રતા વિકસાવવાના ઔદાર્ય, દાક્ષિણ્ય, ગાંભીર્ય, ધૈર્ય, સૌજન્ય આદિ ગુણોના વિકાસની પણ ઘણી જરૂર છે.

એ રીતે પાત્રતા કેળવ્યા બાદ પાત્ર જીવોને સંપદાઓ આવી મળે છે, અર્થાત્ પાત્ર વ્યક્તિઓને ગુણરૂપી સંપ-દાઓ બોલાવ્યા વિના કે ઈચ્છા કર્યા વિના પણ સમુદ્રની

તરફ સરિતાઓ આપોઆપ ખેંચાયા કરે છે, તેમ સદ્‌ગુણો ખેંચાઈ આવે છે. તેથી પાત્રતા કેળવવાનો વિચાર ઘણો સારો છે. અને એજ સૌથી શ્રેષ્ઠ અને સલામત માર્ગ છે. એ ક્રમે ચઢેલા આત્માઓના પતનનો સંભવ રહેતો નથી અથવા ઘણો ઓછો રહે છે.

તે સંબંધમાં માત્ર એટલું જ વિચારવાનું રહે છે કે એકલી માર્ગાનુસારિતા ઉપર જ વધારે પડતું વજન આપવા જતાં એ માર્ગાનુસારીપણાના જ અનેક ગુણો ઘવાય છે.

છેલ્લો ગુણ ઘણો મહત્વનો છે. જે સંસાર અપેક્ષાએ માતાપિતાદિ ગુરૂજનને જેટલો લાગુ પડે છે, તેટલો જ ધર્મ અપેક્ષાએ દેવ, ગુરૂ, સંઘ આદિને પણ લાગુ પડે છે. અને એ બધા ગુણોના ગર્ભમાં આપણને સન્માર્ગ પ્રત્યે દઢીકરણ કેળવવા માટે ઘણી સામગ્રી ગોઠવાયેલી છે.

તેથી માર્ગાનુસારિતાની વ્યાખ્યા પણ કેવળ ન્યાયસંપન્ન વૈભવાદિ જેટલી સીમિત ન રહેવી જોઈએ. અને એ રીતે તે ગુણોની સાધના અપૂર્વ યોગ્યતાને પેદા કરનારી થાય. એમાં જરા પણ શંકા નથી.

પ્રશ્ન :– "સામાયિક, પ્રતિક્રમણ તપ વગેરેમાં હાલ તે મુજબનો ભાવ આવવો સંભવિત લાગતો નથી. ઉપરથી દંભ, અભિમાન, અવિધિ આશાતના વગેરે દોષોનો પ્રાદુર્ભાવ સ્વાભાવિક લાગે છે. એટલે જ્યાં સુધી સ્વાભાવિક રૂચિ

ન પ્રગટે ત્યાં સુધી તે ક્રિયાઓ ગૌણ કરવાની ભાવના થયા કરે છે.”

ઉત્તર :– તમારા આ વિચારોના જવાબમાં લખવાનું કે શ્રી વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ સમ્યગ્ દર્શન આદિ ગુણસ્થાનકોની ઉત્પત્તિ કેવળ નિસર્ગથી કહી નથી, પણ નિસર્ગ અને અધિગમ ઉભયથી કહી છે.

અનેક વખતનો અધિગમ એ નિસર્ગરૂપે પરિણમે છે. ક્રિયાઓ અભ્યાસ સ્વરૂપ છે. અને અભ્યાસનું બીજું નામ અધિગમ છે.

કેવળ ઉપદેશ શ્રવણ, તત્ત્વચિંતન કે પુસ્તક–વાંચનથી અધિગમ થાય અને સત્ ક્રિયાઓનું સેવન નિષ્ફળ જાય, એમ કહ્યું નથી, ઉલટું એમ કહ્યું છે કે તે–તે ગુણસ્થાનને ઉચિત તે–તે ક્રિયાઓ અપ્રાપ્ત ગુણોને પ્રાપ્ત કરાવે છે, પ્રાપ્તને સ્થિર કરે છે અને વધારે છે.

વળી સામાયિક, પ્રતિક્રમણ, દાન, શીલ, તપ, પૂજન આદિ ક્રિયાઓ ઉપર આટલો બધો અરૂચિભાવ શા માટે? એમ જીવને ખરા અંતઃકરણથી પૂછીએ તો જવાબ મળ્યા વિના રહે નહિ. તે કેવળ પ્રમાદ સિવાય બીજું કોઈ કારણ છે જ નહિ. કારણ કે તે બધી ક્રિયાઓ નિરવદ્ય છે. એટલે કોઈને પીડાકારક નથી, વળી તે સમયની બરબાદી કરનાર નથી, વળી તે સમયનો તેમાં ઉપયોગ થાય છે તે લેખે લાગે છે. સાર્થક નીવડે છે. અને તેમાં અલ્પ જે ધનનો વ્યય કરવો પડે છે તે પણ ઉત્તમ

ક્ષેત્રમાં વાવેલા બીજ સમાન છે. તેમાં શક્તિનો દુર્વ્યય તો નથી થતો, પરંતુ શારીરિક–વાચિક, માનસિક શક્તિનો સંચય થાય છે, સમત્વ ભાવની વૃદ્ધિ થાય છે, એ જ શક્તિનો સંચય છે.

ક્રિયાનાં સૂત્રો પણ ભાવ–ગંભીર છે. કારણ કે મહાપુરુષોએ રચેલાં એ સૂત્રો સામાન્ય સૂત્રો નથી, પણ મહામંત્ર સ્વરૂપ છે. અંતરાત્માને પરમાત્મભાવની સાથે વારંવાર મિલન કરાવી આપનાર અજોડ સેતુ સમાન છે. વિવિધ પ્રકારની મુદ્રાઓ શ્રી તીર્થંકરદેવ તથા ગણધરાદિ મહાપુરુષો પ્રત્યે વિનય–બહુમાનાદિનાં સૂચક છે.

આત્માના જ્ઞાનાદિ ગુણોના વિકાસને અનુલક્ષીને જ આવશ્યકાદિ ક્રિયાઓની રચના થયેલી છે. તેમાં કોઈ પણ જગ્યાએ દંભ, અભિમાન કે સ્વાર્થનું પોષણ છે જ નહિ. પરલોકપ્રધાન પુરુષોએ પારલૌકિક કલ્યાણની સિદ્ધિ માટે એ મંગળકારી ક્રિયાઓ વિહિત કરેલી છે. અને સમગ્ર સંઘમાં એવી ઓતપ્રોત કરી દીધી છે કે જેથી એ ક્રિયા-ઓના બળે સમગ્ર સંઘની એકવાકયતા એક સરખી જળવાઇ રહે છે.

તત્ત્વજ્ઞાન એ ક્રિયાઓનો પાયો છે. સમત્વ એનો પ્રાણ છે. સમાધિ, બોધિ, સદ્‌ગતિ એનું લક્ષ્ય છે. ગુણ-વાન પુરુષોનું બહુમાન, પાપની જુગુપ્સા, આત્માનું અવલોકન, સંસાર પરાઙ્મુખતા ઇત્યાદિ સદ્‌ગુણોનું સાક્ષાત્ આચરણ એની સુવાસ છે.

એ ક્રિયાઓના બળે જ શ્રી સંઘ જીવતો દેખાય છે. અને એના બળે જ આ પંચમ કાળના અંત પર્યંત એનું આયુષ્ય ટકાવી રાખવાનો છે.

જીવનમાં પ્રત્યક્ષ આચારણ વિના કોરૂં તત્ત્વજ્ઞાન કદી દીર્ઘજીવી બની શકતું નથી. તપ–જપ–દાનાદિ પ્રવૃત્તિઓનો એકસરખો ધોધ શ્રી જૈન સંઘમાં અસ્ખલિત પણે ગતિમાન છે, તેની પાછળ ક્રિયાઓનો જ મોટો ફાળો છે. સર્વ મહાપુરૂષોએ સ્વયંજીવનમાં અપનાવીને એને ટેકો આપ્યો છે. પોતાના કરતાં અધિક ક્રિયાનું આચરણ કરનારાને પ્રશંસ્યા છે તેમજ ક્રિયામાં થતી આશાતનાને અવિધિને જરા પણ પોષી નથી, પણ દૂર કરવા માટે પૂરતી તકેદારી રાખી છે. તેમ છતાં મનુષ્ય–સ્વભાવની નબળાઈને વશ થતી અવિધિના અનુબંધને વિધિ પ્રત્યેની ભક્તિ વડે વિચ્છેદ કરી શકાય છે એમ કહીને આશ્વાસન આપ્યું છે.

અવિધિથી કરવા કરતાં ન કરવું, એને ઉત્સૂત્ર ભાષણ કહ્યું છે. કરવું તો વિધિપૂર્વક જ કરવું, અન્યથા ન કરવું એ મનોવૃત્તિને અભિમાન જન્ય ગણાવી છે. કોઇ પણ ક્રિયા અભ્યાસથી જ શુદ્ધ થઈ શકે છે તેથી અભ્યાસ કાળની અવિધિને આગળ કરીને, અભ્યાસને છોડી દેવાનું કહેવું એ પ્રમાદને પોષનારૂં તથા મૂળ વસ્તુનું અવમૂલ્યન કરનાર છે.

અશુભ ક્રિયાથી અશુભ ભાવનો અનુભવ થવો જેટલો સહજ છે, તેટલો શુભ ક્રિયાથી શુભ ભાવનો અનુભવ થવો સહજ નથી. એજ એમ બતાવે છે કે એના સતત અભ્યાસની ખાસ જરૂર છે.

હવે પ્રશ્ન એ રહે છે કે આપણે ઉતરતી કક્ષાએ હોઇએ તો ઉપલી કક્ષાની ક્રિયા આપણને કેવી રીતે લાભ કરે ? ચક્રવર્તીનું ભોજન રંકને શે પચે ? મંદાગ્નિવાળાને પૌષ્ટિક ખોરાક કેવી રીતે લાભ થાય ?

અહીં કક્ષાનો વિચાર બે રીતે છે, એક પ્રવૃત્તિરૂપે અને બીજો પરિણતિરૂપે.

પરિણતિ ક્રિયા સાધ્ય છે અને આવ્યા પછી ક્ષણ-વારમાં ચાલી જનારી છે. તેથી પરિણતિ વડે કક્ષાનો વિચાર અશક્ય છે. માત્ર પ્રવૃત્તિ વડે જ કક્ષાનું માપ નીકળી શકે છે.

તો જેઓ જૈનકુળમાં જન્મ્યા છે, ઉત્તમ કુળના આચારોનું સહજ રીતે પાલન કરી રહ્યા છે, જેઓના ઘરમાં માંસ મદિરાનું ભોજન કે વેશ્યાગમનાદિ નીચ કર્મોનું સેવન છે નહિ, નીચ કુળમાં થતા જીવ વધના વ્યાપાર કે અશુચિ કર્મો નથી, જેઓને પરલોક ઉપર શ્રદ્ધા છે, આત્માનું હિત કરી લેવું, એજ જન્મનો સાર છે. એવા ઉત્તમ સંસ્કારો જેઓને વારસામાં મળેલા છે. જેઓ જીવતાં બોધિ મરતો સમાધિ અને પરલોકમાં સદ્ગતિને

નિરંતર ઇચ્છી રહ્યા છે. જેઓને વીતરાગમાં દેવાધિદેવપણાનો, નિર્ગ્રન્થમાં ગુરૂપણાનો અને આગમોમાં સર્વજ્ઞનિરૂપિતપણાનો વિશ્વાસ છે તથા ધર્મમાં જીવદયા અને જીવની જયણા એજ મુખ્ય છે એવી નૈસર્ગિક શ્રદ્ધા છે, તેવા જીવો આ ક્રિયાના અધિકારી નથી, એમ તો કોઈ અજ્ઞાની, દુરાગ્રહી કે પુદ્ગલાનંદી જ કહી શકે.

ઉપર વર્ણવ્યા તેના કરતાં વધારે સારા સંસ્કારવાળા બીજા કયા મનુષ્યો છે કે જેઓ આ ક્રિયાના ખરા અધિકારી છે અને બીજા નહિ ?

જો નથી, તો પછી આવા ઉચ્ચ સંસ્કારવાળા ઘરોમાં નિરંતર સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજા, વ્રત–નિયમ, દાન શીલ અને તપ જપાદિ ક્રિયાઓ સતત થતી રહે તેમાં ખોટું શું છે ?

આ તો ઢાલની એક બાજુ થઈ. તેની બીજી બાજુ પણ છે. અને તે આ ક્રિયાઓ કરનારા કેટલાઓમાં દેખાતી જડતા, અવિચારીતા, સ્વાર્થ લોલુપતા બહાર આવવાની કે લોકમાં સારા દેખાવાની મનોવૃત્તિ ઈત્યાદિ દુર્ગુણોરૂપે દેખા દે છે પણ તે (અનેક પ્રકારની નબળાઈઓને વશ જીવોમાં) અનિવાર્ય છે. અથવા જ્ઞાન પ્રકાશથી તેને હટાવી શકાય છે.

એક તો સામાન્ય રીતે ધર્મક્રિયા કરનારા, સમગ્ર સમાજની દૃષ્ટિએ અલ્પ સંખ્યામાં હોય છે. માત્ર પર્યુ-

ષણાદિ પર્વોમાં જ તેની અધિકતા દેખાય છે અને તે વર્ગ ક્વચિત ક્રિયા કરનારાં હોવાથી તેમાં ભૂલો નજરે પડે છે.

છતાં ગંભીરપણે વિચાર કરતાં તેવી ભૂલવાળી ક્રિયાઓ વડે તેઓમાં પણ એવો એક ભાવ તો પોષાય છે કે–જીવનમાં ધર્મનું સ્થાન છે અને ધર્મ સુખ-શાન્તિ આપે છે. આ માન્યતાને ટકાવવામાં પણ તેનો (ક્રિયાનો) મોટો ફાળો છે. પ્રતિપક્ષમાં એ રીતે ક્રિયાઓ છૂટી જવા પછી જૈન કોણ, અજૈન કોણ? ધર્મ શું અને અધર્મ શું? એનો ભેદ રહેવો, તે આ વિસમ કાળમાં ઘણો દુષ્કર છે.

હવે આપણા પોતામાં આ ક્રિયાઓ કરવાથી દંભ કે મિથ્યાભિમાનનું પોષણ થાય છે–એવી એકાંત માન્યતા સર્વથા અસંગત છે.

આટલું ઊંડુ તત્ત્વ મંથન થયા પછી જે ક્રિયાઓ થાય, તેના વડે દંભ, અભિમાન આદિ પોષાય એમ માનવું અશક્ય પ્રાયઃ છે. છતાં જો એમ લાગતું હોય, તો તેનું કારણ ઘડાએલી મિથ્યા કલ્પનાઓ કે અસંગત વિચારણાઓ છે, એમ માનવું તેમજ સ્વીકારવું એ વ્યાજબી છે.

એ કલ્પનાઓ અને વિચારણાઓ અસત્ય અને અશાસ્ત્રીય છે, એમ નક્કી થતાંની સાથે એ આપોઆપ

વિલય પામી જશે. તત્ત્વ જ્ઞાનના વિષયમાં આવી કોઈ ભ્રમણા યા અસદ્ વિચારણા ક્યારેક થઈ જાય છે, પણ સુગુરૂ યા સત્ શાસ્ત્રના અવલંબન દ્વારા તેને નિવારી શકાય છે.

પ્રશ્ન :– "અચરે અચરે રામ, જેવું આપને નથી લાગતું ?"

ઉત્તર :– આ પ્રશ્નનો કેટલોક ઉત્તર ઉપરના લખાણમાં આવી જાય છે. શેષ ખુલાસારૂપે જણાવવાનું કે– 'અચરે અચરે રામ' બોલનાર પોપટ, એજ કારણે અન્ય પક્ષીઓ કરતાં ઊંચો ગણાયો છે.

અને બીજી બાજુએ વિચાર કરતાં, એ ક્રિયા કરનારાઓમાં પણ આજે ઘણા સાધુ, ઘણી સાધ્વી, ઘણા શ્રાવક અને ઘણી શ્રાવિકાઓ એવા નીકળશે, કે જેઓ શુક–પાઠ નથી કરતાં, પણ એ ક્રિયા કરતી વખતે આત્મિક આનંદ અને જ્ઞાનીઓની આજ્ઞાનું પાલન કર્યાનો સંતોષ અનુભવે છે. તથા શ્રી તીર્થંકર ભગવંતો, સંતપુરુષો અને મહાસતીઓના નામ સ્મરણાદિ વડે પોતાના જન્મને ધન્ય અને કૃતાર્થ અનુભવે છે. કારણ કે એ ક્રિયાઓના સૂત્રોની પાછળ પૂર્વાચાર્યોએ ઘણું ઉપકારક સાહિત્ય વિસ્તાર્યું છે. તેથી તેનું પદ્ધતિસરનું જ્ઞાન પણ સમાજમાં ફેલાતું જ રહે છે.

જો કે આજે અન્ય ક્ષેત્રોમાં વિદ્યાનો વિકાસ તથા ભાષાજ્ઞાનનો પ્રચાર જેટલા પ્રમાણમાં વધી રહ્યો છે, તેટલો

આપણે ત્યાં દેખાતો નથી, પણ આત્માના આરોહણના માર્ગમાં તેવો પ્રમાદ તો રહેવાનો અને એને દૂર કરવા માટે પણ કાળે-કાળે મહાપુરુષો, યુગપુરુષો આદિ જન્મતા જ રહે છે. અને ક્રિયાની પાછળ ભૂલાયેલું કે ભૂલાતું જતું જ્ઞાન ભેળવે છે. તેથી હાલના માણસોમાં કાળના પ્રભાવે દેખાતી શિથિલતા પર વધુ પડતું વજન આપવા કરતાં આપણું કર્તવ્ય, ખૂટતું જ્ઞાન ઉમેરવાનું છે. અને એ રીતે શુભ કરણી દ્વારા શાસનનો ઉદ્યોત અને ટકાવ વધારવામાં વધુ કલ્યાણ સાધી શકાય એમ છે—એવી માન્યતા દૃઢ કરવામાં છે.

પ્રશ્ન :—ભવિતવ્યતાને વિષે મારો વિચાર એવો નથી કે જેમ કરતા હોઈએ તેમ કર્યે રાખવું, પણ આત્મા તથા પુદ્ગલના પર્યાય નક્કી હોવાથી તેના ઉદયમાં હર્ષ—શોક અસ્થાને છે. અથવા જેથી આત્મ સન્મુખતા થાય તે જ ભવિતવ્યતા.

ઉત્તર :—તમારા લખાણથી ભવિતવ્યતા અંગેનો તમારો આશય સ્પષ્ટ થતો નથી. તો પણ જો લખવાનો તમારો આશય એવો હોય કે જ્યારે-જ્યારે અસમાધિ થાય, ત્યારે ત્યારે ભવિતવ્યતાનું આલેખન લેવાથી અસમાધિ ટળી જાય છે અને આત્મા સ્વ-સ્વભાવમાં આવી જાય છે, તો તે આશય બરાબર છે.

એ રીતે ભવિતવ્યતાવાદનું આલંબન લેવું એ શાસ્ત્રાનુસારી છે, પણ કાર્યની સિદ્ધિમાં એકલી ભવિતવ્યતા જ

કારણ નથી, પરંતુ પાંચે કારણો મળીને કાર્ય સિદ્ધ થાય છે. એવો જે જિન-સિદ્ધાન્ત છે, તેને આથી જરા પણ બાધ પહોંચવો જોઈએ નહિ. અન્યથા એજ ભવિતવ્યતાવાદનું એકાંત સેવન યા અવલંબન જીવને પુરુષાર્થ હીન અને ચિત્ત વિભ્રમ કરાવનારૂં થાય છે.

કોઈ પણ એકાંતવાદનું અવલંબન ચિત્તસ્વાસ્થ્યને અવસરે પૂરતી હાનિ પહોંચાડે છે. કારણ કે તે વસ્તુસ્થિતિથી વિરુદ્ધ હોય છે.

મોક્ષમાર્ગમાં પુરુષકાર એ જ અગ્ર પદ ભોગવે છે, કારણ કે તે જ એક પ્રયત્ન સાધ્ય છે. તે સિવાયનાં બીજાં ચાર કારણો–એ મનુષ્યને આધીન નથી, શ્રદ્ધાથી માનવાનાં છે, જો કે એ શ્રદ્ધા પણ અત્યંત ઉપયોગી છે. અને એના બળથી ચિત્તની સમતુલા બરાબર જાળવી શકાય છે. તથા જ્ઞાનીઓ ઉપર વિશ્વાસની વૃદ્ધિ થવામાં પ્રબળ નિમિત્ત બને છે. પણ તે પૈકી કોઈ એકાદ કારણ ઉપર જ અંતિમ કોટિએ ઢળી પડવાનું થાય, તો તે માર્ગ–ભ્રષ્ટ કરાવી દેનાર થાય છે, એમ નક્કી માનવું.

૬ સાચી સેવા

સેવા કરવી જોઈએ, એમ કહેવું તે જેટલું સહેલું છે, તેટલું જ તે કરી બતાવવું અઘરું છે.

સેવક બન્યા સિવાય, કોઈ પણ કોઇની સાચી સેવા કરી શકે નહિ.

સંસારમાં સહુ કોઇ સ્વામી બનવા ચાહે છે, પણ સેવક બનવા તો કોઈક વિરલ આત્મા ભાગ્યે જ તૈયાર થાય છે.

અમે સેવા કરીએ છીએ, એમ કહેનારની પ્રવૃત્તિ અને મનોવૃત્તિ તપાસીએ છીએ, તો અનેક પ્રકારની તૃષ્ણાઓ તેમાં સમાયેલી જણાય છે માન, પ્રતિષ્ઠા, મોટાઇ, અર્થ, લાલસા અને કામ તૃષ્ણા આદિ અનેક જાતની આશાઓથી સેવાનો દેખાવ કરનારની સંખ્યા મોટા પ્રમાણમાં જણાય છે. પણ સાચી સેવાના ઉપાસકો વિરલા જ હોય છે.

જેણે કામ, ક્રોધ, માયા, લોભ અને મિથ્યાભિમાન આદિની મિત્રતા છોડી દીધી છે, તે જ સેવાનો પૂજારી બનવાને લાયક છે અને તેનામાં જ સેવકપણાનો ગુણ વાસ કરી શકે છે.

સેવક એટલે ચાકર, દાસ, તેનામાં સ્વામીપણાની સ્ફુરણા પણ જાગતી નથી. તે ગમે તે ભોગે પણ સહુની ઉચિત સેવા કરવા પ્રતિ પળે તૈયાર હોય છે.

જાતિ, ધર્મ, વય, સ્થિતિ આદિના ભેદો ભૂલીને, તે બધાયની એકસરખી રીતે સેવા કરે છે, સેવાના બદલાની જરા પણ આશા રાખતો નથી, કારણકે સ્વાર્થગર્ભિત સેવા એ ગુલામી છે, પણ સેવા નથી, એ તે સારી રીતે જાણતો હોય છે

જેનામાં ક્ષમા, નમ્રતા, દયા, સરળતા સ્વાભાવિક હોય છે, તે સેવકપદને સારી રીતે દીપાવી શકે છે. આવા ગુણો કોઈ આપી શકતું નથી કે બજારમાં વેચાતા મળતા નથી, પણ જન્માંતરથી જ તેના સંસ્કારો પડેલા હોય છે અને તે સાધારણ નિમિત્ત મળવાથી વિકસિત થાય છે, તેથી તેવો માણસ કોઇની પ્રેરણા વગર પણ સેવાના માર્ગે વળે છે.

અનુકરણથી કેટલાક સેવા કરતાં શીખે છે, પરંતુ તેમાં સંસ્કારી કોઈક જ હોય છે, કે જે સેવાધર્મને તેના મૂળ સ્વરૂપમાં પામી તેમજ દીપાવી શકે છે, બાકી તો

બીજાને સેવા કરવાથી મળતાં માન, પ્રતિષ્ઠા, આદર તથા અર્થ આદિની તૃષ્ણાઓ પોષાતી જોઈને સેવાના ક્ષેત્રમાં દાખલ થાય છે, પણ તેમનામાં સાચી સેવા કરવાની યોગ્યતા ન હોવાથી, પરિણામે અન્યનું હિત કરી શકતા નથી.

જ્યારે સાચો એક પણ સેવક હોય, તો જગતનો ઉદ્ધાર કરી શકે છે પણ તુચ્છ વાસનાઓથી પ્રેરાઈને સ્વામી બનવાની સ્પૃહાથી બનેલા હજારો સેવકો હોય, છતાં પણ દુનિયા રીબાય છે, પીડાય છે અને દુઃખના દાવાનળમાંથી નીકળી, શાન્તિ મેળવી શકાતી નથી.

દુનિયાના મોટા ભાગના માણસો આવા સેવકોના વિશ્વાસે દોરાય છે. અને પોતાની પ્રિય વસ્તુઓ તેમને અર્પણ કરે છે, છતાં પરિણામે સ્વામી બનવાની તેમની નીતી જોઈને પસ્તાય છે.

લૌકિક અને લોકોત્તર એમ બે પ્રકારની સેવા છે. તેમાં લૌકિક સેવા એટલે આપત્તિ–વિપત્તિમાં સપડાયેલા અથવા તો કોઈ પ્રકારના પ્રતિકૂળ સંયોગના કારણે દુઃખ ભોગવતા પ્રાણીઓને સુખી કરવા તન–મન ધનથી નિઃસ્વાર્થપણે પ્રયત્ન કરવો.

લોકોત્તર સેવા એટલે અનાથ જીવોને સુખે જીવવા દેવા માટે મોજશોખ છોડી દેવા, જેમાં અનેક જીવોનો વિનાશ થતો હોય, એવા પાંચે ઇન્દ્રિયોના વિષયોથી વિરામ પામવું, અલ્પ અપરાધે જીવવું.

આ બંને પ્રકારની સેવામાં લૌકિક સેવા કરનાર સાચો સેવક, બીજા જીવોનું દુઃખ પોતાનું સુખ આપીને ખરીદે છે. પોતાને આવવાની આપત્તિની અવગણના કરીને બીજા જીવોને સુપ્રત કરવા કરેલા પ્રયાસોની સફળતાથી અત્યંત આનંદ અનુભવે છે.

આવા સેવકો મનથી પણ કોઇ પ્રાણીને પીડા આપતા નથી. અનેક પ્રકારે પોતાને પજવનારા પણ દુઃખોથી પીડાતા બીજા જીવોને પોતાનો શત્રુ ન માનતાં સ્નેહીની જેમ તેની સારવાર કરવા ઉજમાળ (ઉદ્યમવંત) થાય છે. આવી સેવા કરવા છતાં તેનામાં અભિમાન હોતું નથી.

પરમાત્મા શ્રી મહાવીર સ્વામીજી, પ્રાણી માત્રના લોકોત્તર સેવક હતા; કારણ કે તેઓશ્રીએ સંસારવાસી જીવ માત્રની રક્ષા રૂપ લોકોત્તર ભાવ સેવા કરી એટલા માટે જ તેઓશ્રી સંસારના સ્વામી બન્યા છે અને પૂજાય છે.

તાત્પર્ય કે જે સમગ્ર સંસાર અર્થાત્ સમગ્ર જીવ લોકનો સેવક બની શકે છે, તે જ સમગ્ર જીવલોકનો સ્વામી બની શકે છે.

શ્રી મહાવીર પ્રભુજીએ સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોની પણ રક્ષા કરી છે. કોઈ પણ જીવને દુઃખ ન થાઓ, એવા ઉત્કૃષ્ટ આશયથી મહિનાઓ સુધી આહાર આદિનો ત્યાગ કરીને, એક સ્થાને નિષ્પ્રકંપ–ધ્યાનસ્થ રહ્યા છે. જીવ માત્રના રક્ષણરૂપ લોકોત્તર સેવા કરવાથી જ પ્રભુજીએ મૃત્યુ ઉપર

વિજય મેળવી આત્માના અમરપણાનો પરિપૂર્ણ ઉઘાડ કર્યો છે. સેવા માટે સંસારના કહેવાતા દુઃખો સામે અડગ રહીને શાશ્વત સુખ મેળવ્યું છે. પ્રાણી માત્ર સાચું સુખ મેળવે—એવી ઉત્કૃષ્ટ ભાવનાથી જ સાચા, શાશ્વત સુખનો માર્ગ બતાવી, સંસારની અપૂર્વ—અનુરૂપ સેવા કરી.

આવી રીતે પ્રભુજી પ્રાણી માત્રને સાચું સુખ આપીને અને પ્રાણી માત્રની લોકોત્તર સેવા કરીને શ્રેષ્ઠતમ સેવક બનવાનું શીખવી ગયા છે.

દીન, દુઃખી અનાથ જનોની દયાથી સારવાર કરનાર કોઈને કોઈ નીકળી આવે છે, પણ મિથ્યાભિમાની, માયાવી, લોભી, ક્રોધી અને અનેક પ્રકારના અપરાધો કરનારની તો કોઇ પણ સેવા કરતું નથી. એવા માનવ, પ્રાણીઓ ઉપર તો બધાય દુર્ભાવ શત્રુતા રાખે છે.

વાઘ તથા સિંહ જેવા ઘાતકી પશુઓ, સાપ તથા વીંછી જેવા ઝેરી જંતુઓ અને અત્યંત નિર્દય ક્રૂર, ઘાતકી માણસોને સહાય કરનારા સંસારમાંથી કેટલા નીકળશે !

પરમ વાત્સલ્યવંત પ્રભુજીએ આવા જીવોની પણ અપૂર્વ—લોકોત્તર સેવા કરી છે. ગૌશાળામાં, ગોવાળીઓ, શૂલપાણિ, સંગમ, ચંડ કોશીયો અને તેમના જેવી જ પ્રવૃત્તિ અને પ્રકૃતિવાળા બીજા પણ ઘણા જીવોની સહર્ષ સેવા કરીને પ્રભુજીએ જગતને સેવા કરતાં શીખવાડયું છે.

કોઇ રસ્તામાં ચાલ્યો જતો હોય, કોઈ વ્યાધિથી

પીડાતો હોય તેને જોઈને, કોઈ તેની સારવારમાં રોકાઇ જાય છે, તેને દવાખાનામાં દાખલ કરીને તેની દવાનો તથા દાક્તરનો અને પથ્ય ખોરાક આદિનો પ્રબંધ કરી આપે છે. કદાચ જરૂર પડતાં તે પોતે જાતે પણ અશક્ત બિમારની જરાય સૂગ રાખ્યા વગર મળ મૂત્ર સાફ કરવા રૂપ સેવા કરે છે. ભૂખ્યાને અન્ન અને નગ્નને વસ્ત્ર વગેરે આપીને સેવા કરનારા પણ આ દુનિયામાં અનેક જણ છે.

કેટલાક સેવાભાવીઓ તો પોતાની આર્થિક સ્થિતિ જોઈએ તેવી ન હોવાથી પોતે સીધી આર્થિક મદદ નથી કરી શકતા, તો પણ બીજા શ્રીમંતો પાસેથી પૈસાની ભીખ માગીને પણ દુઃખી માણસોની સેવા કરે છે.

આ પ્રકારે અનેક પ્રકારની સેવા કરનાર સેવકોમાંથી કષાય (ક્રોધ, માન, માયા, લોભ આદિ)થી દુઃખી થતા માણસોની સેવા કરીને તેમની વ્યાધિ શાન્ત કરનારા કેટલા નીકળશે ?

કષાયરૂપી વ્યાધિથી પીડાતા માણસોની ગાળો, આક્ષેપો, અવર્ણવાદ તથા તેમના તરફથી થતાં પ્રાણાંત–કષ્ટ સહન કરીને અનુકૂળ ઉપચાર દ્વારા કષાયરૂપી વ્યાધિ મટાડવા પ્રયાસ કરનારા કેટલા દયાળુ હશે ?

અશાતા વેદનીય કર્મના ઉદયથી શારીરિક વ્યાધિ કનડે છે અને ક્રોધ આદિ કષાય, મોહનીય કર્મના ઉદયથી મનોભાવને દૂષિત કરી, માણસને બેચેન બેભાન બનાવે છે.

વેદનીય અને મોહનીય બંને કર્મ છે. માટે બન્ને પ્રકારની વ્યાધિવાળા દયાને પાત્ર છે. છતાં વેદનીયથી પીડાતા ઉપર દયા કરવી અને મોહનીયથી દુઃખ ભોગવનાર ઉપર દ્વેષ કરવો તે સાચા સેવકને માટે દૂષણરૂપ છે.

પ્રભુની લોકોત્તર સેવામાં આવી કોઈ વાતની ઉણપ રહી નથી.

દ્રવ્ય–વ્યાધિ અને ભાવ–વ્યાધિ–એમ બે પ્રકારના વ્યાધિ હોવાથી, તેના ઉપચાર પણ દ્રવ્ય અને ભાવથી થઇ શકે છે.

દ્રવ્ય–વ્યાધિ મટાડવા માટે ઔષધિ, વિશેષ દ્રવ્યનો ઉપયોગ કરવામાં આવે છે. ત્યારે ભાવ–વ્યાધિવાળાને નમ્રતા, દયા, મિષ્ટ ભાષણ અને નમસ્કાર આદિ ભાવ ઉપચારથી શાન્તિ પમાડવામાં આવે છે.

દ્રવ્ય રોગની સેવાનું કાર્ય જેટલું અઘરૂં છે, તેના કરતાં ભાવ–રોગની સેવાનું કાર્ય ખૂબ જ વધુ અઘરૂં છે.

જેમણે કષાયો ઉપર કાબુ મેળવ્યો હોય, તે જ ભાવ–રોગીની સેવા કરી શકે છે. અને તે જ્ઞાની પુરૂષો સિવાય વિષય કષાયના દાસ બનેલા અનધિકારી જીવો કરી શકતા નથી.

જીવને શરીરો ધારણ કરવાં પડે છે, ત્યાં સુધી જીવ શારીરિક, માનસિક આદિ દુઃખોથી છૂટી શકતો નથી. આ બધા દુઃખોનું મૂળ કર્મ છે. તે જ્યાં સુધી વિદ્યમાન

છે, ત્યાં સુધી બાહ્ય અનેક ઉપચારો કરવા છતાં કોઈપણ જીવ દુઃખથી મુક્ત થતો નથી.

આવા કર્મરોગથી દુઃખી સંસારને મુક્ત કરવા પોતાનું સમગ્ર જીવન અર્પણ કરી અને સંપૂર્ણ આત્મ-શુદ્ધિ કરી, લોકોત્તર સેવા કરનાર વિશ્વબંધુ પ્રભુજી સમર્થ થઇ ગયા છે અને તેમના પગલે ચાલીને બીજા પણ મહાપુરુષો સંસારની સેવા કરી ને લોકોત્તર સેવક તરીકે પ્રસિદ્ધિમાં આવ્યા છે.

સેવા ધર્મો પરમ ગહનો યોગિનામપ્યગમ્ય ।

સેવા ધર્મ અતિશય ગહન છે. યોગીઓ પણ તેના પારને પામી શકતા નથી.

એટલે તો યોગીઓને પણ આરાધ્ય શ્રી તીર્થંકર પરમાત્મા આવી લોકોત્તર સેવા કરી શકે છે. તેમજ દુષ્ટમાં દુષ્ટ જીવોને પણ તારનારા પરમ વાત્સલ્યરૂપ મહા ઔષધનું દાન કરે છે.

આવા લોકનાથની સાચી સેવા કરતા રહેવાથી જીવનમાં સેવા કરવાનો ગુણ પ્રગટે છે.

૭ લજ્જાની મર્યાદા

લજ્જા એટલે પોતાની મર્યાદાઓ. અને અધિકારોનો ખ્યાલ.

આજકાલ સ્વતંત્રતા અને સમાનતાના ઠગારા બહાના હેઠળ લોકો પોતાની મર્યાદાઓ ભૂલતા જાય છે. મોટા નાના વચ્ચે, શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે, સ્ત્રી-પુરૂષ વચ્ચે, સ્વામી-સેવક વચ્ચે પહેલાંના કાળમાં જે મર્યાદાઓ હતી, તે આજે ભાગ્યે જ દેખાય છે.

પોતાના અધિકાર ઉપરની મર્યાદાઓનું વારંવાર અતિક્રમણ થતું જોવા-સાંભળવામાં આવે છે. અર્થાત્ અનધિકાર-ચેસ્ટા બેમર્યાદ બનતી જાય છે.

ગમે તે વ્યક્તિ ગમે તેમ કડવા બોલ બોલવા પોતાને સરમુખત્યાર માને છે. નાનકડો નિશાળીઓ કે રસ્તાનો સામાન્ય માણસ પણ ગમે તે દેવ-દેવતા, મહાપુરુષો કે સન્માન્ય વડીલોની, ધર્મ કે ધર્મશાસ્ત્રોની અથવા ગમે તે

વિષયોની ગમે તેવી ટીકા કરવામાં કે તે પર ગમે તેવા વિધાનો કરવામાં જરાય લજ્જા–મર્યાદા પાળતો નથી. આવી નિર્લજ્જતા ખરેખર શોચનીય છે.

દરેક બાબતોમાં ક્ષોભ પામી શરમાયા કરવું એ જેમ ખોટું છે, તેમ દરેક બાબતમાં માઝા મૂકી, પોતાના સ્વધર્મનો કે અધિકારનો ખ્યાલ ન રાખવો, એ પણ તેટલું જ ખોટું છે.

મહાન પુરૂષો કદી પણ પોતાના અધિકારનું અતિક્રમણ કરતા નથી. દરિયો કેટલો વિશાળ છે, છતાં તે કિનારાની માઝા કદી છોડતો નથી.

અમુક હોદ્દા ભોગવતો અમલદાર પોતાના ક્ષેત્રની, સત્તાની અને જવાબદારીઓની મર્યાદાઓ જેમ ઉલ્લંઘતો નથી અને ઉલ્લંઘે છે, તો તરત સજા (શાસન) પામે છે. તેમ જીવનમાં પોતાના ક્ષેત્રનો, સંબંધનો અને મર્યાદાનો ખ્યાલ છોડી દેનાર અંતે પતન પામે છે.

સર્વ વ્યવહારોમાં અને ખાસ કરીને સ્ત્રી–પુરૂષો વચ્ચેના વ્યવહારોમાં લજ્જા અતિ અતિશયક છે. વ્યવહારોમાં નિખાલસતા ભલે હોય, પણ મર્યાદાઓનો લોપ તો ન જ હોવો થવો જોઈએ. 'અહીં' સુધી અને અહીંથી આગળ નહિ'–એવી લક્ષ્મણ–રેખા તો તેમાં હોવી જ જોઇએ.

નૈસર્ગિક આકર્ષણના કારણે સ્ત્રી–પુરૂષોને પરસ્પરની મૈત્રી અને સાન્નિધ્ય બહુ ગમે છે, પરંતુ એમાં રક્ષણાત્મક

બંધન ન હોય, અંતરના શત્રુઓનો ભય ભૂલાય, લજ્જાનો પડદો ખસે, તો ક્યારેક પતન થવાનુ એ નિશ્ચિત અને એકવાર પતન થયું કે શુભ સ્વર્ગમાં વસનારી ગંગા શતમુખ વિનિપાત પામી ખારા સમુદ્રમાં મળે છે, તેમ પૂર્ણ અધોગતિ થવાની.

એકવાર લજ્જા–મર્યાદા તૂટી એટલે તે જીવનભર તૂટી જ સમજવી. ગૃહસ્થોને પર સ્ત્રી માટે તથા સાધુઓને સર્વ સ્ત્રીઓ માટે બ્રહ્મચર્યની નવ વાડો–ગુપ્તિઓનું હંમેશાં પાલન કરવાનું જે ફરમાન જૈન ધર્મમાં કરવામાં આવ્યું છે, તે આ દૃષ્ટિએ અમાપ ઉપકારક છે.

લાજ અને મર્યાદાઓને વેતલાપણું માનીને જેઓ તેનો છડે ચોક ભંગ કરવા સુધી જાય છે, તેઓ ખરેખર આગની સાથે રમત કરવાનું દુઃસાહસ કરે છે. તેઓ નિસર્ગદત્ત લજ્જા ગુણનો નાશ કરી, અવિવેકજન્ય પશુ-વત્ જીવન જીવવામાં ખોટો આનંદ માની અધઃપતનને નોતરી લે છે.

જે લજ્જા અને ભય શુભ કાર્યમાં ત્યાજ્ય મનાયાં છે, તે જ લજ્જા અને ભય અશુભ કાર્યમાં હંમેશાં આદ-રણીય મનાયાં છે.

આર્ય સંસ્કૃતિની અનેક વિશેષતાઓમાં આ પણ એક વિશેષતા છે.

૮ ધર્મની પ્રતીતિ

ચિત્ત સ્વ–સ્થ, પ્રસન્ન, સુસ્થિર થતું જાય એ લોકોત્તર ધર્મની આરાધના થઈ રહ્યાની સ્પષ્ટ એંધાણી (નિશાની) છે.

ધર્મની જે મંગળમયતા છે, તે પણ ચિત્ત સ્થૈર્ય સાથે સંકળાયેલી છે. સ્થિરતા એ આત્મસમૃદ્ધિની ચાવી છે. આ રહસ્ય પણ ચિત્ત સ્થૈર્યના માર્ગે આગળ વધેલાને સ્પષ્ટ થતું જાય છે. અને પોતાની બધી જરૂરીઆતોની કાળજી કોઇ અગમ્ય તત્ત્વ કરી રહ્યું હોય એવો અનુભવ તે સાધકને થવા માંડે છે. તે પછી ધર્મની યોગક્ષેમંકર શક્તિમાં તેને વિશ્વાસ બેસી જાય છે.

આ શ્રદ્ધા જાગી ગયા પછી તે સાધકના અંતરમાં સદા પ્રસન્નતા રેલાતી રહે છે. ગમે તેવી આફત આવે. મુશ્કેલી આવે, તો પણ તે ધૈર્ય ગુમાવતો નથી. નિરાશા

એના જીવનમાંથી કાયમને માટે વિદાય થઈ જાય છે. દુઃખ મુશ્કેલી કંઈ જ એને સ્પર્શતું નથી.

આ શ્રદ્ધાનું બળ પ્રાપ્ત થયા પછી તે અજેય બની જાય છે. ધર્મની યોગ ક્ષેયંકર શક્તિનો પોતે અનુભવ કરી રહ્યો હોવાથી સર્વની સાથે પ્રેમ ભર્યો વર્તાવ કરતો રહી સર્વ પરિસ્થિતિમાં તે આનંદમગ્ન રહે છે.

લોકોત્તર ધર્મનું તાત્કાલિક ફળ વિઘ્ન નાશ અને ચિત્ત સ્થૈર્યની વૃદ્ધિરૂપ મંગળના છે અને તેનું અપર ફળ મોક્ષ પ્રાપ્તિ છે.



૯ ચિંતા

આ સંસારમાં બહુ ઓછા આત્માઓ કોઈ પણ પ્રકારની ચિંતાથી સર્વથા મુક્ત હશે.

ચિંતા એક પ્રકારનો ભારે માનસિક રોગ છે.

ચિંતાનો વિષય હંમેશાં બદલાતો રહે છે. બાળક, વૃદ્ધ, ગરીબ, અમીર, રોગી, નિરોગી દરેકને કોઇને કોઇ ચિંતા વળગેલી જ હોય છે, એટલું જ નહિ પણ મનુષ્યનું જીવન જેમ જેમ વિકસિત થતું જાય છે, તેમ–તેમ તેની ચિંતાનો વિષય વધારેને વધારે જટિલ બનતો જાય છે.

બાળકને માત્ર ભોજનની ચિંતા રહે છે અને તે પણ જયારે ભૂખ લાગે ત્યારે જ. જયારે તે મોટું થાય છે, ત્યારે ભણવાની, પાસ થવાની, પાસ થાય પછી આજીવિકા રળવાની તેમજ બીજી અનેક ચિંતાઓ એના મન પર પ્રભુત્વ જમાવી દે છે.

બાલ્યકાળની ચિંતાઓ તો ક્ષણિક હોય છે. પરંતુ પ્રૌઢાવસ્થાની ચિંતાઓ વર્ષો સુધી ચાલે છે.

મનુષ્યનો સ્વભાવ એવો છે, કે તે ચિંતા વગર રહી જ શકતો નથી. જે મનુષ્યને ચિંતા નથી હોતી, તે કાંતો દેવ હોય છે અથવા પશુ.

ચિંતાનું તાત્ત્વિક વિશ્લેષણ કરતા જણાય છે, કે માણસને પોતાની અપૂર્ણતાનું જ્ઞાન સાલતું હોવાથી તે ગમે તેવી સ્થિતિમાં હોય છે, તો પણ સંતુષ્ટ રહી શકતો નથી.

આ હકીકતના સમર્થનમાં એક વિદ્વાન જણાવે છે કે– એક બુટ પોલીસ કરનારને અર્ધી સૃષ્ટિનો માલીક બનાવવામાં આવશે, તો પણ તે સંતુષ્ટ નહિ થાય, પરંતુ તુરત જ બાકીની સૃષ્ટિના માલીક સાથે ઝઘડવા માંડશે.

આ અતૃપ્તિનું કારણ એ છે, કે સ્વાભાવિક રીતે જ આત્મા હંમેશા પોતાની પૂર્ણતા પ્રાપ્ત કરવા ઈચ્છે છે. તે જયાં સુધી પૂર્ણતાને પ્રાપ્ત નથી કરતો, ત્યાં સુધી સંતુષ્ટ નથી રહી શકતો. તેની ચિંતાનો વિષય, કોઈને કોઈ રહેવાનો જ.

તે પૂર્ણતા શું છે? શું તે અપૂર્ણતાની અનુભૂતિના અભાવમાં છે? હા. કોઈ કોઇ માણસો ભ્રમવશ થઇને એ વાતમાં વિશ્વાસ રાખે છે, કે ચિંતાથી વ્યાકૂળ થયેલો માણસ ત્રણ વસ્તુનો આશ્રય કરે છે–તે છે નિદ્રા, નશો અને મૃત્યુ.

મનુષ્યને જે દુઃખ છે, તે તેની ચેતનાને કારણે જ છે. જે વખતે તે પોતાની ચેતનાને ખોઈ બેસે છે, તે વખતે તેની ચિંતાઓ તથા વ્યથાઓ દબાઈ જાય છે અર્થાત્ તેના મનમાંથી તત્કાલ પૂરતી ઉડી જતી તેને લાગે છે.

આવી અચેતનવત્ અવસ્થા નિદ્રા સમયે હોય છે અને તેથી ચિંતામાં આપોઆપ ઉંઘી જાય છે. પણ ખરેખર નાશ નથી પામતી. એટલે માણસની નિદ્રા ઉડી જાય છે તેની સાથે જ તે પુનઃ ચિત્તમાં સળવળાટ પેદા કરે છે એનાથી બચવા માટે કેટલાક માણસો ભ્રમવશાત્ નશાવાળી ચીજોનું સેવન કરે છે.

આ નશો એ તો એક જાતનું ક્લોરોફોર્મ છે, જે મનને થોડા સમય માટે બહેરુ બનાવે છે. બાકી તેનાથી મન ચિંતામુક્ત નથી જ બનતું.

આધુનિક સુધારકો નશાવાળી ચીજોનું વેચાણ કાયદાથી બંધ કરાવવા ઈચ્છે છે, તેમજ મદિરાપાન અટકાવવા માટે પ્રયત્નો કરે છે, પરંતુ દુઃખની અનુભૂતિનો અભાવ કરવા માટે નશાને સાધન માનનારા મનુષ્યો છે, ત્યાં સુધી એ ચીજોનો વપરાશ બંધ થવાની શકયતા નહિવત્ છે. જ્યાં સુધી મનુષ્યના મનને તીવ્ર ચિંતાઓ સતાવ્યા કરશે, ત્યાં સુધી તે તેમાંથી મુક્તિ મેળવવા કોઈને કોઈ એવાં સાધનો શોધવાનો કે જેનાથી એને કૃત્રિમ અચેતનતા પ્રાપ્ત થઈ જાય.

જે મનુષ્ય એવી ભયંકર ચિંતાઓથી પીડાતો હોય છે, કે જેમાંથી છૂટકારો પામવાની કોઈ પણ આશા જ નથી દેખાતી, તો તે મૃત્યુને આમંત્રણ આપે છે.

પરંતુ વિવેકી માણસ ચિંતાથી મુક્ત થવા માટે, નિદ્રા તેમજ નશાનો આશ્રય લેતો નથી. તેમજ મૃત્યુનો આશ્રય પણ લેતો નથી અર્થાત્ આપઘાત પણ કરતો નથી.

આ આશ્રયો લેવા એ નરી કાયરતા છે. ભાગેડુવૃત્તિ છે, અજ્ઞાન છે, તેનાથી ચિંતારહિત જીવનનું સુખ મળતું નથી. પણ અધિક દુ:ખી થવાય છે.

ચિંતાથી મુકત થવા માટેના ચિંતાના સ્વરૂપને સર્વ પ્રથમ બરાબર જાણી લેવાની જરૂર છે.

આધ્યાત્મિક શકિતના હ્રાસથી ચિંતા પેદા થાય છે. જ્યારે આપણે વારંવાર કોઈ પણ તુચ્છ વિષયનું ચિંતન કરીએ છીએ ત્યારે આપણી માનસિક શકિત મોટા પ્રમાણમાં ખવાઈ જાય છે. માનસિક શક્તિ ખવાઈ જતાં ચિંતાનું એજ દબાણ વધી જાય છે. જેવી રીતે તાવથી પીડાતા મનુષ્યને સર્વ પ્રકારનું ભોજન કડવું લાગે છે, તેવી જ રીતે માનસિક શક્તિ વગરના મનુષ્યને દરેક સાંસારિક વિષય ભારે ચિંતાનું કારણ બની જાય છે.

વિષયો સંબંધી વિચાર કરવાથી ચિંતાઓ ઓછી થતી નથી, બલ્કે વધતી જ રહે છે.

જો કોઇ મનુષ્ય ચિંતાથી મુક્ત થવા ઇચ્છતો હોય

તો તેણે કોઈ પણ વિષય સંબંધી વિચાર વધારે વખત માટે ન કરવો જોઈએ. એમ કરવાની આપણે આપણા જીવનની અનેક સમસ્યાઓને હળવી કરી શકીએ છીએ.

એક આંગ્લ વિદ્વાન એકવર્ડ કાર્પેન્ટર એક પુસ્તકમાં લખે છે, કે તરતને માટે વિચાર માત્રનો વિનાશ કરી દો. પછી એ વિચારની શક્તિ અવ્યક્તરૂપે તમારી સમસ્યાઓને સહજમાં ઉકેલી લેશે.

ચિંતાનો નાશ કરવાનો એક ઉપાય એ છે, કે આપણે હંમેશાં એમજ વિચારવું, કે જે કાંઇ બને છે, તે આપણા કલ્યાણ માટે જ છે. આ ભાવનાને દૃઢ કરવાના પ્રયત્નને 'લયયોગ' કહેવામાં આવે છે.

આપણા જીવનમાં એવી એવી અનેક ઘટનાઓ બને છે. કે જે એ વખતે તો ખરાબ લાગે છે, પરંતુ કાળાંતરે તે જ કલ્યાણરૂપ બની જાય છે.

એટલા માટે જ ધૈર્યવાન પુરુષ કોઈ પણ તાત્કાલિક હાનિકારક ઘટનાથી પોતાની જાતને દુઃખી બનાવતો નથી. એ તો એ ભાવનાને દૃઢ કરે છે, કે જે આજે કષ્ટદાયક છે, તેનું પરિણામ ભવિષ્યમાં સારૂં જ આવશે.

આપણે સર્વજ્ઞ નહિ હોવાથી ભવિષ્યમાં બનનારી ઘટનાઓ અગાઉથી જાણી શકતા નથી, પરંતુ આપણે વિચારોમાં તે અનુસાર વહેવાની શક્તિ રહેલી છે.

જેને જે પ્રકારનો વિશ્વાસ હોય છે, જેવી ભાવના હોય છે, તેવી જ સિદ્ધિ તેને યથાકાળે પ્રાપ્ત થાય છે.

મનુષ્યના વિચાર એક બીજ સરખા છે. જે કેટલાય દિવસો સુધી અવ્યક્ત રહીને સંસારમાં વૃક્ષના રૂપમાં પ્રગટ થાય છે.

આપણે અવ્યક્ત પ્રકૃતિની ભૂમિમાં જેવા વિચાર બીજ નાંખીએ છીએ, તેવાંજ ફૂલ-ફળ આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ-એ એક અચળ સિદ્ધાન્ત છે.

જે મનુષ્યને ઈશ્વરમાં શ્રદ્ધા નથી હોતી, તેના ચિત્તને ચિંતા હમેંશા વિહ્વળ-વ્યાકુળા કરે છે. ઈશ્વર-શ્રદ્ધા એ વિચારને દૃઢ કરે છે કે 'ઇશ્વરના નિયંત્રણમાં સઘળું કલ્યાણ માટે જ બને છે.'

મનનું સ્વરૂપ જ સંકલ્પ વિકલ્પાત્મક છે. જ્યારે મન શાન્ત બને છે, ત્યારે ચિંતા આપોઆપ વિલીન થઈ જાય છે. તેથી પૂર્ણ પરમાત્માની નિત્ય આરાધના કરવી -એ ચિંતાથી મુક્ત થવાનો અમોઘ ઉપાય છે.

ઈશ્વરારાધનાથી આંતરિક શાન્તિ પ્રાપ્ત થાય છે, એટલું જ નહિ પણ ચિત્તમાં વિષય-વિરાગ ઉત્પન્ન થઈ જાય છે. તેમજ ધીમે-ધીમે આત્મજ્ઞાનનો ઉદય થાય છે. અને એ વાત પણ પ્રયત્ક્ષ થઇ જાય છે, કે આત્મા પોતે જ આનંદરૂપ છે. સાંસારિક વસ્તુઓથી મળતો જણાતો આનંદ-એ તો આત્માનંદનો માત્ર આભાસ છે.

પડછાયાને પકડવાથી વસ્તુ હાથ નથી લાગતી, તેમ સાંસારિક સુખથી આત્માનંદ નથી સાંપડતો.

મનુષ્યને આત્મજ્ઞાન નથી થતું ત્યાં સુધી ચિંતા અને દુઃખ રહ્યા કરે છે.

આપણે કોઈ ધનવાન માણસને જોઇએ છીએ ત્યારે એમજ વિચારીએ છીએ, કે એને કોઇ પણ પ્રકારની ચિંતા નહિ હોય, પરંતુ સાચી હકીકત એનાથી તદ્દન વિપરીત હોય છે.

ગરીબ માણસને ચિંતા ઓછી હોય છે પણ ધનવાનને પોતાના ધનની રક્ષા તથા વૃદ્ધિ વગેરેની અધિક ચિંતા રહે છે, આ સંસારમાં કોઈપણ વસ્તુ માનસિક પ્રયત્ન વગર મેળવી શકાતી નથી, તેમજ સ્થિર રહેતી નથી. જ્યાં આપણે એ પ્રયત્નને વ્યક્તરૂપમાં નથી જોતા, ત્યાં તે અવ્યક્ત રૂપમાં પણ હોય છે.

દ્રવ્ય પ્રાપ્તિ માટે માણસને અનેક જાતનાં પાપ કરવાં પડે છે. ધનવાન માણસ એક તરફ ઘણો ચાલાક હોય છે અને બીજી તરફ તે જગતમા એવી ખ્યાતિ ચાહે છે, કે બધા તેને ભલો અને ઇમાનદાર કહે, કારણ કે તે વગર તો ધન રક્ષા થઈ શકતી નથી. પરંતુ ઉંડેથી વિચારતાં જણાશે, કે તેનું કોઈ પણ કાર્ય મહદ્ અંશે સ્વાર્થ રહિત નથી હોતું. તેનું હૃદય હંમેશા અંતર જ્વાળાથી સંતપ્ત રહે છે.

જે લોકો બહારથી ભર્યા–પૂર્યા સુખી દેખાતા હોય છે, તેઓનાં અંતઃકરણ મોટે ભાગે સડેલાં હોય છે. તેઓના હૃદયરૂપી ઘરમાં ચિંતાઓ રૂપી સાપ વીંછી ઘર

કરીને રહે છે. અને તેમને હંમેશાં ડંખ્યા કરે છે, તેઓ એક ક્ષણુ પણુ શાન્તિ માણી શકતા નથી.

મનુષ્યની સઘળી ચિંતાઓ પોતાનીજ બનાવેલી હોય છે. કોઇ પણ ભાવિઘટના આપણી ચિંતાનો વિષય બનશે કે નહિ, તે આપણા મન ઉપર નિર્ભર છે.

જે માણસનું મન નબળું હોય છે, તેને આપણે એક ચિંતાથી મુક્ત કરીએ કે તરત જ તે બીજી વાતની ચિંતા કરવા લાગશે.

બાહ્ય સામગ્રીથી ચિંતાનું નિવારણ થઇ શકતું નથી. ચિંતાનું નિવારણ તો આંતરિક સ્થિતિમાં પરિવર્તન થવાથી જ થાય છે. એ પરિવર્તન સાત્ત્વિક અભ્યાસ, પ્રભુભક્તિ તથા આત્મજ્ઞાનથીજ થઇ શકે છે,

નિર્વિકલ્પતા પ્રાપ્ત થવી એટલે જ ચિંતાથી મુક્ત થવું અને નિર્વિકલ્પતા જ્ઞાની પુરુષોને જ પ્રાપ્ત થાય છે.

૧૦ ન્યાયસંપન્ન વૈભવ

વસ્તુતઃ જીવનો સમ્યક્ બોધ જેમ જેમ વધે છે, તેમ-તેમ જિજ્ઞાસા પણ વધે છે.

જાણેલું અલ્પ લાગે, પોતાની અજ્ઞાનતા ઓળખાતી જાય, મિથ્યા અહંકાર મંદ પડતો જાય, તો સમજવું કે જ્ઞાન પચ્યું છે. લીધેલો આહાર પચવાથી સ્વાસ્થ્ય સુધરે છે, તેમ જ્ઞાન પણ પચે છે, ત્યારે ઉપશમ ભાવ પ્રગટે છે અને સાચી જિજ્ઞાસા વધે છે.

જિજ્ઞાસાની સાચી પૂર્તિ તો પોતાને જ પ્રકાશ કરી શકે, કિન્તુ એ પ્રકાશ માટે બીજાની પાસેથી જાણવું જરૂરી છે. શ્રી જિનેશ્વર પરમાત્મા અને તેઓશ્રીના વચનો પ્રત્યે જેટલું બહુમાન વધે, તેટલો પ્રકાશ શીઘ્ર થાય અને તેટલું જિનવચનનું ગાંભીર્ય સમજાય.

સર્વ શાસ્ત્રોનો સાર એ છે કે મિથ્યા અહંકાર-માંથી જન્મેલી સ્વાર્થ વૃત્તિ સર્વ અનર્થોનું મૂળ છે. અને

નમસ્કાર ભાવમાંથી પ્રગટ થયેલી પરાર્થવૃત્તિ સર્વ સંપત્તિનું મૂળ છે. તે સ્વાર્થવૃત્તિને ટાળવા અને પરાર્થવૃત્તિ પ્રગટ કરવા માટેના પ્રારંભિક ઉપાયોને માર્ગાનુસારિતા કહી છે. તેનું મહત્ત્વ જાણવું ખૂબ જરૂરી છે.

પરસ્પર અનુવિદ્ધ સમ્યગ્દર્શન. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આદિ આત્મગુણો મુક્તિનો માર્ગ છે, એ જ યોગબળ છે. તત્ત્વથી એજ ન્યાય છે, એ જ ચારિત્ર છે, એજ આત્મા છે અને એજ મુક્તિ છે. તેને મેળવવા માટે માર્ગાનુસારિતા અતિ આવશ્યક છે.

પાયો આગળ વધીને જેમ મકાન બને છે અને બીજ આગળ વધીને જેમ વૃક્ષ બને છે, તેમ ક્રમશઃ આત્મ શુદ્ધિ સાથે વધતી આ માર્ગાનુસારિતા એજ મોક્ષ-માર્ગ બની જાય છે. અને પરાકાષ્ટાએ પહોંચેલી તે જ મુક્તિ બને છે.

આ રીતે માર્ગાનુસારિતાને સુખ, મુક્તિ સાથે એવો સંબંધ છે કે નાના-મોટા બાહ્ય-અભ્યંતર સુખને પ્રાપ્ત કરવા માટે તેનું પાલન અનિવાર્ય છે. શાસ્ત્રકાર ભગવંતોએ તેનું પાલન કરવાના ૩૫ પ્રકારો જણાવ્યા છે. તેને શાસ્ત્રીય પરિભાષામાં માર્ગાનુસારીના ૩૫ ગુણો કહેવાય છે અને તે સર્વમાં ન્યાય સંપન્ન વૈભવ-એ પહેલો ગુણ છે.

આ ન્યાય સંપન્ન વૈભવ ગુણનું વિધાન કરવામાં શાસ્ત્રકારોનો મુખ્ય ઉદ્દેશ વૈભવ પ્રાપ્ત કરાવવાનો નહિ પણ અન્યાયના ત્યાગપૂર્વક ન્યાયનું પાલન કરાવવાનો છે.

સાથે રહેતી એકજ રાજ્યની પ્રજાનું કર્તવ્ય છે, કે પોતાના જીવનથી બીજાને બાધા ન પહોંચાડતાં શકયતા પ્રમાણે સહાય કરવી. બાધા પહોંચાડનાર રાજ્યનો ગુન્હેગાર બને છે અને બીજાને શકય સહાય કરનારો રાજાની મહેરબાનીને પાત્ર બને છે, પ્રજામાં પણ તે આદર–સન્માન પૂજા વગેરેને પામે છે.

તેમ શ્રી જૈનશાસનની પ્રજારૂપે જગતના સર્વ જીવોનું કર્તવ્ય છે, કે પોતાના સ્વાર્થને કારણે બીજાને કષ્ટ નહિ આપતાં પોતાની શક્તિ તેમજ સામગ્રી અનુસાર બીજાને સુખી કરવા પ્રયત્ન કરવો.

બીજાને કષ્ટ આપનાર ધર્મશાસનનો ગુન્હેગાર બને છે. તેથી તેના ગુન્હા મુજબ કર્મ તેને નાની–મોટી શિક્ષા કરે છે. એથી વિપરીત બીજાને યથાશકિત સુખ આપનારો ધર્મશાસનની મહેરબાની મેળવી શકે છે અને સર્વત્ર આદર–સન્માન–પૂજા વગેરેને પામે છે.

એ કારણે અન્યને કોઇ પ્રકારે દુઃખમાં નિમિત્તભૂત બનવું એ અન્યાય છે અને સુખમાં નિમિત્ત બનવું એ ન્યાય છે.

સર્વ જીવોના સુખ માટે શુદ્ધ આત્મ–પરિણામ પૂર્વકનું સર્વથા પ્રાણાતિપાત વિરમણ અર્થાત્ અહિંસા, તેને પરમ ધર્મ કહ્યો છે, અને કોઈ પણ જીવને થોડું પણ દુઃખ પહોંચાડવું તેને હિંસારૂપ અધર્મ કહ્યો છે.

તેનું કારણ એ છે કે હિંસા એ અન્યાય છે, અહિંસા એ ન્યાય છે. ન્યાય એ સંપત્તિ છે.

કોઈ પણ આપણને અન્યાય કરે, તો તે આપણને ઈષ્ટ નથી, તેમ આપણે પણ કોઈને અન્યાય કરીએ તે તેને ઈષ્ટ ન જ હોય.

સામાન્યતઃ તો સર્વ કોઈ ન્યાયને કર્તવ્ય અને અન્યાયને અકર્તવ્ય કાળજે છે. પણ ન્યાય શું અને અન્યાય શું, એનો વિવેક ખરેખર દુષ્કર છે. જેની બુદ્ધિ પર અહંકારનું સામ્રાજ્ય સ્થપાયેલું છે, તે પ્રાયઃ ન્યાય-અન્યાયનો યથાર્થ વિવેક કરી શકતો નથી. એ કારણે ન્યાયને સમજવા માટે માર્ગાનુસારિણી બુદ્ધિની જરૂર રહે છે. આ બુદ્ધિ જીવમાં શ્રી નમસ્કાર મહામંત્રની આરાધનાથી પ્રગટે છે. માટે જ્ઞાની ભગવંતોએ સર્વ કાર્યો કરતાં પહેલાં શ્રી નવકાર મંત્રના ઉચ્ચારણનો વિધિ જણાવ્યો છે.

કોઈ પણ કાર્ય અનેક નિમિત્તોનું બળ મળતાં સિદ્ધ થાય છે. તે સર્વ નિમિત્તોને બે ભાગમાં વહેંચીએ, તો અંતરંગ નિમિત્ત અને બાહ્ય નિમિત્ત એવા બે વિભાગ પડે છે.

એક ગુરૂ અને શિષ્ય છે. ગુરૂ શિષ્યને ભણાવે છે, શિષ્ય ભણે છે.

આ કાર્યમાં બીજા કારણોને ગૌણ કરીએ તો પણ શિષ્યનો ઉદ્યમ અને બુદ્ધિ અને ગુરૂનો ભણાવવાનો પ્રયત્ન

ત્રણે કારણોને માનવા જોઇએ. ત્રણેના યોગ વિના ભણવું તે દુઃશકય છે.

આ કાર્યમાં ભણનારનો પ્રયત્ન અને બુદ્ધિ બંને કારણ છતાં-'ગુરૂ કૃપાથી હું ભણી શકયો; એમ માનનારા શિષ્યની બુદ્ધિ માર્ગાનુસારિણી ગણાય છે. અને ગુરૂકૃપા ભલે હોય, પણ મારી બુદ્ધિ વિના ગુરૂ શી રીતે ભણાવી શકે ? માટે મારી બુદ્ધિથી હું ભણી શકયો, એમ માનનારની બુદ્ધિ ઉન્માર્ગગામિની કહી શકાય. પહેલી બુદ્ધિમાં ન્યાય છે, બીજીમાં અન્યાય છે.

આ દૃષ્ટાન્તમાં ગુરૂ પણ જો શિષ્યના ઉદ્યમ અને બુદ્ધિને મુખ્ય માને અને પોતાના પ્રયત્નને ગૌણ માને, તો ગુરૂની બુદ્ધિ માર્ગાનુસારિણી અને પોતે ભણાવ્યો માટે જ શિષ્ય ભણી શકયો, એમ માને તો તે બુદ્ધિ ઉન્માર્ગગામિની ગણાય. કારણ કે તે અહંકાર વર્ધક છે.

એ જ રીતે ભણાવવાનો ગુરૂનો પ્રયત્ન છતાં શિષ્ય ન ભણી શકયો, ત્યારે જો એમ માને કે ગુરૂએ તો મારા પ્રત્યે ઘણો ઉપકાર કર્યો, પણ મારી બુદ્ધિ મંદ હોવાથી હું ન ભણી શકયો, તો તે બુદ્ધિ માર્ગાનુસારિણી અને પોતાની મંદ બુદ્ધિને ગૌણ કરીને ગુરૂએ ભણાવવામાં લક્ષ્ય ન આપ્યું, માટે હું ન ભણી શકયો, એમ માને તો તે બુદ્ધિ ઉન્માર્ગગામિની સમજવી.

ગુરૂ પણ એમ માને કે શિષ્ય જડ હોવાથી ન ભણી શકયો, મેં તો ઘણા પ્રયત્નો કર્યા, તો તે બુદ્ધિ

ઉન્માર્ગગામિની છે. તેને બદલે એમ માને કે ભણાવવાની મારી કળામાં કચાશ હોવાથી શિષ્ય ન ભણી શક્યો, કલાવંત ગુરૂઓ તો પત્થરને પણ પલ્લવિત કરી શકે છે, મારામાં એ શક્તિ નથી, માટે તે ભણી ન શક્યો, તો તે બુદ્ધિ માર્ગાનુસારિણી સમજવી.

સામાન્યતઃ કોઈ પણ શુભ અશુભ કાર્યમાં પોતે તથા બીજા નિમિત્ત હોય છે. તેમાં શુભ કાર્યનો યશ બીજાને આપવો અને અશુભ કાર્યનો દોષ પોતાનો માનવો એ ન્યાય છે. તેથી વિપરીત શુભકાર્યનો યશ પોતે ઉપાડી લેવો અને અશુભનો દોષ બીજાના શિરે મૂકવો તે અન્યાય છે. એક સદ્‌યુક્તિ છે, બીજી અસદ્‌યુક્તિ છે. એક બુદ્ધિ અહંકાર પ્રભાવિત છે, બીજી નમસ્કાર–પ્રભાવિત છે. એક ભાવ શુદ્ધિરૂપ છે. બીજી અશુદ્ધિરૂપ છે. એક જિનાજ્ઞારૂપ છે, બીજી મોહની આજ્ઞારૂપ છે.

અનાદિ કાલીન અહંકાર પ્રેરિત બુદ્ધિને કારણે જીવ વિવિધ પ્રકારે અન્યાય સેવતો આવ્યો છે. તેથી જ કર્મનાં બંધનો ચાલુ રહ્યાં છે તેને તોડવાનો એક જ ઉપાય છે. ન્યાય. તેનો આશ્રય લીધા વિના કદાપિ તે સુખી થાય તેમ નથી. માટે સર્વ કાર્યોમાં ન્યાયનો આશ્રય અનિવાર્ય છે. એ કારણે આ ગુણને પ્રથમ નંબરે પ્રરૂપ્યો છે.

ન્યાયના કર્મ ભેદે અને કર્તાના ભેદે વિવિધ રૂપો છે, તેમાં પ્રથમ સંપત્તિ મેળવવામાં અન્યાયને ત્યજી, ન્યાયનો આશ્રય લેવાનું આ ગુણમાં વિધાન એ કારણે

છે, કે તે ગૃહસ્થ જીવનમાં સ્વ શરીર, કુટુંબ, સ્વજન સંબંધીઓ વગેરેના પાલન પોષણ, રક્ષણ કે સુખ માટે ધન મેળવવામાં આવે છે, તે ધન જો અન્યાયના માર્ગે ઉપાર્જિત કરેલું હોય છે, તો બધાને દુઃખી કરે છે. ન્યાયથી મેળવેલું ધન સુખનું સાધન બની શકે છે. માટે તેનું પાલન જરૂરી છે.

માનવદેહ સર્વ યંત્રોમાં સર્વ શ્રેષ્ઠ યંત્ર છે. અન્ય કોઈ શરીરથી અશક્ય એવાં ધર્મના કાર્યો કરવાની તેમાં શક્તિ છે. માટે તેને ન્યાયી બનાવ્યા વિના અન્ય કાર્યમાં ન્યાયની રક્ષા કદાપિ શક્ય નથી.

આપણને લાગશે કે જે શરીર જડ છે, આત્માને ઉન્માર્ગે લઇ જવાના સ્વભાવવાળું છે, તેને ન્યાયી કેમ બનાવી શકાય? શું તે જડ મટીને ચેતનવંતુ બની શકે?

તેનું સમાધાન એ છે કે ચોરીના વ્યસનવાળો પણ ભીલ, જેમ શ્રીમંતની બુદ્ધિને યોગે શ્રીમંતનો પક્ષકાર બની, તેની રક્ષા આદિ કાર્યો કરે છે, તેમ આત્માનું વિરોધી જડ પણ શરીર માર્ગાનુસારિણી બુદ્ધિવાળા આત્માના પક્ષમાં રહીને તેની રક્ષા અને તેનાં કાર્યો કરી શકે છે. આ કારણે જ મન અને ઇન્દ્રિયોના પ્રશસ્ત, અપ્રશસ્ત ભેદો શાસ્ત્રમાં કહ્યા છે.

ન્યાય સંપન્ન વૈભવનું તત્ત્વથી એ ફળ છે, કે તેનાથી પોષાયેલી ઇન્દ્રિયો અને મન આત્માનો પક્ષ કરે આત્માની આજ્ઞાને આધીન રહી તેનાં કાર્યો કરી આપે છે.

માનવનું શરીર સર્વ યંત્રોમાં એક અલૌકિક યંત્ર છે. જીવન માટે જરૂરી લૌકિક, લોકોત્તર સર્વે કાર્યો કરવાની તેનામાં શક્તિ છે, આવડત છે, બીજા કોઈ શરીરથી અશક્ય એવાં ધર્મના કાર્યો કરવાથી તેની શક્તિના કારણે જ્ઞાનીઓએ તેને ધર્મનું મુખ્ય સાધન માન્યું છે.

આ શરીરનું સંચાલન મન છે મનની પ્રેરણાને આધીન બનેલી ઇન્દ્રિયો, તે–તે પ્રવૃત્તિ કરે છે, તેથી મનને વશ કરવું જરૂરી છે મનને વશ કરવું એટલે ન્યાયનું પક્ષકાર બનાવવું. મનને ન્યાયના પક્ષમાં જોડવા માટે ન્યાયસંપન્ન વૈભવથી કેટલી અને કેવી જરૂર છે, તે આપણે વિચારીએ.

પ્રત્યેક સંસારી જીવને પણ કુટુંબ હોય છે. એક બાહ્ય અને બે આંતર કુટુંબ. તેમાં પ્રત્યક્ષ દેખાતું ભવ–ધારણીય શરીર અને તે શરીર સાથે સંબંધ ધરાવતાં માતપિતા, પતિ–પત્ની, ભાઇ–બહેન અને સઘળા સ્વજન–સંબંધી વગેરે જીવનું બાહ્ય કુટુંબ છે. તેનો સંબંધ જીવને એક ભવ પૂરતો જ હોય છે, કારણ કે પ્રત્યેક ભવમાં તે બદલાય છે.

તત્ત્વથી જીવનું હિત, અહિત કરવામાં આ કુટુંબ ગૌણ છે કારણ કે પ્રત્યેક પ્રસંગમાં તે મનને આધીન રહે છે અને મન બે આંતર કુટુંબોમાંથી એકને આધીન રહે છે, છતાં મૂઢ માણસો આ કુટુંબને પોતાનું સર્વસ્વ માનીને ભૂલે છે.

એ બે આંતર–કુટુંબો પૈકી એક ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિનય, દયા વગેરે પરિવાર વાળું કુટુંબ જીવનું હિતસ્વી છે. તે અનાદિ છે, અક્ષય છે. આત્માનાં સર્વ–હિતકર કાર્યો કરવાનો તેનો સ્વભાવ છે અને પ્રગટ અપ્રગટરૂપે આત્માની સાથે રહે છે, તેને જ્ઞાનીઓ 'ધર્મ–કુટુંબ' કહે છે.

આ કુટુંબનો પ્રાણ ન્યાય છે ન્યાયના પાલનથી તેનું પોષણ થાય છે. અને પુષ્ટ થતાં તે પ્રગટ થઇ આત્માનું હિત સાધે છે.

બીજું આંતર–કુટુંબ તે ક્રોધ, માન, માયા, લોભ, મોહ, મદ, ઈર્ષ્યા, હિંસા, ભય વગેરે પરિવારવાળું છે. તે જીવનું અહિત કરનારૂં છે. અનાદિકાળથી તે જીવનું સહચર થતાં અસ્વાભાવિક હોવાથી કેટલાક ભવ્ય જીવો તેના સંબંધને તોડી શકે છે. જ્ઞાનીઓ તેને 'પાપ–કુટુંબ' કહે છે.

આ પાપ–કુટુંબનો પ્રાણ અન્યાય છે. અન્યાય વૃત્તિથી તે પોષાય છે અને પુષ્ટ બનેલું તે આત્માનું અહિત કરે છે.

બાહ્ય કુટુંબનું સંચાલક મન, જે આંતર–કુટુંબના પક્ષમાં જોડાય છે, તેની સાથે બાહ્ય કુટુંબ પણ જોડાય છે. અને ન્યાય, અન્યાય દ્વારા તે–તે કુટુંબને જીવંત બનાવવાનું કાર્ય તે કરે છે.

પાપ-કુટુંબના સંબંધથી છૂટવા માટે ધર્મકુટુંબને પુષ્ટ-જીવંત કરવું જ પડે. ન્યાયના પાલનથી જ તે પુષ્ટ થાય, કારણ કે ન્યાય તેનો પ્રાણ છે.

ન્યાય, અન્યાયનો આધાર સ્તંભ મન છે. તેથી ન્યાયનું પાલન કરવા માટે મનને અન્યાયથી રોકવું જ જોઈએ. સર્વ ધર્મશાસ્ત્રાકારોએ મનને વશ કરવાનું, અન્યાયના પક્ષમાં જતાં રોકવાનું વિધાન કર્યું છે.

મનને અન્યાયથી રોકવામાં આવે, તો સર્વ પાપો રોકાઈ જાય છે અને જે પુરૂષ મનને અન્યાયથી રોકતો નથી, તેનાં સર્વ પાપો વધી જાય છે, એમ જ્ઞાની ભગવંતો કહે છે.

ન્યાય સંપન્ન વૈભવ મનને વશ કરવામાં કઇ રીતે સફળ થાય છે, તે સમજવા જડ દ્રવ્યો ઉપર મનોવૃત્તિની કેવી અસર થાય છે, તે જાણવું જરૂરી છે.

મનોવૃત્તિની અસર અચિન્ત્ય થાય છે. શબ્દ વર્ગણાના પુદ્ગલો જડ છે, બોલનારના મનોગત ભાવથી તે વાસિત થઇ, શ્રોતામાં તેવો ભાવ પેદા કરે છે. એક માણસ સદ્ભાવથી બોલે છે ત્યારે તેના સદ્ભાવથી વાસિત થયેલા શબ્દો કઠોર હોય, તો પણ શ્રોતામાં સદ્ભાવ પ્રગટ કરે છે. તે જ માણસ જ્યારે અસદ્ભાવથી બોલે છે, ત્યારે તેના અસદ્ભાવથી વાસિત થયેલા કોમળ પણ શબ્દો શ્રોતાને બાણ-પ્રહાર જેવી વ્યથા કરે છે.

આહારાદિના પુદ્ગલો જડ છે, છતાં સદ્ભાવથી પીરસાએલો સૂકો રોટલો, પણ મીઠો બને છે. અસદ્ભાવથી પીરસાએલાં સ્વાદિષ્ટ પકવાન પણ બેસ્વાદ લાગે છે, આવા અનુભવો પ્રાયઃ સર્વને થાય છે ઉદારતાથી આપેલો ઓટલો પણ આરામ આપે છે અને તિરસ્કાર વૃત્તિથી વાસિત બનેલી કુસુમ–શય્યા પણ બેચેન બનાવે છે.

એ કારણે બુદ્ધિમાન પુરુષો વસ્તુની કિંમત, આપનારની મનોવૃત્તિને–ભાવને અનુસરીને આંકે છે. વેપારીઓ વેચવા–ખરીદવાની વસ્તુના મૂલ્યને 'ભાવ' કહે છે, તેનું કારણ પણ આ જ છે.

પુદ્ગલ દ્રવ્ય ભાવનું વાહક છે, એ હવે સમજાયું હશે. પરસ્પરના શુભાશુભ ભાવની આપ–લે પ્રાયઃ તે–તે ભાવથી વાસિત કરેલાં પુદ્ગલ દ્વારા થાય છે,

આ પણ એકાંત બાબત નથી, કારણ કે કોઈ ઉત્તમ પુરૂષને કુવાસના વાસિત પુદ્ગલો પણ દુર્ભાવ પેદા કરવામાં નિષ્ફળ નીવડે છે અને કોઈ નિકૃષ્ટ પુરુષને સદ્ભાવ વાસિત પુદ્ગલો પણ દુર્ભાવ પેદા કરે છે. પરંતુ તેમાં કારણ તરીકે તે–તે જીવની ઉત્તમતા યા અધમતા રહેલી છે.

એ રીતે ન્યાયવૃત્તિથી મેળવેલો વૈભવ ન્યાય વાસિત બને છે અને અન્યાય વૃત્તિથી મેળવેલો વૈભવ અન્યાય વાસિત બને છે. બીજી વાત એ પણ છે, કે વૈભવ મેળવવા ન્યાયનો વિચાર માત્ર કરવાથી પહેલાં કહ્યું તે ધર્મ–કુટુંબ

સ્વસ્થ બને છે. અને અન્યાયનો વિચાર કરવાથી પાપ-કુટુંબ પુષ્ટ બને છે. ધન મળે કે ન મળે, પણ ન્યાય કે અન્યાયનો પક્ષ કરવાથી તે-તે આંતર-કુટુંબોને તો પોષણ મળે જ છે.

પરિણામ એ આવે છે કે અન્યાયથી મેળવેલ વૈભવ *અન્યાય વાસિત થાય છે.* આંતર પાપ-કુટુંબ પોષાય છે અને તે વૈભવથી મળેલા ભોગો અન્યાય વાસિત હોવાથી ભોગવનારનું મન અને શરીર અન્યાય વાસિત બની પુનઃ પુનઃ અન્યાયનો પક્ષ કરી પાપ-કુટુંબને પોષે છે.

જ્યારે ન્યાયથી મેળવેલો વૈભવ, ન્યાય વાસિત બને છે, આંતર ધર્મ-કુટુંબ પોષાય છે અને ન્યાય વાસિત વૈભવથી મેળવેલા ભોગો ન્યાય વાસિત હોવાથી, ભોગવ-નારનું મન અને શરીર ન્યાયવાસિત બનવાથી, પુનઃ પુનઃ ન્યાયનું સેવન કરી ધર્મ-કુટુંબને પોષે છે.

એ રીતે ન્યાય સંપન્ન વૈભવ મનને ન્યાય માર્ગે જોડવામાં સહાય કરે છે અને ન્યાયના માર્ગે ચઢેલું મન, સર્વ કાર્યોમાં બાહ્ય શરીર વગેરેને ધર્મ-કુટુંબના પક્ષકાર બનાવી સર્વ શુભ પ્રવૃત્તિઓનું સાધક બનાવે છે.

આ કારણે સર્વ ધર્મશાસ્ત્રકારોએ મનને વશ કરવાનું વિધાન કર્યું છે. અને તેના વિવિધ ઉપાયો બતાવ્યા છે. તે સર્વ ઉપાયોમાં મૂળભૂત ઉપાય ન્યાય સંપન્ન વૈભવ છે. એના અભાવે બીજા ઉપાયો પ્રાયઃ નિષ્ફળ જાય છે.

સર્વ પાપ વ્યાપારોનો ત્યાગ કરી કેવળ પાપ-કુટુંબનો સંબંધ તોડવા માટે જીવનને જિનાજ્ઞાબદ્ધ કરનારા પૂ. સાધુ, સાધ્વી વર્ગને પણ બેતાળીશ દોષ રહિત નિર્દોષ ન્યાયસંપન્ન આહારાદિ વહોરવાનું વિધાન છે. તેઓ પણ અન્યાય સંપન્ન (દોષિત) આહારાદિનો ઉપયોગ કરે, તો મનનો વિજય કરી શકતા નથી. તો વિવિધ પાપ પ્રવૃત્તિઓમાં ગૂંથાએલો ગૃહસ્થ ન્યાયસંપન્ન વૈભવ વિના મનનો વિજય કઈ રીતે કરી શકે? અને મનનો વિજય કર્યા વિના પાપ-કુટુંબના પોષક મનથી કર્મના બંધનો કઈ રીતે તોડી શકે?

એ કારણે આજીવિકા મેળવવામાં ન્યાયનું પાલન અનિવાર્ય છે.

આપણે ધર્મ, અધર્મ એવા શબ્દોને જાણીએ છીએ, પણ તેના આંતર્ સ્વરૂપથી અજ્ઞાન છીએ, તેથી આપણે ધર્મનાં કાર્યો કરીએ છીએ, પણ ન્યાયનો પક્ષ કરતા નથી. અધર્મના કાર્યોથી ડરીએ છીએ, પણ અન્યાયનો પક્ષ કરતાં ડરતા નથી.

ધર્મ-કુટુંબના પ્રાણભૂત ન્યાયની રક્ષા એજ ધર્મની રક્ષા અને પાપ-કુટુંબના પ્રાણભૂત અન્યાયનો ત્યાગ એજ પાપનો ત્યાગ આ તત્ત્વને આપણે સ્વીકારવું પડશે.

ન્યાય એજ મુક્તિનો માર્ગ છે, એજ યોગબળ છે. એજ ચારિત્ર છે, એજ આત્મા અને એજ મુક્તિ છે. એ

તત્વ જેમ-જેમ સમજાશે તેમ-તેમ ન્યાય પ્રત્યે સન્માન જાગશે. અન્યાય તરફ અણગમો પેદા થશે.

જીવને અનાદિ કાળથી સંસારમાં રખડાવનાર, પુણ્ય પ્રાપ્ત વિવિધ સુખ-સામગ્રીને બરબાદ કરનાર અને એ રીતે અનેકવિધ દુઃખોની પરંપરા સર્જીને જીવને પીડનાર એક અન્યાય, આત્માનો અનાદિ વૈરી છે-એ સત્યને સમજવા માટે કર્મો, તેના બંધ, બંધનાં કારણો, તેના વિપાકો વગેરે ઘણું ઘણું જાણવા જેવું છે.

લૌકિક કે લોકોત્તર કોઈ પણ પ્રવૃત્તિ, જો ન્યાય વૃત્તિથી કરવામાં આવે, તો તે ધર્મને-આત્મ ધર્મને-આત્માના સ્વરૂપને પ્રગટ કરી જીવને નિરૂપાધિક સુખનો ભોક્તા બનાવી શકે છે. તેનાથી વિપરીત, સારી ગણાતી પણ પ્રવૃત્તિ જો અન્યાયવૃત્તિપૂર્વક કરવામાં આવે, તો તે અધર્મનું, મિથ્યા-ત્વનું, કામ, ક્રોધાદિ જડ ભાવોનું પોષણ કરી જીવને ભવમાં ભટકાવે છે.

આ કારણે જ જ્ઞાનીઓએ સુખનું મૂળ ન્યાય છે અને દુઃખનું મૂળ અન્યાય છે એમ ફરમાવ્યું છે.

અન્યાય-પ્રવૃત્તિ કરતાંય અન્યાય વૃત્તિ વધુ ભયંકર છે. જ્યાં સુધી મનોવૃત્તિ અન્યાયનો પક્ષ કરશે, ત્યાં સુધી બાહ્ય પ્રવૃત્તિમાં ન્યાય નહિ સચવાય. સચવાશે તો પણ થોડા કાળ માટે. અને તે પણ કોઇ પ્રવૃત્તિમાંજ. સદૈવ સર્વ પ્રવૃત્તિઓમાં ન્યાયનું પાલન ન કરવા માટે તો મનોવૃત્તિમાં ન્યાયનો પક્ષ જગાડવો પડશે, અને તે

માટે અહંકાર, સ્વાર્થ અને તેમાંથી પ્રગટેલા કામ, ક્રોધ, મદ, મોહ વગેરે અંતરંગ શત્રુઓને દૂર કરી તેના સ્થાને નમસ્કારભાવ, પરાર્થભાવ અને વૈરાગ્યમૂલક ક્ષમાદિ ધર્મોને પ્રગટાવવા પડશે.

જીવનમાં શ્વાસોચ્છવાસ કરતાં ય ન્યાયવૃત્તિની આવશ્યકતા ઘણી વધારે છે. કારણ કે એક શ્વાસોચ્છવાસમાં અસંખ્યાતા સમયો વ્યતીત થાય છે. અને તે પ્રત્યેક સમયે જીવ મૂળ સાત કે આઠ કર્મો બાંધ્યા જ કરે છે. આ કર્મબંધ સમયે, જો મન ન્યાયના પક્ષમાં હોય, તો બંધાતા તે દરેક કર્મો શુભ બંધાય અને અન્યાયના પક્ષમાં હોય, તો તે દરેક કર્મો અશુભ બંધાય છે. એનું પરિણામ એ આવે છે કે બાંધેલા શુભ કર્મોના ઉદયથી જીવને સુખ–સામગ્રી મળે છે. તેને ભોગવતાં સુખનો અનુભવ કરી શકાય અશુભ કર્મ બાંધ્યા પછી તેના ઉદયે, ન ગમે તો પણ દુઃખનાં નિમિત્તો આવે અને તે દુઃખનો અનુભવ કરાવે.

એમ શ્વાસોચ્છવાસ બંધ થવાથી એકજ વર્તમાન ભવનો નાશ થાય છે, જ્યારે અશુભ કર્મોનો બંધ અને ઉદયની પરંપરાથી વર્તમાન સાથે ભાવિ અનેક જન્મો બરબાદ થાય છે. મહા મહેનતે, લાંબા કાળે માનવભવ જેવી ઉચ્ચ કક્ષાને પામેલો જીવ, પુનઃ ત્યાંથી નીચે ઉતરતો નારકી, તિર્યંચ અને છેક નિગોદ સુધી પહોંચે છે.

અન્યાય વૃત્તિથી જીવ પાંચે પ્રકારનું જ્ઞાનાવરણીય કર્મ અને નવે પ્રકારનું દર્શનાવરણીય કર્મ બાંધે છે. તેના ઉદયથી તે અજ્ઞાન, મૂર્ખ, જડવત્, આંધળો, બહેરો બોબડો, મૂંગો, લૂલો, પાંગળો ટુંટો થાય છે. તે-તે ઇન્દ્રિયો મળતી નથી અને મળે તો પણ શબ્દાદિ તે-તે વિષયોનું યથાર્થજ્ઞાન થઈ શકતું નથી. પરિણામે વિવિધ કર્મોને ભોગવતો તે જીવનને નિષ્ફળ ગૂમાવે છે,

અન્યાય વૃત્તિથી વેદનીય કર્મ અશાતારૂપે બંધાય છે. તેના ઉદયથી વિવિધ રોગાદિની પીડાઓ સહવી પડે છે. ઔષધોપચારો પણ અકિંચિત્કર બને છે. અને ભારભૂત બનેલું જીવન દુઃખપૂર્ણ પસાર કરવું પડે છે. આયુષ્ય પ્રાયઃ નરકગતિનું બંધાય છે કે જેમાં જીવને ઘણા લાંબા કાળ સુધી અકથ્ય યાતનાઓ સહવી પડે છે. યાતનાઓનું વર્ણન સાંભળવામાં પણ હૃદય કંપે છે. કદાચ કોઈ જીવો ઉપરના ગુણસ્થાને વર્તતો હોવાથી નરકને બદલે તિર્યંચ, મનુષ્ય કે દેવગતિનું આયુષ્ય બાંધે છે, તો પણ તે-તે ભાવ મળવા છતાં સુકૃત્ય થઈ શકતું નથી. અલ્પ કાળમાં જ મરણને શરણ થવું પડે છે.

એજ રીતે અન્યાય વૃત્તિથી મોહનીયની-મિથ્યાત્વ, કષાયો અને નોકષાયો એમ સર્વ પ્રકૃતિઓનો બંધ થાય છે. તેનો ઉદય થતાં, અન્ય શુભ કર્મના ઉદયનો પણ દુરૂપયોગ કરાવી તે આત્માને વિવિધ પાપ-પ્રવૃત્તિઓમાં ફસાવે છે. જીવની બુદ્ધિમાં વિપર્યાસ કરે છે અને તે

વિપર્યાસને વશ તેને વિષયોનો દાસ બનાવી કષાયોનું બળ વધારી મૂકે છે, તેથી તે ઉપકારીઓનો પણ દ્રોહ કરે છે. જડ પ્રત્યે રાગ અને જીવ પ્રત્યે દ્વેષ કરી વેર વધારે છે. તદુપરાંત, તે દેવ, ગુરૂ, ધર્મનો એવો વિરોધ અને વિયોગ કરાવે છે, કે અનંતકાળ પછી પણ તેઓનો યોગ થતો નથી. યોગ થાય ત્યારે પણ તે ગમતા નથી. અને એ રીતે જીવનું સર્વદેશીય પતન થાય છે.

વળી નામકર્મની સર્વ અશુભ પ્રકૃતિઓનો બંધ થાય છે અને તેના ઉદયથી જીવને નરક જેવી અશુભ ગતિ કે વિકલેન્દ્રિયકે એકેન્દ્રિય જેવી, બધી રીતે ખરાબ, દુઃખદાયી શરીર અને તેનો કષ્ટો ઉપરાંત દુર્ભાગ્ય, દરિદ્રતા વગેરે અગણિત દોષો પ્રગટે છે. કે તેનાથી વિવિધ યાતનાઓ ભોગવતો જીવ ત્રાહિ–ત્રાહિ પોકારતો સંસારમાં ભૂંડે હાલે ભટકે છે.

ગોત્રમાં, નીચ ગોત્રનો બંધ થાય છે. અને તેના ઉદયથી મનુષ્ય થાય તો પણ ભીલ કોળી ભંગી જેવા હલકા કુળમાં જન્મે છે. દેવ થાય તો પણ કિલ્બિષિક જેવો હલકો દેવ થાય છે તિર્યંચમાં પણ કૂતરો, બિલાડો, ભૂંડ, ગધેડો, કાગડો, ઘૂવડ વગેરે જાતિમાં જન્મે છે અને સર્વત્ર તિરસ્કારનું પાત્ર બને છે. અથવા તો નારકીમાં નારક થઈ અકથ્ય દુઃખો ભોગવે છે.

અંતરાય કર્મની પાંચે પ્રકૃતિઓનો બંધ થાય છે, એથી તેના ઉદયે નિર્ધન, કૃપણ, તુચ્છ પ્રકૃતિવાળો બને

છે, તેની ઇચ્છાઓ હંમેશાં અધુરી રહે છે, મળેલી સુખ-સામગ્રીને પણ ભોગવી શકતો નથી, અને નિવીર્ય અને નિઃસત્ત્વ બની કોઇ શુભ પુરુષાર્થ પણ કરી શકતો નથી. સર્વત્ર ભયભીત અને સદા ચિંતાતુર રહે છે.

તત્ત્વથી તો એક ક્ષણ પણ અન્યાયનો પક્ષ કરનાર જે–જે અશુભ કર્મોને બાંધે છે અને તેના ઉદયે જે જે વિવિધ કષ્ટો ભોગવે છે, તેનું યથાર્થ વર્ણન કરી શકાય તેમ છે જ નહિ. જ્ઞાનીઓએ શાસ્ત્રોમાં કરેલું વિવિધ કર્મોનું અને તેના વિપાકનું વિસ્તૃત વર્ણન પણ એક સૂચન માત્ર છે. ટુંકમાં એમ કહી શકાય કે જગતના જીવો દૃશ્યમાન કે અદૃશ્ય જે–જે દુઃખોને ભોગવે છે, તે સર્વ એક અન્યાય વૃત્તિનો પક્ષ કરવાનું પરિણામ છે.

એમ અન્યવ્યયવૃત્તિથી મેળવેલા ભોગો અન્યાય વૃત્તિનો પક્ષ કરાવી તેના ફળરૂપે જીવને ઉપર કહ્યાં તેવા દુઃખદ પરિણામ સર્જે છે. ન્યાયવૃત્તિ અને ન્યાયસંપન્ન વૈભવની એ કારણે આવશ્યકતા છે, કે ન્યાયવૃત્તિ–એ તત્ત્વથી આત્મીય વૃત્તિ છે, સ્ભભાવ રમણુતા છે. તેથી તેનો પક્ષ કરનારને બંધાતાં સર્વે કર્મો શુભ બંધાય છે. પૂર્વે બાંધેલા પાપ કર્મો પૈકી જ્ઞાનાવરણીય આદિ ઘાતી કર્મો તૂટે છે, ક્ષય અને ક્ષયોપશમાદિ ભાવને પામે છે અને અશાતા વેદનીય આદિ અઘાતી કર્મો પણ શાતા વેદનીયાદિરૂપે પલટાઈને દુઃખદને બદલે સુખદ બને છે.

ટુંકમાં એમ કહી શકાય કે ત્રણે લોકમાં ત્રણે કાળમાં

જગતના જીવો દશ્યમાન કે અદશ્ય જે કોઈ સુખ ભોગવે છે, બધું એક ન્યાયવૃત્તિનું જ ફળ છે. ન્યાયવૃત્તિથી મળેલો ન્યાય સંપન્ન વૈભવ અન્યાય વૃત્તિનો નાશ કરી મનશુદ્ધિ દ્વારા આત્માને પણ પવિત્ર બનાવે છે, કર્મોથી મુક્ત કરે છે.

જ્ઞાનીઓએ ધનની દાન-ભોગ અને નાશ એ ત્રણ ગતિ કહી છે. પણ તેમાં દાન એકજ તેની સદ્‌ગતિ છે. આ દાનમાં ન્યાયોપાર્જિત વૈભવનું મહત્ત્વ છે. અન્યાયોપાર્જિત દ્રવ્યના દાનની કિંમત નહિવત્ છે. અલ્પ માત્ર દાનના પણ વિશિષ્ટ અને અગણિત ફળો મળ્યાના વિવિધ જે દૃષ્ટાન્તો શાસ્ત્રોમાં છે તે પ્રાયઃ ન્યાયસંપન્ન વૈભવના દાનના (ન્યાયવૃત્તિનાં) છે.

ન્યાયસંપન્ન વૈભવની એક વિશેષતા એ છે, કે તે તેના માલિકને લેશ પણ ચિંતાનું કારણ બનતું નથી, તે સ્વયં પોતાનું રક્ષણ કરે છે. તેને કોઇ ચોરી શકતું નથી. ચોરનાર પોતે ચોરાય છે. અગ્નિ કે પાણીના ઉપદ્રવો પણ તેને નડતા નથી. રાજા તેનું હરણ કરી શકતો નથી. કોઈ માનવી અજ્ઞાનથી તેનું હરણ કરે, તો તેની બુદ્ધિ શુદ્ધ થાય છે અને તે પાછું આપવા પ્રેરાય છે. સાચા શેઠની પાંચશેરી-એ કહેવત તેના દૃષ્ટાન્ત રૂપે સર્વત્ર પ્રચાર પામેલી છે. તે તેના માલિકની પણ રક્ષા કરે છે. તેની બુદ્ધિમાં ઔદાર્ય, સંતોષ, નીતિ, સદાચાર

વગેરે ગુણોને પ્રગટ કરી જન્મ સુધારે છે અને સદ્ગતિ પ્રાપ્ત કરાવે છે.

એનાથી વિપરીત, અન્યાયનું ધન મેળવતાં અને મેળવ્યા પછી પણ ચિંતાનું કારણ બને છે. પોતાનો તથા પોતાના માલિકનો નાશ કરે છે. વિવિધ ઉપાયોથી તેની રક્ષા કરવા છતાં કોઇ અગમ્ય રીતે તેના માલિકને નિર્ધન બનાવીને ચાલ્યું જાય છે. ચાલ્યું ન જાય અને રહે તો પણ, રહે ત્યાં સુધી તેના માલિકની બુદ્ધિમાં લોભ, કૃપણતા, અનીતિ અસદાચાર વગેરે દૂષણોને પ્રગટ કરી તેને જીવનભર દુઃખી કરે છે અને ભવાંતરમાં દુર્ગતિ પમાડે છે. બીજાઓને પણ ચોરવાની, લૂંટવાની પાપ બુદ્ધિ પેદા કરે છે.

પ્રજામાં જ્યારે અન્યાયવૃત્તિ વધી જાય છે. ત્યારે રાજ્ય અને રાજા પણ અન્યાયી બને છે. વિવિધ કરો નાખીને પ્રજાને લૂંટે છે અને પ્રજાનું અધર્મથી રક્ષા કરવાનું કર્તવ્ય ચૂકીને અધર્મ વધે તેવા કાયદાઓ કરી પ્રજાના કુળધર્મ અને આત્મધર્મને પણ લૂંટે છે.

ન્યાયપ્રિય પ્રજાનો રાજા પણ ન્યાયી બને છે. અને તેના રક્ષણ તળે પ્રજા પોતાના ધન અને ધર્મનું રક્ષણ કરી લૌકિક, લોકોત્તર ઉભયપ્રકારના હિતને સાધી શકે છે.

એથી સુરાજ્યની પ્રાપ્તિ માટે પણ ન્યાયનું પાલન આવશ્યક છે. યથા રાજા તથા પ્રજાએ પણ એક સત્ય છે, અન્યાયી રાજાનો સુમેળ મળતો નથી.

એ રીતે ! ન્યાયવૃત્તિ અને ન્યાયસંપન્ન વૈભવ જગતના પ્રાણ છે. સુખ માત્રનો આધાર છે અને ધર્મનું મૂળ છે તેનું યથાર્થ સંપૂર્ણ વર્ણન થઈ શકે તેમ નથી.

જીવમાં જેમ-જેમ સત્ત્વ ખીલે છે, તેમ–તેમ આ ન્યાયવૃત્તિ અને ન્યાયસંપન્ન વૈભવ સુલભ બને છે. સ્વ-ગુણોને જીવનમાં મહત્ત્વ આપવાથી સત્ત્વ ખીલે છે અને ધન વગેરે જડ વસ્તુઓની આવશ્યક્તા ઉપર ભાર મૂકવાથી રજોગુણ અને તમોગુણ પોષાય છે. પરિણામે સત્ત્વગુણ નાશ પામે છે. અને જીવ, જડ પદાર્થોનો દાસ બની અન્યાય કરતો થઈ જાય છે.

સંભળાય છે કે એકદા રાજા વિક્રમ સામાન્ય નિદ્રામાં હતો ત્યારે મધ્ય રાત્રે એક સ્ત્રી તેના શયનગૃહમાં આવી અને વિક્રમને જગાડયો.

વિક્રમે પૂછયું કેમ ? કોણ છો ? કેમ આવ્યાં છો ?

સ્ત્રીએ કહ્યું, હું લક્ષ્મી દેવી છું. આપની પાસેથી જવા માટે અનુમતિ મેળવવા આવી છું.

વિક્રમે કહ્યું, સુખેથી જયાં જવું હોય ત્યાં જાઓ.

પછી લેશ પણ ચિંતા કર્યા વિના તે પુનઃનિદ્રાધીન થઈ ગયો.

દેવી આશ્ચર્ય પામી બહાર નીકળી અને વિચાર કરતી ઊભી રહી.

થોડી વાર પછી બીજી સ્ત્રી આવી તેણે વિક્રમને જગાડયો અને પોતે 'કિર્તિ' છે–એમ કહી જવાની રજા માગી.

લેશ પણ ફૂલાવ્યા વિના વિક્રમે તેને પણ જવાની રજા આપી અને પોતે નિદ્રાધીન થયો.

કીર્તિની દશા પણ લક્ષ્મી જેવી થઇ. તે પણ મુઝાણી. બહાર નીકળી અને વિચાર કરતી લક્ષ્મીની બાજુમાં ઊભી રહી.

થોડીવાર પછી એક દિવ્ય વેશધારી પુરુષે વિક્રમના શયનગૃહમાં પ્રવેશ કર્યો. વિક્રમ જાગી ગયો અને સદ્‌ભાવપૂર્વક પૂછ્યું કોણ સત્ત્વ ? અત્યારે કેમ આવવું થયું ?

સત્ત્વે ઉત્તર આપ્યો, હવે આપની પાસેથી જવું છે. તેની અનુમતિ લેવા આવ્યો છું.

વિક્રમે કહ્યું, ભલે જાઓ, પણ એમ ન જવાય, થોડીવાર ઊભા રહો. એમ કહી ઓશિકા નીચેથી કટાર કાઢી પોતાના પેટમાં મારવા તૈયાર કરી—સત્ત્વ વિનાના જીવનની શું કિંમત છે—એમ કહી, જ્યાં મરવા માટે કટાર ઉગામી, ત્યાં તુરત જ સત્ત્વે તેની બે ભુજાઓ પકડી લીધી અને પગમાં પડી વિક્રમની ક્ષમા માગી. અને નહિ જવાની કબુલાત આપી. એથી વિક્રમ પ્રસન્ન થયો. ત્યારે લક્ષ્મી અને કીર્તિ બંને પુનઃ શયનગૃહમાં આવી નમી પડયાં. રાજન ! ક્ષમા કરો. સત્ત્વને છોડીને અમે ક્યાંય જઈ શકીએ તેમ નથી. કારણ કે સત્ત્વ જ્યાં રહે છે, ત્યાંજ અમારો વાસ હોય છે. એમ કહી રહેવાની રજા માગી.

વિક્રમે કહ્યું, જેવી તમારી મરજી.

કહેવાનું તાત્પર્ય એ છે કે લક્ષ્મી અને કીર્તિને વશ પડેલા જીવો સત્ત્વને, પોતાના ગુણોને મહત્ત્વ આપી શકતા નથી, તેનો અનાદર કરે છે અને તે જાય છે, ત્યારે લક્ષ્મી અને કીર્તિ રાખવા છતાં રહેતી નથી. પછી તેના મોહમાં ફસાયેલો જીવ તેને રાખવા વિવિધ અન્યાયો કરે છે, અને જીવન પાપથી ભરાઈ જાય છે.

જ્યારે સત્ત્વશાળી આત્મા લક્ષ્મી અને કીર્તિની દરકાર ઓછી કરે છે. સત્ત્વ ને તત્ત્વ માની તેની રક્ષા કરે છે. સત્ત્વને છોડતા પહેલાં પ્રાણને છોડવા તૈયાર થાય છે અને તેથી સત્ત્વની સાથે રહેનાર લક્ષ્મી અને કીર્તિ તેની દાસીઓ બનીને રહે છે. પરિણામે સમગ્ર લોકપણ તેની સેવા કરવા પ્રેરાય છે.

જીવ જ્યારે પોતાના જીવનથી સત્ત્વની રક્ષા કરશે, લક્ષ્મી અને કીર્તિની મહત્તાને ઓછી સમજશે, ત્યારે તેને મળશે તે ધન અને કીર્તિ પૂર્ણ ન્યાય સંપન્ન હશે. તે તેના સર્વ સુખોનું કારણ બનશે. માટે સત્ત્વને પ્રાધાન્ય આપી, તેની રક્ષા કરવી જોઈએ.

ટુંકમાં કહું તો ન્યાય એ જ્ઞાન છે, દર્શન છે અને ચારિત્ર છે. એ વિનય છે, તપ છે, જિનપૂજા છે અને ધર્મનું સર્વસ્વ છે.

સત્ત્વથી ન્યાયનું પાલન કરીને મેળવેલું ધન સર્વ સુખો આપે છે. માટે તેને માર્ગાનુસારીના પ્રથમ ગુણ તરીકે વર્ણવ્યો છે. તેની ઉપેક્ષામાં સારભૂત સઘળા તત્ત્વોની ઉપેક્ષા છે. તેની આરાધનામાં સારભૂત સઘળા તત્ત્વોની આરાધના છે.

શિવમસ્તુ સર્વ જગતઃ,
પરહિતનીરતા ભવન્તુ ભૂતગણાઃ।
દોષાઃ પ્રયાન્તુ નાશં
સર્વત્ર સુખી ભવતુ લોકઃ॥

સર્વ જગતનું કલ્યાણ થાઓ,
સર્વ જીવો પરોપકારી બનો,
સર્વનાં દોષો નાશ પામો,
સર્વત્ર સર્વ જીવો સુખી થાઓ,
સુખી થાઓ, સુખી થાઓ.

તેજસ પ્રિન્ટર્સ. ૧/૭, ધ્વનિ એપાર્ટમેન્ટ, ખાનપુર, અમદાવાદ-૧